મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીની

ડિસિપ્લિન.

કિંમત ૯ આના.

અધ્યક્ષનું ભાષણ.

EPISCOPAL ADDRESS.

મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના સભાસદો પ્રત્યેઃ—

ઘણા વહાલા ભાઇઓ, આ પુસ્તક કે જેમાં આ-પણી મંડળીના અમારા માનના મુજબ ઇશ્વરના શાસ્ત્રને અનુકુળ મત અને નિયમ સમાયેલા છે તે અમારી ફરજ છે એમ સમજીને તમને વાંચવાની ભલામણ કરીએ છીએ.

અમારી મંડળીનું ખાસ બંધારણ અને તેના નિયમો કે જેના ઉપર તેની આબાદીનો ઘણો આધાર રહેલો છે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવો તે જરૂરનું છે દાખલા તરીકે તેનું ઉપાધ્યાયપણું, બિશપપણું, ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડ ટની પદ્ધિ, જુદી જુદી કાનફરન્સો, સંસારી બોધક પદ, ઇન્સાફ સંબંધી વહીવટ, પાદરી અને સભાસદો વચ્ચેનો સંબંધ અને એ દરેકની સારી રીતે નક્કી કરેલી ફરજો. તે માટે આ પુસ્તક મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના દરેક સભા-સદના ઘરમાં હોવું જોઇએ; અને તે રાખવાનું વિશેષ કા-રણ એ છે કે તે પુસ્તકમાં ખ્રીસ્તી ધર્મના એવા મતો સમાએલા છે કે જે દરેક સુવાર્તા પ્રસારક મંડળી મા-ન્ય કરે છે.

અધિપતિની નોંધ.

અમેરિકાથી હમણાંજ આવેલ "ડિસિપ્લિન" માંથી આ ભાષાંતર કરેલુ છે. પારેગ્રાફના નંબર અંગ્રેજી પુસ્તકને મળતાજ રાખેલા છે. પણ જે જે હિંદુસ્થાનને માટે નકામા જેવું હતું તે તે આ ભાષાંતરમાંથી પડતું મૂક્યું છે, અને જ્યાં જ્યાં એમ થયેલું છે ત્યાં ત્યાં તે જણાવેલું છે. દરેક ઠેકાણે આંકડાઓ પૃષ્ટના નહિ પણ પારેગ્રાફના આપેલા છે.

અમદાવાદ, નવેમ્બર ૧, ૧૯૧૨. ફ્રેડરિક વુડ.

સાંકળીયું.

ઐતિહાસીક વર્ણન.

અંધારણ.

ધારા.

ભાગ ૧. મંડળી.

ભાગ ૨. કાન્ફરન્સો.

ભાગ ૩. ઉપાધ્યાપણું.

ભાગ ૪. સ્થાનિક ઉપદેશકો, ઈ.

ભાગ ૫. ઇન્સાફ સંબંધી કારભાર.

ભાગ ૬. લૈકિક વહિવટ.

ભાગ ૭. સમાજો.

ઐતિહાસિક વર્ણન.

HISTORICAL STATEMENT.

"ઇસ્વી સન ૧૭૨૯ માં ઇંગલેન્ડમાં બે જુવાન પુરૂષોએ શાસ્ત્ર વાંચતાં જાણ્યું કે પવિત્રાઈ વગર આપણે તારણ પામી શકીશું નહિ. અને તેથી તેઓએ તે શોધી અને બીજાઓને પણ એ પ્રમાણે કરવાને ઉત્તેજન આપ્યું તેજ પ્રમાણે ઈસ્વી સન ૧૭૩૭ માં તેઓને જણાયું કે મનુષ્યો પવિત્ર ઠરાવાયા પહેલાં ન્યાયી ઠરાવાય છે, તોપણ પવિત્રાઈ એજ તેઓનો હેતુ હતો. પછી પવિત્ર પ્રજા બનાવવાને ઈશ્વરે તેમને મોકલ્યા."

આથી મેથોડિસ્ટ મંડળીના સ્થાપન કરનારા ચર્ચ ઑફ ઈંગલેંડના પાદરીઓ તથા ઑક્ષફર્ડની પાઠશાળાના જૉન અને ચાર્લ્સ વેસ્લી તેઓના લખવા પ્રમાણે તેનો ઉદય થયો. પ્રભુ ઇસુ ખ્રીસ્ત વિષે ઉપદેશ કરવાની તેમની મહેનત સાથે અદ્‌ભૂત ઈશ્વરી બળ પણ હતું. બીજા પાદરીઓએ અને ઘણા સંસારી ઉપદેશકોએ ("લેમેન") સાથે મળીને તેમને મદદ કરી. અને આખા ઇંગ્લેંડ, સ્કોટલેન્ડ અને આયર્લૅન્ડમાં પવિત્રાઇની પરાક્રમ શોધનાર એવા માણસોની મેથોડિસ્ટ મંડળી સ્થાપન થઇ. આગળ જતાં તેઓ ગ્રેટબ્રિટનની વેસ્લિયન મંડળીઓ થઇ.

ઇ. સ. ૧૭૬૬ માં આયર્લૅન્ડની વેસ્લિયન મંડળીનો સ્થાનિક ઉપદેશક ફિલિપ એમબરી ન્યુ યોર્ક શહેરમાં ઉપદેશ કરવા લાગ્યો અને એક મંડળી સ્થાપી કે જે હ-

મણ્યું જૉન સ્ટ્રીટ ચર્ચના નામથી ઓળખાય છે. ત્યાર પછી ટૉમસ વેબ નામનો બીજો સ્થાનિક ઉપદેશક કે જે બ્રિટિશ લશ્કરમાં કપ્તાનના ઓહ્દા ઉપર હતો તે પણ તેની સાથે જોડાયો અને તેજ શહેરમાં અને તેની પાડોશમાં ઉપદેશ કરવા લાગ્યો તેજ વખતે રોબર્ટ સ્ટ્રોબ્રિજ નામનો માણુસ આયર્લૅન્ડમાથી આ વખતે મેરીલેન્ડના ફ્રેડરિક કાઉન્ટીમાં વસ્યો અને ત્યાં ઉપદેશ કરવા લાગ્યો અને મંડળીઓ સ્થાપન કરતો ગયો. ઇ. સ ૧૭૬૯ માં મી વેસ્લિએ રીચર્ડ બોર્ડમન અને જોસેફ પિલ્મૂર નામના બે ઉપદેશકોને અમેરિકા મોકલ્યા અને ફરી ઇ. સ. ૧૭૭૧ માં ફ્રાન્સિસ એસબરી અને રીચર્ડ રાઇટ નામના બીજા બેને મોકલ્યા. આ પ્રમાણે આરંભેલા કામનો ઇશ્વરે જાણવા જોગ રીતે સ્વીકાર કીધો હતો અને તેથી રાજ્યમાં ઉથલપાથલની લડાઇની સમાપ્તિ વખતે ઉપદેશકોની સંખ્યા આસરે એંસી માણુસોની હતી અને મંડળીના સભાસદોની સંખ્યા આશરે પંદર હજારની હતી.

જ્યારે ઇ. સ. ૧૭૮૩ ના કોલકરારથી યુનાઇટેડ સ્ટેટસની સ્વતંત્રતા કબૂલ રાખવામાં આવી ત્યારે અમેરિકાના મેથોડિસ્ટો કે જેમાંના ઘણા ચર્ચ ઓફ઼ ઇંગ્લેન્ડ (સરકારી મંડળી) ના સભાસદો હતા, તેઓ મિ. વેસ્લિની જાહેર કરેલી પ્રતિજ્ઞાની રાહે ઇંગ્રેજી રાજ્ય તથા ધર્માધિકારીથી પૂરેપૂરા સ્વતંત્ર કરાયા હતા. વળી તેણે કહ્યું કે "હવે તેઓ ફક્ત પવિત્ર શાસ્ત્રને તથા પુરાતન મંડળીને અનુસરવાને તદન છૂટા છે અને તેઓ એ સ્વતંત્રતા જે વડે ઈશ્વરે તેમને આવી અજાયબ જેવી રીતે મોકળાં કીધાં છે તેમા તેઓ દૃઢ ઉભા રહે એમ હમે શ્રેષ્ટ ગણીએ છીએ. ઇંગ્રેજી સરકારી મંડળીના પાદરી લોક ઘણું કરીને પાછા વિલાયત

ગયા હતા. મેથોડિસ્ટ મંડળીઓમાં કોઇપણ દીક્ષા પામેલા બાળકો ન હતા. અને સેંકડો માઇલ સુધી તેઓ ખ્રીસ્તી સંસ્કારોરહિત હતા.

સુવાર્તામાં તેના બાળકો તરીકે તેઓએ સલાહ અને મદદને માટે મિ. વેસ્લીને અરજી કીધી. તેણે રીચર્ડ વાટકોટ અને ટૉમસ વેઝીને અમેરિકા માટેના વડીલો તરીકે દિક્ષા આપીને તેમની અરજી સ્વીકારી. તેમજ મંડળીનો કારભાર અધ્યક્ષોની સત્તા હેઠળ ચાલે એ તે પસંદ કરતો હતો તેથી રેવ. ટૉમસ કોક જે સિવિલ લૉ નો દાકતર અને ચર્ચ ઓફ઼ ઇંગ્લેંડનો પાદરી હતો તેને પ્રાર્થના કરીને તથા તેના પર હાથ મૂકીને જુદો કરી અમેરિકામાંના ખ્રીસ્તના ટોળા પર પ્રમુખપણું કરવાને સુપરિન્ટેન્ડન્ટ (બીશપ) નીમ્યો. આ સેવા બજાવવામાં બીજા દિક્ષા પામેલા પાદરીઓએજ તેને મદદ કીધી. તેણે ફ્રાંસીસ એસબરી કે જે તે વખતે અમેરિકાની મંડળીઓ માટેનો જનરલ આસીસ્ટન્ટ હતો તેને પોતાના ભાગીદાર સુપરિન્ટેન્ડન્ટ તરીકે નીમવાની સત્તા પણ દાકતર ટોમસ કોકને આપી. વળી મિ. વેસ્લીએ ચર્ચ ઓફ઼ ઇંગ્લંડના સાધારણ પ્રાર્થના પુસ્તકમાંથી ધર્મના સિદ્ધાંતો અને વિશ્રામવારની ઈશ્વર સેવાની રીત એ બન્ને સંક્ષેપમાં તૈયાર કીધા.

વિશ્રામવારની ઇશ્વર સેવાના રીતમાં સંસ્કારનો વહીવટ ચલાવવાની તથા પાદરીઓની નિમણૂક કરવાની પદ્ધતિનો સમાવેશ કીધો હતો.

ઇ. સ. ૧૭૮૪ માં ડિસેમ્બરની ચોવીસમી તારીખે મેરીલેન્ડના બાલ્ટીમોરમાં ભરાએલી ક્રીસ્મસ કાનફરન્સ વખતે ૬૦ ઉપદેશકો, દાકતર કોક તથા તેના સાથીઓને આવીને મળ્યા. તેઓએ મિ. વેસ્લીની ગોઠવણ તેમની આ-

ગળ રજુ કીધી. અને તે એકમતે અને ઉત્સાહપૂર્વક મંજુર રાખવામાં આવી. તે ઉપરથી તેઓએ **મેથોડિસ્ટ ઇપિ-સ્કોપલ મંડળીની** યોજના કીધી. અને મિ. વેસ્લીએ તૈયાર કીધેલા ધર્મના સિદ્ધાંતો તથા વિશ્રામવારની ઇશ્વર સેવાની રીતનો સ્વિકાર કીધો. અને તે સિદ્ધાંતોમાં નવા શહેરી રાજ્યની પિછાન રાખવા માટે એક સિદ્ધાંત વધાર્યો, અને સંસ્કાર પદ્ધતિમાં યુનાઇટેડ સ્ટેટસના સર્વોપરિ હાકેમો માટે એક પ્રાર્થના ઉમેરી. અને વળી તેઓએ નવી મંડળીનો કારભાર ચલાવવા માટે જોઇતા સઘળા કાયદાઓ પણ બાંધ્યા. દાકતર કોકની સાથે મિ. એસબરી પણ પસંદ કરાઇ અધ્યક્ષની પદ્વિ પર નિમાયો અને બીજા ઉપરી પાદરીઓના મદદ વડે તેનાથી યથાસ્થિત પ્રતિષ્ઠા વડે તે બિશપ નીમાયો. બીજાઓ ડીકનની દિક્ષા પામી. તેર જણને પસંદ કરીને વડીલોની દિક્ષા પામી, જેઓમાંના બેને નોવા સ્કોશીયામાં અને એકને વેસ્ટ ઇન્ડિઝના એન્ટિગ્યુઆમાં કામ કરવા માટે નિમવામાં આવ્યા હતા.

મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની ઉત્પત્તિ આ પ્રમાણે થઇ હતી. અને નવા પ્રજાસત્તાક રાજ્યમાં સ્વતંત્ર અસ્તિત્વ પ્રાપ્ત કરવાને અધ્યક્ષની સત્તા હેઠળ રહી કારભાર ચલાવનાર એજ પહેલી મંડળી હતી. અગર જોકે મોટી મોટી બદલાતી સ્થિતિ તથા તકને પહોંચી વળાય માટે તેની વ્યવસ્થા અને કારભાર ચલાવવાના કાયદાઓમાં વખતોવખત ફેરફાર કરવામાં આવ્યો છે તોપણ તેના સિદ્ધાંત અને ઉપદેશકના કામ એઓમાં કાંઇજ ફેરફાર કરવામાં આવ્યો નથી. પ્રજાસત્તાક રાજ્યની સાથે એ સમકાલિક છે અને તેની સાથે એ ફેલાવ પામી છે. અને

તેના નીતિ તથા ધર્મ સંબંધી આચરણની એણે સેવા બજાવી છે. આજે ૧૯૧૨ માં એના આશ્રિત માણસો ઉપરાંત એના ઉપદેશકો તથા સભાસદોની સંખ્યા ત્રીસ લાખ કરતાં વધારેની છે. એ અસલ મૂળમાંથી નીકળેલી બીજી મેથોડિસ્ટ મંડળીઓ પણ એની સાથે સાથે આબાદ થતી જાય છે. ખુલ્લી રીતે તેના સ્થાપન કરનારાઓ બુદ્ધિમાન તથા પવિત્ર માણસો હતા, અને તેઓએ મંડળીના શિરનો હેતુ પૂર્ણ કીધો.

મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળી હમેશાં એવું માનતી આવી છે કે, ખોવાએલાઓને શોધવાની અને બચાવવાની અને પચાસમાના વખતના જેવો આવેશ અને આચરણ ફેલાવવાની હોંશિયારી, તેઓ ખ્રીસ્તી મંડળીની કોઇપણ શાખાના ખરાપણાના નિશ્ચિંત પ્રમાણ છે. તેઓ ધર્મ પદ્ધતિ પર બહુ ભાર મૂકતા નથી, પણ તેની અગત્યની વાતો પર ભાર મૂકે છે. તે એવું માને છે કે ખ્રીસ્તની ખરી મંડળીઓ, વિધિઓ, ઉપદેશકોની પદ્વિઓ અને અધિકાર એ બાબતો વિષે ઘણીજ જૂદી પડે. તેના સભાસદોને મરજી પ્રમાણે બાપ્તિસ્મા લેવાની છૂટ છે જો કોઇ સભાસદને પ્રભુભોજન ઘૂંટણીએ પડીને લેવામાં કાંઇ વાંધો હોય તો તેને તે ઉભા રહીને અથવા બેસીને લેવાની છૂટ છે. સાધારણ ભક્તિ વખતે તેના લોકોને તાત્કાલિક પ્રાર્થનામાં જોડવાનું કહેવામાં આવે છે, પણ સંસ્કાર, દિક્ષા, લગ્નવિધિ, મુએલાઓની દફનક્રિયા અને બીજી ખાસ ભક્તિની વ્યવસ્થા માટે ભક્તિમાર્ગ સ્થાપવામાં આવી છે, કે જેમાંની ઘણી ઘણા પ્રાચિન વખતથી સાર્વજનિક મંડળીથી વાપરવામાં આવી છે.

અંત લગી સુવાર્તા પ્રગટ કરવામાં સઘળા ખરા સુધારાઓમાં, અને પ્રભુ ખ્રીસ્તની એકજ મંડળી કે જેની સાથે

દેવના દિકરા માટે જગતની આત્મિક જીત કરવામાં તે સાથી કામદાર છે, તેની સઘળી શાખાઓમાં ભાઇપણાના સંબંધની ઉન્નતિ કરવામાં અગ્રેસર તરીકે પોતાનું મૂળ ઇશ્વરી કામ સંપૂર્ણ કરવું, એજ ફક્ત મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના કાયદા, વિધિ અને ક્રિયા કર્મનો હેતુ છે.

ભાગ ૧.

મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીનું બંધારણ.

THE CONSTITUTION.

ભાગ ૧. ધર્મના સિદ્ધાન્તો.

DIVISION 1. ARTICLES OF RELIGION.

૧. પવિત્ર ત્રિએક દેવ પરના વિશ્વાસ વિષે.

૧. ખરો તથા જીવતો, અનાદિ, શરીર અથવા ભાગ વગરનો, અપાર પરાક્રમી, જ્ઞાની અને ઉત્તમ એવો એકજ દેવ છે. તે સર્વ દૃશ્ય અદૃશ્ય વાનાંનો બનાવનાર તથા રક્ષક છે. અને આ દેવપણાની એકમતામાં એકજ સત્વ, પરાક્રમ અને અનંતપણાવાળી ત્રણ વ્યક્તિ છે, એટલે કે પિતા, પુત્ર અને પવિત્ર આત્મા.

૨. શબ્દ અથવા દેવનો દીકરો જે ખરેખરો માણસ થયો તે વિષે.

૨. પુત્ર, કે જે બાપનો શબ્દ, ખરો તથા અનાદી ઈશ્વર, અને સત્વમાં પિતાની સમાન છે, તેણે ધન્ય કુંવારીને ઉદરે મનુષ્ય રૂપ ધારણ કર્યું; માટે, બે આખી અને સંપુર્ણ પ્રકૃતિ, એટલે કે દેવત્વ અને મનુષ્યત્વ, એકજ વ્યક્તિમાં કદી જૂદી થઇ શકે નહિ એવી રીતે સાથે જોડાઇ; એ પ્રકૃતિ તો ખીસ્ત છે, ખરો દેવ અને માણસ, જેણે આપણી સાથે પોતાના બાપનો મેળાપ કરાવવાને, અને કેવળ મૂળ પાપને વાસ્તેજ નહિ પણ માણસોનાં પોતાનાં કરેલાં પાપોને માટે પણ અર્પણ થવાને ખરેખર દુઃખ ભોગવ્યાં, વધસ્થંભે જડાયો, મરણ પામ્યો અને દટાયો.

૩. ખ્રીસ્તના પુન્રૂત્થાન વિષે.

૩. ખ્રીસ્ત ખરેખર મુએલામાંથી ઉઠયો, અને મનુષ્યપ્રકૃતિની સંપુર્ણતાના સંબધની બધી વાતો સહિત, પોતાનું શરીર ફરી ધારણ કર્યું, ને તે સાથે તે સ્વર્ગમાં ચહડી ગયો, અને છેલ્લે દહાડે બધાં માણુસોનો ન્યાય કરવાને તેના પાછા આવતાં સુધી ત્યાં બેઠો છે.

૪. પવિત્ર આત્મા વિષે.

૪. પવિત્ર આત્મા, પિતા અને પુત્ર પાસેથી નીકળી આવે છે, અને સત્વ, મહાત્મ્ય ને મહિમામાં પિતા અને પુત્રની સાથે ઐકયતા ધરાવે છે, અને ખરો તથા સનાતન દેવ છે.

૫. તારણ માટે પવિત્ર શાસ્ત્રનું પુરતાપણું.

૫. માણુસના તારણુને માટે જરૂરનું સઘળું પવિત્રશાસ્ત્રમાં સમાએલું છે; માટે જે કંઇ તેમાં લખેલું નથી, તેમજ જે કંઇ તેના વડે સાબિત કરાય નહિ, એવું કંઇ પણ ધર્મસિદ્ધાંત તરીકે માનવા, અથવા તારણુને માટે એ તો આવશ્યક કે અગત્યનું છે એવું સમજવા, કોઇ પણ માણુસ ઉપર ફરજ પાડવામાં આવતી નથી. પવિત્રશાસ્ત્ર, એટલે અમે એમ સમજીએ છીએ કે જુના તથા નવા કરારનાં ઇશ્વરપ્રણીત મનાયનાં પુસ્તકો કે જેમના અધિકાર વિષે મંડળીને કદી કંઈ શંકા થઈ નથી. એ ઇશ્વરપ્રણીત મનાયલાં પુસ્તકોનાં નામ આ છેઃ—

ઉત્પત્તિ, નિર્ગમન, લેવીય, ગણુના, પુનર્નિયમ, યહોશુઆ, ન્યાયાધિશ, રૂથ, શમુએલ ૧, શમુએલ ૨, રાજાઓ ૧, રાજાઓ ૨, કાળવૃત્તાંત ૧, કાળવૃત્તાંત ૨, એ-

ઝરા, નહેમ્યાહ, એસ્તર, અયુબ. ગીતશાસ્ત્ર, દ્રષ્ટાંતવચન, સભાશિક્ષક અથવા ઉપદેશક, ગીતોનું ગીત અથવા સુલેમાનનું ગીત, ચાર મોટા ભવિષ્યવાદીઓ, અને બાર નાના ભવિષ્યવાદીઓ.

સામાન્ય રીતે સ્વિકારાતાં નવા કરારનાં બધાં પુસ્તકોને અમે સ્વીકારીએ છીએ અને ઈશ્વરપ્રણીત ગણીએ છીએ.

૬. જુના કરાર વિષે.

૬. જુનો કરાર નવા કરારની વિરૂદ્ધ નથી, કારણ કે જુના અને નવા બંન્ને કરારમાં ખ્રીસ્ત, જે એકલો દેવ અને માણુસની વચ્ચે મધ્યસ્થ છે, અને જે દેવ અને માણુસ બન્ને છે, તેના વડે માણુસજાતને અનંતજીવન આપવાનું કહેવામાં આવ્યું છે. માટે, જે લોકો ઢોંગથી કહે છે કે પુરાતન પિતૃઓ તો કેવળ ક્ષણિક વચનોપરજ લક્ષ રાખતા હતા, તે લોકની વાત સાંભળવી ન જોઇએ અને જો કે ક્રિયાકર્મ સંબંધીનો મુસાને હસ્તક ઈશ્વરથી અપાયલો નિયમ ખ્રિસ્તીઓને લાગુ પડતો નથી, તેમજ તેમનાં રાજકિય ફરમાન કોઇ પણ પ્રજાએ પાળવાની જરૂર નથી, તેમ છતાં નૈતિક ગણાતા નિયમોના આજ્ઞાંકિતપણામાથી કોઇ પણ ખ્રીસ્તી મોકળો નથી.

૭. મૂળ અથવા જન્મ પાપ વિષે.

૭. મૂળ પાપ એટલે આદમનું કરેલું પાપ નહિ, પણ દરેક માણુસના સ્વભાવની ભ્રષ્ટતા, જે આદમનાં સંતાનમાં સ્વભાવિક રીતે આવે છે, અને જે વડે માણુસ અસલ ન્યાયીપણાથી બહુ વેગળું નીકળી ગયું છે, અને તેના પોતાના સ્વભાવનું વલણ નિરંતર ભુંડાઇની તરફજ રહે છે તે.

૮. શુભેચ્છા વિષે.

૮. માણસની હાલત આદમની પડતી થયા પછીથી એવી થઇ ગઈ છે કે વિશ્વાસ અને ઇશ્વરની પ્રાર્થના કરવા પોતાનાજ કુદરતી બળ અને કર્મોએ કરીને પોતાની મેળે ફરી શકતું નથી અને તૈયાર થઇ શકતું નથી; માટે, શુભેચ્છા મેળવવાને ખ્રીસ્ત વડે દેવની કૃપાના આપણુને મદદ કર્યા વગર, અને તે શુભેચ્છા આપણુને મળ્યા પછી આપણુને તેના સાહ્યકારી થયા વગર, દેવને ગમે અને માન્ય થાય એવી સુકરણીઓ કરવાને આપણામાં કંઈ પણ શક્તિ નથી.

૯. માણસના ન્યાયીકરણ વિષે.

૯. આપણે આપણી પોતાની કરણીઓ કે લાયકીને લીધે નહિ, પણ વિશ્વાસથી, કેવળ આપણા પ્રભુ અને તારનાર ઇશુ ખ્રીસ્તના પુણ્યને લીધેજ દેવની આગળ ન્યાયી ઠરીએ છીએ એ માટે આપણે કેવળ વિશ્વાસથીજ ન્યાયી ઠરીએ છીએ એ સિદ્ધાંત ઘણોજ હિતકારી અને દિલાસા ભરેલો છે.

૧૦ સુકરણી વિષે.

૧૦. જો કે સુકરણીઓ એ વિશ્વાસનાં ફળ છે, અને ન્યાયીકરણ થયા પછી થાય છે, તેમ છતાં તેમનાથી આપણાં પાપ દુર કરી શકાતાં નથી, અને દેવના ન્યાયની કઠણતા આગળ ટકી શકતાં નથી, તોપણ તેઓ ખ્રીસ્તમાં દેવને ગમતાં અને માન્ય છે, અને ખરા તથા જીવતા વિશ્વાસમાંથી ઉત્પન્ન થાય છે, એટલે સુધી કે જેમ વૃક્ષ પોતાનાં ફળથી તેમ જીવતો વિશ્વાસ પણ તેમનાથી સ્પષ્ટ રીતે ઓળખાય છે.

૧૧. કર્ત્તવ્યાતિરિક્ત કર્મો વિષે.

૧૧. સ્વૈચ્છિક કર્મો, એટલે ઇશ્વરની આજ્ઞાઓ ઉપરાંતનાં, (જે કર્ત્તવ્યાતિરિક્ત કામો કહેવાય છે) તે અહંકાર અને અ-ભક્તિ વિના શીખવી શકાય નહિ કેમકે તેઓથી માણસો એવું જાહેર કરે છે કે ઇશ્વરની સેવામાં જેટલું કરવાને તેઓ બંધાયલા છે તેટલુંજ નહિ, પણ તેની ખાતર ખાસ ફરજ કરતાં પણ વધારે તેઓ કરે છે; પણ ખ્રીસ્ત તો સાફ કહે છે કે, જે આજ્ઞા તમને આપેલી છે તે સર્વ પાળ્યા પછી તમારે એમ કહેવું કે, અમે નકામા ચાકરો છીએ.

૧૨. ન્યાયીકરણ થયા પછીનાં પાપ વિષે.

૧૨. ન્યાયીકરણ થયા પછીનું જાણી જોઇને કરેલું દરેક પાપ પવિત્ર આત્માને વિરૂદ્ધનું ને માફ ન થાય એવું છે એમ નહિ. એ માટે જેઓ ન્યાયીકરણ પામ્યા પછી પાપમાં પડે છે, તેમને પસ્તાવાનું દાન ન મળે એમ ન કહેવાય આપણને પવિત્ર આત્મા મળ્યા પછી મળેલી કૃપામાંથી આપણે નીકળી જઇએ, અને પાપમાં પડીએ, પણ દેવની કૃપાથી ફરી ઉઠીએ અને આપણાં જીવનને સુધારીએ એ માટે, જેઓ એમ કહે છે કે તેમના આયુષ્ય પર્યંત તેઓ હવે કઇ પાપ કરી શકતા નથી. અથવા ખરેખરો પસ્તાવો કરનારને માફીની જગ્યા નથી તેઓ ધિક્કારી કહાડવા જોગ છે.

૧૩. મંડળી વિષે.

૧૩. ખ્રીસ્તની દ્રષ્ય મંડળી એ વિશ્વાસુ માણસોનું એક મંડળ છે, જેમાં દેવના શુદ્ધ વચનનો ઉપદેશ કરવામાં આવે છે, અને તેને અગત્યની એવી સઘળી વાતોમાં ખ્રીસ્તના વિધિ પ્રમાણે યોગ્ય રીતે સંસ્કારો પાળવામાં આવે છે.

૧૪. પર્ગેટરી વિષે.

૧૪. પર્ગેટરી, માફી, મૂર્ત્તિઓની તેમજ મુડદાંઓની ભજનસેવા, અને વળી સંતોની પ્રાર્થના, વિષેનો રૂમી (રોમન કૅથોલીક મંડળીના) મત, એ તો નાહાન્યત, મિથ્યા કલ્પના, તથા કંઇ શાસ્ત્રાધારના પાયા વગરનો, અને દેવના વચનથી વિપરીત છે.

૧૫. લોકો સમજી શકે એવી ભાષા મંડળીમાં બોલવા વિષે.

૧૫. દેવળમાં જાહેર પ્રાર્થના વખતે અને સંસ્કારો પાળતી વખતે લોકોથી નહિ સમજાય એવી ભાષા વાપરવી એ ઉઘાડી રીતે દેવના વચન અને અસલની મંડળીના રીવાજથી વિપરીત છે.

૧૬. સંસ્કારો વિષે.

૧૬. ખ્રીસ્તના ઠરાવેલા સંસ્કારો કેવળ ખ્રીસ્તી માણસોની કબુલાત પટા કે ચિન્હોજ નથી, પણ કૃપાની અને આપણા પ્રત્યેના દેવની પ્રસન્નતાની ચોક્કસ નિશાનીઓ છે, જે વડે દેવ આપણામાં અદૃષ્ય રીતે કામ કરે છે, અને કેવળ તેના પરના આપણા વિશ્વાસને જાગૃત કરે છે એટલુંજ નહિ પણ બળવાન અને દૃઢ કરે છે.

આપણા પ્રભુ ખ્રીસ્તના ઠરાવેલા બે સંસ્કારો સુવાર્ત્તામાં છે, એટલે કે બાપ્તિસ્મા અને પ્રભુ ભોજન.

રૂમી મંડળીના મતમાં સામાન્ય રીતે સંસ્કાર કહેવાતી પાંચ વાતો, એટલે સ્થિરીકરણ, પશ્ચાતાપ, દિક્ષા, લગ્ન, અને માંદા માણસને મરતી વખતે કરવામાં આવતો તૈલાભિષેક, એ સુવાર્તામાંના સંસ્કારો તરીકે ગણવાની નથી, કારણ કે તેઓ કેટલેક અંશે પ્રેરિતોનું અયોગ્ય અનુકરણ

કરવાથી ઉત્પન્ન થઇ છે, અને કેટલેક અંશે શાસ્ત્રમાં બહાલ રાખેલ જીવનવૃત્તિ છે, પણ તેમ છતાં તે બાપ્તિસ્મા અને પ્રભુભોજનના જેવીજ નથી, કેમકે તેમાં ઇશ્વરની ઠરાવેલી કોઇ પણ અદૃશ્ય નિશાની કે ક્રિયા નથી

સંસ્કારો નિરીક્ષણ કરવાને માટે કે સાથે લઇને ફરવાને માટે ખ્રીસ્તે ઠરાવ્યા નથી, પણ એ માટે કે આપણે તેનો ઘટતો ઉપયોગ કરીએ. અને કેવળ જેઓ તેમને યોગ્ય રીતે પાળે છે તેમનામાંજ હિતકારક અસર અથવા ક્રિયા થાય છે; પણ જેઓ તેમને અયોગ્ય રીતે પાળે છે તેઓ, જેમ પ્રેરિત પાઉલ કહે છે તેમ, પોતાને માટે દંડ આણે છે. ૧ કરિંથી. ૧૧: ૨૯.

૧૭. બાપ્તિસ્મા વિષે.

૧૭. બાપ્તિસ્મા કેવળ એક કબુલાતની નિશાની અને તફાવત સુચક ચિન્હ કે જે વડે ખ્રીસ્તીઓ બાપ્તિસ્મા નહિ પામેલા લોકોમાંથી ઓળખાય છે એજ છે એમ નહિ, પણ વળી એ પુનર્જન્મ અથવા નવા જન્મની પણ નિશાની છે. નાનાં બાળકોનું બાપ્તિસ્મા મંડળીમાં ચાલુ રાખવાનું છે.

૧૮. પ્રભુ ભોજન વિષે.

૧૮. ખ્રીસ્તીઓએ પરસ્પર પ્રીતિ રાખવી જોઇએ તેની નિશાની પ્રભુ ભોજન છે એટલુંજ નહિ પણ તે કરતાં ખ્રીસ્તના મરણથી થએલા આપણા ઉદ્ધારનો સંસ્કાર છે; એવો કે, જેઓ તેને ખરી તથા યોગ્ય રીતે વિશ્વાસથી પાળે છે તેમને તો, જે રોટલી આપણે તોડીએ છીએ તે ખ્રીસ્તના શરીરનો ભાગીયો છે, અને તેવીજ રીતે આશિર્વાદનો વાટકો પણ ખ્રીસ્તના રક્તનો ભાગીયો છે.

દ્રવ્યાંતર (ટ્રૅન્સબ્સ્ટૅન્શિએશન), અથવા આપણા પ્રભુના ભોજનમાં રોટલી અને દ્રાક્ષારસનાં તત્ત્વો બદલાઇને ખ્રીસ્તનું ખરેખરૂં શરીર અને ખરેખરૂં લોહી બની જાય તે રૂમી મંડળીનો મત પવિત્રશાસ્ત્રથી સાબિત થઇ શકતો નથી, પણ ઉલટું શાસ્ત્રની ઉઘાડી વાતથી વિરૂદ્ધ છે, સંસ્કારના મૂળસ્વરૂપને ઉલટાવી નાંખે છે, અને એથી ઘણા વેહેમ ઉત્પન્ન થયા છે.

ભોજનમાં ખ્રીસ્તનું શરીર કેવળ સ્વર્ગિય અને આત્મિક રીત પ્રમાણેજ આપવામાં, લેવામાં અને ખાવામાં આવે છે. અને જે સાધન વડે ભોજનમાં ખ્રીસ્તનું શરીર લેવાય છે અને ખવાય છે તે વિશ્વાસ છે.

ખ્રીસ્તના વિધિથી પ્રભુ ભોજનના પદાર્થ રાખી મુકવામાં, સાથે લઈ ફરવામાં, ઉંચા કરવામાં કે ભજવામાં આવ્યા નહોતા.

૧૯. પ્રભુ ભોજનમાં વપરાતી બન્ને વસ્તુઓ વિષે.

૧૯. સામાન્ય ખ્રીસ્તી માણસોને પ્રભુના વાટકાનો નકાર નહિ કરવો; કેમકે ખ્રીસ્તના વિધિ અને ફરમાન પ્રમાણે પ્રભુ ભોજનની બંન્ને વસ્તુઓ બધા ખ્રીસ્તીઓને એકસરખી રીતે આપવી જોઇએ.

૨૦. વધસ્થંભ ઉપર પૂર્ણ થયેલા ખ્રીસ્તના એકજ અર્પણ વિષે.

૨૦. ખ્રીસ્તનું એકજવાર કરેલું અર્પણ આખી દુનિઆનાં બધાં પાપો એટલે મૂળ અને દરેકનાં પોતાનાં પાપોને માટે સંપૂર્ણ ખંડણી, પ્રાયશ્ચિત અને પ્રતિફળ છે અને તેના વિના પાપને માટે બીજું કોઇ પણ પ્રતિફળ

નથી. એ માટે, રૂમી મંડળીની "માસ" કહેવાતી ક્રીયા જેમાં સાધારણ રીતે એમ કહેવાય છે કે દુઃખ અથવા દોષની માફી મેળવવાને જીવતાં અને મરેલાંને માટે પાદરી ખ્રીસ્તાર્પણ કરે છે. એ તો દુર્ભાષણીય દંતકથા અને ભયંકર કુયુક્તિ છે.

૨૧. ધર્મોપદેશકના લગ્ન વિષે.

૨૧. દેવનું નિયમશાસ્ત્ર ધર્મોપદેશકો જે ખ્રીસ્તના સેવકો છે તેમને કુંવારી જીંદગીની માનતા માનવાને કે નહિ પરણવાને ફરમાવતું નથી; માટે બીજા બધા ખ્રીસ્તીઓની પેઠે તેમને માટે પણ, જો તેઓ પરણીને સુભક્તિ વધારે સારી રીતે જાળવી શકે એમ પોતે ધારે તો પોતાના સદ્દવિચાર મુજબ પરણવાનું યોગ્ય છે.

૨૨. મંડળીનાં ક્રિયાકર્મો વિષે.

૨૨. ક્રિયાકર્મ સઘળી જગ્યાઓમાં એકજ જાતનાં કે આબેહુબ મળતાંજ હોવાં જોઇએ એવી જરૂર નથી, કારણ કે તે હમેશ જુદાં જુદાં રહ્યાં છે; માટે જ્યાં સુધી દેવના વચનને વિરૂદ્ધ કંઇ પણ નિમાય નહિ ત્યાં સુધી જુદા જુદા દેશો, સમયો અને માણસોની રીતભાતના પ્રમાણમાં તે બદલાય. જે કોઇ પોતાની મંડળીનાં દેવના વચનથી વિપરીત નથી અને સર્વાનુમતે માન્ય થયેલ અને સ્થપાએલ છે તેવાં ક્રિયાકર્મોનો પોતાના ખાનગી અભિપ્રાયથી જાણી જોઇને અને બુદ્ધિ પૂર્વક ઉઘાડી રીતે ભંગ કરે તેને મંડળીની સામાન્ય વ્યવસ્થાને વિરૂદ્ધ વાંક કરનાર અને નબળા ભાઇઓની પ્રેરક બુદ્ધિને ઘાયલ કરનાર તરીકે ઉઘાડી રીતે ઠપકો આપવો જોઇએ, એ માટે કે બીજાઓ એવું કરતાં બીહે.

દરેક અમુક મંડળી સંસ્થાપનને સારૂ ક્રિયાકર્મો સ્થાપે, બદલે, અથવા રદ કરે.

૨૩. રાજ્યકર્ત્તા વિષે.

૨૩. રાજકિય બાબતો સંબંધી અમે માનીએ છીએ કે ખ્રીસ્તીઓની અને ખાસ કરીને સર્વ ખ્રીસ્તી ઉપદેશકોની જે દેશમાં પોતે વસતા હોય ત્યાંના અધિકારીને તાબે રહેવાની અને ત્યાંની સરકારની આણુ માનવામાં દરેક સ્તુત્ય સાધન વાપરવાની ફરજ છે. અને એ માટે એવી અપેક્ષા છે કે અંગ્રેજી કે બીજા કોઈ પણુ રાજ્યમાં રહેતા આપણા ઉપદેશકો અને લોકો સાલસ અને રાજનિષ્ટ પ્રજા પ્રમાણે વર્તશે.

૨૪. ખ્રીસ્તી માણુસોની માલમત્તા વિષે.

૨૪. જેમ કેટલાક માણુસો બડાઇ કરે છે કે ખ્રીસ્તી માણુસની દોલત અને મિલકતપરનો હક, કબજો અને ધણીપણું તે સામાન્ય છે તેમ તો નથી. તોપણુ દરેક માણુસે શક્તિ પ્રમાણે પોતાની પાસે જે હોય તેમાંથી ગરીબોને ઉદારતાથી દાન કરવું જોઇએ.

૨૫. ખ્રીસ્તી માણુસના સમ વિષે.

૨૫. જેમ આપણે મંજુર કરીએ છીએ કે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તે તથા તેના પ્રેરિત યાકુબે ખ્રીસ્તી માણુસોને નકામા અને અવિચારી સમ ખાવાની મના કરેલી છે, તેમ આપણે પણુ માનીએ છીએ કે જ્યારે વિશ્વાસ અને દયાના દાવામાં ન્યાયાધિશ માગે ત્યારે તે ભવિષ્યવાદીના શિક્ષણુ મુજબ પ્રમાણીકપણે, ન્યાયે અને સત્યતાએ સમ ખાવાની ખ્રીસ્તી ધર્મ માણુસને મનાઇ કરતો નથી.

ભાગ ૨. સામાન્ય કાયદા.

Division II. The General Rules.

અમારી સંયુક્ત સમાજોનું સ્વરૂપ, ઉદ્દેશ, અને સામાન્ય કાયદા.

૨૬. સને ૧૭૩૯ ની આખરે આઠ કે દસ માણસો જેઓને પોતાની પાપાવસ્થાનું ભાન થયું અને ઉદ્ધારને માટે આતુરતાથી નિશાસા નાખતા હતા લંડન શહેરમાં મિ. વેસ્લીની પાસે આવ્યા. તેઓએ તેમજ બીજે દહાડે બે ત્રણ બીજા માણસોએ એવું ચાહ્યુ કે મિ. વેસ્લી તેમની સાથે થોડો વખત પ્રાર્થનામાં ગાળે, અને તેમના માથાપર જાથુ ઝઝુમી રહેલા તેમને દેખાતા આવનાર કોપથી કેમ નાસી છુટવું તેની તેમને સલાહ આપે. આ મહાન કામને વાસ્તે તેને વધારે વખત મળી શકે માટે તેણે બધાને સાથે આવવાનો એક દિવસ ઠરાવ્યો. ત્યાર પછીથી તે પ્રમાણે દર અઠવાડીએ ગુરૂવારની સાંજે તેઓ આવવા લાગ્યા. તેણે આ લોકોને, તેમજ તેમની સાથે જોડવાને ચહાતા બીજા ઘણાને (કેમકે તેમની સંખ્યા રોજ રોજ વધતી જતી હતી) બહુ જરૂરની એવી શીખામણો વારંવાર આપતો, અને તેઓ હમેશાં તેમનામાંના પ્રત્યેકની જરૂરીઆતને અનુકૂળ પ્રાર્થના કરીને સભા બરખાસ્ત કરતા હતા.

૨૭. આવી રીતે સંયુક્ત સમાજ, એટલે મેથોડિસ્ટ મંડળીનો ઉદય થયો, પ્રથમ યુરોપમાં અને પછી અમેરિકામાં. એવી સમાજ તે "તેમના તારણનું સાધન કરી લેવામાં અરસપરસ મદદ કરવાને માટે સાથે મળીને પ્રા-

ર્થના કરવાને, બોધવચન મેળવવાને અને એક બીજાપર પ્રેમથી નજર રાખવાને એકઠાં મળેલાં સુભક્તિનું સ્વરૂપ રાખનાર તથા તેના પરાક્રમને શોધનાર માણસોની એક ટોળી છે."

૨૮. તેઓ પોતાના તારણનું સાધન ખરેખર કરી લે છે કે નહિ એ વધારે સહેલાઇથી જાણી શકાય માટે દરેક મંડળીના સભાસદોનાં રહેઠાણની જગ્યા પ્રમાણે નાની નાની ટોળીઓ કરી નાંખવામા આવી છે, જે વર્ગો કહેવાય છે. એક વર્ગમાં લગભગ બાર માણસ હોય છે. જેમાંના એકને પ્રમુખ એવું નામ આપવામા આવે છે. પ્રમુખની ફરજ નિચે પ્રમાણે છે —

૧. પોતાના વર્ગમાંના દરેક માણસની ઓછામાં ઓછી અઠવાડીઆમાં એકવાર મુલાકાત કરવી; એ માટે કે, (૧) તે તેની આત્મિક હાલત વિષે તપાસ કરે; (૨) તેને પ્રસંગાનુસાર સલાહ, ઠપકો, દિલાસો અથવા બોધ આપે; અને (૩) પાળકો, મંડળી અને ગરીઓની મદદને માટે જે કઇ આપવાને તે રાજી હોય તે તે લે.

૨. મંડળીના પાળકો અને કારભારીઓને અઠવાડીયામાં એકવાર મળવું; એ માટે કે, (૧) જે કોઇ માદુ હોય અથવા જે કોઇ ગેરવાજબી રીતે વર્ત્તતુ હોય અને ઠપકાને ગણકારતુ ન હોય તેની ખબર પાળકને તે આપે; અને (૨) પોતાના વર્ગમાંથી ગયા અઠવાડીયામાં તેને જે ઉઘરાણું મળ્યું હોય તે કારભારીઓને આપે.

૨૯. આ મંડળીઓમાં જેઓ દાખલ થવા ઇચ્છતા હોય તેઓને પહેલા કેવળ એકજ સરત કરવાની છે, તે એ કે "આવનાર કોપમાંથી નાસી છુટવાની અને પોતાના

પાપમાંથી તારણ પામવાની ઇચ્છા" તેમનામાં હોવી જોઇએ અને જ્યાં જ્યાં આ ઇચ્છા ખરેખર અંતઃકરણમાં ઉંડી ઉતરેલી હશે ત્યાં ત્યાં તે તેના ફળોથી દેખાઇ આવશે.

૩૭. એ માટે આ મંડળીમાં ચાલુ રહેનાર સઘળા વિષે એવી આશા રાખવામાં આવે છે કે, નીચે બતાવ્યા પ્રમાણે કરીને તેઓ તેમની તારણની ઇચ્છા હમેશા સાબિત કરી આપશે.

પ્રથમ કઇ પણ નુકસાન નહિ કરવું, ને દરેક જાતની ભુંડાઇથી અળગા રહેવું, વિશેષે કરીને જે બહુજ સાધારણ જેવી છે તેથી, જેમકે—

ઇશ્વરનું નામ વૃથા લેવું.

સંસારીક કામ કરીને, અથવા વેચાતું લેઇને, અથવા વેચીને પ્રભુના દિવસને હલકો કરવો.

છાકટાપણું, દારૂ વેચાતો લેવો અથવા વેચવો અથવા અતિ જરૂરના કારણ સીવાય તે પીવો.

ગુલામ રાખવા; ગુલામ વેચાતા લેવા અથવા વેચવા.

લડાઇ કરવી, કજીઆ કરવા, ટંટા કરવા, ભાઇ ભાઇની વિરૂદ્ધ કચેરીએ ચડવું, ભુંડાઇને બદલે ભુંડાઇ અથવા ગાળને બદલે ગાળ આપવી; અને વેચાતું લેતા અથવા વેચતા અપ્રમાણિક ભાવ કરવા.

જકાત ભર્યા વગરનો માલ વેચાતો લેવો કે વેચવો.

ગેરકાયદેસર વ્યાજે ચીજને ધરેણે આપવી કે લેવી.

અપ્રેમી અથવા નકામી વાતચિત; ખાસ કરીને ન્યાયાધિશો અથવા પાળકોની નિંદા.

આપણે નહિ ચાહીએ કે તેઓ આપણી સાથે એમ વર્તે તેવી રીતે તેમની સાથે વર્તવું.

ઇશ્વરના મહિમાર્થે જે નથી એવું આપણે જાણીએ તે કરવું જેમકેઃ—

સોનાના દાગીના અને કિંમતી વસ્ત્રો પહેરવાં.

પ્રભુ ઇસુના નામમાં ન કરી શકાય એવા વિનોદ કરવા.

જેમાં ઇશ્વરના પ્રેમ કે જ્ઞાનનો ઉદ્દેશ નથી એવાં ગીતો ગાવાં કે એવાં પુસ્તકો વાંચવા.

નાજુકપણું અને બીનજરૂરી સ્વચ્છંદ.

પૃથ્વીપર દ્રવ્ય એકઠું કરવું.

વાળી આપવાના સંભવ વગર ઉછીનું લેવું; અથવા કિંમત આપવાના સંભવ વગર માલ લેવો.

ઉપર કહેલાં બધાંની મના કરવામાં આવે છે.

૩૧. આ મંડળીઓમાં ચાલુ રહેનાર બધાં વિષે એવી આશા રાખવામાં આવે છે કે તેઓ નીચે પ્રમાણે કરીને પોતાના તારણની ઇચ્છાની હમેશાં શાબિતિ કરી આપેઃ—

બીજું: સારૂં કરવું; પોતાની શક્તિ પ્રમાણે દરેક રીતે દયાળું થવું; પ્રસંગ મળ્યે અને બનતાં સુધી બધાં માણસનું દરેક બનતી રીતે ભલું કરવું—

ઇશ્વર જે શક્તિ આપે તેના પ્રમાણમાં, ભુખ્યાને અન્ન અને નાગાંને વસ્ત્ર આપીને, તથા જેઓ માંદાં અથવા કેદમાં હોય તેમને જોવા જઇને અથવા તેમને મદદ કરીને, તેમનાં શરીરોનું ભલું કરવું.

જુઠા મતને આપણે "આપણાં અંતઃકરણો તત્પર ન હોય ત્યાં સુધી આપણાથી ભલું થાય નહિ" એવા આવેશી પગ તળે છુંદીને આપણી સાથે સમાગમ રાખનાર સઘળાને શિખામણ, ઠપકો અને બોધ આપીને તેમના આત્માઓનું ભલું કરવું.

વિશેષે કરીને જેઓ વિશ્વાસના ઘરના છે અથવા એવા થવાને અતિ ઉત્સુક હોય તેઓનું ભલું કરવું; બીજાઓના કરતાં તેમને પસંદ કરીને નોકરી આપવી, એક બીજાની પાસેથી વેચાતું લેવું; ધધામાં અરસપરસ સહાય કરવી; અને વિશેષે કરીને જગત પોતાનાં અને કેવળ પોતાનાંનીજ ઉપર પ્રેમ કરશે માટે આપણે વિશેષ એમ કરવું.

બની શકતી સઘળી સંભાળ અને કરકસર પુર્વક ભલું કરવું એ માટે કે કોઇ સુવાર્ત્તાને દોશ ન દે.

પોતાનો નકાર કરીને તથા રોજ પોતાનો વધસ્તંભ ઉંચકીને પોતાની આગળ મુકેલી દોડ ધીરજથી દોડવી; ખ્રીસ્તનું અપમાન સહેવું; અને જગતના મેલ તથા કચરા તુલ્ય થવાને કબુલ થવું; અને પ્રભુને લીધે માણસો તેમને ઉલટી હરેક જુંડી વાત જુડાઇથી બોલે એવી રાહ જોઇએ.

૩૨. આ મંડળીઓમાં ચાલુ રહેવાની જેમની ઇચ્છા છે તે બધા વિષે એવી આશા રાખવામાં આવે છે કે તેઓ પોતાના તારણની ઇચ્છા નીચે પ્રમાણે કરીને હમેશાં શાબિત કરી આપે—

ત્રીજું: ઇશ્વરના બધાં વિધિઓ પાળવા; જેવાં કે—
ઇશ્વરની જાહેર ભક્તિ સેવા.
પવિત્ર શાસ્ત્રની સેવા, વાંચન કે બોધ.
પ્રભુનું ભોજન.
કૌટુમ્બીક અને ખનગી પ્રાર્થના.
શાસ્ત્ર શોધ.
ઉપવાસ.

૩૩. આપણી મંડળીઓના સામાન્ય નિયમો આ છે, જે

બધા પાળવાને ઇશ્વરથી પોતાના લીખીત વચન, જે આપણા વિશ્વાસ અને વ્યવહાર બન્નેને માટે એકલો અને પુરતો નિયમ છે, તે વચન વડે આપણને શીખવ્યાં છે અને આપણે જાણીએ છીએ કે ખરેખર જાગૃત થએલાં અંતઃકરણો પર તેનો આત્મા આ બધું લખે છે. જો આપણામાં કોઇ એવાં હોય કે જે તેમને પાળતો નથી અને તેમાંથી કોઇનો ભંગ હમેશ કરતો હોય, તો તે આત્માને માટે જવાબ દેનાર જેવા જેઓ તેની દેખરેખ રાખે છે તેઓને તે જણાવવું. આપણે તેને તેના માર્ગોની ભૂલ વિષે શિખામણ આપીશું આપણે થોડીવાર તેનું સહન કરીશું: પણ જો તે છતાં તે પસ્તાય નહિ, તો પછી આપણી મધ્યે તેને વધારે વાર રાખવામાં નહિ આવે. આપણે પોતાના જીવ બચાવ્યા છે.

ભાગ ૩. વ્યવસ્થા અને વહીવટના કાનુનો.
DIVISION III. ARTICLES OF ORGANIZATION AND GOVERNMENT.

પ્રકરણ ૧. સરકટો, ત્રિમાસિક અને વર્ષિક કૉન્ફરન્સો.
CHAPTER I. PASTORAL CHARGES, QUARTERLY AND ANNUAL CONFERENCES

કાનુન ૧. સરકટો.

૩૪. મંડળીના સભાસદોને સ્થાનિક સમાજોમાં વહેંચી નાખવામાં આવશે, જેમાંની એક અથવા વધારે સરકટો ગણાશે.

કાનુન ૨. ત્રિમાસિક કૉન્ફરન્સો.

૩૫. દરેક સરકટમાં ત્રિમાસિક કૉન્ફરન્સ સ્થાપવામાં આવશે અને તે એવા માણસોની બનેલી હોવી જોઈએ અને તેને એવી સત્તા હોવી જોઈએ કે જે જનરલ કૉન્ફરન્સની સૂચના મુજબ હોય.

કાનુન ૩. વાર્ષિક કૉન્ફરન્સો.

૩૬. જનરલ કૉન્ફરન્સ ટ્રાવલીન્ગ ઉપદેશકોની(*) વાર્ષિક કૉન્ફરન્સ યોજશે ને તેની બેઠકોમાં તેઓએ હાજર હોવાની જરૂર છે.

પ્રકરણ ૨. જનરલ કૉન્ફરન્સ.
CHAPTER II. THE GENERAL CONFERENCE.

કાનુન ૧. કેવી રીતે યોજાય છે.

૩૭. જનરલ કૉન્ફરન્સ, પાદરીવર્ગના તથા સભાસદવર્ગના પ્રતિનિધિઓની બનશે, જેમની ચુંટણી નીચે બતાવેલા નિયમ મુજબ કરવામાં આવશે.

(*) ટ્રાવલીન્ગ ઉપદેશકો, એટલે ઉપદેશકો જેઓ વાર્ષિક કૉન્ફરન્સના સભાસદો છે તેઓ.

કાનુન ૨. પાદરીવર્ગના પ્રતિનિધિઓ.

૩૮. ૧. દરેક વાર્ષિક કૉન્ફરન્સ ઓછામાં ઓછા એક પાદરીવર્ગના પ્રતિનિધિ વાસ્તે હકદાર થશે વાર્ષિક કૉન્ફરન્સના દર ચૌદ સભાસદ દીઠ એક કરતાં વધારે અથવા દર પિસ્તાળીસ સભાસદ દીઠ એક કરતાં ઓછા પાદરીવર્ગના પ્રતિનિધિની રજા જનરલ કૉન્ફરન્સ આપશે નહિ, પણ જનરલ કૉન્ફરન્સે પ્રતિનિધિ તત્વના પ્રમાણ માટે જે સંખ્યા ચોક્કસ કરેલી છે તેના બે તૃતિયાંસ અથવા તેથી વધારે અપુર્ણાંક હોય તો વાર્ષિક કૉન્ફરન્સ એક વધારાના પ્રતિનિધિ માટે હકદાર ગણાશે.

૨. જનરલ કૉન્ફરન્સનાં પહેલાં મળતી વાર્ષિક કૉન્ફરન્સની બેઠકમાં વાર્ષિક કૉન્ફરન્સના સભાસદોના મતથી પાદરીવર્ગના પ્રતિનિધિઓ ચુંટવામા આવશે આ પ્રતિનિધિઓ એલ્ડરો હોવા જોઇએ અને તેઓ ઓછામાં ઓછી પચીસ વર્ષની વયના અને લાગલાગટ ચાર વરસ સુધી વાર્ષિક કૉન્ફરન્સના સભાસદો હોવા જોઇએ, અને તેમની ચુંટણીની વેળા અને જનરલ કૉન્ફરન્સની બેઠક વેળા તેમને ચુટનાર વાર્ષિક કૉન્ફરન્સના સભાસદો હોવા જોઇએ. વાર્ષિક કૉન્ફરન્સ ફાલતુ પ્રતિનિધિઓ ચુંટી શકે જેમની સંખ્યા ત્રણ કરતાં વધુ અને પોતાના પ્રતિનિધિઓની સંખ્યા કરતાં વધુ હોવા નહિ જોઈએ.

૩. જનરલ કૉન્ફરન્સના પ્રતિનિધિઓની ચુંટણીની સંખ્યામાં કોઈ પણ પાદરી એકજ વર્ષમાં બે વાર ગણવામાં આવશે નહિ. અથવા તો જે ચુંટણીમાં તેની ગણત્રી થઇ ન હોય તેની ચુંટણીમાં તે મત આપી શકશે નહિ, અથવા તો બંધારણ સંબંધી પ્રશ્ન ઉપર એકજ વર્ષમાં તે બે કૉન્ફરન્સોમાં મત આપી શકશે નહિ.

કાનુન ૩. સભાસદવર્ગના પ્રતિનિધિઓ.

૩૯. ૧. લે ઇલેકટોરલ કૉન્ફરન્સ(*) ચાર ચાર વર્ષે, અથવા જ્યારે જનરલ કૉન્ફરન્સ બોલાવે ત્યારે, દરેક વાર્ષિક કૉન્ફરન્સની હદની અંદર, જનરલ કૉન્ફરન્સના સભાસદવર્ગના પ્રતિનિધિઓની ચુંટણી માટે અને બંધારણના ફેરફાર વિષે મત આપવાને માટે રચવામાં આવશે. આ કૉન્ફરન્સ જનરલ કૉન્ફરન્સના ઠરાવ મુજબ દરેક સરકટની હદમાંથી લેવાયલા એક એક સભાસદની બનશે કે જેઓ સરકટના એકત્રીસ વર્ષથી વધારે વયના સભાસદોથી ચુંટાએલા હોવા જોઇએ એજ પ્રમાણે દરેક સરકટ વળી એક ફાલતુ પ્રતિનિધિ ચુંટશે એકત્રીસ વર્ષથી ઓછી વયના ન હોય અને તેમને પસંદ કરનાર સરકટના સભાસદ હોય એવા સભાસદો લે ઇલેકટોરલ કૉન્ફરન્સને માટે લાયક છે.

૨. જનરલ કૉન્ફરન્સની પુર્વે વાર્ષિક કૉન્ફરન્સની તરત મળતી બેઠકના પહેલા શુક્રવારે અને વાર્ષિક કૉન્ફરન્સની જગ્યાએ (જો જનરલ કૉન્ફરન્સ બીજો કઇ ઠરાવ ન કરે તો) લે ઇલેકટોરલ કૉન્ફરન્સ ભરવામાં આવશે.

૩. લે ઇલેકટોરલ કૉન્ફરન્સ એક પ્રમુખ અને ચીટનીસ પસંદ કરીને પોતાની યોજના કરશે, તેની વ્યવસ્થાના નિયમો પણ તે પોતેજ બાંધશે, અને તેના સભાસદોની ચુંટણી મત અને લાયકાતનો ચુકાદો કરનાર થશે.

૪. વાર્ષિક કૉન્ફરન્સમાંથી જેટલા પાદરીવર્ગના પ્રતિનિધિઓ હોય તેટલાજ સભાસદવર્ગના પ્રતિનિધિઓ

(*) લે, એટલે જે મંડળીના સભાસદવર્ગનો. **લે ઇલેકટોરલ કૉન્ફરન્સ**, એટલે મંડળીના સભાસદવર્ગની ચુંટણી કરનાર કૉન્ફરન્સ.

જનરલ કૉન્ફરન્સને માટે નીમવાને લે ઇલેકટોરલ કૉન્ફરન્સને હક રહેશે. લે ઇલેકટોરલ કૉન્ફરન્સ ફાલતુ પ્રતિનિધિઓ ચુંટે જે ત્રણ કરતાં વધારે અને તેના પ્રતિનિધિઓની સંખ્યા કરતાં વધારે ન હોવા જોઇએ. આ ચુંટણીઓ ચાંઠીઓ નાખીને કરવામાં આવશે.

૫. લે ઇલેકટોરલ કૉન્ફરન્સની હદમાં આવેલી સરકટોમાં પચીસ અથવા તેથી વધારે વયના જે સભાસદો સભાસદપણું ધરાવે છે અને જેઓ છેલ્લાં પચ વર્ષથી મંડળીના સભાસદો છે તેઓને જનરલ કૉન્ફરન્સની ચુંટણીને માટે લાયક ગણવામાં આવશે. ચુંટાયલા પ્રતિનિધિઓ જેઓ પોતાને ચુંટનાર લે ઇલેકટોરલ કૉન્ફરન્સની હદમાં આવેલી મંડળીના સભાસદ મટી જાય તેઓને જનરલ કૉન્ફરન્સમાં બેસવાનો હક રહેશે નહિ. (જુઓ ૮૭)

કાનુન ૪. પ્રમાણપત્રો.

૪૦. જુદી જુદી વાર્ષિક અને લે ઇલેકટોરલ કૉન્ફરન્સોના ચીટનીસો દરેક પ્રતિનિધીઓને જુદી જુદી ચુંટણીનાં ભલામણપત્ર આપશે, અને તેઓ આગલી જનરલ કૉન્ફરન્સના ચીટનીસના ઉપર કહેલી વાર્ષિક અને લે ઇલેકટોરલ કૉન્ફરન્સો ઉઠી ગયા પછી તરતજ મોકલી આપશે.

કાનુન ૫. બેઠકો.

૪૧. ૧. જનરલ કૉન્ફરન્સ પહેલી બોલાવેલી પ્રતિનિધીઓની જનરલ કૉન્ફરન્સની તારીખથી માંડીને એટલે ઇ. સ. ૧૮૧૨ થી દર ચાર ચાર વરસે મે માસના પહેલા દિવસની (રવીવાર સિવાય) સહવારે દશ વાગતાં એકઠી મળશે અને તે યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરિકાના એવી જગ્યાએ મળે કે જે જગ્યા આગળ મળેલી જનરલ કૉન્ફ-

રન્સે અથવા દર ચાર વરસે જનરલ કૉન્ફરન્સથી નીમા-યલા ને તેની સત્તા હેઠળ વર્તનાર પંચથી ઠરાવવામાં આવશે, ને તે પંચને જરૂરના પ્રસંગે, જનરલ સુપરિન્ટે-ન્ડેન્ટોના(*) વધુ મતે, જનરલ કૉન્ફરન્સની સભાની જગ્યા ફેરવવાની સત્તા રહેશે.

૨. જનરલ સુપરિન્ટેન્ડેન્ટોને અથવા તેમાંના વધુ પક્ષને સઘળી વાર્ષિક કૉન્ફરન્સોના બે તૃતિયાંસ ભાગની સ-લાહથી અને સલાહ પ્રમાણે સાધારણ નિયમ પ્રમાણે બ-નેલી જનરલ કૉન્ફરન્સની એક વધુ બેઠક કરાવવાની સત્તા રહેશે; આવી બેઠક જનરલ સુપરિન્ટેન્ડન્ટો અને ઉપર ક-હેલી પંચ વધુ પક્ષે ઠરાવે તે વખતે અને તે જગ્યાએ ભરવામા આવશે.

૩ ઘણીજ જરૂરના વખતે જનરલ સુપ્રિન્ટેન્ડેન્ટોનો બે તૃતિયાંશ ભાગ જનરલ કોન્ફરન્સની એક વધારાની બેઠક મળે કે નહિ તે નક્કી કરવાને તથા તેને માટે પ્ર-તિનિધીઓ પસંદ કરવાને માટે તેઓને યોગ્ય લાગે એવા વખતે અને એવી જગ્યાએ વાર્ષિક કૉન્ફરન્સોની ખાસ બેઠકો બોલાવે અને એવી વખતે તેઓ વળી જનરલ કૉન્ફરન્સને માટે સભાસદ વર્ગના પ્રતિનિધીઓ ચુટવા માટે લે ઇલેક્ટોરલ કૉન્ફરન્સની ખાસ બેઠકો બોલાવે.

કાનુન ૬. પ્રમુખો.

૪૨. ૧. જનરલ કૉન્ફરન્સ ટ્રાવલીન્ગ એલ્ડરોમાંથી પોતાને જરૂર જણાય તેટલા જનરલ સુપરિન્ટેન્ડેન્ટો ચિ-ઠ્ઠીથી મત લઇને ચુટે.

૨. જનરલ સુપરિન્ટેન્ડેન્ટો પોતાના ઠરાવેલા નિયમ

(*)જનરલ સુપરિન્ટેન્ડેન્ટો, એટલે અમેરીકામાંના બિ-શપો જેઓ મંડળીના સામાન્ય દેખરેખ રાખનારા છે તેઓ.

પ્રમાણે જનરલ કૉન્ફરન્સમાં પ્રમુખ થાય; પણ જો કોઈ પણ જનરલ સુપરિન્ટેન્ડેન્ટ હાજર ન હોય તો જનરલ કૉન્ફરન્સ પોતાના સભાસદોમાંથી એકને કામ ચાલે તેટલા વખતને માટે પ્રમુખ થવાને પસંદ કરે.

૩. જનરલ કૉન્ફરન્સનો પ્રમુખ વ્યવસ્થા વિષેના સવાલોનો નિર્ણય કરશે, પણ તે વિષે જનરલ કૉન્ફરન્સમાં અરજી થઈ શકે; પણ કાયદા વિષેના સવાલોનો નિર્ણય જનરલ કૉન્ફરન્સ કરે.

કાનુન ૭. વ્યવસ્થા.

૪૩. જ્યારે જનરલ કૉન્ફરન્સ શરૂ કરવાનો વખત આવે ત્યારે પ્રમુખ પોતાનું આસન લઈને આગલી જનરલ કૉન્ફરન્સના ચિટણીસને અથવા તેની ગેરહાજરીમા તેના મદદનીશોમાંના એકને પસંદ કરાયલા પ્રતિનિધીઓની હાજરી પુરવાનું કહે. જેઓ ઘટતી રીતે ચુંટાયલા હશે તેઓને સભાસદ તરીકે ગણવામાં આવશે, અને તેઓની ચુંટણીનાં ભલામણપત્ર તેઓના સભાસદપણાનો હક સાબીત કરશે, તેમ છતાં એવી શરતે કે આવી રીતે દાખલ કરાયલા કેઇ પણ પ્રતિનિધિ વિષે જો કોઈ વાંધો ઉઠે અને તે વાંધામાં તે જુદી જુદી વાર્ષિક કૉન્ફરન્સના ઓછામાં ઓછા છ પ્રતિનિધિઓની સહી હોય જેમાંના ત્રણ પ્રતિનિધિઓ પાદરીઓ હોય અને ત્રણ સભાસદ વર્ગના માણસો હોય, તો એવો માણસ પોતાના હકના સવાલનો નિર્ણય થતાં સુધી પોતાનીજ બાબત સિવાય જનરલ કૉન્ફરન્સના કોઇ કામકાજમાં ભાગ ન લે. પોતાના સભાસદોની ચુંટણી મત અને લાયકાતનો ચુકાદો કરવાનું કામ જનરલ કૉન્ફરન્સના હાથમાં રહેશે.

કાનુન ૮. કોરમ.

૪૪. જ્યારે જનરલ કૉન્ફરન્સ ચાલતી હોય ત્યારે કામકાજ ચલાવવાને માટે એક કોરમ(*) બનાવવા સઘળા પ્રતિનિધિઓની સખ્યાના બે તૃત્યાંશ ભાગની હાજરીની જરૂર પડશે. પણ જો સંખ્યા ઓછી હોય તો તેઓ જ્યા સુધી કોરમ બને નહિ ત્યાં સુધી રાહ જુએ, નહિ તો તેની બેઠક દિવસે દિવસે મુલતવી રાખે અને છેલ્લી બેઠકમા લેખને મંઝુર રાખે, હાજરીપત્રક બોલાવે, અને કૉન્ફરન્સ "સાઈની ડાઈ"(+) મુલતવી રાખવામાં આવે.

કાનુન ૯. મત આપવા વિષે.

૪૫. પાદરીવર્ગના અને સભાસદવર્ગના પ્રતિનિધિઓ એક સમાજની પેઠે સાથે મળી વિચાર ચલાવશે નિચેના અપવાદ વગર તેઓ એક સમાજની પેઠે સાથે મત આપશે. બેમાંથી ગમે તે વર્ગના હાજર અને મત આપતા પ્રતિનિધીઓનો ત્રીજો ભાગ જો માગણી કરે તો કોઇ પણ બાબત ઉપર જુદો મત લેવામા આવશે. જૂદા જૂદા મત આપવાની દરેક બાબતમાં ધારેલી બાબત સ્વિકારવાને બન્ને વર્ગની સમતિ જોઇશે; પણ બંધારણના ફેરફારો કરવામાં ૧૧મા કાનુનની યોજના પ્રમાણે, જનરલ કૉન્ફરન્સના તૃતિયાશ ભાગનો મત પુરતો થશે.

કાનુન ૧૦. સત્તા અને મર્યાદા.

૪૬. જનરલ કૉન્ફરન્સને નીચે દર્શાવેલ મર્યાદા અને બંધન તળે કાયદા અને કાનુનો રચવાને સંપુર્ણ સત્ત રહેશે, જેમકે:—

(*) કોરમ, એટલે કામ ચલાવે તેટલા માણસનો જથો.
(+) સાઈની ડાઇ, એટલે કોઇ પણ દિવસ નક્કી ઠરાવ્યા વગર

૧. જનરલ કૉન્ફરન્સ આપણા ધર્મ સિદ્ધાંતોને રદ કરે, બદલે, કે ફેરવે નહિ, અથવા આપણા મતના હાલના ચાલુ અને સ્થાપિત ધોરણને વિરૂદ્ધ કોઈ મતનાં નવાં ધોરણો કે નિયમો સ્થાપે નહિ

૨. જનરલ કૉન્ફરન્સ પચીસ કરતાં ઓછા સભાસદો વગર વાર્ષિક કૉન્ફરન્સની વ્યવસ્થા કરી શકે નહિ, તેમજ વાર્ષિક કૉન્ફરન્સની વ્યવસ્થા કરવાની સત્તા આપી શકે નહિ

૩. બિશપવર્ગનો અધિકાર નાબુદ થાય અથવા તો બિશપવર્ગની મુસાફરી કરીને સામાન્ય દેખરેખ રાખવાની આપણી યોજનાને હાની પહોંચે. એવી રીતે જનરલ કૉન્ફરન્સ આપણી મંડળીના વહીવટના કોઇ પણ ભાગને કે નિયમને બદલે અથવા ફેરવે નહિ; પણ જનરલ કૉન્ફરન્સ પરદેશ ખાતાના આપણા કોઇ પણ મીશનને માટે મીશનેરી બિશપ અથવા સુપરિન્ટેન્ડેન્ટ નિમે, અને તેજ તે મીશનને માટે તેના બિશપની સત્તાની હદ ઠરાવે.

૪. જનરલ કૉન્ફરન્સ આપણી મંડળીના સામાન્ય કાયદાને બાતલ કરે નહિ અથવા બદલે નહિ.

૫. વાર્ષિક કૉન્ફરન્સથી અથવા તેના ચુંટી કહાડેલા પંચથી ઈન્સાફ કરાવવાનો અથવા અપીલ કરવાનો હક જનરલ કૉન્ફરન્સ આપણા પાદરીઓ પાસેથી છીનવી લે નહિ, તેમજ આપણા સભાસદોની મંડળીના સભાસદોના પંચથી ઈન્સાફ કરાવવાનો કે અપીલ કરવાનો હક જનરલ કૉન્ફરન્સ છીનવી લે નહિ.

૬. પુસ્તક ખાતાની કે ચાર્ટર્ડ ફંડની પેદાશને ટ્રાવલીન્ગ, સુપર્ન્યૂમરેરી અને રીટાયર્ડ થએલા ઉપદેશકો તેમની વહુઓ, વિધવાઓ, અને તેમના છોકરાઓના લાભમાં વાપરવા શિવાય જનરલ કૉન્ફરન્સ બીજા કોઇ પણ કામમાં વાપરી શકશે નહિ.

કાનુન ૧૧. સુધારા.

૪૭. જુદી જુદી વાર્ષિક કૉન્ફરન્સોના હાજર અને મત આપનાર સઘળા સભાસદોના બે તૃતિયાંશ ભાગી, અને લે ઇલેકટોરલ કૉન્ફરન્સના હાજર અને મત આપનાર સઘળા સભાસદોના બે તૃતિયાંશ ભાગની સર્વાનુમતે ભલામણથી બંધારણના કાનુન ૧૦ની ૧લી કલમ સિવાયની કોઈ પણ ગોઠવણો બદલવાનો અથવા સુધારવાનો અધિકાર બીજી આવતી જનરલ કૉન્ફરન્સને આપવાને બસ છે, અને વળી જ્યારે જ્યારે આવા કોઇ ફેરફાર કે સુધારા માટે જનરલ કૉન્ફરન્સના બે તૃતિયાંશ ભાગથી પ્રથમ ભલામણ થઇ હશે ત્યારે ત્યારે જુદી જુદી વાર્ષિક કૉન્ફરન્સોના હાજર અને મત આપનાર સઘળા સભાસદોનો બે તૃતિયાંશ ભાગ અને લે ઈલેકટોરલ કૉન્ફરન્સોના હાજર અને મત આપનાર સઘળા સભાસદોનો બે તૃતિયાંશ ભાગ તેને સમતિ આપશે કે તરતજ આવો ફેરફાર કે સુધારો અમલમા આવશે અને જનરલ સુપરિન્ટેન્ડેન્ટો મતનું પરિણામ જાહેર કરશે.

ધારા.

LEGISLATION.

ભાગ ૧. મંડળી.

PART 1. THE CHURCH.

પ્રકરણ ૧. સભાસદપણું.

CHAPTER I. MEMBERSHIP.

૧. મંડળીમાં પ્રવેશ.

૪૮. મંડળીમાં અયોગ્ય માણુસોને દાખલ થતા અટકાવવાને તથા ધાર્મિક બોધ અને કેળવણીની સત્તાને અમલમાં લાવવાને:—

૧. સભાસદોને દાખલ કરવામાં બહુ કાળજી રાખવી. અને કેવળ જેઓ પોતાનાં પાપમાંથી તારણ પામવાની અને પ્રભુના લોકની સંગતનો સુખાનુભવ ભોગવવાની આતુર ઉત્કંઠાની સંતોષકારક સાબીતી આપે તેઓનેજ પ્રોબેશનરો(*) તરીકે દાખલ કરવા.

૨. પાળક અને વર્ગના પ્રમુખોએ ધ્યાન રાખવું કે મંડળીમાં દાખલ થવા ઇચ્છના સર્વેને મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના મત અને કાયદા અને કાનુનથી માહિતગાર કરવામાં આવે, અને શાસ્ત્રના અભ્યાસ માટે સાબ્બાથ શાળાના કોઇ વર્ગમાં મૂકવામાં આવે. એવી રીતે દાખલ થએલા માણુસો મંડળીના કાયદાઓ અને રીવાજોને તદ્દન અનુસરીને ચાલશે

(*) પ્રોબેશનરો, એટલે બાપ્તિસ્મા પામેલા માણુસો કે જેઓ મંડળીનાં પૂર્ણ સભાસદપણામાં કરવામાં ન આવ્યા તેઓ.

એમ ધારવામાં આવે છે, અને તેઓ મંડળીના બવા હકો અને સહાયના હકદાર છે; પણ તેઓ ત્રિમાસિક કૉન્ફરન્સના સભાસદ ન થાય, તેમજ ન્યાય કાર્યમાં શાક્ષીઓ થવા સીવાય બીજો ભાગ ન લે.

૩. જ્યાં સુધી કોઈ માણસ વિષે અધીકારી મંડળ અથવા વર્ગના પ્રમુખો અને કારભારીઓની સભાથી પાળકની મન્જુરી સહિત ભલામણ ન થાય, બાપ્તિસ્માન થયું હોય, ને પરિક્ષાથી તેના વિશ્વાસના ખરાપણાની અને મંડળીના કાયદા પાળવાની તેની ખુશી એ બન્નેની સંતોષકારક ખાત્રી ન આપે ત્યાં સુધી તેને મંડળીનો પુર્ણસભાસદ કરવો નહિ, પણ ખાત્રી કર્યા બાદ ધર્મક્રિયામાં વર્ણવેલા વિધિ પ્રમાણે તે દાખલ કરવામાં આવે

૪. જો કોઇ ધર્મપરાયણ પ્રોટેસ્ટન્ટ પંથનો કોઈ આબરૂદાર સભાસદ આપણી સાથે જોડાવાને ચહાતો હોય તો વ્યવહારીક પ્રશ્નોના સંતોષકારક જવાબ તેની પાસેથી મળ્યા બાદ તેને સભાસદ કરવો.

૫. પાળકે અને મંડળીના દફતરની કમિટિએ મંડળીમા દાખલ કરાયલાં બધાં માણસોનાં નામ બરોબર દાખલ કરાયલાં છે કે નહિ તેની કાળજીપુર્વક તપાસ રાખવી. દર ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે પળક આગલા ત્રણ મહીનામા થએલી સભાસદોની બધી ફેરબદલી જાહેર કરે.

૨. બાપ્તિસ્મા પામેલાં બાળકો અને મંડળી.

૪૯. આપણે એવું માનીએ છીએ કે સર્વે બાળકો ખ્રિસ્તના પ્રાયશ્ચિતના અપ્રતિબંધક લાભોના પ્રતાપથી દેવના રાજ્યના સભાસદો છે અને તે માટે તેઓ કૃપાવડે બાપ્તિસ્માના હકદાર છે, પણ બાળકોના બાપ્તિસ્મા કર્યા બાદ ધાર્મિક શિક્ષણ અને કેળવણીના ક્રમની જરૂર છે, માટે

પોતાનાં બાળકોને રજુ કરનાર બધાં માબાપો અને વાલીઓ વિષે એવી આશા રાખવામાં આવે છે કે તેઓ તેમને દેવના વચનાનુસાર ઉછેરવાને બનતી કાળજી રાખશે; અને તેમની આ ફરજ વિષે તેઓને ગંભીરપણે સુચના આપવી જોઇએ તથા તેમાં વિશ્વાસુપણું બતાવવાને માટે આતુરતાથી તેઓને બોધ આપવો જોઇએ.

૫૦. બાપ્તિસ્મા પામેલાં બધાં બાળકોને આપણે દેવના સંબંધના દ્રષ્ય કરારમાં મુકાયલાં અને મંડળીની ખાસ સંભાળ અને દેખરેખ તળેના પ્રોબેશનરો જેવાં ગણીએ છીએ.

૫૧. પાળક પોતાની મંડળીમાંના સર્વે બાપ્તિસ્મા પામેલાં બાળકોનાં નામ, તેમના જન્મ અને બાપ્તિસ્માની તારીખ, તેમનાં માબાપોનાં નામ ને તેમના રહેઠાણની જગ્યા સહિતનું એક ચોક્કસ પત્રક બનાવે. વળી તે તેમનાં નામ પ્રોબેશનરો તરિકે દાખલ કરે, અને જો તેઓ બીજે કંઇ જાય તો જે સરકટની હદમાં તે ગયાં હોય ત્યાંના પાળક ઉપર તેમને દાખલ કરવાના પ્રમાણપત્રો ને મોકલી આપે.

૫૨. મંડળીનાં બાપ્તિસ્મા પામેલાં બાળકો જ્યારે દસ વર્ષની વયનાં થાય ત્યારે અથવા જો યોગ્ય લાગે તો તે પહેલાં પાળક તેમના વર્ગો અથવા જુનિયર એપ્વર્થ લીગની શાખાઓ બનાવીને તે પર લાયક પ્રમુખો નીમે, જેમની ફરજ એ થશે કે તેઓ અઠવાડીયામાં એકવાર તેમને મળીને બાપ્તિસ્માના સ્વરૂપ, ઉદ્દેશ, અને ફરજો, તથા "તારણને સારૂ તેમને જ્ઞાન" આપવા જરૂરી ધર્મની સત્યતા વિષે તેમને શિખવે, કૃપાનાં સાહિત્યોપર નિત્ય લક્ષ લગાડવા તેમને આગ્રહ કરે, તેમનાં અંતઃકરણો અને જીંદગીને ઇશ્વરને એકદમ અર્પણ કરવા માટે તેમને સલાહ, બોધ અને ઉત્તેજન આપે, અને તેમના ધર્માનુભાવની બાબત

વિષે તપાસ કરે; એવી શરતે કે બાપ્તિસ્મા નહિ પામેલા બાળકોને આવા વર્ગો અથવા જુનિયર એપ્વર્થ લીગની શાખાઓમાં દાખલ થવા તેઓ મના નહિ કરે.

૫૩. જ્યારે બાપ્તિસ્મા પામેલાં બાળકો ધર્મની ફરજો સમજે અને ધર્મશીલપણાના પ્રમાણો બતાવે ત્યારે તેમને અધીકારી મંડળ અથવા વર્ગના પ્રમુખો અને કારભારીઓની સભાની ભલામણપરથી, પાળકની મંજુરી સહીત, મંડળી સમક્ષ બાપ્તિસ્માના કરારનો તથા ધર્મક્રિયામાં વર્ણવેલા મતો અને નિયમો વિષેના નિમેલા સવાલોનો સ્વિકાર જાહેર રીતે કર્યા પછીથી મંડળીના સભાસદ તરીકે દાખલ કરવામાં આવે

૫૪. જ્યારે કોઈ બાપ્તિસ્મા પામેલ બાળક અનાથ થવાથી અથવા બીજી કોઇ રીતે પ્રીસ્તી વાલી વગરનું થાય ત્યારે પાળક નક્કી કરીને એ હકીકત અધિકારી મંડળ અથવા વર્ગના પ્રમુખો અને કારભારીઓની સભાને જાહેર કરે અને તે બાળકના પ્રીસ્તી કેળવણીને માટે જરૂર અને પ્રસંગાનુસાર બંદોબસ્ત કરવામાં આવે.

૩. સભાસદોની બદલી.

૫૫. ૧ એક સરકટમાંથી નિકળીને બીજી સરકટમાં જવા ચહાતા લાયક સભાસદને નીચે પ્રમાણે પોતાની બદલી કરાવવાનો હક છેઃ પાળક અથવા કોઇ પાળક ન હોય તો ડિસ્ટ્રીકટ સુપરિન્ટેન્ડેન્ટ, જે સરકટમાં સભાસદની બદલી કરવાની હોય તેના પાળક ઉપર નિચેના નમુના પ્રમાણે એક પ્રમાણપત્ર મોકલેઃ—

"આથી ખાત્રીપુર્વક જણાવવાનું કે અ·········બ·········આ પત્રના સૂચનાના લાવનાર·········સરકટમાંની મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના લાયક સભાસદ છે, અને·········સરકટમાંની

મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીમાં સભાસદ થવાની તેમણે માગણી કરવાથી તે મંડળીની સંગતને માટે તેમની પ્રેમપુર્વક ભલામણ કરવામાં આવે છે જેની ઉપર આ બદલીનુ પ્રમાણપત્ર મોકલવામા આવે છે તે મંડળી જ્યારે પોતાની પોહોચ મોકલશે અને તેનું નામ પોતાના દફતરમા દાખલ કરશે ત્યારે હાની મંડળીની સાથેનો તેમનો સંબધ બંધ પડશે.

· ·········· ···પાળક"

૨. આ બદલીનું સુચિપત્ર સભાસદને નીચે બનાવેલ નમુના પ્રમાણે આપવામાં આવશેઃ—

"તમારી માંગણીથી તમારા સભાસદપણાની બદલીનુ પ્રમાણપત્ર આજરોજ મેં······ ·····માની મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીને મોકલી આપ્યું છે. સદહુ પ્રમાણપત્રની પહોચ મળ્યે અને તમારૂં નામ સદહુ મંડળીના દફતરમા દાખલ થયે, તમારૂં સભાસદપણું હાની મંડળીમાથી કહાડી નાખવામા આવશે.

·········· ··· પાળક"

૩. અસલ પ્રમાણુપત્રની સાથે તેની પહોચને માટે નીચે પ્રમાણેનો એક ભર્યા વગરનો કોરો નમુનો મોકલવામાં આવશેઃ—

"આ ઉપરથી પહોંચ આપવાની કે·········માની મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળી પરનું ··········· ··········ના સભાસદપણાની બદલીનું પ્રમાણુપત્ર મળ્યુ છે. આ મંડળીના સભાસદ તરીકે તેમનો રીતસર અંગિકાર કરવામાં આવ્યો છે અને તેથી પ્રમાણપત્ર આપનાર મંડળીના સભાસદપણામાથી તે નિકળી જાય છે.

···· ······· ··· ·પાળક"

૪. દરેક બદલીની પુરી નોંધ પ્રમાણુપત્રની ચોપડીનાં અડધિમાં નિચે પ્રમાણે રહેશેઃ—

બદલી માગનાર સભાસદનું નામ.

જે સરકટ ઉપર પ્રમાણુપત્ર મોકલી આપવાનું હોય તેનું નામ.

પ્રમાણુપત્ર આપ્યાની તારીખ.

પ્રમાણુપત્રની પહોંચની અને સભાસદપણાની બદલાની ચોક્કસ તારીખ.

પ્રમાણપત્ર આપનાર પાળક અથવા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટનું નામ.

પ્રમાણપત્રની પહોચ આપનાર પાળક અથવા ડિસ્ટ્રિક્ટ સુપ-
રિન્ટેન્ડેન્ટનું નામ

૫. જ્યારે પાળક કોઈ સભાસદનો સદર્હુ પ્રમાણપત્રથી અંગીકાર કરે ત્યારે તે ઉપલી ૩ જી કલમમાં ઠરાવ્યા પ્રમાણેના પ્રમાણપત્ર સાથે આવતા કોરા નમુનાપર લખીને પ્રમાણપત્ર આપનાર પાળકને તેની ખબર આપે

૬ જ્યારે કોઇ પાલકની નિમણુંક બીજી સરકટમાં થાય ત્યારે મંડળીના દફતરમાં તેના કુટુંબના સભાસદો જેઓ મંડળીના સભાસદો છે તેમના નામની સામી બાજુએ "પાળકના કુટુંબનો સભાસદની.........સરકટમાં બદલી થઇ છે," એમ લખીને પોતાનું દફતર તે પુરૂં કરે, અને પોતાની નવી સરકટના દફતરમાં તે નામો નીચે પ્રમાણેની નોંધ સહિત દાખલ કરે "પાળકના કુટુંબનો સભાસદ.........સરકટથી આવ્યો"

૫૬. ૧. પોતાનું રહેઠાણ બદલતો હોય એવો કોઈ સભાસદ પોતાના સભાસદપણાનું પ્રમાણપત્ર માગે તો તેની વિરૂદ્ધ ન્યાય કાર્યના વ્યાજબી અને જરૂરના કારણ સિવાય તેને પ્રમાણપત્રની ના ન પડાય, પણ જે જગ્યાના સભાસદ હોય તે જગ્યાથી ખરેખાત બદલી થવાની ધારી હોય તે વગર સભાસદપણાનું પ્રમાણપત્ર આપવામાં આવે નહિ.

૨. બીજી કોઇપણ પ્રોટેસ્ટેન્ટ પંથમાં જોડાવાની ઇચ્છા રાખતા કોઈપણ સભાસદને પાળક ભલામણપત્ર આપી શકે.

૪. બિન રહિશ સભાસદો.

૫૭. જો કોઇ ગએલા સભાસદના રહેઠાણની એક વર્ષ સુધી ખબર ન પડે તો મંડળીના સભાસદપણાના દફતરમાં તેના નામની સામે "પ્રમાણપત્ર વગર ગયો" એવા શબ્દો લખવામાં આવશે; અને આવું નામ ગણત્રી પત્રકમાં ગણવામાં

નહિ આવે; પણ તેનું સરનામું પાળકને ઓછામાં ઓછા એક વર્ષ સુધી નહિ જણાયા વગર કોઈ સભાસદના નામની સામે એવી રીતે લખાય નહિ.

૫. રાજીનામા.

૫૮. ૧. જ્યારે કોઈ પ્રતિષ્ઠિત સભાસદ મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીમાંથી નીકળી જવાનો ઇરાદો કરે ત્યારે તે પોતાનો ઇરાદો મંડળીના પાળકને લિખિતવાર જણાવે. નીકળી જવાની આવી સુચના મળ્યે પાળક એ હકીકત મંડળીના સભાસદપણાના દફતરમાં દાખલ કરશે અને આવું રાજીનામું પાળક અને ત્રિમાસિક કૉન્ફરન્સની સમ્મતિ વગર પાછું ખેંચી લઇ શકાય નહિ.

૨. મંડળીમાથી સભાસદપણાની સમાપ્તિ કેવળ નિકળી જવાથી, કાઢી મુકવાથી અથવા સભાસદના મૃત્યુથીજ થઇ શકે. મંડળીનો જે સભાસદ બદલાગણપત્ર વગર બીજા પંથમાં જોડાયો હશે તેના વિષે એવી નોધ કરવામાં આવશે કે "નીકળી ગયો."

૬. વર્ગો અને વર્ગસભાઓ.

૫૯. વર્ગોની યોજનાનો અને પ્રમુખોની નિમણુંકનો હેતુ એ છે કે—

૧. મંડળીના દરેક સભાસદને પહોંચી શકાય એવી રીતની દેખરેખની એક પદ્ધતિ સ્થાપવી.

૨. અરસપરસના સામાજીક અને ધાર્મિક ભજન સેવાને માટે તથા શિક્ષણ, ઉત્તેજન અને બોધને માટે એક એવી સભા સ્થાપવી અને નભાવી રાખવી કે જે મંડળીને કૃપાનું હિતકારક સાધન થાય.

૩. મંડળીના પૈસા સંબંધીની યોજનામાં જરૂર પડે મદદ કરવી.

૬૦. ૧. મંડળીના સભાસદોને વર્ગોમાં વ્હેંચી નાંખવાની મુળ મતલબ એ છે કે આપણા પાળકોની વારંવારની બદલીને લીધે તેઓની દેખરેખ જરૂર રાખવામા આવે.

૨. જ્યાં બની શકે ત્યાં એક વર્ગમાં વીસ કરતાં વધારે માણસો બનાવવામાં આવે નહિ, અને દર ત્રિમાસીક કોન્ફરન્સ વખતે પ્રમુખ પોતાના વર્ગની હાલત નીચે પ્રમાણે જાહેર કરે:—

(૧) વર્ગના સભાસદોની સંખ્યા

(૨) પ્રોબેશનરોની સખ્યા

(૩) સરાસરી હાજરી.

(૪) હમેશ ગેરહાજર રહેનાર માણસોની સંખ્યા.

(૫) વર્ગની સભાઓ ભરી હોય તેની સખ્યા

(૬) મડળીને માટે પૈસા આપનારાઓની સખ્યા.

(૭) કરેલી મુલાકાતોની સંખ્યા

(૮) વર્ગમાના કુટુંબોના મુખીઓની સખ્યા, અને કૌટુમ્બી ભજનસેવા કરનારાઓની સખ્યા.

(૯) વર્ગના સભાસદોએ લીધેલા મંડળીના ચોપાનિયાની સખ્યા.

(૧૦) પરચુરણ બાબતો.

૩. દરેક પ્રમુખે પોતાના વર્ગમાનો દરેક સભાસદ કેવી રીતે વર્તતો જાય છે એ તપાસવાને કાળજી રાખે. દરેક માણુસ બહારથી કેવી રીતે કાયદા પાળે છે એટલુજ નહિ પણ વળી દેવના જ્ઞાન અને પ્રેમમા તે કેવી રીતે વધે છે એની પણ તપાસ રાખે.

૪. પ્રમુખોએ પોતાના પાળકની સાથે વારવાર અને ખુલ્લા મને વાતચીત કરે.

૬૧. વર્ગસભાઓની ગોઠવણ કરતી વખતે બે અથવા વધારે વર્ગો સાથે જોડાઇ જાય અને પ્રમુખો પાળકની

સંમ્મતી સહિત જેવી યોજના વિષે એકમત થાય તે યોજના પ્રમાણે તે ચલાવવામાં આવે.

૬૨. એ સંભાળ રાખવી કે વર્ગસભાઓ એક તરેહની પદ્ધતિનો ઉપયોગ કર્યા કરવાથી એકજ નિયમ જેવી ન થઇ પડે. બોલવાનું સ્વૈચ્છિક રહે, અને ચર્ચા વાતચીતના રૂપમાં થાય, અને પ્રમુખ એવા ઉપાયો લે કે જેથી ઇશ્વર સેવાને જીવતી, આત્મિક અને જાથુના ધાર્મિક લાભ-વાળી થાય.

૬૩. ૧. વર્ગસભાઓને ચિત્તાકર્ષક તથા લાભકારક બનાવવાને માટે પાળક અયોગ્ય પ્રમુખોને કાઢી નાંખે અને જુએ કે બધા પ્રમુખો સારી બુદ્ધના અને ખરેખરા ઇશ્વરપરાયણ હોય.

૨. પ્રમુખોને વાંચવાનો અને વિદ્યાભ્યાસનો એવો ક્રમ બતાવવો કે જે તેમને તેમના કામને માટે ઉત્તમ રીતે લાયક કરે. જેથી તેમનું શાસ્ત્રનું જ્ઞાન વધે અને આત્મિક શિક્ષણને બંધબેસતા વાકયોથી તેઓ માહિતગાર થાય ખાસ કરીને એવાં પુસ્તકોની ભલામણ કરવામાં આવે. જ્યારે બની શકે ત્યારે પાળકો પ્રમુખોની ભલામણ કરેલા અભ્યા-સની પરિક્ષા લે.

પ્રકરણ ૨. ખાસ સલાહ.

CHAPTER II. SPECIAL ADVICES.

૧. ગુલામગીરી.

૬૪. આપણે જાહેર કરીએ છીએ કે ગુલામગીરીની દુષ્ટતાની આપણને પક્કી ખાત્રી થએલી છે. આપણે માનીએ છીએ કે માલમતાની પેઠે માનવને ખરીદવાં, વેચવાં અથવા તો પકડવાં એ ઇશ્વરના અને કુદરતના નિયમોને વિરૂદ્ધ છે, અને સોનેરી નિયમ અને આપણી ડિસિપ્લીનમાંનો કાયદો કે જે આપણામાં જારી રહેવા ચહાતા બધાની પાસે "કંઇપણ નુકશાન નહિ કરવાનું" અને "દરેક જાતની ભુંડાઇથી અળગા રહેવાનું" માગે છે તે નિયમોથી વિરૂદ્ધ છે. એ માટે આપણે આપણા બધા પાદરીઓ અને લોકોને આ મોટી ભુંડાઇથી પોતાને શુદ્ધ રાખવા તથા સઘળા વ્યાજબી અને ખ્રિસ્તી સાધનોથી તેનો સમૂળગો નાશ કરવાનું શોધવા પ્રેમપુર્વક બોધ કરીએ છીએ.

૨. પોશાક.

૬૫. આપણા સર્વ લોકોને "સોનાથી કે મોતીથી કે મુલ્યવાન વસ્ત્રથી" પોતાને ન શણગારવાના પ્રેરિતોના નિયમના આત્માનુસાર ચાલવાને બોધ કરવો. (૧ તીમોથી ૨: ૯.)

૩. લગ્ન.

૬૬. ૧. જેઓ આપણી મંડળીનાં નથી એવાઓની સાથે પરણવાને આપણે આપણા લોકોને મના કરતા નથી, એવી સરતે કે એવાં માણસો સુભક્તિનું સ્વરૂપ રાખનાર અને તેના પરાક્રમનાં શોધનાર હોય; પણ જેઓ આવાં નથી તેવાં માણસોને નહિ પરણવા દેવાનો અત્રે દ્રઢ નિશ્ચય કર્યો

છે. ધર્મ જાગૃત નહિ થયેલાં માણસો સાથે આપણા સભાસદોમાંના ઘણા પરણ્યા છે. આને લીધે ખરાબ પરિણામ નિપજ્યાં છે, તેઓને કાંતો જીંદગીભરને માટે ખલેલ પહોંચી છે અથવા તો નાશમાં પાછાં ફરી ગયાં છે.

૨. આવાં લગ્નો અટકાવવા માટે (૧) દરેક પાદરીએ પ્રેરિતોની ચેતવણી જાહેર રીતે પ્રવર્તાવવી, કે " અવિશ્વાસીઓની સાથે નાલાયક સંયોગ ન કરો " (૨ કરિં. ૬ ૧૪). (૨) બધાંને બોધ કરવો કે આવી ભારે બાબતમા પોતાના ભાઇઓમાંનાં સૌથી વધારે ગંભીર માણસોની સલાહ લીધા વગર તેઓ કંઇ પગલું ન લે.

૩. સામાન્ય રીતે સ્ત્રીએ પોતાનાં માબાપની સમ્મતિ વગર પરણવું ન જોઇએ તેમ છતાં અપવાદો હોય; જેમકે (૧) સ્ત્રી પરણવાની પોતાની ફરજ છે એમ માનતી હોય; અને (૨) તેણીનાં માબાપ તેણીને કોઇપણ ખ્રીસ્તી સાથે પરણવા દેવાને બીલકુલ નાજ પાડતાં હોય; તો તેણી પરણે, તેણી તેમની સમ્મતિ વીના પણ પરણે તેમ છતાં પણ કોઇ મેથોડિસ્ટ પાદરી તેણીની સાથે પરણે નહિ.

૪. ફારગતી.

૬૭. વ્યભિચારના કારણ વગર કરેલી કોઇપણ ફારગતીને મંડળી વ્યાજબી ગણશે નહિ, અને જ્યાં ફારગતી પામેલ સ્ત્રી કે ધણી હયાત હોય તેવું લગ્ન કોઇપણ પાદરી કદી ન કરાવે; પણ વ્યભિચારના કારણથી ફારગતી પામેલ નિર્દોષ પક્ષને, તેમજ ફારગતી પામેલાં લગ્નમાં ફરીથી જોડાવા ચહાતાં જોડાંને આ નિયમ લાગુ પડશે નહિ.

૫. રમતગમતો.

૬૮. અયોગ્ય રમતગમતો તેમજ નિર્દોષ ગમ્મતોમાં પણ અતિશય આસક્તિ એ ધાર્મિક જીવનની શરૂઆતને માટે

ગંભીર પ્રતિબંધ અને આત્મિક પડતીનાં ફળદ્રુપ કારણો છે. સામાન્ય રીતે વપરાતી કેટલાંક ગમ્મતો ખરેખર ધર્માચાર ભ્રષ્ટ કરનારી છે અને સદ્વર્ત્તનના સમુળગા નાશના પ્રથમ સહેલા પગથીયાં જેવી છે. એ માટે ગમ્મતોની ઘણી વૃદ્ધી અને નુકસાનકારક ગમ્મતોને સામાન્ય પ્રચાર બહુ કાળજીપુર્વક નિહાળીને ખાસ કરીને નાટકો જોવા જવા, નાચવા, અને ઘણીવાર જુગારથી મિશ્રિત જેમાની સર્વ રમતગમતો જીવત ઇશ્વરપરાયણતાને વિરોધી જગતીપણાને વધારનારી અને વિશેષે કરીને જુવાનોને હાનીકારક છે; એવી દૈવયોગની રમતોની વિરૂદ્ધ આપણે ચેતવણી અને આજીજીનો ગંભીર પોકાર ઉઠાવીએ છીએ. આપણે આપણા બધા લોકોને પ્રેમપુર્વક બોધ કરીએ છીએ કે તેઓ પોતાની ગમ્મતો વિષે કાળજીપુર્વક વિચાર અને વારંવાર પ્રાર્થના કરે; ગમ્મતોના વલણો વિષે વિચાર કરે અને કંઈ નુકસાનકારક નમુનો નહિ બેસાડવા આ બાબતમાં બારીક કાળજી રાખે. આપણે તેમને યાદ રાખવાને સોગન દઇએ છીએ કે વારંવાર ખ્રીસ્તી માણુસનો પ્રશ્ન એવો ન હોવો જોઇએ કે અમુક વર્તનપદ્ધતિ ખચીત દુરાચારજ છે, પણ એવો હોવો જોઇએ કે તે આત્મિક જીવનને રસહીન કરશે કે નહિ, અને ખોટો નમુનો થઇ પડશે કે નહિ. આપણે આપણા બધા બિશપો, ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટો અને પાળકોને આપણી વાર્ષિક અને ત્રિમાસિક કૉન્ફરન્સોમાં તથા બધી મંડળીઓની આગળ, અને આપણા અધિપતિઓ, સાબ્બાથ શાળાના અમલદારો, એપ્વર્થ લીગના અમલદારો, અને વર્ગ પ્રમુખોને આ વિષય પ્રત્યે ગંભીર તાકીદથી ધ્યાન આપવા; જે ભુંડાઇ માટે આપણને ખેદ થાય છે તેને દુર કરવામાં મદદ કરવા સુચના કરીએ છીએ. દૈવયોગ, શોખ

અથવા મનોભાવનાને આધારે રહેવા ન દેતાં ગમ્મતોની પસંદગી વિચાર અને બુદ્ધિપુર્વક કરવાનું આખી મંડળીને કહેવાની આપણે આપણી જરૂરની ફરજ સમજીએ છીએ; અને આપણે મંડળીના દરેક સભાસદને "પ્રભુ ઇશુના નામમાં રમી ન શકાય એવી રમતોથી" બીલકુલ અલગા રહેવા પ્રેમપુર્વક શીખામણ દઇએ છીએ અને વિનંતી કરીએ છીએ.

૬. પરહેજગારી.

૬૯. સ્વદમનનો વિશાળ અર્થ કરતાં તે પવિત્ર શાસ્ત્રમાં ફરમાવેલ એક ખાસ સદ્ગુણ છે. તે સર્વ મનાભાવ, મનોવિકાર અને કામનાને, અક્કલ અને પ્રેરક બુદ્ધિને તાબે રાખવાની જરૂર પાડે છે. આહારના સંબંધમાં તેનો અર્થ એવો થાય છે કે ઘટતો ખોરાક અને પીવાના પદાર્થોનો ડહાપણભરેલો ઉપયોગ અને નુકશાનકારક જણાયલાં વાનાંથી સંપુર્ણ પરહેજી, વિદ્યા અને માનવ અનુભવ બન્ને પવિત્ર શાસ્ત્રની સાથે એકે મત થઇને બધી જાતનાં મદ્યપાનનો બીનઉપયોગી અને જોખમભરેલ ઠરાવે છે. આવી જાતના દારૂઓ બનાવવા અને વેચવાનો ધંધો વળી નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અને લોકહિતના નિયમોની વિરૂદ્ધ છે. એ માટે આપણે એમ ગણીએ છીએ કે બધી માદક વસ્તુથી આપ ખુશીથી બીલકુલ પરહેજ રહેવું એ દરેક જણની ફરજ, અને મદ્યપાનનો વેપાર કાયદાથી બીલકુલ બંધ કરવો એ સરકારનું કર્તવ્ય છે. અમિતાહારપણાથી નીપજતાં ઘણાં અને દુઃખકર પરિણામોમાંથી લોકોને બચાવી લેવા સઘળાં વ્યાજબી અને ખ્રીસ્તી પ્રયત્નો આપણે અંતઃકરણપુર્વક મંજુર કરીએ છીએ, અને એ ધારણા પાર પાડવા માટે જે જોઇતા ઉપાયો લેવામાં આવ્યા છે તેમાં સામેલ કરવા આપણા લોકોને આગ્રહથી

સલાહ આપીએ છીએ. આ વિષયને લાગુ પડતા આપણા સામાન્ય નિયમ ૩૦ તરફ લક્ષ ખેંચીએ છીએ અને તેની બારીક તપાસને માટે આપણા બધા સભાસદોને પ્રેમ પુર્વક આગ્રહ કરીએ છીએ. છેવટે આપણને પુરી ખાત્રી છે કે ઇશ્વર કૃપાથી કેફનિષેધક સુધારાની આખરની ફતેહનો આધાર મુખ્યત્વે કરીને કુટુંબ, મંડળી અને સરકારની એકત્ર અને પવિત્ર કરાયલી સત્તાની ઉપર રહે છે.

૭ ખ્રીસ્તી કારભારીપણું.

૭૦. ખ્રીસ્તી કારભારીપણા સંબધીના નિચેના નિયમો દરેક ખ્રીસ્તી માણસે પુરેપુરા સ્વીકારવા જોઇએઃ—

ઈશ્વર બધા વાનાનો આપનાર અને તેનો એકલો ધણી છે, અને તેની કૃપાવડે મનુષ્ય કારભારી છે, જે કે પોતા પાસે જે કંઇ છે તે પવિત્ર હવાલા તરીકે સમજીને રાખે છે, અને તેનો કારભાર ચલાવે છે. ઇશ્વરના રાજ્યની વૃદ્ધીને માટે આવકનો અમુક ભાગ નિયમીત રીતે આપવાથી આવી જુમ્મેદારી અને કારભારીપણું ઘણું સારી રીતે ઓળખવામાં આવે છે. પવિત્ર ઇતિહાસ ઓછામાં ઓછી જરૂર તરીકે આવકના દસમા ભાગનું અર્પણ આપવા સુચવે છે અને જાહેર કરે છે કે આવા રીવાજને માટે ઇશ્વરી મંજુરીયાત છે.

એ માટે એવી રીતે અર્પણ કરેલા પૈસાના ઉપયોગ વિષે એવા કાળજી, બુદ્ધિ અને પ્રાર્થના પુર્વક વિચાર કરવો જોઇએ કે જેમાં કેવળ સ્થાનિક હાલતનોજ અભ્યાસ નહિ પણ વળી મંડળીના મિશનેરી અને બીજાં પરોપકારના કામોના અભ્યાસનો પણ સમાવેશ થાય.

દરેક ખ્રીસ્તી માણસે નિચેના રસ્તાનું ફાયદા સહિત અનુકરણ કરી લેવું—આગળ જણાવેલા નિયમોને અનુકૂ

આવે એવી રીતે આવકનો અમુક ભાગ જુદો કહાડી મુકવો; મંડળીના નિયમીત કામમાં વાપરવાને માટે આપવાની રકમ સંબંધી લિખિત પ્રતિજ્ઞા આપવી અને એવી રીતે ભરેલી રકમો અઠવાડીએ અઠવાડીએ મંડળીની જાહેર સેવા વખતે ભક્તિના કામ તરીકે આપવી. એવી રીતે જુદી કરવામાં આવેલી રકમો, પણ જેના સંબંધી આગળથી કંઇ વચન આપ્યું નથી, તેમાંથી વખતો વખત ખાસ કામોને માટે આપવું અને જેઓ મંડળીની સેવાઓમાં હાજર થઇ શકતા નથી તેમણે એક ફંડ રાખવું કે જે "પ્રભુનો ખજાનો" તરીકે ઓળખાય અને જે વિશ્વાસુ કારભારીઓની પેઠે ખરચવામાં આવે અને પ્રસંગ મળ્યે બધાએ મુક્તેચ્છા અથવા ઉપકાર સ્તુતિનાં અર્પણો પ્રભુને ચઢાવવાં.

પ્રકરણ ૩. પ્રભુસેવા.

CHAPTER III. WORSHIP.

---

૧. જાહેર ભક્તિસેવાની પદ્ધત્તિ.

૭૧. ૧. બધી સેવાઓ બરોબર ઠરાવેલા વખતે શરૂ થાય અને દેવળમા પ્રવેશ કરતાંજ લોકો ઘુંટણીએ પડીને મનમાં પ્રાર્થના કરે.

(૧) રાગ. વાજીંત્ર સહિત અથવા મોઢાનું ગાયન.

(૨) મેથોડિસ્ટ ગીત સંગ્રહમાંથી ગાયન, લોકો ઉભા રહે.

(૩) પ્રેરિતોનું વિશ્વાસનામું. બધા લોકો ઉભા રહીને બોલેઃ—

સર્વ સમર્થ પરમેશ્વર બાપ, આકાશ પૃથ્વીનો કર્ત્તા:
અને ઇસુ ખ્રીસ્ત, તેનો એકાકીજનિત દીકરો, આપણો પ્રભુ, જે પવિત્રાત્માથી ગર્ભે રહ્યો, મરિયમ કુંવારીથી જન્મ્યો, પોતીઅસ પીલાતની હકુમતમાં દુઃખ વેઠયું, વધસ્તંભે જડાયો, મુઓ, તથા દટાયો; તે ત્રીજે દહાડે મુએલામાથી ઉઠયો, ને આકાશમાં ચઢી ગયો, ને સર્વસમર્થ પરમેશ્વર બાપને જમણે હાથે બેઠો છે, ત્યાંથી તે જીવતાંઓનો તથા મુએલાઓનો ન્યાય ઠરાવવા સારૂ આવશે આ બધાને હું માનું છું.

વળી પવિત્રઆત્મા; પવિત્ર સાર્વત્રિક મંડળી, પવિત્રોનો સત્સંગ; પાપોની માફી; શરીરનું પુનરૂત્થાન; તથા અનંત જીવન; આ બધાને હું માનું છુ. આમેન

(૪) પ્રાર્થનાની સમાપ્તિ પ્રભુની પ્રાર્થના કરીને થાય જે પાળક અને બધા લોકો બન્ને ઘુંટણીએ પડીને સંભળાય એવી રીતે બોલે.

(૫) ગાયન મંડળીથી ગીત અથવા રાગ.

(૬) જુના કરારમાંથી પાઠ, જે પાળક અને મંડળી ઉભા રહી વારાફરતી વાચે.

(૭) પિતાને હો મહિમા:

પિતાને હો મહિમા, પુત્રને પણ, ને પવિત્રાત્માને, જેમ આરંભમાં હતુ તેમ, હમણા ને સદા રહેશે, અંત વિના જગ આમેન.

(૮) નવા કરારમાંથી પાઠ.

(૯) જાહેર ખબરો, પછી ઉઘરાણું થાય.

(૧૦) મેથોડિસ્ટ ગીત સંગ્રહમાંથી ગાયન.

(૧૧) ભાષણ.

(૧૨) પ્રાર્થના.

(૧૩) મેથોડિસ્ટ ગીત સંગ્રહમાંથી ગાયન.

(૧૪) સ્તોત્ર અને પ્રેરિતોનો આશીર્વાદ. (૨ કરિંથી. ૧૩ : ૧૪).

૨. જે સેવા દરમ્યાન **પ્રભુભોજન** પાળવાનું હોય તે વખતે ઉપલા નિયમોમાંથી ગાયન, પ્રાર્થના અને પ્રેરિતના આશિર્વાદ સિવાયના બીજા કોઇ પણ ભાગ પડતા મુકી શકાય.

૮. જાહેર ધર્મસેવામાં ભાગ લેવાને લોકોને ઉત્સાહપુર્વક બોધ કરવો: પ્રથમ ગાઇને; બીજું પ્રાર્થના વડે, ઘુંટણીએ પડવાની શાસ્ત્ર પ્રમાણેની રીતે, અને પ્રભુની પ્રાર્થના બોલીને.

૨. ગાયનનો ભાવ અને સત્યતા.

૯૨. ગાયન બાહ્યોપચાર ન થાય તે સંભાળવા માટેઃ—

૧. પ્રસંગને અનુકુળ પડતા ગીત પસંદ કરવાં અને એકી વખતે ઘણુંજ ન ગાઇ નાખવું; ચાર કે પાંચ શ્લોકથી વધારે નહિ.

૨. રાગ ગાયનના ભાવને બંધ બેસ્તો રાખવો, અને લોકોને બહુજ ધીમેથી ગાવા દેવું નહિ.

૩. દરેક મંડળીમાં પવિત્ર ગાયન વિદ્યાના અભ્યાસ ઉપર પુરતું ધ્યાન આપવું.

૪. જો પાળકની ઇચ્છા હોય તો ત્રિમાસિક કૉન્ફરન્સ દર વરસે ત્રણ અથવા તેથી વધારે માણસોની એક કમીટી નીમે, જેનો પ્રમુખ પાળક થાય, અને તેઓ તેની સાથે મળીને ઇશ્વરીસેવાને લગતી સઘળી બાબતોની વ્યવસ્થા કરશે. સદરહુ કમીટીની હીલચાલ દરેક રીતે ત્રિમાસિક કૉન્ફરન્સની સત્તાને આધીન રહેશે.

૫ ગાયન ઈશ્વરીસેવાનો એક ભાગ છે કે જેમાં બધા લોક ભાગ લે, માટે મંડળીઓમાં દરેક જણને બોધ આપો કે ગાયન ગાય.

ભાગ ૨. કૉન્ફરન્સો.

PART III. CONFERENCES.

પ્રકરણ ૧. જનરલ કૉન્ફરન્સ.

CHAPTER I. THE GENERAL CONFERENCE.

જનરલ કૉન્ફરન્સની યોજના, વ્યવસ્થા, સત્તા અને પ્રતિબંધો "મંડળીના બંધારણ" ના ભાગ ૩, પ્રકરણ ૨, પારેગ્રાફ ૩૮-૪૭ માં આવી જાય છે.

પ્રકરણ ૨. વાર્ષિક કૉન્ફરન્સો.

CHAPTER II. ANNUAL CONFERENCES.

૧. સંખ્યા અને વ્યવસ્થા.

૭૩. હમણાં બધી મળીને ૧૩૩ વાર્ષિક કૉન્ફરન્સો છે, અને આ કૉન્ફરન્સો જ્યાં જ્યા બની શકે ત્યાં ત્યાં, જે જે સંસ્થાનો અને રાજ્યોની હદમા તે આવેલી છે ત્યાંના કાયદાની સત્તા તળે જુદી જુદી સનદી મંડળો થશે.

૭૪. વાર્ષિક કૉન્ફરન્સના બધા સભાસદો અને ઉમેદવારો તેની બેઠકોમાં હાજર થશે.

૭૫. બિશપો વાર્ષિક કૉન્ફરન્સો ભરવાનો વખત ઠરાવશે, પણ તેઓ દરેક વાર્ષિક કૉન્ફરન્સને ઓછામા ઓછું એક અઠવાડીયું બેસવા દેશે.

૭૬. દરેક વાર્ષિક કૉન્ફરન્સ પોતે પોતાની બેઠકની જગ્યા ઠરાવશે, પણ તેની બેઠકની જગ્યા કૉન્ફરન્સના નીમી દીધા પછી કોઇ અણધારેલા કારણને લીધે બદલવાનું જરૂરી થઇ પડે તો જે જગ્યામાં કૉન્ફરન્સ મળવાનું ઠ-

રાવેલું હતું તે જગ્યાના પાળક અથવા પાળકો અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને એવો ફેરફાર કરવાનો અધિકાર રહેશે પણ આવી સત્તાનો ઉપયોગ બને ત્યાં સુધી તે જેમ બનવા જોગ તેમ કૉન્ફરન્સના બીજા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટોની સલાહ લીધા વગર કરી શકશે નહિ.

૭૭. વાર્ષિક કૉન્ફરન્સમાં પ્રમુખસ્થાને એક બિશપ બિરાજે. જો કોઈ બિશપ હાજર ન હોય, તો બિશપથી ઠરાવેલો તેજ કૉન્ફરન્સનો એક સભાસદ પ્રમુખસ્થાને બિરાજે પણ જો નિમણુંક નજ કરી હોય અથવા નિમેલો શખ્સ હાજર ન થાય તો કૉન્ફરન્સ વાદવિવાદ વગર ચીઠ્ઠીથી મત લઇને એલ્ડરોમાંથી એકને પ્રમુખ તરીકે પસંદ કરશે.

૭૮. દરેક વાર્ષિક કૉન્ફરન્સના કામનો લેખ તે કામને માટે પસંદ કરેલો એક ચિટણીસ રાખશે, અને તે પર પ્રમુખ તથા ચિટણીસ સહી કરશે અને સદરહુ લેખની એક નકલ તપાસણી માટે જનરલ કૉન્ફરન્સપર મોકલવામાં આવશે યથાર્થ સાખ વગરના લેખ જનરલ કૉન્ફરન્સથી મંજુર રાખી શકાય નહિ.

૨. કાર્યક્રમ.

૭૯. વાર્ષિક કૉન્ફરન્સનું કામ એ તપાસવાનું છે કેઃ—

૧. શું આ વાર્ષિક કૉન્ફરન્સ ડિસિપ્લીનની માંગણી પ્રમાણે રેજીસ્ટર (અનંદીર્ મંડળી) થઇ છે? (જુઓ ૭૩.)

૨. બદલીથી કોનો કોનો સ્વિકાર કરવામાં આવ્યો છે, ને કઇ કઇ કૉન્ફરન્સોમાંથી?

૩ કોને કોને ફરીથી દાખલ કરવામાં આવ્યા છે? (જુઓ ૧૬૧.)

સુચના.—સરજીનામુ આપ્યાની તારીખ અને જે કૉન્ફરન્સે તે કબુલ રાખ્યું હોય તેનું નામ દાખલ કરો.

૪ પ્રમાણપત્રોથી (ક્રીડેન્શિઅલ્સ) કોનો કોનો સ્વિકાર થયો છે અને કયા કયા પંથમાંથી ? (જુઓ ૧૬૨–૧૬૪.)

૫. ઉમેદવારો તરીકે (પરિક્ષાપર) કોણ કોણ લેવામાં આવ્યા છે ?–(જુઓ ૧૫૩–૧૫૭.)

(અ) પહેલા વર્ષના અભ્યાસમાં.

(બ) ત્રીજા વર્ષના અભ્યાસમાં. (જુઓ ૧૭૩, ૨.)

૬ ઉમેદવારો તરીકે (પરિક્ષાપર) કોણ કોણ ચાલુ રાખવામાં આવ્યા છે ?—

(અ) પહેલા વર્ષના અભ્યાસમાં.

(બ) બીજા વર્ષના અભ્યાસમાં.

(ક) ત્રીજા વર્ષના અભ્યાસમાં.

(ડ) ચોથા વર્ષના અભ્યાસમાં.

૭. કયા કયા ઉમેદવારો કહાડી નાંખવામાં આવ્યા છે ? (જુઓ ૧૫૪ (૨), ૧૫૫)

૮. કોણ કોણ પુર્ણ સભાસદપણામાં દાખલ કરવામાં આવ્યા છે ? (જુઓ ૧૫૮–૧૬૦.)

(અ) આ વર્ષ ડીકનો તરીકે પસંદ કરાઇને દિક્ષા પામ્યા.–

(બ) પહેલાના ડીકનો તરીકે પસંદ કરાઇને દિક્ષા પામ્યા.

૯ ત્રીજા વર્ષના અભ્યાસમાં કોણ કોણ સભાસદો છે?–

(અ) આ વર્ષે પુર્ણ સભાસદ થએલા.

(બ) પહેલાંના પુર્ણ સભાસદ થએલા.

૧૦. ચોથા વર્ષના અભ્યાસમાં કોણ કોણ સભાસદો છે?

૧૧. કયા કયા સભાસદોએ કૉન્ફરન્સનો અભ્યાસક્રમ પુરો કર્યો છે ?

(અ) આ વર્ષ એલ્ડરો તરીકે પસંદ કરાઇને દીક્ષા પામ્યા.

(બ) પહેલાંના એલ્ડરો તરીકે પસંદ કરાઇને દીક્ષા પામ્યા.

૧૨. બીજા કોણ કોણ ડિકનો તરીકે પસંદ કરાઇને દીક્ષા પામ્યા છે ?

(अ) સ્થાનિક ઉપદેશકો. (જુઓ ૧૭૩, ૧)

(ब) મીશનેરી નિયમ પ્રમાણે. (જુઓ ૧૭૩, ૪)

(क) વીદ્યાલય નિયમ પ્રમાણે. (જુઓ ૧૭૩, ૨)

૧૩. બીજા કોણ કોણ એલ્ડરો તરીકે પસંદ કરાઇને દીક્ષા પામ્યા છે ?

(अ) સ્થાનિક ડીકનો. (જુઓ ૧૭૬, ૧)

(ब) મીશનેરી નિયમ પ્રમાણે. (જુઓ ૧૭૬, ૪)

(क) વીદ્યાલય નિયમ પ્રમાણે. (જુઓ ૧૭૬, ૩)

૧૪. શુ દરેક ઉપદેશકની વર્ત્તણુંકની તપાસ થઇ હતી.

૧૫. કોની કોની અને કઈ કઈ કાન્ફરસોમાં બદલી થઇ છે?

૧૬. કોણ કોણ સ્વર્ગવાસ થયા ?

૧૭. પોતાની માગણીથી કોણે કોણે રાજીનામા આપ્યા (એટલે લોકેટેડ)? (જુઓ ૧૬૬.)

૧૮. કોને કોને બરતરફ કરવામાં આવ્યા (એટલે લોકેટેડ) ? (જુઓ ૨૫૪.)

૧૯. કોણ કોણ નીકળી ગયા ? (જુઓ ૧૬૮, ૧૬૯.)

૨૦. કોને કોને તહોમત અથવા ફરીયાદને લીધે નીકળી જવાની પરવાનગી આપવામાં આવી છે ? (જુઓ ૨૬૦.)

૨૧. કોણ કોણ કહાડી મુકવામાં આવ્યા છે ? (જુઓ ૨૫૮, ૨૫૯.)

૨૨. બીજી કાંઈ આંગિક સુચના કરવાની છે ?

સુચના—બનેલી વાતોની પુરી હકીકત નામ સહિત અહી આગળ દાખલ કરો—૧ વાર્ષિક કાન્ફરન્સમા દાખલ કર્યા વગર જેમની દિક્ષા માન્ય રાખવામા આવી હોય (એટલે, જેઓ બીજા પંથોથી આવેલ છે.) ૨. જેમના પ્રમાણપત્રો (ક્રીડેન્શિઅલ્સ) પાછાં આપવામાં આવ્યાં હોય. ૩. જેઓ પ્રથમ કહાડી મુકવામાં આવ્યા પણ હમણા જ્યુડિશિઅલ કૉન્ફરન્સ અથવા જનરલ કોન્ફરન્સના ઠરાવથી પાછા લેવામાં આવ્યા હોય.

૨૩. સુપર્ન્યુમરેરી પાદરીઓ કોણ કોણ છે, અને એમને એમ લાગલાગટ કેટલાં વર્ષથી દરેક એવા સંબંધમાં છે? (જુઓ ૧૮૩.)

૨૪. રીટાયર્ડ થયેલા પાદરીઓ કોણ કોણ છે? (જુઓ ૧૮૪.)

૨૫. ટ્રાયર્સ ઑફ અપીલ કોણ કોણ છે? (જુઓ ૨૮૩.)

૨૬. કૉન્ફરન્સની બૉર્ડ ઑફ હોમ મીશન્સ એન્ડ ચર્ચ એક્સ્ટેન્શન સંબંધીના ડિસિપ્લીનની શરતો શું પુરી કરવામાં આવી છે? (જુઓ ૪૨૮.)

૨૭. કૉન્ફરન્સની બોર્ડ ઑફ ફોરન મીશન્સની સંબંધીની ડિસિપ્લીનની શરતો શું પુરી કરવામાં આવી છે? (જુઓ ૪૧૧.)

૨૮. સ્ટટિસ્ટિકલ હેવાલ કેવો છે?

૨૯. કૉન્ફરન્સના ખજાનચીનો હેવાલ કેવો છે?

૩૦. જનરલ કૉન્ફરન્સના ફરમાવ્યા મુજબ કૉન્ફરન્સના ખજાનચીના હેવાલમાં બતાવ્યા પ્રમાણે પરોપકારી ઉઘરાણામાં એકંદરે કેટલા પૈસા છે?

૩૧ કૉન્ફરન્સ ફંડના હકની રકમ કેટલી છે? (જુઓ ૩૨૩—૩૩૪.)

૩૨. આ હક માટે કેટલું મળ્યું છે ને તે કેવી રીતે ઉપયોગમાં લેવાયું છે?

૩૩. કૉન્ફરન્સ કલેમન્ટોના નિર્વાહને અર્થે ઉઘરાવેલી રકમના સેંકડે પાંચ ટકા શું છે, કે જે કોનેકશનલ રીલીફને માટે બોર્ડ આફ કૉન્ફરન્સ કલેમન્ટસને કૉન્ફરન્સ ખજાનચીએ આપ્યો છે! (જુઓ ૩૨૬, ૩૨૭)

૩૪. કૉન્ફરન્સ કલેમેન્ટોના નિર્વાહને માટે કૉન્ફરન્સની હદમાંની સરકટોમાંથી ઉઘરાવવાની કેટલી રકમ ઠરાવેલી છે? (જુઓ ૩૨૬.)

૩૫. ઉપદેશકો ક્યાં ક્યાં નીમવામાં આવ્યા છે?

૩૬. આવતી કૉન્ફરન્સ ક્યાં ભરાશે?

૩. સત્તા અને ફરજ.

૮૦. વાર્ષિક કૉન્ફરન્સને તેના સભાસદોની વિરૂદ્ધમાં થએલી ફરીયાદો સાંભળવાની સત્તા છે અને જેમની વિરૂદ્ધ તોહમત રજુ કરવામાં આવ્યાં હોય તેમાંના કોઇને પણ તપાસે, ઠપકો આપે, કામમાંથી બરતરફ કરે. તેની પાદરી-પદ અને પ્રમાણપત્રો છીનવી લે, કાઢી મુકે, અથવા નિર્દોષ ઠરાવે. (જુઓ ૨૪૩–૨૬૦.)

૮૧. એલ્ડરો અને ડીકનોની ચુંટણી, અને જો બની શકે દિક્ષા, વાર્ષિક કૉન્ફરન્સ વખતે કરવી જોઇએ. (જુઓ ૧૭૧-૧૭૮.)

૮૨. દરેક વાર્ષિક કૉન્ફરન્સ વરસે વરસે દરેક ડિસ્ટ્રીક્ટને માટે દેવળની જગ્યા નક્કી કરનારી અને તેને બાંધનારી એક ડિસ્ટ્રિક્ટ બોર્ડ નીમે, જેની સત્તા અને ફરજોનુ વર્ણન ૪૨૯, ૪ માં કરેલું છે.

૮૩. દરેક વાર્ષિક કૉન્ફરન્સ આપણાં સંઘાં પરોપકારી કામોના સંબંધમાં તેના ઉપર મુકેલી ફરજો કાળજીપુર્વક અદા કરશે.

૮૪. [આ પારાગ્રાફ હિંદુસ્તાનને લાગુ પડતો નથી.]

૮૫. દરેક વાર્ષિક કૉન્ફરન્સમાં પ્રમુખ બિશપ દરેક પાળકને પુછી જોશે કે તેણે પાળકવર્ગના અને પરોપકારનાં કામોના નિર્વાહને માટે ડિસિપ્લીનમાંની યોજના પુરૂ પાડી છે કે નહિ; અને દરેક ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને પ્રશ્ન કરશે કે પાળકવર્ગના નિર્વાહને માટે મળેલા પૈસાની બરોબર વ્યવસ્થા કરી છે કે નહિ, અને બધાં પરોપકારી કામોને માટે પુરાં ઉઘરાણાંની ત્રિમાસિક કૉન્ફરન્સમાં અરજ કરી છે કે નહિ.

૪. સ્ટટિસ્ટિકલ ચીટણીસ અને ખજાનચી.

૮૬. મંડળી સ્થિતિની હકીકત (સ્ટટિસ્ટિકસ) બરોબર જાહેર થાય અને પરોપકારી કામ માટેનાં ઉઘરાણાંનો યોગ્ય રીતે હીસાબ થઈ શકે માટે નીચેના નિયમો પાળવાઃ—

૧. દરેક વાર્ષિક કૉન્ફરન્સ એક સ્ટટિસ્ટિકલ ચીટણીસ તથા કૉન્ફરન્સ ખજાનચી નીમશે, જેમનાં નામ અને સરનામાં જનરલ મિનિટસમાં (લેખ) સ્ટટિસ્ટિકલ પત્રકને મથાળે અને વળી "મેથોડિસ્ટ યીર બુક" માં છાપવામાં આવશે.

૨. દરેક પાળક કૉન્ફરન્સની બેઠકને પહેલે દીવસે પોતાના સ્ટટિસ્ટિકલ અને પૈસા સંબંધીના હેવાલ સાફ અને બરોબર લખેલા રજુ કરશે.

૩. દરેક પરોપકારી કામ માટે ઉઘરાવેલી રકમના હેવાલ સંબંધમાં પાળક કૉન્ફરન્સ ખજાનચીને આવી રીતે ઉઘરાવેલા પૈસા કાંતો તેને માટે એક સંતોષકારક પહોંચ આપશે; અને પોતાની સરકટના હિસાબ જેમ કરેલી રકમ આવી રીતે આપેલા પૈસા અને પહોંચોની સાથે મળતી આવવી જોઇએ.

૪. બીજા દીવસની બેઠક શરૂ થતાં પ્રમુખ બિશપ સ્ટટિસ્ટિકલ ચીટણીસ અને કૉન્ફરન્સ ખજાનચીને જે જે સરકટો તરફથી હેવાલો આવ્યા નથી અથવા જેમાંથી ભુલવાળા અથવા ખામીવાળા હેવાલો આવ્યા છે તેવી બધી સરકટોના નામ વાંચવાને બોલાવશે. જ્યાં સુધી દરેક સરકટમાંથી ખરા હેવાલો આવી જાય નહિ ત્યાં સુધી દરેક દિવસની બેઠકની શરૂઆતે આવું આમંત્રણ કરવામાં આવશે.

૫. વખતે કોઇ સરકટ પોતાનો હેવાલ આપે નહિ તો સ્ટટિસ્ટિકલ ચીટણીસ અને કૉન્ફરન્સ ખજાનચી આગલા વર્ષનો હેવાલ દાખલ કરશે, અને એ બીનાઓ કૌંસમાં

આંકડાઓ લખીને જાહેર કરશે.

૬. જ્યારે કોઇ સરકટનું નામ બદલવામાં આવ્યું હોય ત્યારે સ્ટટિસ્ટિકલ ચીટણીસ અને કૉન્ફરન્સ ખજાનચી હાલના નામની નીચે તેનું પ્રથમનું નામ કૌંસમાં છાપશે.

૭. કૉન્ફરન્સના સુચવ્યા પ્રમાણે પરોપકારાર્થે નિયમિત ઉઘરાણાં કરતાં બીજા વધારેના પૈસા કૉન્ફરન્સ ખજાનચી લેશે અને તેનો હિસાબ રાખશે; અને કૉન્ફરન્સથી નીમાયલી એક ઓડિટ (હિસાબ તપાસણી) કમિટિ તેના હિસાબ તપાસશે.

૮. કલમ ૨ અને ૩ માંની શરતો પુરી થયા બાદ, "કૉન્ફરન્સ ખજાનચીનો રીપોર્ટ" ખજાનચીની સહી ઉપર "જમા કર્યા" એવો શબ્દ હાથથી લખીને અથવા એવી છાપ મારીને ઉઘરાણું આપનાર સરકટના ત્રિમાસિક કૉન્ફરન્સને પાળકથી રજુ કરવાને, કૉન્ફરન્સ ખજાનચી પાળકને પાછો આપશે.

૮૭. [આ પારાગ્રાફ હિંદુસ્તાનને લાગુ પડતો નથી.]

૮૮. વાર્ષિક કૉન્ફરન્સ માટે પાળકનો સ્ટટિસ્ટિકલ હેવાલ ઠરાવેલા નમુના પ્રમાણે રજુ કરવામાં આવશે.

૨. જુદાં જુદાં વાર્ષિક કૉન્ફરન્સો ("સાબ્બાથ શાળા સ્ટટિસ્ટિક્સ" જે સન્ડે સ્કુલ બોર્ડના ઉપયોગને માટે બનાવવામાં આવે છે તે વગર) સ્ટટિસ્ટિકલ હેવાલ અને કૉન્ફરન્સ ખજાનચીનો હેવાલ બન્ને છાપી પ્રસિદ્ધ કરશે.

૩. કૉન્ફરન્સો તથા મીશનોના સ્ટટિસ્ટિકલ ચીટણીસો અને ખજાનચીઓ પોતાના હેવાલો કૉન્ફરન્સ ખલાસ થયા બાદ બને તેમ વ્હેલા ન્યુયૉર્ક શહેરમાં પબ્લિશિન્ગ એજન્ટ ઉપર મોકલી આપશે. સ્ટટિસ્ટિકલ ચીટણીસ વળી "સાબ્બાથશાળા સ્ટટિસ્ટિક્સ" તેજ રીતે શીકાગો શહેરમાં સન્ડે

સ્કુલ બોર્ડના ચીટણીસ ઉપર મોકલાવશે.

૪. "પાળકવર્ગના નિર્વાહ" ને માટે ઉઘરાવેલી રકમમાં પાળક અને કૉન્ફરન્સ ક્લેમેન્ટસ અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ અને બિશપોના નિર્વાહને માટે ઉઘરાવેલી જુદી જુદી રકમોનો સમાવેશ થશે; વળી પાળકનું ઘરભાડું અથવા જો પાળક મીશન હોઉસમાં રહેતો હોય તો તેના વ્યાજબી ભાડાની કીમ્મત જેટલી રકમ તેમાં ગણવામાં આવે.

૫. બીન રહીશ સભાસદો હિસ્સા પ્રમાણેની વહેંચણીમાં ગણવામાં નહિ આવે. (જુઓ ૫૭).

૬. સભાસદોના હેવાલ કરતી વખતે બાપ્તિસ્મા પામેલાં છોકરાંને પ્રોબેશનરો તરીકે ગણવામાં નહિ આવે.

૮૯, ૯૦. [આ પારાગ્રાફો હિંદુસ્તાનને લાગુ પડતા નથી.]

પ્રકરણ ૩. લે ઇલેકટોરલ કૉન્ફરન્સો.

CHAPTER III. LAY ELECTORAL CONFERENCES.

[લે ઇલેકટોરલ કૉન્ફરન્સની વ્યવસ્થા, યોજના અને સત્તા મંડળીના બંધારણના ભાગ ૩ જા, પ્રકરણ ૨ જા, કાનુન ૩ જાની, પારાગ્રાફો ૩૯-૪૭ માં આવી ગયેલ છે.]

૧. પ્રતિનિધિઓની ચુંટણી.

૯૧. ૧. જે કૉન્ફરન્સના વરસમાં લે ઇલેકટોરલ કૉન્ફરન્સ ભરાવાની હોય તેમાં દરેક સરકટની પહેલી અથવા ત્રીજી ત્રિમાસિક કૉન્ફરન્સ ચુંટણીનો એક પ્રમુખ (લવાદ) તથા બે મત લેનારા નીમે કે જેઓ તે સરકટની ચુંટણી કરનાર પંચ થશે, એવી શરતે કે સદરહુ સરકટ એકજ મંડળીનો બનેલો હોય. મંડળીના બંધારણના ૩ જા ભાગ શરતો મુજબ ચુંટણી કરનારી પંચ લે ઇલેકટોરલ કૉન્ફરન્સ માટે એક મંડળીના સભાસદ પ્રતિનિધીની તથા એક ફાલતુ

પ્રતિનિધિની ચુંટણી કરવા માટેનો વખત તથા જગ્યા નક્કી કરે.

૨. ચુંટણી કરનાર પંચ જોશે કે ચુંટણા કરવાનો વખત તથા જગ્યાની યોગ્ય જાહેર ખબર આપવામાં આવે તથા ચુંટણીની પહેલાં તાબડતોબ છેલ્લાં છ અઠવાડીયાંની અંદર, જુદે જુદે દિવસે ઓછામાં ઓછા બે નિયમિત ભાષણસેવા વખતે તે વિષે જાહેરમાં ખબર આપે. આ પંચ ચુંટણીનુ કામ પોતાના હાથમા લે, મતની ચીઠ્ઠીઓ લે અને ગણે, અને મતની કુલ સંખ્યા તથા જેને માટે મત આપવામા આવ્યા હોય તે ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સને લખી જણાવે, જે તેનુ પરિણામ જાહેર કરે, તથા દરેક જગ્યામાંના સૌથી વધારે મત મેળવનાર શખ્સને એક ચુટણીનુ પ્રમાણપત્ર આપશે. જેમાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ અને ત્રિમાસિક કૉન્ફ-રન્સના ચિટણીસની સહી થશે.

૩. દરેક સરકટમાં જ્યાં એક કરતાં વધારે મંડળી હોય ત્યાં ત્રિમાસિક કૉન્ફરન્સ દરેક આવી મંડળીઓ માટે ચુટ-ણીનો એક પ્રમુખ (લવાદ) અને બે મત લેનારા નિમે: અને, જેમ એકજ મંડળીની ચુટણી કરનારી પંચ ઠરાવેલી સરતો પ્રમાણે ચાલે છે, તેમ આવી પંચોમાંની દરેક પણ ચાલે. વળી ત્રિમાસિક કૉન્ફરન્સ, જેવી રીતે એકજ મંડળી-વાળી સરકટમાં ઠરાવેલી સરતો પ્રમાણે ચાલે છે, તેવી રીતે પણ ચાલે.

૪. ચુંટણીને માટે ચુંટણી કરનારી પંચ નિયમસર ભર-વામાં આવી હોય અને તેના એક કરતાં વધારે સભાસદો ગેરહાજર હોય તો તેવી ખાલી જગ્યાઓ પુરવાનો હક એકઠા થએલા લે સભાસદોને રહેશે.

૫. ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સનો ચિટણીસ ચીઠ્ઠી આપેલા મતના પરિણામ વિષે આગલી બે ઇલેકટોરલ કૉન્ફરન્સના

ચિટણીસને અથવા બીજો કોઈ માણસ કે જેને સદરહુ કૉન્ફ્રન્સનું હાજરી પત્રક તૈયાર કરવાને નિમેલો હોય તેને વગર વિલંબે લખી જણાવશે. સદરહુ પ્રમાણપત્રમાં ચુંટાયલા તથા ચાલતું પ્રતિનિધીઓનાં નામ, દરેકની પોસ્ટ ઑફીસ, અને સરકટનું નામ હોવા જોઇએ.

૨. મંડળીના સભાસદોની સમાજો.

૯૨. વાર્ષિક કૉન્ફ્રન્સની હદમાં એક મંડળીના સભાસદોની સમાજ (લેમેન્સ એસોશિએશન) સ્થાપવામાં આવે, ને તે વાર્ષિક કૉન્ફ્રન્સની જગ્યાએ ભરવામાં આવે. જેવી રીતે સમાજ ઠરાવે તેવી રીતે આ વાર્ષિક સભા સરકટોમાંથી ચુંટેલા પ્રતિનિધિઓની થશે. આવી સમાજના ઉદ્દેશ સ્થાનિક મંડળી અને કૉન્ફ્રન્સનું હિત વધારવાનો તથા મંડળીના સામાન્ય કાર્યવ્યવહારમાં ભલા સભાસદોનું લક્ષ ખેંચવાનો થાય.

પ્રકરણ ૪. સેન્ટ્રલ મિશન કૉન્ફ્રન્સો.

CHAPTER IV. CENTRAL MISSION CONFERENCES.

૯૩. ૧. જ્યારે આપણા કોઇ પણ પરદેશ ખાતેના મિશન ક્ષેત્રમાં એક કરતાં વધારે વાર્ષિક કૉન્ફ્રન્સો અથવા મિશનો હોય, ને જો જનરલ કૉન્ફ્રન્સ હુકમ કરે તો, તે વાર્ષિક કૉન્ફરન્સો અથવા મિશનોના સઘળા સભાસદો અથવા તે કૉન્ફરન્સો જેટલા ઠરાવે તેટલા પ્રતિનિધિઓની સેન્ટ્રલ કૉન્ફ્રન્સ સ્થાપવી કાયદેસર છે; અને આવી કૉન્ફ્રન્સમાં મંડળીના સભાસદોને દાખલ કરવામાં આવે; અને તેમાં સભાસદવર્ગના પ્રતિનિધીઓની સંખ્યા પાળકવર્ગના પ્રતિનિધીઓની સંખ્યાં કરતાં વધે નહિ.

૨. સેન્ટ્રલ કૉન્ફરન્સની પહેલી સભા પ્રમુખ બિશપ પોતે પસંદ કરે જે વખતે અને જગ્યાએ તે બોલાવે જેમાં

સંબંધ ધરાવતી કૉન્ફરન્સો અને મિશનોના સઘળા સભાદોને આમંત્રણ કરવામાં આવશે અને તેમાં કૉન્ફરન્સ કેટલા પ્રતિનિધિ ઠરાવવાનું પ્રમાણ નક્કી કરશે. ભવિષ્યમાં મળનારી સભાઓનો વખત અને જગ્યા સેન્ટ્રલ કૉન્ફરન્સ ઠરાવશે, એવી શરતે કે તે ઓછામાં ઓછી ચાર વરસમાં એક વાર મળે.

૩. જનરલ સુપરિન્ટેન્ડેન્ટ અથવા મિશનેરી બિશપ જો હાજર હોય તો સેન્ટ્રલ કૉન્ફરન્સમાં બિરાજે; પણ તેની ગેરહાજરીમાં કૉન્ફરન્સ પોતાના સભાસદોમાંથી એક પ્રમુખ ચુંટી કહાડે. મિશનેરી બિશપો તથા જનરલ સુપરિન્ટેન્ડન્ટો બન્ને સેન્ટ્રલ મિશન કૉન્ફરન્સોની બેઠકોમાં સરખા હક તથા છુટ છે.

૪. કેળવણી સંબંધી, છપાવી પ્રસિદ્ધ કરવા સંબધી, અને એના જેવાં બીજાં કામો કે જે વાર્ષિક કૉન્ફરન્સોએ અને મિશનોએ તેને સોંપ્યાં હોય તે પર સેન્ટ્રલ કૉન્ફરન્સ પોતાની દેખરેખ રાખે; પણ ડિસિપ્લીન કે જનરલ કૉન્ફરન્સના હુકમોની આડે કદી પણ આવે નહિ; અને તેને બોર્ડ ઑફ ફોરીન મિશન્સને પૈસા સબંધીની કોઇ પણ જવાબદારીમાં સામેલ કરવાને, કે સદરહુ બોર્ડની પરવાનગી વગર તે બોર્ડની મિલકત પોતાના સ્વાધિનમાં રાખવા કે તે પર અધિકાર ચલાવવાને તેને કંઈ પણ સત્તા મળે નહિ.

૫. જ્યારે હાજર થએલી જુદી જુદી કૉન્ફરન્સો અથવા મિશનોના એક તૃતિયાંશ ભાગના પ્રતિનિધિઓ માગણી કરે ત્યારે સેન્ટ્રલ કૉન્ફરન્સમાં કૉન્ફરન્સો અથવા મિશનોથી મત આપવાનો હક અલાયદો રાખી મુકવામાં આવશે. આવી બાબતોમાં કામ પૂરૂં કરવાને અને મત

આપનારી હાજર રહેલી સર્વ કૉન્ફરન્સો અને મિશનોના પ્રતિનિધિઓના બે તૃતિયાંશ ભાગના એકત્ર મતની જરૂર પડશે.

૬. સેન્ટ્રલ કૉન્ફરન્સ પોતાના તાબાની વાર્ષિક કૉન્ફરન્સોની હદ ઠરાવે, અને કલમ ૪૮૨–૪૮૪ માં બતાવ્યા પ્રમાણે ફેરફારને માટેની દરખાસ્તો પ્રથમ વાર્ષિક કૉન્ફરન્સો પર મોકલવામાં આવે; તેમ છતાં, એવી શરતે કે સેન્ટ્રલ કૉન્ફરન્સની હદમાં જેટલી વાર્ષિક કૉન્ફરન્સો સ્થાપવામાં આવે તેટલીની સંખ્યા પ્રથમ જનરલ કૉન્ફરન્સથી નક્કી કરાય; અને વળી એવી શરતે કે કોઈ પણ કૉન્ફરન્સ પચીસ કરતાં ઓછા સભાસદોની બને નહિ.

૭. સેન્ટ્રલ કૉન્ફરન્સ એકવાર વાજબી રીતે સ્થાપવામાં આવ્યા પછી જનરલ કૉન્ફરન્સની સમ્મતિ અથવા હુકમ વગર બંધ કરાય નહિ.

૮. સેન્ટ્રલ મિશન કૉન્ફરન્સના કામકાજનો લેખ પ્રમુખ અને ચિટણિસની નિયમસર સહીઓ થયા પછી જનરલ કૉન્ફરન્સ ઉપર તપાસણી માટે મોકલવામાં આવશે.

૯. દક્ષિણ એશિઆ માટેના મિશનેરી બિશપોના રહેઠાણની જગ્યાઓ મુકરર કરવાનો અધિકાર દક્ષિણ એશિઆની સેન્ટ્રલ કૉન્ફરન્સને છે.

પ્રકરણ પ. મિશન કૉન્ફરન્સો.

CHAPTER V. MISSION CONFERENCES.

૭૪. ૧. ડિસિપ્લીનના નિયમ પ્રમાણે સ્થાપિત થયેલું કોઇપણ મિશન જનરલ કૉન્ફરન્સથી મિશન કૉન્ફરન્સ બની શકે. (જુઓ ૪૧૦.)

૨. મિશન કૉન્ફરન્સને, પ્રમુખ બિશપની મંજુરીથી,

વાર્ષિક કૉન્ફરન્સની સત્તાનો ઉપયોગ કરવાનો અધિકાર છે; અને તેના સભાસદો પુસ્તકખાતાની આવકમાં વાર્ષિક કૉન્ફરન્સોના સભાસદોની જોડાજોડ સરખો હિસ્સો ભોગવશે પણ તેઓ જનરલ કૉન્ફરન્સ માટે પ્રતિનિધીઓ ચુંટશે નહિ તેમજ બંધારણના ફેરફારો વિષે મત આપશે નહિં.

૩. મિશન કૉન્ફરન્સ ઉપર દેખરેખ રાખનાર બિશપ એક સુપરિન્ટેન્ડેન્ટ નીમે, જે સુપરિન્ટેન્ડેન્ટ જ્યાં બે અથવા વધારે ડિસ્ટ્રિક્ટો હોય ત્યાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ પણ થાય. સુપરિન્ટેન્ડેન્ટની ફરજ કૉન્ફરન્સની સામાન્ય દેખરેખ રાખવાની થશે, અને તેમ છતાં એવી રીતે નહિ કે જે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટોની ફરજો આડે આવે; અને જે બિશપના હાથમાં કામ હોય તેની આગળ તથા મિશનેરી બોર્ડના કોરેસપોન્ડીંગ સેક્રેટરીઓની આગળ કામની સ્થિતિ તથા તેની જરૂરીયાતો રજુ કરશે.

૪. મિશન કૉન્ફરન્સની વાર્ષિક બેઠકમાં જો કોઈપણ બિસપ હાજર ન હોય તો સુપરિન્ટેન્ડેન્ટ પ્રમુખપદ લે; પણ જો કોઈ સુપરિન્ટેન્ડેન્ટ પણ હાજર ન હોય તો પ્રમુખપદ જેમ વાર્ષિક કૉન્ફરન્સના ઠરાવવામાં આવે છે તેમ ઠરાવવામાં આવે. (જુઓ ૭૭).

૫. દરેક મિશન કૉન્ફરન્સ અથવા મિશન પોતાની વાર્ષિક બેઠક વખતે એક સ્ટેન્ડિન્ગ કમીટી * નીમશે જેની ફરજ એ થશે કે કૉન્ફરન્સના પ્રમુખની સમતિથી દરેક સરકટના નિર્વાહ માટે જરૂરની રકમનો પુરેપુરો અથવા મંડળીએ ઉઘરાવેલી રકમથી વધારાના પૈસાનો

---

* **સ્ટેન્ડિન્ગ કમીટી,** એટલે કમીટી જે એક કૉન્ફરન્સથી આવતી કૉન્ફરન્સ સુધી કાયમ રહે છે અને પોતાનું કામ ચલાવે છે તે.

અડસટો કહાડે. આવા અડસટાઓમાં મિશનેરી બોર્ડના અધ્યક્ષો ફેરફાર કરી શકે અને જનરલ મિશનેરી કમીટીએ જે રકમ ઠરાવી હોય તે કરતાં તે વધારે હોવી નહિ જોઇએ.

૬. કૉન્ફરન્સે પોતાની વાર્ષિક સભા વખતે કીધેલા અડસટામાં સુચવ્યા વગર મિશન કૉન્ફરન્સની હદમાં આવેલી કોઇ પણ સરકટ મિશનેરી બોર્ડ પાસેથી મદદ લઇ શકે.

[મિશનોને માટે જુઓ ૪૧૦]

પ્રકરણ ૬. ડિસ્ટ્રિકટ કૉન્ફરન્સો.

CHAPTER VI. DISTRICT CONFERENCES.

૧ યોજના અને ફરજો.

૯૫. ડિસ્ટ્રિકટની અંદરના વાર્ષિક કૉન્ફરન્સના સભાસદો, સ્થાનિક ઉપદેશકો, બોધકો અને ડિસ્ટ્રિકટ કારભારીઓ, તથા ડિસ્ટ્રિકટમાંના દરેક સરકટમાંથી સાબ્બાથશાળાના એક સુપરિન્ટેન્ડેન્ટ, એપ્વર્થ લીગની શાખાના એક પ્રમુખ, મેથોડિસ્ટ બ્રધરહુડના એક પ્રમુખ, સ્ત્રીઓની સહાયકારી મંડળીના એક પ્રમુખ, એક વર્ગ પ્રમુખ, વુમન્સ ફૉરીન મિશનેરી સોસાઇટીની શાખાના એક પ્રમુખ તથા વુમન્સ હોમ મિશનેરી સોસાયટીની શાખાના એક પ્રમુખ, વળી બોર્ડ ઑફ ફૉરીન મિશન્સ તરફથી અથવા વુમન્સ ફૉરીન મિશનેરી સોસાઇટી તરફથી આપણો પરદેશ ખાતેનાં કોઇ પણ મિશનમાં મોકલાએલો કોઇ એક લે મિશનેરી કે જે ડિસ્ટ્રિકટમાંનો એક ત્રિમાસિક કૉન્ફરન્સનો સભાસદ હોય તે, તેઓ બધાથી ડિસ્ટ્રિકટ કૉન્ફરન્સ બનશે. પણ જો કોઇ સરકટમાં સાબ્બાથ શાળાના સુપ્રિન્ટેન્ડેન્ટ, વર્ગના પ્રમુખ, એપ્વર્થ લીગના પ્રમુખ, મેથોડિસ્ટ બ્રધરહુડના પ્રમુખ, સ્ત્રીઓની સહાયકારી મંડળીના

પ્રમુખ, વુમન્સ ફૉરીન મીશનેરી સોસાયટીની શાખાના પ્રમુખ, અથવા વુમન્સ હોમ મીશનેરી સોસાયટીની શાખાના પ્રમુની એક એક કરતાં વધારે હોય તો ત્રિમાસીક કૉન્ફરન્સ આ કામને માટે દરેકમાંથી એક એકને ઠરાવશે.

૯૬. ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સ નક્કી કરે તે પ્રમાણે તે દર વરસે એક અથવા બે વાર મળશે. ડિસ્ટ્રીક્ટે આ યોજના કબુલ કીધા પછી પહેલી સભાની જગ્યા અને વખત ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઠરાવશે; પણ ત્યારબાદ ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સ દરેક સભા વખતે બીજી સભાની જગ્યા નક્કી કરે, અને ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટ વખત ઠરાવે.

૯૭. જો કોઈ બિશપ ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સ વખતે હાજર હોય તો તે પ્રમુખપદ લે. બિશપની ગેરહાજરીમાં ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટ પ્રમુખપદ લે. જો એ બેમાંથી કોઈ પણ હાજર ન હોય તો ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સ વિવાદ વગર ચીઠ્ઠી નાંખીને ટ્રાવલન્ગ એલ્ડરોમાંથી પોતાને માટે પ્રમુખ પસંદ કરે.

૯૮. દરેક ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સના કામનો લેખ પસંદ કરેલો ચિટણીસ રાખસે અને એ લેખની એક નકલ આવતી વાર્ષિક કૉન્ફરન્સપર મોકલવામાં આવશે.

૯૯. ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સનું નિયમીત કામ નીચે પ્રમાણે થશેઃ—

૧. ડિસિપ્લીનની સરતોને અનુસરીને ડિસ્ટ્રીક્ટના સઘળા સંસારી અને આત્મિક કામકાજોની સામાન્ય દેખરેખ રાખવી.

૨. પેરાગ્રાફ ૨૧૩–૨૨૧ માં ઠરાવ્યા પ્રમાણે ડિસ્ટ્રીક્ટમાંના બધા સ્થાનિક ઉપદેશકો તથા બોધકો ઉપર દેખરેખ રાખવી. અને આવતી ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સ ભરાતાં સુધી દરેકને માટે નીમણુંકની યોજના કરવી.

૩. ડિસિપ્લીનથી મંજુર થએલા પાળકવર્ગના નિર્વાહ

તથા મંડળીના પરોપકારી કામો માટેનાં સર્વ ઉઘરાણાં પર બધી સરકટોમાં પુરતું ધ્યાન અપાયું છે કે નહિ, તેની તપાસ કરે અને જો જરૂર હોય તો તેમની વૃદ્ધિને માટે ઘટતા ઉપાયો લે.

૪. ડિસ્ટ્રિકટમાંની સાબ્બાથ શાળાઓની સ્થિતિ વિષે તપાસ કરે અને તેમની ફતેહ નક્કી કરવા માટે ઘટતા ઉપાયો લે.

૫. ડિસ્ટ્રિકટમાંની એપ્વર્થ લીગની શાખાઓની સ્થિતિ વિષે તપાસ કરે અને તેમની ફતેહ નક્કી કરવા માટે ઘટતા ઉપાયો લે.

૬. ડિસ્ટ્રિકટનાં મેથોડિસ્ટ બ્રધરહુડોની સ્થિતિ વિષે તપાસ કરે અને તેમની ફતેહ નક્કી કરવા માટે ઘટતા ઉપાયો લે.

૭. ડિસ્ટ્રિકટમાની સ્ત્રીઓની સહાયકારી મંડળીઓની સ્થિતિ વિષે તપાસ કરે અને તેમની ફતેહ નક્કી કરવા માટે ઘટતા ઉપાયો લે.

૮. ડિસ્ટ્રિકટમાની વુમન્સ ફૉરીન મિશનેરી સોસાઇટી તથા વુમન્સ હોમ મિશનેરી સોસાયટીની શાખાઓની સ્થિતિ વિષે તપાસ કરે અને તેઓની ફતેહ નક્કી કરવા માટે ઘટતા ઉપાયો લે.

૯. ડિસ્ટ્રિકટની અંદર મિશનેરી તથા મંડળીના ફેલાવાના કામની લાયક તક વિષે તપાસ કરે, અને પોતાની સીમની અંદર કોઈ પણ પડી રહેલા ભાગને માટે મિશન સાબ્બાથશાળાઓની સ્થાપના અથવા જાહેર ભજન સેવાઓ પુરાં પાડે.

૧૦. બેઠક દરમ્યાન યોગ્ય ધાર્મિક અને વિદ્યાવિષયક સભાઓ પુરાં પાડે.

૨. કાર્યાનુક્રમ.

૧૦૦. ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સનો કાર્યાનુક્રમ નીચે પ્રમાણે થશે:—

૧. ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સના કયા કયા સભાસદો હાજર છે એની તપાસ કરવી.

૨. નીચે બતાવેલી બાબતો માટે કમીટીઓ નીમવી:—

(૧) ઉપદેશ કરવાનો પરવાનો મેળવવા માટેના ઉમેદવારોની પરિક્ષા માટે.

(૨) સ્થાનિક ઉપદેશકોના ચાર વર્ષોના અભ્યાસક્રમના દરેક વર્ષની પરિક્ષા માટે.

(૩) વાર્ષિક કૉન્ફરન્સમાં પરિક્ષા પર દાખલ કરવાના ઉમેદવારોની પરિક્ષા માટે.

(૪) દિક્ષા મેળવવા માટેના ઉમેદવારોની પરિક્ષા માટે.

(૫) સ્વદેશનું મિશન કામને માટે.

(૬) સ્થાનિક ઉપદેશકો અને બોધકોની નીમણુંકોને માટે.

(૭) પરોપકારનાં કામોને માટે દરેક સરકટમાંથી ઉઘરાવવાની રકમ નક્કી કરવાને માટે.

(૮) આવતી બેઠકને માટે ધાર્મિક અને વિદ્યાવિષયક સભાઓનો પ્રોગ્રામ નક્કિ કરવા માટે.

(૯) પરચુરણ બાબતો.

૩. નીચે પ્રમાણે હેવાલો લેવા:—

(૧) ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની પાસેથી, તેના તાબાના કામની હાલત વિષે અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તરીકેના તેના પોતાના કામ સંબંધી.

(૨) દરેક પાળકની પાસેથી, તેની સરકટની ધાર્મિક

હાલત. તેનું કામ, અને પરોપકારનાં ઉઘરાણું વિષે.

(૩) દરેક સ્થાનિક ઉપદેશક પાસેથી, કલમ ૨૧૭ મા આપેલા નમુના પ્રમાણે.

(૪) દરેક બોધક પાસેથી, તેણે ભરેલી પ્રાર્થના સભાઓ અને બીજા થયેલાં કામ વિષે, ખાસ કરીને નિરાધાર જગ્યાઓમાં અને માદાં અને ગરીબોમાં કરેલા કામ વિષે (જુઓ ૨૨૧)

(૫) દરેક ડિસ્ટ્રિકટ કારભારી પાસેથી જે સરકટનો પ્રતિનિધી છે તેનાં સંસારિક કામકાજો વિષે.

(૬) દરેક સાબ્બાથ શાળાના સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી જે સરકટનો તે પ્રતિનિધી છે, તેની સાબ્બાથ શાળાઓની સ્થિતિ વિષે.

(૭) એપ્વર્થ લીગના દરેક પ્રમુખ પાસેથી, જે સરકટનો પ્રતિનિધી છે તેની શાખાઓની સ્થિતિ વિષે.

(૮) મેથોડિસ્ટ બ્રધરહુડના દરેક પ્રમુખ પાસેથી, જે સરકટનો તે પ્રતિનિધી છે તેની શાખાઓની સ્થિતિ વિષે.

(૯) સ્ત્રીઓની સહાયકારી મંડળીના દરેક પ્રમુખ પાસેથી જે સરકટની તે પ્રતિનિધી છે તેની મંડળીઓની સ્થિતિ વિષે.

(૧૦) દરેક વર્ગ પ્રમુખ પાસેથી, જે મંડળીનો તે પ્રતિનિધી છે તેના વર્ગોની સ્થિતિ વિષે.

(૧૧) વુમન્સ ફૉરીન મિશનેરી સોસાયટી અને વુમન્સ હોમ મિશનેરી સોસાયટીની દરેક શાખાના પ્રમુખ પાસેથી, જે શાખાની તે પ્રતિનિધી હોય તેની સ્થિતિ વિષે.

(૧૨) દરેક કમીટી પાસેથી.

૪. સ્થાનિક ઉપદેશકો સંબંધી તપાસ કરવી:—

(૧) શું કોઇ તહોમતો કે લખેલી ફરીયાદો છે ?

(૨) કોનો કોનો પરવાનો ફરી આપવાનો છે ?

(૩) ઉપદેશ કરવાનો નવો પરવાનો કોને કોને આપવાનો છે ?

(૪) કોની કોની દિક્ષાના પામવાના માટે ભલામણુ કરવાની છે ?

(૫) પોતાની દીક્ષાના સ્વીકાર માટે કોની કોની ભલામણુ કરવાની છે ?

(૬) વાર્ષિક કૅન્ફરન્સમાં ઉમેદવારો તરીકે (પરિક્ષા પર) દાખલ કરવાને કોની કોની ભલામણુ કરવાની છે ?

(૭) દરેક સ્થાનિક ઊપદેશકને શું શું કામ અપાયું છે ?

૫. બોધકો સંબંધી તપાસ કરવી:—

(૧) કોનો કોનો પરવાનો ફરી આપવાનો છે ?

(૨) દરેક બોધકને શું શુ કામ સોંપવામાં આવ્યું છે ?

૬. આવતી ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સની જગ્યા ઠરાવવી.

૭. બીજું ઉચિત કામ કરવું.

૮. કાર્યનો ક્રમ બદલી શકાય, અને કામકાજની વચ્ચે વચ્ચે ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સની સુચના મુજબ વિદ્યાવિષયક અને ધાર્મિક વિષયો ચલાવી શકાય.

૩. તહકૂબી.

૧૦૧. આમાં ઠરાવ્યા પ્રમાણે, કેવળ જે ડિસ્ટ્રિક્ટોમાં વધારે સરકટોવાળી ત્રિમાસિક કૉન્ફરન્સો ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ ભરવાને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને પુછીને મંજુર કરશે ત્યાંજ ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સના નિયમો ચાલશે અને લાગુ પડી શકશે. ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ કોઇ પણ નિયમિત બેઠકમાં હા-

જર સભાસદોના વધુ મતે બધ કરી શકાય, જેની જાહેરખબર, તે ડિસ્ટ્રિકટનાં ત્રિમાસિક કૉન્ફરન્સોના મોટા ભાગની સમ્મતિ સહિત આગલી બેઠકમાં અપાયલી હોવી જોઈએ.

પ્રકરણ ૭. ત્રિમાસિક કૉન્ફરન્સો.

CHAPTER VII. QUARTERLY CONFERENCES.

૧. યોજના અને ફરજો.

૧૦૨. સરકટની અંદરના બધા ટ્રાવલીન્ગ પાદરીઓ, સ્થાનિક ઉપદેશકો, બોધકો, કારભારીઓ, વર્ગના પ્રમુખો, ટ્રસ્ટીઓ, શાબ્બાથ શાળાઓના સુપરિન્ટેન્ડેન્ટો, એપ્વર્થ લીગની શાખાઓના પ્રમુખો, જુનિયર લીગોના સુપરિન્ટેન્ડેન્ટો, મેથોડિસ્ટ બ્રધરહુડની શાખાઓના પ્રમુખો, સ્ત્રીઓની સહાયકારી મંડળીઓના પ્રમુખો, વુમન્સ ફૉરીન મિશનેરી સોસાયટીની શાખાઓના પ્રમુખો, વુમન્સ હોમ મિશનેરી સોસાયટીની શાખાઓના પ્રમુખો, અને સરકટના કામ સારૂ નિમાયલી ડીકનેસો, આ બધાથી ત્રિમાસિક કૉન્ફરન્સ બનશે; એવી શરતે કે સદરહુ વર્ગ પ્રમુખો, ટ્રસ્ટીઓ, સુપરિન્ટેન્ડેન્ટો, તથા પ્રમુખો, અને ડીકનેસો સરકટ માહેની આપણી મંડળીના સભાસદો હોય, અને તેમાં સભાસદ થવાને ત્રિમાસિક કૉન્ફરન્સથી મંજુર કરાયલા હોય; વળી મંડળીનો કોઇ પણ લે સભાસદ જે બોર્ડ ઑફ ફૉરીન મીશન્સ તરફથી અથવા વુમન્સ ફૉરીન મીશનેરી સોસાયટી તરફથી આપણાં કોઈ પણ મિશનોમાં મોકલાયેલો હોય અને જે આ ત્રિમાસિક કૉન્ફરન્સને નિમાએલો હોય અને પ્રમુખ બિશપ તરફથી અમુક કામપર નિયમિત

રીતે ઠરાવાયો હોય, તેઓ પણ ત્રિમાસિક કૉન્ફરન્સના સભાસદો થશે.

૧૦૩. ૧. ત્રિમાસિક કૉન્ફરન્સમાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ બીરાજે, અથવા બીરાજવાને એકાદ ટ્રાવલીન્ગ એલ્ડર ને નીમે. ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની તથા આ પ્રમાણે નીમાયલા ટ્રાવલીન્ગ એલ્ડરની ગેરહાજરીમાં પાળક બીરાજે.

૨. ત્રિમાસિક કૉન્ફરન્સ એક ચિટણિસ નીચે જે તેના કામકાજનો લેખ રાખે કે દફતરદાર કારભારીને પહોંચાડે.

૧૦૪. જે ડિસ્ટ્રિક્ટોમાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સો ભરાય ત્યાં આગળ ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સોને આપેલી સત્તાનો અમલ ત્રિમાસિક કૉન્ફરન્સોમાથી નહિ કરાય. એ સિવાય બીજી બધી વાતે ત્રિમાસિક કૉન્ફરન્સોની સત્તા નિચે ઠરાવ્યા પ્રમાણે કાયમ રહેશે.

૧૦૫. ત્રિમાસિક કૉન્ફરન્સનું નિયમિત કામ નિચે પ્રમાણે થશેઃ—

૧. લખેલી ફરીયાદો સાંભળવી તથા કલમ ૨૬૨–૨૬૮ માં બતાવ્યા પ્રમાણે તહોમતો હાથમાં લેવા અને તેની તપાસ કરવી.

૨. સરકટમાંના સ્થાનિક ઉપદેશકો અને બોધકોની કલમ ૨૧૩–૨૧૭ માં ઠરાવ્યા પ્રમાણે દેખરેખ રાખવી.

૩. ટ્રસ્ટીઓનો વાર્ષિક રિપોર્ટ લેવો; તથા જ્યાં દેશના કાયદાની રજા હોય ત્યાં ટ્રસ્ટીઓ ચુંટી કહાડવા; અને જેઓ તે સરકટમાંની મંડળીના સભાસદો હોય, અને જેઓ ત્રિમાસિક કૉન્ફરન્સ વગર બીજી કાઈ રીતે ચુંટાયા હોય, એવા ટ્રસ્ટીઓને ત્રિમાસિક કૉન્ફરન્સમાં સભાસદ થવાને, તેની મરજી મુજબ, મંજુર કરવા. (જુઓ ૩૩૫)

૪. સરકટને માટે કારભારીઓ ચુંટી કહાડવા, અને

આમાંથી એકને ડિસ્ટ્રિક્ટ કારભારી તરીકે અને એકને દફતરદાર કારભારી તરીકે ચુંટી કહાડવો. (જુઓ. ૩૦૫-૩૦૭)

૫. સરકટની હદમાં આવેલી બધી સાબ્બાથ શાળાઓની દેખરેખ રાખવી, અને દરેકની સ્થિતિ વિષે તપાસ કરવી: સાબ્બાથ શાળાની પંચ તરફથી નીમાયલા સાબ્બાથ શાળાના સુપરિન્ટેન્ડેન્ટોને બહાલ કરવા અથવા નામંજુર કરવા. જેઓ સરકટમાં આવેલી મંડળીના સભાસદો હોય એવા સુપરિન્ટેન્ડેન્ટોને ત્રિમાસિક કૉન્ફરન્સમાં સભાસદ થવાને, તેની મરજી મુજબ, મંજુર કરવા; અને નાલાયક અથવા નિરૂપયોગી જણાતા કોઇ પણ સુપરિન્ટેન્ડેન્ટને બરતરફ કરવા. (જુઓ ૪૬૫, ૧.)

૬. એપ્વર્થ લીગની શાખાઓ અને યુવક વર્ગની બીજી સંસ્થાઓની સામાન્ય દેખરેખ રાખવી શાખાઓથી ચુંટાયેલા એપ્વર્થ લીગના પ્રમુખોને અને પાળકથી નિમાયલા જુનિયર લીગના સુપરિન્ટેન્ડેન્ટોને બહાલ કરવા અથવા નામંજુર કરવા. જેઓ સરકટમા આવેલી મંડળીના સભાસદો હોય એવા એપ્વર્થ લીગના પ્રમુખો અને જુનિયર લીગના સુપરિન્ટેન્ડેન્ટોને ત્રિમાસિક કૉન્ફરન્સમાં સભાસદ થવાને, તેની મરજી મુજબ મજુર કરવા, અને નાલાયક અથવા નિરૂપયોગી જણાતા કોઈ પણ એપ્વર્થ લીગના પ્રમુખને અથવા જુનિયર લીગના સુપરિન્ટેન્ડેન્ટને બરતરફ કરવા. (જુઓ ૪૭૫).

૭. મેથોડિસ્ટ બ્રધરહુડોની અને એવીજ જાતની બીજી સંસ્થાઓની સામાન્ય દેખરેખ રાખવી; આ શાખાઓથી ચુંટાયલા પ્રમુખોને બહાલ કરવા અથવા નામંજુર કરવા; જેઓ સરકટમાં આવેલી મંડળીના સભાસદો હોય એવા પ્રમુખોને ત્રિમાસિક કૉન્ફરન્સમાં સભાસદ થવાને, તેની

મરજી મુજબ મંજુર કરવા અને નાલાયક અથવા નિરૂપયોગી જણાતા કોઇ પણ પ્રમુખને બરતરફ કરવા. (જુઓ ૪૭૮).

૮. સ્ત્રીઓની સહાયકારી મંડળીની અને એવાજ ભાવાર્થ અને હેતુવાળી બીજી સંસ્થાઓની સામાન્ય દેખરેખ રાખવી; આ સમાજોથી પ્રમુખોને બહાલ કરવા અથવા નામંજુર કરવા; જેઓ સરકટમાં આવેલી મંડળીના સભાસદો હોય એવા પ્રમુખોને ત્રિમાસિક કૉન્ફરન્સમાં સભાસદ થવાને તેની મરજી મુજબ મંજુર કરવા અને નાલાયક અથવા નિરૂપયોગી જણાતા કોઇ પણ પ્રમુખને બરતરફ કરવા. (જુઓ ૩૬૮).

૯ વુમન્સ ફૉરાન મિશનેરી સોસાયટીની અને વુમન્સ હોમ મિશનેરી સોસાયટીની શાખાઓની સામાન્ય દેખરેખ રાખવી, અને જેઓ સરકટમા આવેલી મંડળીના સભાસદો હોય એવા આ શાખાઓના પ્રમુખોને ત્રિમાસિક કૉન્ફરન્સમાં સભાસદ થવાને તેની મરજી મુજબ મંજુર કરવા.

૧૦. પાદરીવર્ગના અને પરોપકારી કામોના નિર્વાહના સંબંધમાં ત્રિમાસિક કૉન્ફરન્સને માથે ડિસિપ્લિને ઠરાવેલી બધી ફરજો કાળજીપુર્વક અદા કરવી.

૧૧. ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે આવતા વાર્ષિક કૉન્ફરન્સ વખતે માટે નીચેની બાબતો વિષે કમીટીઓ નીમવી: (૧) ફૉરીન મીશનો. (૨) હોમ મિશનો અને મંડળીની વૃદ્ધી. (૩) સાબ્બાથ શાળાઓ. (૪) ટ્રેક્ટો. (૫) પરહેજગારી. (૬) કેળવણી (૭) ફ્રીડમેન્સ એઇડ. (૮) હસ્પિતાલો. (૯) મંડળીનાં દફતરો. (૧૦) હીસાબોની તપાસણી (૧૧) પાળકને રહેવાનું મકાન અને ઘરનો સરસામાન. (૧૨) મંડળીનું સંગીત. (૧૩) પાદરીવર્ગના

નિર્વાહના ખરચનો અડસટ્ટો (૧૪) સ્થાનિક ઉપદેશકોની પરિક્ષા.

૨. કાર્યાનુક્રમ.

૧૦૬. ત્રિમાસિક કૉન્ફરન્સનો કાર્યાનુક્રમ, સભાસદોની હાજરી પુરાયા બાદ અને ચીટણીસ નીમાયા બાદ, નાચે પ્રમાણે તપાસ કરવાનો થશે:—

[સુચના.—જે જે પ્રશ્નો અથવા બાબતો પર આવી [૧] નિશાની કરેલી હોય તે પર પહેલી ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે વિચાર ચલાવવામાં આવે; આવી [૧, ૨, ૩] નિશાનીવાળા પ્રશ્નો પહેલી, બીજી અને ત્રીજી ત્રિમાસિક કૉન્ફરન્સો વખતે, જેમના પર આવી [૪] નિશાની હોય તે ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે, અને બીજા બધા પ્રશ્નો અને બાબતો દરેક ત્રિમાસિક કૉન્ફરન્સ વખત.]

૧. કયા કયા ટ્રસ્ટીઓને ત્રિમાસિક કૉન્ફરન્સના સભાસદો તરીકે મંજુર કરવામાં આવ્યા છે? (૧૦૫, ૩)

૨. કયા કયા વર્ગ પ્રમુખોને ત્રિમાસિક કૉન્ફરન્સના સભાસદો તરીકે મંજુર કરવામાં આવ્યા છે? (૧૦૨.)

૩. કોણુ કોણુને બહાલ કરવામાં આવ્યો છે—

(૧) સાબ્બાથ શાળાઓના સુપરિન્ટેન્ડેન્ટો તરીકે? (૧૦૫, ૫)

(૨) એપ્વર્થ લીગોના પ્રમુખો તરીકે? (૧૦૫, ૬)

(૩) જુનિઅર લીગોના સુપરિન્ટેન્ડેન્ટો તરીકે? (૧૦૫, ૬)

(૪) મેથોડિસ્ટ બ્રધરહુડોના પ્રમુખો તરીકે? (૧૦૫, ૭)

(૫) સ્રીની સહાયકારી મંડળીઓના પ્રમુખો તરીકે? (૧૦૫, ૮)

૪. ત્રિમાસિક કૉન્ફરન્સના સભાસદો તરીકે કોણુ કોણુને

નીચે પ્રમાણે મંજુર કરવામાં આવ્યા છે ?—

(૧) સાબ્બાથ શાળાઓના સુપરિન્ટેન્ડેન્ટો તરીકે ! (૧૦૫, ૫)

(૨) એપ્વર્થ લીગોના પ્રમુખો તરીકે ! (૧૦૫, ૬)

(૩) જુનિયરલીગોના સુપરિન્ટેન્ડેન્ટો તરીકે (૧૦૫, ૬)

(૪) મેથોડિસ્ટ બ્રધરહુડોના પ્રમુખો તરીકે (૧૦૫, ૭)

(૫) સ્ત્રીની સહાયકારી મંડળીઓના પ્રમુખો તરીકે. (૧૦૫, ૮)

(૬) વુમન્સ ફૉરીન મિશનેરી સોસાયટીની શાખાઓના પ્રમુખો તરીકે (૧૦૫, ૯)

(૭) વુમન્સ હોમ મિશનેરી સોસાયટીની શાખાઓના પ્રમુખો તરીકે .(૧૦૫, ૯)

(૮) સરકટમાં કામ સારૂ નિમાયલી ડીકનેસો તરીકે (૧૦૨)

૫. શું કઇ લખેલી ફરીઆદો છે ? (૨૬૧—૨૬૮)

૬. [૪] અપીલોનો ફેંસલો કરનાર કોણ નિમાયું છે ? (૨૯૭, ૧)

૭. [૧] ગયા વરસમાં સભાસદોની પુરી હકીકત કેટલી હતી ?—

(૧) પત્રકે દાખલ અને ગઇ કૉન્ફરન્સમાં જણાવેલ સભાસદો.

(૨) ભલામણ પછી દાખલ કરેલા સભાસદો.

(૩) સર્ટીફિકેટથી દાખલ કરેલા સભાસદો.

(૪) બીજા પંથોમાંથી આવેલા સભાસદો.

(૫) વરસ દરમ્યાન દાખલ કરેલી કુલ સંખ્યા.

(૬) કુલ.

(૭) સર્ટીફિકેટથી કહાડી મુકાએલ સભાસદો.

(૮) ગુજરી ગયેલા સભાસદો.
(૯) પત્ર વગર ગએલા સભાસદો.
(૧૦) નિકળી ગએલા સભાસદો.
(૧૧) કહાડી મુકાયલા સભાસદો.
(૧૨) કુલ બાદ કરવાના.
(૧૩) પત્રકે બાકી રહેલા કુલ સભાસદો.
(૧૪) બિન રહીશ સભાસદો.
(૧૫) વરસ દરમ્યાન પત્રક નોંધેલા પ્રોબેશનરો.
(૧૬) હાલ કુલ પ્રોબેશનરો.
(૧૭) જે જે સરકટોમાં સર્ટીફિકેટો મોકલવામાં આવ્યાં તે બધાંની સરકટો તરફથી શું પહોંચો મળી છે ।
(૧૮) જે સરકટોએ સર્ટીફિકેટો આપ્યાં તે બધાં સર્ટીફિકેટોની પહોંચ મોકલાવી છે ?
(૧૯) જે જે સરકટોમાં સભાસદો પત્ર વગર ગયા તે તે સરકટોને શું ખબર આપી છે ?
(૨૦) આ સરકટમાં પત્ર સહિત કે પત્ર વગર આવેલા જણાયલા બધાની મુલાકાત લેવામાં આવી છે કે ?
(૨૧) બીજા સરકટમાં ગએલાં બાપ્તિસ્મા પામેલાં છોકરાંઓને માટે નોંધના સર્ટીફિકેટો શું મોકલાવ્યા છે ?

૮. [૧] પાદરીવર્ગના નિર્વાહનો ગયા વરસનો સંપુર્ણ હેવાલ કેવો છે ?—

૧. પાળકને આપેલા.
૨. મદદનિસને આપેલા.
૩. કૉન્ફરન્સ કલેમન્ટોને આપેલા.
૪. ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટને આપેલા.
૫. ઇપિસ્કોપલ ફંડને આપેલા

૯. શુ કંઈ હેવાલો છે ?—

(૧) પાળક તરફથી (૧૮૦, ૧)

(૨) સ્થાનિક ઉપદેશકો તરફથી. (૨૧૭)

(૩) બોધકો તરફથી (૨૨૧)

(૪) સાબ્બાથ શાળાના સુપરિન્ટેન્ડેન્ટો તરફથી. (૪૬૫, ૫)

(૫) એપ્વર્થ લીગની શાખાઓના પ્રમુખો તરફથી. (૪૭૫.)

(૬) જુનિયર લીગોના સુપરિન્ટેન્ડેન્ટો તરફથી.

(૭) મેથોડિસ્ટ બ્રધરહુડોના પ્રમુખો તરફથી.

(૮) [૪] સ્રીની સહાયકારી મંડળીઓના પ્રમુખો તરફથી. (૩૬૮, ૨).

(૯) સરકટમાં કામ સારૂ નિમાયલી ડિકનેસો તરફથી (૨૨૮, ૧૩)

(૧૦) વર્ગ પ્રમુખો તરફથી, (૬૦, ૨)

(૧૧) [૪] ટ્રસ્ટીઓ તરફથી. (૩૪૦).

(૧૨) [૪] અધીકારી મંડળ તરફથી. (૧૦૯).

(૧૩) કમીટીઓ તરફથી (૧૦૫, ૧૧)

૧૦. [૧] પાદરીવર્ગના નિર્વાહને માટે આ વરસે આ સરકટને માથે આડસટ્ટો કહાડીને કેટલી રકમ (ઉઘરાવવાની) ઠરાવી છે ?—

(૧) પાળકને માટે.

(૨) મદદનિશને માટે.

(૩) કૉન્ફરન્સ કલેમન્ટોને માટે,

(૪) ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટને માટે.

(૫) ઇપિસ્કોપલ ફંડને માટે.

(૬) ઘર ભાડાને માટે.

(૭) મુસાફરી તથા બદલી ખર્ચને માટે.

૧૧. કારભારીઓએ પૈસા સંબંધી કઇ યોજના ઠરાવી છે? (૧૦૭, ૩૧૨).

૧૨. પાદરીવર્ગના નિર્વાહને માટે પૈસા ઉઘરાવવા ડિસિપ્લીનની સુચનાઓ શું અમલમાં મુકાઇ છે? (૩૧૩–૩૧૬).

૧૩. શુ કૉન્ફરન્સ કલેમન્ટોના નિર્વાહને માટેની ડિસિપ્લીનની સુચનાઓ અમલમાં મુકાઈ છે અને મરખો હિસ્સો પાડી આપ્યો છે? (૩૧૩, ૩૧૪, ૩૧૮, ૩૨૧)

૧૪. પાદરીવર્ગના નિર્વાહને માટે આ ત્રિમાસમા કેટલી રકમ મળી છે અને તેમની શી વ્યવસ્થા કરી છે?–

મળ્યા.:—

(૧) પાળકો માટે.
(૨) કૉન્ફરન્સ કલેમન્ટો માટે.
(૩) ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ માટે.
(૪) ઇપિસ્કોપલ ફંડ માટે.
(૫) ઘરભાડા માટે.
(૬) મુસાફરી અને બદલીના ખરચ માટે.

વાપર્યા:—

(૧) પાળકો ખાતે.
(૨) કૉન્ફરન્સ કલેમન્ટો ખાતે.
(૩) ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ ખાતે.
(૪) ઇપિસ્કોપલ ફંડ ખાતે.
(૫) ઘરભાડા ખાતે.
(૬) મુસાફરી અને બદલી ખરચ ખાતે.

૧૫. [૧] પરોપકારનાં કામોને માટે આ વરસે આ સરકટને માથે કેટલી રકમ ઠરાવેલી છે?—

(૧) બોર્ડ ઑફ ફૉરીન મિશન્સ માટે.

(૨) બોર્ડ ઑફ હોમ મિશન્સ એન્ડ ચર્ચ એક્સ્ટેન્શન માટે.

(૩) ફ્રીડમેન્સ એઇડ સોસાયટી માટે.

(૪) કેળવણી માટે: ૧. કેળવણીની બોર્ડ માટે, અ. કેળવણી સંબંધી ઉઘરાણું. બ. ચીલ્ડ્રન્સ ડે ફન્ડ. ૨. કૉન્ફરન્સ કેળવણી સંબંધી ઉઘરાણું.

(૫) બોર્ડ ઑફ સન્ડે સ્કુલ્સ માટે: અ. મંડળી પાસેથી. બ. સાબ્બાથશાળાઓ પાસેથી.

(૬) બીજાં કામો માટે.

૧૬. [૪] પરોપકારી કામોને માટે આ વરસે કેટલી રકમો મળેલી છે?—

(૧) બોર્ડ ઑફ ફૉરીન મિશન્સને માટે: અ. મંડળી પાસેથી. બ. સાબ્બાથશાળાઓ પાસેથી. ક. ખાસ.

(૨) બોર્ડ ઑફ હોમ મિશન્સ એન્ડ ચર્ચ એક્સ્ટેન્શનને માટે: અ. મંડળી પાસેથી. બ. સાબ્બાથશાળાઓ પાસેથી. ક. ખાસ.

(૩) ફ્રીડમેન્સ એઇડ સોસાયટીને માટે.

(૪) કેળવણીને માટે: ૧. બોર્ડ ઑફ એડ્યૂકેશન માટે, અ. કેળવણી સંબંધી ઉઘરાણું. બ. ચીલ્ડ્રન્સ ડે ફન્ડ. ૨. કૉન્ફરન્સ કેળવણી સંબંધી ઉઘરાણું.

(૫) બોર્ડ ઑફ સન્ડે સ્કુલસને માટે: અ મંડળી પાસેથી. બ. સાબ્બાથશાળાઓ પાસેથી.

(૬) કૉન્ફરન્સ કલેમન્ટોને માટે: અ. બોર્ડ ઑફ કૉન્ફરન્સ કલેમન્ટોને માટે. બ. વાર્ષિક કૉન્ફર-

ન્સની રોકેલી મીલ્કત માટે.

(૭) મંડળીની કેફનિષેધક સમાજને માટે.

(૮) વુમન્સ ફોરીન મિશનેરી સોસાયટીને માટે.

(૯) વુમન્સ હોમ મિશનેરી સોસાયટીને માટે.

(૧૦) બાયબલ સોસાયટીને માટે.

(૧૧) સીટી મિશનેરી અથવા મંડળી વર્ધક સોસાયટીને માટે.

(૧૨) એપ્વર્થ લીગની સેન્ટ્રલ ઑફીસના ખર્ચ માટે.

(૧૩) મેથોડિસ્ટ બ્રધરહુડના લહેણા માટે.

(૧૪) બીજાં કામોને માટે.

૧૭. ક. શું સાબ્બાથશાળાઓની મિશનેરી સોસાયટીઓ તરીકે સ્થાપન કરવામાં આવી છે? (૪૧૫, ૫; ૪૩૫, ૩; ૪૬૭). ખ. શું તેમની કેફનિષેધક સમાજો તરીકે સ્થાપી છે? (૪૬૪, ૩; ૪૭૯, ૬). ક. શું હોમ ડીપાર્ટમેન્ટો યોજવામાં આવ્યાં છે? ૬. આપણી મંડળીએ મંજુર કરેલાં પુસ્તકો શું તેમને પુરાં પાડવામાં આવે છે? (૪૬૩, ૩, ૪)

૧૮. છોકરાંઓની શિક્ષણને માટેના નિયમો શું પાળવામાં આવ્યાં છે? (૫૨.)

૧૯. ઉપદેશ કરવાનો પરવાનો કોને કોને આપવામાં આવ્યો છે, અથવા ઉપદેશ કરવાના પરવાના માટે ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સને કોની કોની ભલામણ કરવામાં આવી છે (૨૧૪.)

૨૦. [૪] શું દરેક સ્થાનિક ઉપદેશક, બોધક, અને ડિકનેસની વર્ત્તણુંક તપાસવામાં આવી હતી? (૨૧૩, ૨૨૧, ૨૩૮.)

૨૧. ક. પરવાનો ફરી આપવાને ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સને કયા કયા સ્થાનિક ઉપદેશકો અને બોધકોની ભલામણ કરવામાં આવી છે? (૨૧૪, ૨૨૧.)

ખ. [૪] કયા કયા સ્થાનિક ઉપદેશકો અને બોધકોને

તેમના પરવાના ફરી આપ્યા છે? (૨૧૪, ૨૨૧.)

૨૨. [૪] કયા કયા સ્થાનિક ઉપદેશકોની દીક્ષાને માટે ભલામણ કરવામાં આવી છે? (૨૧૪, ૩.)

૨૩ [૪] કયા કયા સ્થાનિક ઉપદેશકોની દીક્ષાની માન્યતા માટે ભલામણ કરવામાં આવી છે? (૧૬૨, ૨; ૨૧૪, ૩.)

૨૪. [૪] કયા કયા સ્થાનિક ઉપદેશકોની વાર્ષિક કૉન્ફરન્સમાં અજમાયેશપર (ઉમેદવારો તરીકે) દાખલ કરવાની ભલામણ કરવામાં આવી છે? (૨૧૪, ૩)

૨૫. [૧, ૨, ૩] શું કારભારીઓના મંડળમાં કંઈ ફેરફાર કરવાની ઇચ્છા છે? (૧૦૫, ૪.)

૨૬. [૪] આવતા કૉન્ફરન્સ વરસમાં કારભારીઓ કોણ કોણ થશે? (૧૦૫, ૪; ૩૦૫.)

૨૭. [૪] દફતરદાર કારભારી કોણ થશે? (૩૦૫.)

૨૮. [૪] ડિસ્ટ્રિક્ટ કારભારી કોણ થશે? (૩૦૫, ૩૧૭.)

૨૯. [૪] દેવળ અને પાલકને રહેવાના મકાનના ટ્રસ્ટીઓ કોણ છે? (૩૩૫, ૩૩૭).

૩૦. [૪] આવતા કૉન્ફરન્સ વરસ માટે કઈ કઈ કમીટીઓ નીમવાની છે? (૧૦૫, ૧૧.)

૩૧. [૪] શું સામાન્ય કાયદા આ વરસે વંચાયા છે? (૧૭૯, ૪.)

૩૨. [૪] શું ૪૫૫, ૨ માં આપેલા સવાલો પુછાયા છે, અને તેમના જવાબ મળ્યા છે?

૩૩. [૪] ડિસિપ્લિનમાં માગ્યા પ્રમાણે શું પાળક મુલાકાત પત્રક અથવા પોતાના સરકટનો નકશો બનાવ્યો છે? (૧૭૯, ૩૦.)

૩૪. શું મંડળીનાં દફતરો બરાબર રાખવામાં આવે

છે ? (૧૦૮)

૩૫. [૪] શું અધિકારી મંડળનાં દફતરો મળ્યાં છે અને મંજુર કરાયાં છે ? (૧૦૯.)

૩૬. મંડળીની મીલકતની દરેક રકમ પર કેટલો કેટલો વિમો ઉતરાવેલો છે ? (૧૮૫. ૯. ૩૯૦.)

૩૭. [૧] હિસાબ તપાસણી કમીટીનો હેવાલ શું હવે તૈયાર છે ? (૧૦૭.)

૩૮. જે જે તપાસ ૧૮૫, ૧૧, ૧૨ માં કરવાની કહેલી છે તે શું બરોબર કરવ.મા આવી છે ?

૩૯. મંડળીની મિલકતને લગતાં ખતો અને બીજા કાયદેસર દસ્તાવેજો કોને હવાલે છે ?

૪૦. આવતી ત્રિમાસિક કૉન્ફરન્સ ક્યાં ભરાશે ?

૪૧. બીજું કંઇ કામ છે ?

૩. હિસાબની તપાસણી અને દફતરો.

૧૦૭. ત્રિમાસિક કૉન્ફરન્સમાં રજુ થયેલી સરકટમાંની મંડળી અથવા મંડળીઓની બધી બોર્ડોના અથવા સંસ્થાઓના દફતરદાર કારભારી તથા ખજાનચીઓના ચોપડાઓ તપાસવાની અને પહેલી ત્રિમાસિક કૉન્ફરન્સમા તેના લેખિત હેવાલ આપવા આ હિસાબો તપાસણી કમીટીની ફરજ થશે.

૧૦૮. સભાસદનાં દફતરો, ત્રિમાસિક કૉન્ફરન્સનો લેખ, ટ્રસ્ટીઓનાં દફતરો, અને ત્રિમાસિક કૉન્ફરન્સમાં રજુ થએલી સરકટમાંની મંડળી અથવા મંડળીઓની બધી બોર્ડોના અથવા સંસ્થાઓનાં દફતરો તપાસવાની અને તેનો લેખીત હેવાલ ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સમા આપવા આ મંડળીના દફતરો સબંધીની કમીટીની ફરજ થશે. જ્યારે આ દફતરોમાંના કોઈ પુરા થાય અને વપરાતા

બંધ થાય ત્યારે તેઓને સાચવી રાખવા માટે દફતરદાર કારભારીને સોંપવામાં આવે.

પ્રકરણ ૮. અધિકારી મંડળ.

CHAPTER VIII. OFFICIAL BOARD.

૧૦૯. કોઇ પણ સરકટની ત્રિમાસિક કૉન્ફરન્સ એક અધિકારી મંડળ સ્થાપે અને તે પોતાની મરજીમાં આવે ત્યારે ચલાવે અને તે મંડળ ત્રિમાસિક કૉન્ફરન્સના બધા સભાસદોનું બને. જ્યાં જ્યાં સરકટોમાં એક કરતાં વધારે મંડળીઓ છે, ત્યાં ત્યાં ત્રિમાસિક કૉન્ફરન્સ સરકટની જુદી જુદી મંડળીઓ માટે અધિકારી મંડળો સ્થાપે, અને તે પોતાની ખુશીમાં આવે ત્યારે ચલાવે, અને એવાં અધિકારી મંડળો તે જુદી જુદી મંડળીઓને લગતી ત્રિમાસિક કૉન્ફરન્સના સભાસદોનાં બનાવવામાં આવે. અધિકારી મંડળ પોતાની સભાઓ પોતે ઠરાવે તેવા વખતે ભરે, અને તેમાં પાળક પ્રમુખ થાય, અથવા તેની ગેરહાજરીમાં સભા જેને પસંદ કરે તે પ્રમુખનું કામ કરે. જ્યારે અધિકારી મંડળ આવી રીતે સ્થાપવામાં આવે ત્યારે તે ત્રિમાસિક કૉન્ફરન્સના વખતે વખતે સુચવ્યા પ્રમાણેની ફરજો, વર્ગ–પ્રમુખો અને કારભારીઓની સભાની ફરજો સુદ્ધાંત, અદા કરે. અધિકારી મંડળ પાળકોના નિર્વાહ અને મંડળીના ચાલુ ખરચને માટે જોઇતી રકમ દર વર્ષે પોતા પર મોકલી આપવાને કારભારીઓ અને ટ્રસ્ટીઓને ફરમાવે અને તે કુલ રકમ મંડળીના સભાસદો અને જમાતના અનુયાયીઓમાં અધિકારી મંડળને ઠીક લાગે તેમ ભાગે પડતી વહેંચી અપાશે. જો નાણાં સંબંધીની સંયુક્ત પદ્ધતિને

માટે આવું પગલું લેવામાં આવે તો મંડળ સામાન્ય ફંડને માટે એક ખજાનચી, તથા એ યોજના અમલમાં મુકવા માટે પોતે ચાહે તેવા બીજા અમલદારો અને કમિટીઓ ઠરાવે. જ્યારે આવું પગલું લેવામાં આવે ત્યારે તેથી પાળકોના નિર્વાહ વિષે કારભારીઓની નાણાં સંબંધીની ફરજોને લગતા ડિસિપ્લિનના નિયમો રદ થશે. (જુઓ ૩૦૮, ૩૧૦–૩૧૮). અધિકારી મંડળ પોતાના કામની નોંધ રાખે અને તેને મંજુરીયાત માટે ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સપર મોકલી આપે.

પ્રકરણ ૯. વર્ગ પ્રમુખો તથા કારભારીઓની સભા.
CHAPTER IX. LEADERS AND STEWARDS' MEETING.

૧૧૦. પાળક જેટલી વાર બને તેટલી વાર નીચે પ્રમાણે તપાસ કરવા માટે સરકટના સઘળા વર્ગ-પ્રમુખો તથા કારભારીઓની સભા કરે, અને તેનુ વર્ગ-પ્રમુખો તથા કારભારીઓની સભા એવું નામ આપેઃ—૧. શું કોઈ માંદા છે? ૨. શું કોઈ ઐહિક મદદ જોઇએ છે? ૩. શું કોઈ એવા છે કે અનીતિથી ચાલે છે અને ઠપકાને ગણકારતા નથી? ૪. શું કોઇ એવા છે કે જેઓ જાણી જોઇને કૃપાના સાધનોને નાકબૂલ કરે છે? ૫. વર્ગોમાં શુ કંઇ ફેરફારો કરવાના છે? ૬. શું મંડળીમાં દાખલ કરવવા માટે કોઈની ભલામણ કરવાની છે? ૭. શું બોધ કરવા અથવા ઉપદેશ કરવા માટે પરવાનો મળવા સારૂ કોઈની ભલામણ કરવાની છે? ૮. પાળક અથવા પાળકોના નિર્વાહ માટે કેટલી રકમ મળી છે? ૯. શું કંઇ પરચુરણ કામકાજ છે?

ભાગ ૩. ઉપાધ્યાપણું.

PART III. THE MINISTRY.

પ્રકરણ ૧. લાયકાત તથા કામ.

CHAPTER I. QUALIFICATIONS AND WORK.

૧. ઉપદેશ કરવાનું આમંત્રણ.

૧૧૧. જે માણસો એમ કહે છે કે અમને પવિત્ર આત્માથી ઉપદેશ કરવાની પ્રેરણા થઈ છે તેઓની તપાસ આપણે કરીએ માટે નીચેના સવાલો પુછવા :

૧. શુ દેવ માફી આપનાર દેવ છે એવું તેઓ જાણે છે શું પરમેશ્વરની પ્રીતિએ તેઓમાં વાસો કીધેલો છે? શુ ઇશ્વર શિવાય બીજુ કાંઇ તેઓ ચહાતા નથી? શુ દરેક જાતના આચરણમાં તેઓ પવિત્ર છે?

૨. શું એ કામને માટે તેઓને કૃપા તેમજ દાન મળેલાં છે? શું તેઓને કંઈ મધ્યમ પ્રમાણમાં વિવેચન શક્તિવાળી પાકી સમજ, પરમેશ્વર વિષેની વાતોનો બ્યાજબી નિર્ણય, અને વિશ્વાસ વડે તારણ એ વિષેની ખરી સમજ છે? શું દેવે તેઓને કાંઈ પ્રમાણમાં વક્તૃત્વશક્તિ આપેલી છે? શું તેઓ પ્રમાણિકપણે, ઉત્સાહથી તથા સ્પષ્ટ રીને બોલે છે?

૩. તેઓના ઉપદેશ વડે શું કોઈ પાપને ઓળખીને ઇશ્વર તરફ ફર્યાં કરે છે, અને વિશ્વાસીઓ સંસ્થાપન કરાયા છે?

૪. જ્યાં સુધી આ નિશાનીઓ કોઇનામાં માલુમ પડે છે ત્યાં સુધી તે ઉપદેશનું કામ કરવા માટે ઇશ્વરથી તેડાયલો છે એવું અમે માનીએ છીએ. તેને પવિત્ર આત્માથી

પ્રેરણા થઈ છે, એ માટે એ નિશાનીઓને અમે સંપૂર્ણ પુરાવા તરીકે સ્વીકારીએ છીએ.

૨. ઉપદેશકની ચાલચલણ માટે નિયમો.

૧૧૨. નિયમ ૧. ઉદ્યોગી થાઓ. કદી નવરા ન રહો. કદી નજીવા કામમાં ન વળગો. કદી વખત નકામો ન કાઢો, અથવા કોઈ પણ જગ્યાએ ઘણીજ જરૂર હોય તે કરતાં વધારે વખત ન ગાળો.

૧૧૩. નિયમ ૨. ગંભીર થાઓ. "પ્રભુ પ્રત્યે પવિત્રતા," એને તમારો મુદ્રાલેખ કરો. સઘળી હલકાઈ, મશ્કરી, તથા મૂર્ખ વાતો તજી દો.

૧૧૪. નિયમ ૩. સ્ત્રીઓની સાથે સાવધાનીથી સંભાષણ કરો અને ડહાપણથી વર્ત્તો. (૧ તીમોથી ૫, ૨).

૧૧૫. નિયમ ૪. સારા પુરાવા વગર કોઇના વિષે ભુંડી વાત ન માનો, ને કરેલી તમે જુઓ નહિ ત્યાં સુધી તમે તે પર કેવી રીતે પ્રતિબાર લાવો તે પર ધ્યાન આપો. દરેક વાત પર સારી બાંધણી બાંધો. તમે જાણો છો કે ન્યાયાધિશ હમેશાં કેદીના પક્ષ પર રહેનો ધારવામાં આવે છે.

૧૧૬. નિયમ ૫. કોઇનું ભુંડું ન બોલો, કારણકે ખાસ કરીને તમારા બોલ ચાંદાની માફક ખાઈ જશે. તમારા વિચારો, જે માણસ સંબંધી હોય તે માણસની પાસે તમે આવો ત્યાં સુધી તેને તમારા પોતાનાજ મનમાં રાખો.

૧૧૭. નિયમ ૬. તમારી દેખરેખ હેઠળના દરેક માણસને તેની ચાલચલણ અથવા સ્વભાવમાં તમને જે ખોટું લાગે તે પ્રીતિથી તથા ખુલ્લા મનથી અને જેમ બને તેમ ઉતાવળથી કહો; અગર નહિ તો તે તમારા અંતઃકરણમાં બળ્યા કરશે. તમારા હૃદયમાંથી અગ્નિ કાઢી નાં-

જવાને બનતી ઉતાવળ કરો.

૧૧૮. નિયમ ૭. સઘળા ઢોંગનો ત્યાગ કરો. સુવાર્ત્તાનો ઉપદેશક બધાનો સેવક છે.

૧૧૯. નિયમ ૮. પાપ સિવાય બીજા કશાથી શરમાઓ નહિ.

૧૨૦. નિયમ ૯. વખતસર થાઓ. દરેક કામ બરોબર વખતેજ કરો. અને આપણા નિયમોને સુધારો નહિ, પણ ગુસ્સાને ખાતર નહિ પણ અંતર્યામીને ખાતર તેમને પાળો.

૧૨૧. નિયમ ૧૦, આત્માઓને બચાવવા શિવાય તમારે બીજું કશું કરવાનું નથી; એટલા માટે એ કામમાં ખરચો તથા ખરચાઈ જાઓ; અને જેઓને તમારી જરૂર છે તેઓની પાસેજ માત્ર હમેશાં જાઓ એટલુંજ નહિ પણ જેઓને તમારી વિશેષ જરૂર છે તેઓની પાસે જાઓ.

લક્ષમાં લો ! ફક્ત આટલી વાર ઉપદેશ કરવાનું અને આ અથવા પેલી મંડળીની દેખરેખ રાખવાનુંજ કામ તમારૂં નથી, પણ જેટલાને બચાવી શકાય તેટલાને બચાવવા; જેટલા બની શકે તેટલા પાપીઓને પસ્તાવવાને સારૂ લાવવા, અને તમારા આખા બળથી, જે પવિત્રતા વગર તેઓ પ્રભુને જોઈ શકતા નથી, ને પવિત્રતામાં તેઓને સંસ્થાપન કરવા એ તમારૂં કામ છે. અને યાદ રાખો ! મેથોડિસ્ટ ઉપદેશકને મેથોડિસ્ટ ડિસિપ્લિનમાંની દરેક નાની તેમજ મોટી બાબત પર ધ્યાન આપવાનું છે! એટલા માટે જે સઘળી સમજ તથા કૃપા તમને છે તે બધીને અમલમાં લેવાની તમને જરૂર પડશે.

૧૨૨. નિયમ ૧૧. સઘળી વાતોમાં તમારી પોતાની મરજી પ્રમાણે નહિ પણ સુવાર્ત્તામાંના દિકરા પ્રમાણે ચાલો. તે તરિકે, અમે હુકમ કરીએ તે રીતે તમારો વખત ઉપ-

યોગમાં લેવાની તમારી ફરજ છે; જેમકે, ઉપદેશ કરવામાં, ઘેરેઘેરની મુલાકાત લેવામાં, વાંચવામાં, મનન કરવામાં, તથા પ્રાર્થનામાં. સર્વથી વિશેષ જો તમે અમારી સાથે પ્રભુની દ્રાક્ષવાડીમાં કામ કરો તો જે કામ કરવાની અમે સલાહ આપીએ તે, પ્રભુના મહિમા માટે જે જગ્યાએ તથા જે વખતે અમે ઠરાવીએ તે જગ્યાએ તથા તે વખતે, તમારે કરવું જરૂરનું છે.

૧૨૩. નાની શિખામણો કે જે આપણને ઉપયોગી થઈ પડે તે કદાચ આ છેઃ—૧. એ નક્કી કરી લો કે સભાને કદી નિરાશ કરવી નહિ. ૨. સભા નીમેલે વખતે શરૂ કરો. ૩. તમારી બધી વર્ત્તણુક ગંભીર, વજનદાર, તથા ધાર્મિક રાખો. ૪. હમેશાં તમારો વિષય તમારા શ્રોતાજનોને માફક આવે એવો રાખો. ૫. તમારાથી બને એટલું સાદામાં સાદું વાક્ય પસંદ કરો. ૬. સંભાળ રાખો કે વિષયથી આડા જવું નહિ પણ તેને વળગી રહો, અને જે તમે હાથમાં લો તેને સાબિત કરી આપો. ૭. તમારી અંગચેષ્ટા, વાકય, અથવા ઉચ્ચારમાં કંઈ ચીજ પ્રતિકૂળ અથવા ઢોંગ ભરેલી હોય તો તે વિષે સંભાળ રાખો. ૮. ઘણું કરીને અટકાવ વગર વધારેમાં વધારે આઠ અથવા દસ મિનિટથી વધારે પ્રાર્થના ન કરો. ૯. શાસ્ત્રના અમુક ભાગને વારંવાર વાંચો અને તેને વિસ્તારીને બોલો; અને જુવાન ઉપદેશકોને કંઇ પણ વાકય લેવા વગર બોધ કરવા દો. ૧૦. મોટા ઉત્સવો હોય તે પ્રસંગે ઉપદેશ કરો.

૩. આત્મિક લાયકાત.

૧૨૪. ઉપદેશકની ફરજ આ છેઃ ૧. ઉપદેશ કરવો. ૨. મંડળીઓને તથા વર્ગોને મળવું. ૩. માંદાઓની મુલાકાત લેવી.

૧૨૫. ઉપદેશક પરમેશ્વર સાથે નિકટ સંબંધે ચાલ-

વાથી પોતાનું કામ અંતઃકરણમાં વિશેષ રાખવાથી, અને શિક્ષણને (ખાસ કરીને આપણી) સમજવાથી તથા અહાવાથી પોતાની કામ માટે લાયક થશે.

૧૨૬. આપણુ એક બીજા ઉપર સંપૂર્ણ રીતે નજર રાખતા નથી. શું આપણે એક બીજાને વારંવાર નિચે મુજબ પુછવું જોઈએ નહિ કે, તમે પરમેશ્વરની સાથે નિકટ સંબંધથી ચાલો છો ? તમને હમણાં દેવ પિતા તથા દિકરા સાથે સંગત છે ? તમે કેટલા વાગે ઉઠો છો ? સવાર તથા સાંજનો એકાંત વાસનો વખત તમે નિયમસર ગુજારો છો?' કૉન્ફરન્સ સલાહ આપે છે તે રીતે તમે તમારો દિવસ ઉપયોગમાં લો છો ? શું તમે ગંભીરપણાથી, ઉપયોગીપણાથી, તથા નિકટ સંબંધથી સંભાષણ કરો છો ? ખાસ કરીને કૃપાનાં બધા સાધનોનો તમે પોતે ઉપયોગ કરો છો, તથા તેમનો ઉપયોગ કરવાની બીજા બધા માણસોપર શું ફરજ પાડો છો ?

૧૨૭. કૃપાનાં સાધનો બે પ્રકારનાં છેઃ સ્થાપેલાં અથવા ડહાપણનાં.

૧૨૮. સ્થાપેલાં સાધનો આ છેઃ

૧. પ્રાર્થનાઃ ખાનગી, કૌટુમ્બિક, તથા જાહેર; તેમાં કઈ આફત દૂર થાય એ વિષેની, અરજી વિષેની, મધ્યસ્થી વિષેની, તથા ઉપકાર માનવા વિષેની પ્રાર્થનાઓ આવી જાય છે. શું, આમાંની દરેક તમે કરો છો ? તમે જ્યાં હો ત્યાં ખાનગી ભક્તિ કરવા માટેનો વખત મેળવવા સારૂ પૂર્વ યોજના કરી રાખો છો ? શું, તમે દરેક ઠેકાણે તે કરો છો ? શું, તમે ઘેરઘેર પૂછો છો કે તમે કૌટુમ્બિક પ્રાર્થના કરો છો ? શું તમે લોકોને પૂછો છો કે, તમે ખાસ કરીને દરરોજ સવારે તથા સાંજે ખાનગી પ્રાર્થના કરો છો ?

૨. પવિત્ર શાસ્ત્રને તપાસવું: ૧. વાંચનઃ નિરંતર, દર રોજ કંઈક ભાગ; નિયમસર, આખું. શાસ્ત્ર અનુક્રમ પ્રમાણે એટલે પહેલેથી છેલ્લે સુધી; હોશિયારીથી, નોંધ સાથે; ગંભીરતાથી, વાંચવા પહેલાં તેમજ વાંચી રહ્યા પછી પ્રાર્થના; ફાયદા પૂર્વક, તમે જે કંઈ તેમાંથી શીખો તેનો ઉપયોગ તરતજ કરવાથી. ૨. મનનઃ ઠરાવેલે વખતે; નિયમ પ્રમાણે. ૩. સાંભળવું: દરેક પ્રસંગે; સાંભળવા પહેલાં, સાંભળતી વખતે, અને સાંભળી રહ્યા પછી પ્રાર્થના સાથે. શું તમે પવિત્ર શાસ્ત્રને હમેશાં તમારી પાસે રાખો છો ?

૩. પ્રભુ ભોજન: શું તમે એ દરેક પ્રસંગે પાળો છો ? તે લેવા પહેલાં ગંભીરતાથી પ્રાર્થના કરો છો ? અને શું ભાવિક તથા વિચારવંત આત્મભક્તિથી લો છો ?

૪. અપવાસ: શું તમે દરેક અઠવાડીએ પોતાની તન્દુરસ્તી, શક્તિ તથા કામના પ્રમાણમાં બની શકે, તેટલા પરહેજગાર રહો છો તથા અપવાસ કરો છો ?

૫. ખ્રીસ્તી આચરણ: તમારી વાતચિતને બરાબર રીતે યોગ્ય તથા વ્યવસ્થિત કરવી એ કેટલું જરૂરનું અને અગત્યનું છે તે વિષે તમારી ખાત્રી થઈ છે ? શું તમારી વાતચિત હમેશાં કૃપાદષ્ટિત છે ? શું મીઠાથી સ્વાદિષ્ટ કરેલી છે ? શું સાંભળનારાઓને કૃપા પહોંચાડે તેવી છે ? શું તમે એકજ વખતે ઘણાં લાંબા વખત સુધી સંભાષણ કરતા નથી ? શું એક કલાક સાધારણ રીતે બસ નથી ? શું, કોઈ ખાસ નક્કી કરેલો ઉદ્દેશ લક્ષમાં રાખવો, અને પહેલાં તેમજ પાછળથી પણ પ્રાર્થના કરવી એ ઠીક નથી શું ?

૧૨૯. ડહાપણથી ઠરાવેલાં સાધનો: આપણે ખ્રીસ્તીઓ તરીકે, મેથોડિસ્ટ તરીકે, અને ઉપદેશકો તરીકે વાપરી શકીએ.

૧. ખ્રીસ્તીઓ તરીકે: કૃપામાં વધવા માટે તમારા ક્યા

ખાસ નિયમો છે? પવિત્ર રહેણી માટે કઈ પદ્ધતિ છે?

૨. મેથોડિસ્ટ તરીકે: શું તમે કદી પોતાના વર્ગમાંથી ગેરહાજર રહો છો?

૩. ઉપદેશકો તરીકે: શું તમે તમારી ફરજ વિષે પુરે-પુરો વિચાર કીધો છે? તથા તેનો દરેક ભાગ પ્રેરક-બુદ્ધિથી કરો છો? શું તમે દરેક વર્ગ તથા તેના પ્રમુખોને મળો છો?

૧૩૦. કદાચ આ સાધનોનો ઉપયોગ ફળ વગર થઈ શકે. પણ બીજા કેટલાંએક સાધનો એવાં છે કે, જે એઓનો ઉપયોગ ફળ વગર થઈ શકે નહિ, જેમકે: જાગતા રહેવું, પોતાનો નકાર કરવો, પોતાનો વધસ્તંભ ઉચકવો, અને દેવની સમક્ષતાની યાદ રાખવી.

૧. શું તમે જગત સામે, પોતા સામે, તથા પોતાને વળગેલા પાપ સામે દૃઢતાથી નજર રાખી જાગૃત રહો છો?

૨. વિષય, કલ્પના, તથા માનના દરેક નકામા સુખથી શું તમે પોતાનો નકાર કરો છો? શું તમે સઘળી વાતોમાં પરહેજગાર રહો છો? દાખલા તરીકે: ૧. શું તમારા શરીર તથા તમારા આત્મા એ બન્ને માટે જે સૌથી સારો અને યોગ્ય હોય એવોજ ખોરાક માત્ર તમે વાપરો છો? શું આવી પરહેજગારીની જરૂરિયાત વિષે તમે જાણો છો? શું દરેક ટંકે જોઇએ તે કરતાં વધારે ખોરાક તમે ખાતા નથી? શું ખાધા પછી તમે સુસ્ત અથવા ઉધાકળા થતા નથી? ૨. શું તમારા શરીર તથા તમારા આત્મા એ બન્નેને માટે યોગ્ય હોય એવી જાતનું તથા એટલા દરજ્જાનું પીણું ફક્ત તમે વાપરો છો? શું તમારા સાધારણ પીણા માટે તમે પાણીને પસંદ કરો છો અને તેને વાપરો છો, અને દારૂ ફક્ત દવા તરીકે અને પવિત્ર સંસ્કાર વખતે લો છો?

૩. તમે શામાં તમારો વધસ્તંભ દરરોજ ઉચકો છો? શું પરમેશ્વરના દાન તરીકે, દેહને ગમે તેટલો દુઃખદાયક હોય તો પણ તમે તમારો વધસ્તંભ ખુશીથી ઉચકો છો, અને તેથી ફાયદો મેળવવાને પ્રયત્ન કરો છો?

૪. શું પરમેશ્વરને હમેશાં તમારી નજર આગળ રાખવાને તથા તેની નજર તમારા પર જાથુ રખાવવાને મહેનત કરો છો?

૧૩૧. જો તમે આ સાધનોનો ઉપયોગ કરશો તો જરૂર આશીર્વાદ પામશો. અને જેમ જેમ તમે તેનો વધારે ઉપયોગ કરશો તેમ તેમ કૃપામાં વધતા જશો.

૪. વખતનો ફાયદાકારક ઉપયોગ કરવા વિષે.

૧૩૨. આપણા વખતનો ઉપયોગ કરવાના સાધારણ નિયમ તરીકે અમે તમને નિચે પ્રમાણે સલાહ આપીએ છીએ: ૧. જેટલી વાર બને તેટલી વાર સવારના ૪ વાગે ઉઠવું. ૨. સવારના ૪ થી ૫ સુધી તથા સાંજના ૫ થી ૬ સુધી મનન કરવું, પ્રાર્થના કરવી, તથા પવિત્ર શાસ્ત્ર ટીકા સાથે વાંચવું, અને મી. વેસ્લીએ જે પ્રસિદ્ધ કીધું છે તેમાંના વ્યવહારોપયોગી ભાગો પણ વાંચવા. ૩. જ્યાં બની શકે એવું હોય ત્યાં સવારના ૬ થી ૧૨ વાગ્યા સુધીનો વખત સારી ચોપડીઓ વાંચવામાં, અભ્યાસ કરવામાં તથા ખાનગી ભક્તિમાં કાઢવો.

૧૩૩. આપણી સંભાળ હેઠળના માણસો વધારે સારા નથી એનાં બીજા કારણો હશે પણ એનું મુખ્ય કારણ એ છે કે આપણે પોતે વધારે જ્ઞાની તથા વધારે પવિત્ર નથી.

૧૩૪. આપણે વધારે જ્ઞાની નથી કારણ કે આપણે આળસુ છીએ. આપણે આપણો પહેલો નિયમ ભુલી જઇએ છીએ, એટલે કે "ઉદ્યોગી થાઓ. કદી નવરા ન રહો.

કદી નજીવા કામમાં ન વળગો. કોઈ પણ જગ્યાએ ઘણુંજ જરૂર હોય તે કરતાં વધારે વખત ન ગાળો." અમને ધારતી છે કે આ બાબતમાં પૂરી ખામી છે, અને આપણા-માંના થોડાજ આ વિષે નિર્દોષ છે. પહેલા આપણે સંસારી કામમાં જેટલા કલાક ગાળતા હતા તેટલા દરરોજ પરમે-શ્વરના કામમાં આપણામાંના કોણ ગાળે છે ? આપણે ગમે તો વાત કર્યા કરીએ છીએ અથવા જે કંઈ હાથમાં આવે તે વાંચીએ છીએ. આપણે આ દુષ્ટતાને જરૂર પૂરેપૂરી દૂર ક-રવી જોઇએ, નહિ તો પરમેશ્વરના પક્ષનો વિશ્વાસઘાત ક-રીશું. પણ આ દુર્ગુણ કેવી રીતે દૂર થાય ? ૧. સૌથી વધારેમાં વધારે ઉપયોગી પુસ્તકો નિયમસર તથા વારંવાર વાંચો ૨. એ કામમાં દ્રઢતાથી સવારનો બધો વખત ગાળો, અથવા ચોવીસ કલાકમાંથી ઓછામાં ઓછા પાંચ કલાક ગાળો. કદાચ તમે કહો કે, "મને વાંચવાનો કંઈ શોખ નથી." તો સારાં પુસ્તકો વાંચીને શોખ ઉત્પન્ન કરો, અથવા તમારા સંસારી કામમાં પાછા વળગો. કદાચ તમે કહો કે, "મારી પાસે કોઇ પુસ્તકો નથી." તો તમે પુ-સ્તકો ફેલાવવાને તત્પર થાઓ, અને તેનો ઉપયોગ તમા-રાથી થઈ શકશે.

૫. આપણા મધ્યે ઐક્યતાની જરૂરિઆત.

૧૩૫. જે આપણે લખ્યું છે તે ઉપરથી આપણે મૂળ તત્વ ભાવ તથા સંપ્રદાયમાં જુદા પડવાની આફત વિષે, અને તેથી આપણા તથા બીજા પ્રત્યે આવનાર ભયંકર પરિણામ વિષે ગંભીરપણે માહિતગાર થવું. જો આપણે ઐક્ય હોઇએ તો આપણી આગળ કોણ ઉભું રહી શકે ? જો આપણામાં તડ પડે તો આપણે પોતાનો, દેવના કામનો, તથા આપણા લોકોના આત્માઓનો નાશ કરીશું.

૧૩૬. એક બીજા સાથે વધારે નિકટ સંબંધ રહે એ માટે: ૧. આ ઐક્યતાની ખાસ જરૂરિઆત વિષે પોતાના મનમાં પૂરેપૂરી ખાત્રી કરો. ૨. એક બીજા માટે આતુરતાથી પ્રાર્થના કરો, તથા એક બીજા સાથે મોકળાપણાએ વાતચિત કરો. ૩. જ્યારે આપણે ભેગા મળીએ ત્યારે પ્રાર્થના કર્યા વગર કદી છુટા પડવું નહિ. ૪. આપણાથી એક બીજાના સ્વભાવિકબુદ્ધિને હલકાં ન ગણાય માટે ઘણું સંભાળો. ૫. એક બીજા વિષે કદી હલકાઇથી ન બોલો. ૬. સત્ય સાથે મળતું આવે ત્યાં સુધી દરેક વાતમાં આપણે એક બીજાની ચાલચલણનું રક્ષણ કરવુ. ૭. એક બીજાને પોતાની પહેલાં આગળ ચઢાવવાને માનની રાહે મહેનત કરો.

૬. કૉન્ફરન્સ વખતની વર્તણુક.

૧૩૭. એવું ઇચ્છવામાં આવે છે કે એ પ્રસંગે સઘળી વાતો ઇશ્વરની રૂબરૂમાં થતી હોય એમ ધારવું; અને દરેક માણસ પોતાના અંતઃકરણમાં જે હોય તે મોકળાપણાએ બોલે.

૧૩૮. કૉન્ફરન્સો વખતે આપણે આપણા વખતનો સૌથી સારો ઉપયોગ કરી શકીએ એ માટેઃ ૧. જ્યારે આપણે વાત કરતા હોઇએ ત્યારે ઇશ્વરને હમેશાં આપણી નજર આગળ રાખવાને ખાસ સંભાળ લેવી. ૨. વચ્ચેનો વખત આપણાથી બને તેટલો ખાનગી ભક્તિમાં ગાળવો. ૩. તે વખતે આપણે એક બીજા માટે તથા આપણા કામ પર આશીર્વાદ આવે તે માટે પ્રાર્થના કરવી.

૭. ક્યાં અને કેવી રીતે ઉપદેશ કરવો.

૧૩૯. જે જગ્યામાં મંડળી સ્થાપન ન થાય તેવી જગ્યામાં આપણે ઉપદેશ કરીએ તે ડહાપણ ભરેલું નથી. આપણે ઘણી જગ્યાએ તથા અમુક વખત સુધી ઘણા પ્રયત્ન કીધા છે, પણ તે બધાં બી રસ્તાની કોરે પડયા છે.

ક્વચિત જ કાંઈ ફળ રહ્યું જાય.

૧૪૦. આપણે ઘણું કરીને એવી જગાઓએ ઉપદેશ કરવાને પ્રયત્ન કરવો જોઈએ, ૧. જ્યાં શાંતતાથી તથા ખુશીથી સાંભળનારાઓની વધારેમાં વધારે સંખ્યા હોય; ૨. જ્યાં વધારે ફળ મળતું હોય.

૧૪૧. દેવ કઈ જગાઓમાં કોઈ પણ વખતે પોતાનો આત્મા વધારે પુષ્કળતાએ રેડવાને ખુશી છે તે વિષે આપણે કાળજીથી અવલોકન કરવું જોઈએ, અને તે વખતે ફસલના તે ભાગમાં હમેશ કરતાં વધારે મજુરો મોકલવાં.

૧૪૨. ઉપદેશ કરવાનો સૌથી સારો સાધારણ નિયમ આ છે, ૧. લોકોને પુરાવાથી પાપ વિષેની ખાતરી કરી આપવી. ૨. ખ્રીસ્તનો સ્વિકાર કરાવવા માટે તેને લોકોના મોંઢાં આગળ ધરવો; ૩. ખ્રીસ્ત પાસે આવવા આમંત્રણ કરવું; ૪. સાંભળનારાઓને વિશ્વાસમાં દૃઢ કરવા. આ કામ દરેક ઉપદેશમાં કેટલેક દરજ્જે કરવું.

૧૪૩ ખ્રીસ્ત વિષેનો ઉપદેશ કરવાની અતિ અસરકારક રીત એ છે કે તેની દરેક પદ્વીમાં તેના વિષે ઉપદેશ કરવો; અને તેના ફાયદા તેમજ સુવાર્તા, વિશ્વાસીઓ તથા અવિશ્વાસીઓ એ બન્ને આગળ જાહેર કરવાં. આપણે અંતઃકરણની તથા ચાલચલણની પવિત્રતા વિષે આગ્રહથી તથા બારીકાઈથી ઉપદેશ કરીએ.

૮. પાલકનું પ્રમાણીકપણું.

૧૪૪. જેઓ આપણી દેખરેખ હેઠળ છે તેઓને તેમના ઘેર જઈને તેઓને બોધ આપીને આપણે વધારે મદદ આપી શકીએ છીએ. આની કેટલી અત્યાવશ્ય જરૂર છે! લોકો કહે છે કે "મેથોડિસ્ટ લોકો બીજા લોકો કરતાં કંઈ વધારે સારા નથી." આ સાધારણ રીતે ખરૂં નથી; પણ

૧. આપણી મધ્યે દેવ અને માણસ એ બન્ને તરફ પોતાનો ધર્મ ઘણો ઉપરઉપરનો છે. આપણે ફક્ત થોડી બાબતો વિષે બોલી શકીએ છીએઃ આપણામાં કેટલો થોડો વિશ્વાસ છે! દેવ સાથે કેટલો થોડો સમાગમ છે! દરેક દૈહિક વસ્તુ પ્રત્યે મુએલા થઈ, સનાતનપણાએ ચાલીને, સ્વર્ગીય જીવન, કેટલું થોડું ગુજારીએ છીએ! દુનિયાપર કેટલી બધી માયા! એશઆરામ, સુખ તથા પૈસા મેળવવાની કેટલી બધી ઇચ્છા! ભાઈઓપરની કેટલી ઓછી પ્રીતિ! એક બીજાનો કેટલો હમેશા ગુણદોષ પર્ખા-વવો! નકામી વાતો, નિંદા, તથા ચાડી, એ કેટલું વિશેષ કરવામાં આવે છે! નૈતિક પ્રમાણિકપણાની કેટલી બધી ખોટ છે! ફક્ત એકજ બાબતનો દાખલો આપીએ, એટલે વેચાતું લેવામાં તથા વેચવામાં જેમ તમે ચાહો કે માણસો તમને કરે તેમજ કોણ કરે છે?

૨. ઘણી જગ્યાઓમાં કૌટુમ્બીક ધર્મની કેટલી બધી ખોટ છે. અને જો કે આપણે દૂતોની માફક ઉપદેશ કરી શકીએ તોપણ ફક્ત જાહેર ઉપદેશથી શું ફાયદો થાય? આપણે. હા. દરેક ઉપદેશકે ઘેરેઘેર લોકોને બોધ આપવો જોઇએ. જ્યાં સુધી આ ખરા ભાવથી કરવામાં આવે નહિ ત્યાં સુધી મેથોડિસ્ટ લોકો વધારે સારા થશે નહિ.

૩. આપણો ભાવ પૂરેપૂરો ઉંડો સર્વમય તથા એક સરખો નથી, પણ ઉપર ઉપરનો, પક્ષપાતી, તથા અસમાન છે. આપણે હમણાં નકામી વાતો કરવામાં જેટલો વખત ગુમાવીએ છીએ તેનો અડધો વખત આ પ્રમાણે મુલાકાત લેવામાં નહિ ગાળીશું ત્યાં સુધી તે એમજ પ્રમાણે રહેશે. આપણને આ બાબતમાં (ઘેરેઘેરની મુલાકાતમાં) આપણા પોતા તરફથી તેમજ લોકો તરફથી ઘણી અડચણો મળી

આત્રી. ૧. આપણામાં ઘણી આળસાઈ તથા સુસ્તપણું છે, માટે તે કામમાં પોતાને વિશ્વાસુ કરવાને ઘણી મહેનત કરવી જોઇએ. ૨. આપણો સ્વભાવ નીચ તથા માણસોની ખુશામત કરનાર છે જેથી લોકોનો પ્રેમ ગુમાવવા કરતાં આપણે તેઓનો નાશ થવા દઇએ છીએ; તેઓને માઠું ન લાગે માટે આપણે તેઓને સ્વસ્થપણે નર્કમાં જવા દઇએ છીએ. ૩. આપણામાંના કેટલાક નકામા શરમાય છે. કામની શરૂઆત કેવી રીતે કરવી તે વિષે આપણે જાણતા નથી, તથા શેતાનની વિરૂદ્ધ થવાને શરમાઇએ છીએ. ૪. પણ મોટામાં મોટી અડચણ વિશ્વાસનું નબળાપણું છે. આપણી સઘળી હીલચાલ નબળી છે, કારણ કે તેનું મૂળ નબળું છે. ૫. છેલ્લી વાત આ છે, કે આપણે પોતાના કામમાં હુશીયાર નથી. માણસો સાથે કેવી રીતે કામ કરવું કે જેથી કરી તેઓપર અસર કરવી, તથા તેમની જુદી જુદી સ્થિતિ તથા સ્વભાવને લાયક આપણો સઘળો ઉપદેશ થાય, લાયકમાં લાયક વિષયો પસંદ કરવા, તથા ગંભીરતા, ધાક, પ્રીતિ તથા નમ્રતા એઓના પવિત્ર મિશ્રણથી તેમને અનુસરવું, તે વિષે કેટલા થોડા જાણે છે!

૧૪૫. પણ નિઃસંશય આ ખાનગી સલાહ પ્રેરિતોના ગંભીર વચનોમાં સિદ્ધ થાય છે, એટલે: ‘ દેવની આગળ ને ઇસુ ખ્રીસ્ત જે જીવતાં તથા મુએલાંઓનો ન્યાય કરવાનો છે તેની આગળ ને તેના પ્રગટ થવાના તથા રાજ્યના વિચારથી હું તને હઠેઠથી કહું છું કે, તું વાત પ્રગટ કર, સુકાળમાં અકાળમાં તત્પર રહે, સર્વ સહનસીલપણામાં તથા ઉપદેશમાં ઠપકો દે, ધમકાવ તથા બોધ કર.’’ ૨ તીમ. ૪: ૧,૨.

૧૪૬. ઓ ભાઇઓ, જો આપણે આપણી બધી મંડળીઓમાં આ કામ શરૂ કરીએ અને ઉત્સાહવડે તેની

પાછળ મંડ્યા રહીએ તો પરિણામે દેવનો કેટલો મહિમા થાય ! જો સામાન્ય નિરુત્સાહી આપણામાંથી બીલકુલ દૂર થઈ જાય, અને દરેક દુકાન તથા દરેક ઘરમાં પરમેશ્વરનાં કામો તથા વચનોની ચર્ચા કરવામાં આવે તો ખચિત દેવ આપણા મધ્યે રહેશે અને આપણમાં પોતાનો આનંદ દર્શાવશે '

૧૪૭. આપણા લોકોના હિતને માટે આ તદન જરૂરનું છે, કેમકે તેમાંના કેટલાએક આજદીન સુધી પસ્તાવો અથવા વિશ્વાસ કરતા નથી. આસપાસ નજર કરો અને જુઓ કે તેમાંના કેટલા હજી સુધી શિક્ષાના દષ્ય ભયમાં છે, અને જ્યારે તમે તેઓની સ્થિતિ જાણો ત્યારે તમે તેવા લોકો સાથે કેવી રીતે ચાલી શકો, વાત કરી શકો, તથા આનંદી થઈ શકો ? માટે જેમ હઝાએલને જોઇને ભવિષ્યવાદીએ કીધું તેમ તમે પણ તેઓની સાથે કરો: એટલે તમે જ્યારે તેઓના મુખ સામું જુઓ ત્યારે રડો અને પછી જુસ્સાથી તેઓને બોધ આપો. અરે દેવની ખાતર તથા ગરીબ આત્માઓની ખાતર તમે પોતે જાગૃત થાઓ, અને તેઓનું તારણ થાય એ માટે કંઈ મહેનત કરવાની બાકી ન રાખો ! આ ઉત્તમ કામથી આપણે આટલા લાંબા વખત સુધી બેદરકાર રહ્યા માટે દેવની આગળ વિલાપ કરવાને માટે આપણને કેવું કારણ છે ! જો આપણે જરા વહેલા આ કામે લાગ્યા હોત તો કેટલા બધા વધારે માણસો ખ્રીસ્તની તરફ લાવવામાં આવ્યા હોત ? અને આપણી મંડળીઓ અત્યાર અગાઉનાં કેટલાં વધારે પવિત્ર તથા સુખી થયાં હોત ! અને આપણે તે કામમાં વધારે જલદી શા માટે ન લાગ્યા ? તેમાં ઘણી હરકતો હતી, અને હમેશાં તે થતી રહેશે. પણ સૌથી મોટામાં મોટી હરકત આપણા પોતામાં છે, એટલે આપણા વિશ્વાસ તથા પ્રીતિનું ઓછાપણું.

૧૪૮. પણ એની સામે થોડા વાંધા લેવામાં આવે છે કેઃ—

૧. "એ એટલો બધો વખત લેશે કે અમને અભ્યાસ કરવાને ફુરસદ મળશે નહિ." આનો જવાબ અમે આપીએ કેઃ ૧. જ્ઞાન મેળવવું એ સારી વાત છે પણ આત્માઓને બચાવવા એ એથી પણ વધારે સારી વાત છે. ૨. આ કામથીજ તમે સૌથી ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરશો, એટલે દેવ સંબંધી તથા અનંત કાળ સંબંધીનું. ૩. ફક્ત તમારે જેટલી ઉંઘની જરૂર છે તે કરતાં વધારે ઉંઘો નહિ, અને "કદી આળસુ થાઓ નહિ અથવા નજીવા કામમાં રોકાઓ નહિ," તો બીજું જ્ઞાન મેળવવાને પણ તમને વખત મળશે ૪. જો તમે ફક્ત એકજ કામ કરી શકો તો તમારા અભ્યાસને પડતો મુકો. એક આત્માના નાશને માટે ગુન્હેગાર થવા કરતાં દુન્યાના તમામ પુસ્તકાલય આપણે બાજુએ મુકવા જોઈએ.

૨. લોકો તેને તાબે થશે નહિ. જો થોડાએક નહિ માને તો પણ બીજા માનશે અને તેઓ સાથની તમારી ફતેહ તમારી સઘળી મહેનતનો બદલો વાળી આપશે. અરે! આપણે આ કામમાં પ્રેરિત પાઉલના નમુના પ્રમાણે ચાલીએ! (જુઓ, પ્રેરિતો. ૨૦; ૧૭—૩૫)—૧. આપણા સાધારણ કામકાજમાં, "મનની પુરી નમ્રતાથી પ્રભુની સેવા કરતો હતો." ૨. આપણું ખાસ કામ, "પોતા સંબંધી તથા જે ટોળી ઉપર પવિત્ર આત્માએ તમને અધ્યક્ષો ઠરાવ્યા છે તે સર્વ સંબંધી સાવધાન રહો." ૩. આપણો ઉપદેશ, "દેવ પ્રત્યે પશ્ચાત્તાપ કરવો તથા આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તપર વિશ્વાસ રાખવો." ૪. કામ કરવાની જગ્યા, "મેં પ્રગટ રીતે તથા ઘેરેઘેર તમને બોધ

કીધો." ૫. શીખવવાનું હતું અને રીત, "રાતદિવસ આંસુઓ સુદ્ધાં દરેકને બોધ કરવામાં હું ચુક્યો નહિ." ૬. આ વાતમાં તેનું નિરપરાધીપણું તથા સ્વનકાર, "મેં કોઈના રૂપાનો કે સોનાનો કે વસ્ત્રનો લોભ કીધો નથી." ૭. તેની ધીરજ, "હું મારો જીવ વહાલો જાણીને તેની કંઈ પણ દરકાર કરતો નથી." બીજા સઘળા હેતુ મધ્યે આ વાતો હમેશાં આપણી નજર આગળ રહેવા દો: (૧) "દેવની મંડળી જે તેણે પોતાના લોહીથી ખરીદી છે;" (૨) ક્રુર વરૂઓ તમારામાં પેસશે, અને તમારા પોતા મધ્યેથી પણ કેટલાએક માણસો ઉઠીને અવળી વાતો બોલશે."

૧૪૯. આ વાતોને તમારા અંતઃકરણોપર લખો, અને તે તમને વીસ વરસના અભ્યાસ કરતાં પણ વધારે ફાયદો કરશે. પછી તમને કંઈ પણ વખત નકામો ગાળવાનો રહેશે નહિ, અને તમને પૂરતું કામ મળશે. તેજ પ્રમાણે એવો એક પણ ઉપદેશક આપણી મધ્યે રહેશે નહિ કે જે બે સ્વાદ મીઠાના જેવો હોય; કારણકે એવાઓને આ કામ માત્ર વેઠ જેવું થઈ પડશે ને એ કામ કરવા માટે જેટલું જ્ઞાન તમે સંપાદન કરી શકો તેટલા જ્ઞાનની તથા જેટલી કૃપા તમે મેળવી શકો તેટલી કૃપાની તમને જરૂર થશે.

૧૫૦. સારાંશ એ છે કે વારા ફરતી દરેક ઘરમાં જાઓ અને તેમાંના દરેક વૃદ્ધ તથા જુવાનને આત્મીક રીતે તેમજ દૈહિક રીતે ખ્રીસ્તી થવાને શીખવો: દરેક બાબત તેમની સમજણમાં આવી જાય તેવી સ્પષ્ટ કરો: તે તેમના મગજમાં ઠસાવો: તે તેઓના હૃદય પર લખો. એ કરવા માટે આજ્ઞા પર આજ્ઞા તથા વિષય પર વિષય હોવા જોઈએ. આ કામને માટે કેટલી ધીરજ, કેટલી પ્રીતિ અને કેટલું જ્ઞાન આવશ્યક છે! જો આળસ તજી

દેવીજ હોય તો આપણે આ પ્રમાણે કરવું જોઇએ. શું દર અઠવાડીએ આપણે ઘણા કલાકો નકાંમા રખડતા નથી? દરેક પોતાને તપાસો; આળસાઈ તો કૃપાની વૃદ્ધિને અનુસાર નથી. ના, તમને ન્યાયકરણમાં મળેલી કૃપા વખત ખંડી લેવા માટે ચોકસી લીધા વગર તમે ગખી શકતા નથી.

૧૫૧. શા માટે આપણે વધારે પવિત્ર નથી? શા માટે આપણે સનાતનપણામાં રહેતા નથી, અને આખો દિવસ પરમેશ્વરની સાથે ચાલતા નથી? શા માટે આપણે બધા મીશનરીઓના સમગ્ર આત્માનો શ્વાસ લઈને ઇશ્વર પ્રત્યે લહીન થતા નથી? મુખ્ય કારણ એ છે કે આપણે સાધનોનો ઉપયોગ કર્યા વગર આપણે પરિણામને શોધનાર, એવા અત્યાતુર છીએ. ફક્ત બે અથવા ત્રણ દાખલા લઇએ: જે દિવસે આપણને ઉપદેશ કરવાનો ન હોય તે દીવસે આપણામાંનો કોણ ચાર અથવા પાંચ વાગે ઉઠે છે? શું ઉપવાસ તથા પરહેજગારીની ફરજો તથા ફાયદાને વિષે આપણે જાણીએ છીએ? કેટલીવાર આપણે તે પાડીએ છીએ? આ બાબતનો અનાદર ફક્ત આપણા આત્માની નબળાઇ તથા નિસ્તેજપણાનું પૂરતું કારણ છે. સ્પષ્ટ ફરજ હમેશાં અનાદર કરવાથી આપણે દેવના પવિત્ર આત્માને નિરંતર ખેદિત કરીએ છીએ. ચાલો આપણે આ ઘડીથી પોતાની ચૂક સુધારીએ.

૧૫૨. નિઆમચારનો ભંગ, નિંદા, વ્યર્થ વાતચિત, હલકાઈ, કિંમતી અથવા ભપકાદાર પોશાક, અને દેવું વાળવાની યોગ્ય સંભાળ લેવા વગર દેવું કરવું; આ બાબત સંબંધી સંભાળ લેવા માટે, ૧. એ વિષયોમાંના દરેક ઉપર આપણે ખાશ કરીને ઉપદેશ કરીએ. ૨. નિંદા વિષેનો ઉપદેશ દરેક મંડળીમાં વાંચી સંભળાવવો. ૩. વર્જના

આગેવાનો બારીકાઇથી તપાસ કરે તથા શ્રાપિત બાબતનો ત્યાગ કરવાને દરેક માણસને બોધ આપે. ૪. ઉપદેશકો દરેક મંડળીને ચેતવણી આપે કે, જે કોઇ આ વિષે ગુન્હેગાર માલમ પડે તે આપણી સાથે રહી શકતો નથી. ૫. જે ચીજોપર સરકારે ઠરાવેલી જકાત આપવામાં આવી નહિ હોય તેવી ચીજોની ખરીદી અથવા વેચાણનો આપણી મંડળીમાંથી સમુળગો નાશ કરો. જે કોઇ માણસ દરેક જાતની ભુંડાઇથી પૂરેપૂરો દૂર નહિ થાય તે આપણી સાથે રહે નહિ. કોઈ પણ ચૂંટણી વખતે મત આપવા માટે લાંચ એટલે સીધી રીતે અથવા આડકતરી રીતે કોઇ ચીજ લેવી તેનો સમુળગો નાશ કરો. આ બાબતમાં માણસોનું કંઈ માન ન રાખે, પણ જેઓ શ્રાપિત વસ્તુનો સ્પર્શ કરે તે બધાને બહિષ્કાર કરો. અને ચૂંટણીઓ પહેલાં અથવા તે વખતે જે બિજબાનીઓ ઉમેદવારો તરફથી આપવામાં આવે તે તેને દાબવાને તથા આવા અધર્મી પ્રચારની કોઈ પણ બાબતમાં ભાગીદાર ન થવાને આપણા લોકોને મજબુત રીતે શિખામણ આપો.

પ્રકરણ ૨. પાદરીઓ તથા વાર્ષિક કૉન્ફરન્સ.

CHAPTER II. MINISTERS AND ANNUAL CONFERENCES.

૧. અજમાએશપર દાખલ થવું.

૧૫૩. ઉપદેશકને વાર્ષિક અથવા મિશન કૉન્ફરન્સની મંજુરીથી અજમાએશપર (ઉમેદવાર તરીકે) દાખલ કરવામાં આવે.

૧૫૪. ૧. તેણે (૧) ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સના અધ્યક્ષ તથા

ચીટણીસનું સહી કરેલું ભલામણપત્ર રજુ કરવું જોઇએ અથવા જ્યાં ડિસ્ટ્રિકટ કૉન્ફરન્સ ન હોય ત્યાંની ત્રિમાસિક કૉન્ફરન્સ કે જેનો પોતે સભાસદ છે તેનું ભલામણપત્ર રજુ કરવું જોઇએ; (૨) અજમાએશપર દાખલ થનાર ઉમેદવારો માટે ઠરાવેલા અભ્યાસના પોતાના જ્ઞાન વિષે તેણે વાર્ષિક અથવા મિશન કૉન્ફરન્સને સંતોષકારક પુરાવો આપવો જોઇએ; અને (૩) કૉન્ફરન્સની સભાસદપણા સંબંધીની કમિટીને નીચેના સવાલોના લેખિત જવાબ આગળથી સોંપી દેવા જોઇએ, એટલે:

૧. શું તમને દેવું છે કે જેથી કરીને તમને પાદરીપદના કામમાં અડચણ થાય ?

૨. શું તમાકુનો ઉપયોગ કરવાથી તમે પરંપરા પરહેજગાર રહેશો ?

યાદી:—બીજા પંથોમાથી જે પાદરીઓ આપણામા આવવા માગે તેઓ પાસેથી પણ આ બે સવાલોના જવાબ માગવામા આવશે.

૨. યાદ રાખો કે અજમાએશપર દાખલ કરવો એ કોઈ ઉપદેશકને કૉન્ફરન્સનાં પૂર્ણ સભાસદમાં દાખલ કરવો તેથી તદન જુદું છે. અજમાએશપર દાખલ કરેલા માણસને કંઈ પણ વાંધો ઉઠાવ્યા વગર કૉન્ફરન્સના પૂર્ણ સભાસદપણામા દાખલ કરી શકાય અથવા નામંજૂર કરાય. નહિ તો તે અજમાએશ કહેવાયજ નહિ.

૧૫૫. ઉપદેશક જ્યારે અજમાએશપર હોય ત્યારે તેના ઉપદેશ કરવાના અધિકાર સંબંધી ફક્ત વાર્ષિક કૉન્ફરન્સનેજ સત્તા છે; અને જો અજમાએશપર તેને ચાલુ કરે તો એ તેનો ઉપદેશ કરવાનો પરવાનો ફરીથી આપ્યાની બરાબર છે. જો તેને અજમાએશપરથી મોકુફ કરવામાં આવે

તો તે વખતે જ્યાં તે રહેતો હોય ત્યાંના સરકટની ત્રિમાસિક કૉન્ફરન્સનો તે સભાસદ થશે; અને જો તે ડીકન અથવા એલ્ડર નહિ હોય તો તેના ઉપદેશ કરવાના પરવાનો જો એક વરસની અંદર ફરી આપવામાં નહિ આવે તો તેની મુદત પૂરી થશે.

૧૫૬. કોઈ અદીક્ષિત ઉપદેશકને વાર્ષિક કૉન્ફરન્સનાં અજમાએશપર દાખલ કરવામાં આવે, તથા કોઈપણ દિક્ષિત થએલા સાથી સિવાય, સદરહુ કૉન્ફરન્સમાં જે બિશપ પ્રમુખ હોય તેનાથી તેની કોઈ સરકટમાં નિયમસર નિમણુંક કરવામાં આવે, અથવા કોઇ સ્થાનિક ઉપદેશક કે જે અજમાયશપર ન હોય તેને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ સરકટનો પાલક તરીકે ઠરાવે, એ બન્ને દાખલામાં અને જ્યાં સુધી ઉપલી સ્થિતી રહે ત્યાં સુધી પાળક અથવા એ પ્રમાણે ઠરાવેલા પાળકને બાપ્તિસ્માનો સંસ્કાર આપવાની તેમજ જે દેશમાં તે રહેતો હોય તે દેશના કાયદાની પરવાનગી મળે તો લગ્નક્રિયા કરવાની સત્તા તેને આપવામાં આવે.

૧૫૭. [આ પારાગ્રાફ હિંદુસ્તાનને લાગુ પડતો નથી.]

૨. પૂર્ણ સભાસદપણામાં દાખલ થવું.

૧૫૮. અજમાએશપર રહેલો ઉપદેશક જે સરકટોમાં અથવા મંડળીઓમાં નિયમિત રીતે કામપર, અથવા આપણામાંના એક વિદ્યાલયમાં શિક્ષક તરીકે, અજમાએશપર દાખલ કર્યા પછી લાગલાગટ બે વરસ સુધી કામે રહ્યો હોય તેને કૉન્ફરન્સના પહેલા બે વરસના અભ્યાસક્રમના પોતાના જ્ઞાનનો સંતોષકારક પુરાવો આપ્યા પછી, તથા ૧૫૯ મી કલમમાં બતાવેલી પરીક્ષા કૉન્ફરન્સ આગળ લેવાયા પછી પૂર્ણ સભાસદપણામાં દાખલ કરી શકાય; એ શરતે કે, તેનો અર્થ એમ નહિ થાય કે જેથી કોઈ શખશે આપણામાંના

એક વિદ્યાલય અથવા ઇશ્વરવિદ્યાશાળામાં વિદ્યાર્થિ હોવા છતાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની નિમણુંકથી કોઈ સરકટ અથવા મંડળીમાં યોગ્ય લાંબા વખત સુધી પાળકનું કામ નિયમસર કર્યું હોય તેનો પૂર્ણ સભાસદપણામાં દાખલ થવાનો અટકાવ ન થાય.

૧૫૯. કૉન્ફરન્સમાં ગંભીર: અપવાસ તથા પ્રાર્થના કીધા પછી, ઉપદેશકને પુર્ણ સભાસદપણામાં દાખલ કરતી વેળા કૉન્ફરન્સ આગળ નીચેના સવાલો તથા તેની સાથે બીજા કોઈ જરૂરના લાગે તેવા સવાલો પૂછવામાં આવે, એટલેઃ

૧. શું તમે ખ્રીસ્તપર વિશ્વાસ રાખો છો ?

૨. શું તમે સંપૂર્ણતા તરફ આગળ વધતા જાઓ છો ?

૩. શું તમે આ જીંદગીમાં પ્રીતિમાં પુરા થવાની આશા રાખો છો ?

૪. શું તમે તેને મેળવવાને આતુરતાથી કોશિશ કરો છો ?

૫. શું તમે પરમેશ્વરને તથા તેના કામને માટે પોતાને પરેપૂરા અર્પણ કરવાનો નિશ્ચય કર્યો છે ?

૬. શું તમે આપણી મંડળીના સામાન્ય કાયદા જાણો છો ?

૭. શું તમે તે પાળશો ?

૮. શું તમે મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીના મતનો અભ્યાસ કીધો છે ?

૯. શું તમે આપણા મતોની સંપૂર્ણ પરીક્ષા કર્યા પછી માનો છો કે તે પવિત્ર શાસ્ત્ર સાથે મળતાં છે ?

૧૦. શું તમે તે વિષે બીજાઓને શિખાડશો તથા તેને ટેકો આપશો.

૧૧. શું તમે આપણી મંડળીના કાર્યવ્યવસ્થાની પદ્ધતિ તથા બંધારણનો અભ્યાસ કીધો છે ?

૧૨. શું તમે આપણી મંડળીના કાર્યવ્યવસ્થા તથા

અંધારણને પસંદ કરો છો ?

૧૩. શું તમે તેને માનશો તથા ટેકો આપશો ?

૧૪. શું તમે ઉપદેશકોને લગતાં નિયમોનો, અને વિશેષ કરીને ઉદ્યોગ, નિયમિતપણું, તથા તમને સોંપેલું કામ કરવા વિષેનો, તમે વિચાર કીધો છે ?

૧૫. શું તમે પ્રેરકબુદ્ધિને લીધે તેઓને પાળશો ?

૧૬. શું તમે દરેક જગ્યામાં બાળકોને ખંતથી શિખવશો ?

૧૭. શું તમે ઘેરેઘેર જઇને લોકોની મુલાકાત લેશો ?

૧૮. શું તમે લોકોને અપવાસ અથવા પરહેજગારી રાખવા વિષે શિખામણ તથા નમુનાથી ભલામણ કરશો ?

૧૯. શું તમે તમારો બધો વખત પરમેશ્વરના કામમાં વાપરવાને નક્કી કીધું છે ?

ચાહી—પૂર્ણ સભાસદપણામા દાખલ થનાર ઉમેદવારે ૧૫૪,૧ મી કલમમા બતાવેલા પ્રશ્નોના લેખિત જવાબ કોન્ફરન્સના ચિટણીસને અથવા કોન્ફરન્સની સભાસદપણા સંબંધીની કમિટીને સોંપવા જોઇએ.

૧૬૦. કોઈ મિશનમાં કામે રહેલા મિશનરીને, પરીક્ષા માટે પોતાની વાર્ષિક કૉન્ફરન્સમાં હાજર થવા વગર, જે મિશનમાં તે કામ કરતો હોય તે મિશનનો સુપરિન્ટેન્ડેન્ટ તેની ભલામણ કરે તો પૂર્ણ સભાસદપણામાં દાખલ કરી શકાય, પણ જ્યારે બની શકે ત્યારે વાર્ષિક સભામાં મિશનના સભાસદોની રૂબરૂમાં અથવા સુપરિન્ટેન્ડેન્ટની રૂબરૂમાં ૧૫૮ મી કલમના પ્રશ્નો તેને પુછવામાં આવશે.

૧૬૧. જે પાદરીની પોતાની માગણીથી સ્થાનયોજના કરવામાં આવી હશે (એટલે લોકેટેડ) તે પોતાનું સ્થાનયોજનાનું સર્ટિફીકેટ રજુ કરે તો તે કોન્ફરન્સની મંજુરીથી ફરી વાર્ષિક કૉન્ફરન્સમાં દાખલ થઈ શકે.

૩. બીજા પંથોમાંથી ઉપદેશકો.

૧૬૨. ૧. બીજા પ્રોટેસ્ટન્ટ પંથોના ઉપદેશકો જો પોતાના પ્રમાણપત્રોથી એમ સાબીત કરે કે તેઓએ રાજીનામું આપ્યું અથવા તેઓને રજા આપવામાં આવી તે વખતસુધી તેઓ સારા પ્રતિષ્ઠિત હતા, અને ત્યાર પછીથી પણ તેઓ પોતાના આચરણ તથા મતમાં નિર્દોષ રહ્યા હોય, તો તેઓને નીચેની રીત પ્રમાણે આપણા પાદરીવર્ગમાં લઈ શકાય:—

ત્રિમાસિક કૉન્ફરન્સ તેમનો સ્થાનિક ઉપદેશકો તરીકે સ્વીકાર કરે, પણ તેઓને પવિત્ર સંસ્કારો પળાવવાનો હક આપવામાં ન આવે.

૨. ત્યાર પછી કોઈ પણ વખતે ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ અથવા જ્યાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ ન હોય ત્યાંની ત્રિમાસિક કૉન્ફરન્સની ભલામણથી વાર્ષિક કૉન્ફરન્સ આવા દાખલ કરેલા ઉપદેશકોની દિક્ષા માન્ય રાખે;

તથા ત્યાર પછીથી બે વરસની અંદર કોઈપણ વખતે આવીજ ભલામણ પરથી વાર્ષિક કૉન્ફરન્સમાં તેમને અજમાએશ પર અથવા પૂર્ણ સભાસદપણામાં લાવે, અને પોતાની મરજી મુજબ તેમને કૉન્ફરન્સના અભ્યાસ ક્રમના આખા અથવાં થોડા ભાગનું અનુસરણ કરવાનો હુકમ કરે. કોઈ પાદરી જે પંથમાંથી આવે તે પંથના પાદરીવર્ગમાં ફક્ત એકજ દીક્ષા હોય તો તેવા બનાવમાં કૉન્ફરન્સ તેનો ડીકન અથવા તો એલ્ડર તરીકે સ્વીકાર કરે.

૩. પણ આવા પાદરીઓ બારોબાર વાર્ષિક કૉન્ફરન્સને અરજી કરે, જો કૉન્ફરન્સ તેમના બીજા પંથમાંથી મળેલા પ્રમાણપત્રો લે અને તે પ્રમાણપત્રનું ખરાપણું તથા યોગ્યતા શકરહિત માલમ પડે અદરકુ પાદરીઓના હકમાં આગલી કલમમાં આપેલી બધી સત્તાનો અમલ કરે.

૪. આવા સઘળા બનાવોમાં પૂર્ણ સભાસદપણામાં દાખલ થવા માટેના ઉમેદવારોએ ૧૫૯ મી કલમમાં બતાવેલ પ્રશ્નોનો સંતોષકારક જવાબ આપવો જોઇએ; અને જો ઉમેદવારો મેથોડિસ્ટ પંથો શિવાયના બીજા પંથોમાંથી આવે તેઓએ પોતાની દિક્ષા સ્વીકારવામાં આવે તે પહેલા આપણી મંડળીની ઠરાવેલી દિક્ષાની પ્રતિજ્ઞા લેવી જોઇએ, તથ તેઓએ મત તથા કાર્યાવસ્થા સંબંધી આપણી સાથે કરેલા કોલકરારનો સંતોષકારક પુરાવો આપવો જોઇએ.

૫. ઉપદેશકો કે જેઓ બીજી મેથોડિસ્ટ પંથના પાદરી વર્ગમાં અજમાએશ પર હોય, વાર્ષિક કૉન્ફરન્સ તેઓને સરખી પાયરી પર પણ દાખલ કરે, પણ એટલું છતાં તેઓને પૂર્ણ સભાસદપણામાં દાખલ કરવામાં આવે તે પહેલાં તેઓની પરીક્ષા પૂરી સંતોષકારક થએલી છે કે નહિ તેની ખાસ સંભાળ લે.

૧૬૩ જ્યારે એલ્ડર પાદરીની દીક્ષા ઉપલી શરતો પ્રમાણે માન્ય કરવામાં આવે ત્યારે તેને નીચેના શબ્દોમાં લખેલ તથા બિશપના હાથથી સહી કીધેલું પ્રમાણપત્ર આપવામાં આવશે, એટલે:--

"આથી લખીત પ્રતિજ્ઞા આપું છું કે........વાર્ષિક કૉન્ફરન્સે ....પંથના પાદરી, અ............બ............ એલ્ડર (અથવા ડીકન) તરીકેના પ્રમાણપત્ર તપાસીને તથ તેની લાવણ્યતા, સ્વાભાવિક બુદ્ધિ તથા ઉપયોગીપણાનાં બીજ પ્રમાણપત્રો મળ્યાથી, તથા તેથી સંતોષ પામ્યાથી, આજ રોજ મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીમાં તેને એલ્ડર (અથવા ડીકન) તરીકેના લાયક દરજ્જામાં મંજુર કરીને સ્વીકાર્યો છે, અને જ્યાં સુધી તેની જીંદગી તથા મત ખ્રીસ્તની સુવાર્તા પ્રમાણે થાય ત્યાં સુધી તે [illegible] મુજબ તે પદ્ધીને લગતા સઘળા કાર્યોનો અમલ કરવાને તેને હક છે.

"મારા હાથ તથા મારી મહોરથી,.........(ગામ) માં સને ....ના...........મહીનાની.........તારીખે અપાયું.

..............પ્રમુખ."

૧૬૪. જ્યારે બીજા પંથના કોઇ પાદરીની દીક્ષા યોગ્ય રીતે સ્વીકારવામાં આવશે ત્યારે સદરહુ પંથ તરફથી મળેલી દીક્ષાના પ્રમાણપત્રની ઉપર નીચે પ્રમાણેનો લેખ સ્પષ્ટ લખીને તે તેને પાછું આપવામાં આવશેઃ—

"મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીની...........વાર્ષિક કૉન્ફરન્સે, નવા પત્રના આધાર તરીકે આજે, આજરોજે, સને........ના ....મહીનાની........તારીખે મંજુર કીધું.

....................પ્રમુખ.

.................ચિટણીસ."

૪. અધિકાર પદવીના પાદરીઓ.

૧૬૫ વાર્ષિક કૉન્ફરન્સના ઉપદેશકો જેઓ જનરલ કૉન્ફરન્સથી અધિકારની પદવી પર નિમાયલા હોય તેઓ બિશપની મંજુરીથી જે વાર્ષિક કૉન્ફરન્સ પોતે પસંદ કરે તેના સભાસદો થાય.

૫. કૉન્ફરન્સના સભાસદપણા બંધ કરવા વિષે.

(૧) સ્થાનયોજનાથી (લોકેસન).

૧૬૬. વાર્ષિક કૉન્ફરન્સ, પોતામાંનો કોઇપણ સભાસદ જે લાયક હોય તેને કૉન્ફરન્સના પ્રમુખથી લેખિત પ્રતિજ્ઞા કરી આપેલી સ્થાનયોજના (લોકેશન) કરી આપે. એવો પાદરી તે પરથી જ્યાં ને રહેતો હોય ત્યાંની ત્રિમાસિક કૉન્ફરન્સમાં સ્થાનિક એલ્ડર અથવા ડીકન તરીકે પોતાનું સભાસદપણું રાખે. ૨૧૫, ૪.

૧૬૭. [આ પારાગ્રાફ હિંદુસ્તાનને લાગુ પડતો નથી]

(૨) પાદરીવર્ગના હોદ્દાનું રાજીનામું આપવાથી.

૧૬૮. વાર્ષિક કૉન્ફરન્સનો કોઇપણ લાયક સભાસદ પો-

તાના પાદરીવર્ગના હોદ્દાનું રાજીનામું આપવા તથા કૉન્ફ઼-રન્સમાંથી નીકળી જવા ચહાતો હોય તેને વાર્ષિક કૉન્ફરન્સ પોતાની બેઠક વખતે તેમ કરવા દે, અને તે બનાવમાં તેના પ્રમાણપત્રો જે વાર્ષિક કૉન્ફરન્સનો તે સભાસદ હોય તે વાર્ષિક કૉન્ફરન્સનાં દફતરો સાથે ગોઠવી:રાખવામાં આવશે, અને તેનુ મંડળીમાંનું સભાસદપણું, પોતાના હોદ્દાનું રાજીનામુ આપતી વખતે જ્યાં ને રહેતો હશે ત્યાંની મંડળીમાં નોંધવામાં આવશે.

(૩) રાજીનામું આપવાથી.

૧૬૯. ૧. જ્યારે કોઇ લાયક પાદરી બીજી પંથના પાદરીવર્ગમાં જોડાવાને માટે રાજીનામુ આપે ત્યારે તેણે પોતાના પ્રમાણપત્રો કૉન્ફરન્સને પાછા આપી દેવા જોઇએ, અને જો તે પોતાની પાસે રાખવાની તેની ઇચ્છા હોય તો તેની ઉપર નીચે પ્રમાણેનો લેખ સ્પષ્ટ લખીને તે તેને પાછાં આપવામાં આવે, એટલે:—

"અ...........બ............ને મેથોડિસ્ટ ઈપિસ્કોપલ મંડળીમાંથી,...........વાર્ષિક કૉન્ફરન્સથી આજરોજ માન સહિત રજા આપવામાં આવી છે.

" તારીખ..............

..................................પ્રમુખ

....ચિટણીસ."

૨. જ્યારે વાર્ષિક કૉન્ફરન્સના વર્ષની અધવચમાં કોઈ સભાસદ આપણા પાદરીવર્ગમાંથી પોતાના રાજીનામાનો પત્ર અથવા તેના પ્રમાણપત્રો અથવા બન્ને બિશપને અથવા પોતાના ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને સોંપે ત્યારે તે વાર્ષિક કૉન્ફરન્સની બીજી બેઠક વખતે તેના ફેંસલા માટે રજુ કરવામાં આવશે.

(૪) મંડળીના અદાલતના વ્યવહારથી.

૧૭૭. કૉન્ફરન્સ સભાસદપણું મંડળીના અદાલતના વ્યવહારથી પણ બંધ થઈ શકે.

[કારણો તથા નિયમોને માટે જુઓ ૨૪૩-૨૬૦].

પ્રકરણ ૩. ડીકનો.

CHAPTER III. DEACONS

૧૭૧. ડીકનને વાર્ષિક કૉન્ફરન્સની ચુંટણીથી તથા બિશપના હાથ મૂકવાથી નીમવામાં આવે છે.

૧૭૨. ડીકનને ઉપદેશ કરવાનો, ઈશ્વરભક્તિ ચલાવવાનો, યથાવિધિ લગ્ન કરી આપવાનો, બાપ્તિસ્મા આપવાનો, તથા પ્રભુભોજન આપવામાં એલ્ડરને મદદ કરવાનો અધિકાર છે.

૧૭૩. નીચલા વર્ગના ઉપદેશકો ડીકનના હોદ્દા માટે યોગ્ય છેઃ

૧. જેઓ (૧) લાગલગટ ચાર વરસ સુધી સ્થાનિક ઉપદેશકો હોય, અને (૨) ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સ તરફથી, અથવા જ્યાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ ન હોય ત્યાંની ત્રિમાસિક કૉન્ફરન્સ તરફથી, તેના પ્રમુખ તથા ચિટણીસે યોગ્ય રીતે મંજુર કરેલું ડીકનની દીક્ષા માટેનું ભલામણપત્ર રજુ કરેલું હોય, અને (૩) ડીકનની દીક્ષા માટે ઉમેદવાર સ્થાનિક ઉપદેશકો માટે ઠરાવેલો અભ્યાસ વાર્ષિક કૉન્ફરન્સના સંતોષપૂર્વક પૂરો કીધો હોય, તેઓ.

ચાલી.—વાર્ષિક કૉન્ફરન્સમાં અજમાએશ પર રહેલા ઉપદેશકો; દીક્ષા માટે અને જવાબદારી માટે, સ્થાનિક ઉપદેશકો જેવા ગણાય છે.

૨. જેઓ (૧) પુરાં બે વરસ સુધી સ્થાનિક ઉપદેશકની પદ્દી પર રહ્યા હોય, અને (૨) વળી તેજ વખતે ને વે

વખત દરમિયાન અમારી ઇશ્વર વિદ્યાશાળાઓમાંની એકના નિયમિત વિદ્યાર્થીઓ થયા હોય, અને (૩) વાર્ષિક કૉન્ફ્રરન્સમાં અજમાએશ પર સ્વીકાર પામેલા હોય, અને (૪) કૉન્ફરન્સના પહેલા બે વરસનો અભ્યાસક્રમ વાર્ષિક કૉન્ફરન્સના સંતોષપૂર્વક પુરો કીધો હોય, તેઓ.

૩. જેઓ (૧) વાર્ષિક કૉન્ફરન્સમાં બે વરસ સુધી અજમાએશ પર રહ્યા હોય, અને (૨) કૉન્ફરન્સના પહેલા બે વરસનો અભ્યાસક્રમ વાર્ષિક કૉન્ફરન્સના સંતોષપૂર્વક પુરો કીધો હોય, તેઓ.

૪. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી]

—=:o:=—

પ્રકરણ ૪. એલ્ડરો.

CHAPTER IV. ELDERS.

૧૭૪. વાર્ષિક કૉન્ફરન્સની ચુંટણીથી તથા બિશપના તથા તે વખતે હાજર રહેલા એલ્ડરોમાંના કેટલાએકના હાથ માથે મુકવાથી એલ્ડર નીમવામાં આવે છે.

૧૭૫. એલ્ડરને ઉપદેશક કરવાનો, ઇશ્વરભક્તિ ચલાવવાનો, યથાવિધિ લગ્ન કરી આપવાનો, તથા બાપ્તિસ્મા અને પ્રભુ ભોજનના સંસ્કારો આપવાનો અધિકાર છે.

૧૭૬. નીચલા વર્ગના ઉપદેશકો એલ્ડર દીક્ષા માટે લાયક છેઃ

૧. જેઓ (૧) લાગલગટ ચાર વરસ સુધી સ્થાનિક ડીકનો હોય, અને (૨) ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ તરફથી, અથવા જ્યાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ ન હોય ત્યાંની ત્રિમાસિક કૉન્ફરન્સ તરફથી, તેના પ્રમુખ તથા ચિટણીસે યોગ્ય રીતે મંજુર કરેલું એલ્ડરની દીક્ષા માટેનું ભલામણપત્ર રજુ કીધું હોય, અને (૩) એલ્ડરની દીક્ષા માટે ઉમેદવાર સ્થાનિક

ડીકનો માટે ઠરાવેલો અભ્યાસક્રમ વાર્ષિક કૉન્ફરન્સના સંતોષપૂર્વક પૂરો કીધો હોય, તેઓ.

ચાલી.૧—વાર્ષિક કૉન્ફરન્સમાં અજમાએશ પર રહેલા ઉપદેશકો દીક્ષા માટે, અને જવાબદારી માટે, સ્થાનિક ઉપદેશકો જેવા ગણાય છે.

ચાલી.૨—એવા ઉપદેશકોની એલ્ડરની દીક્ષા માટેની ચુંટણી તેઓના પૂર્ણ સભાસદપણામાં દાખલ થવા આગળ થાય છે.

૨. જેઓ (૧) અનુક્રમે બે વરસ સુધી વાર્ષિક કૉન્ફરન્સમાં પૂર્ણ સભાસદપણામાં રહ્યા હોય, અને (૨) તેજ વખતે ડીકન તરીકે રહ્યા હોય, અને (૩) કૉન્ફરન્સનો ઠરાવેલો અભ્યાસક્રમ કૉન્ફરન્સના સંતોષપૂર્વક પૂરો કર્યો હોય, તેઓ.

૩. જેઓ (૧) અજમાએશ પર સ્વિકાર પામીને ૧૭૩,૨ ની શરતો પ્રમાણે ડીકનના હોદ્દા પર નીમાયા હોય, અને (૨) કૉન્ફરન્સનો ઠરાવેલો અભ્યાસક્રમ કૉન્ફરન્સના સંતોષપૂર્વક પૂરો કર્યો હોય, અને (૩) પૂર્ણ સભાસદપણામાં દાખલ થયા હોય તેઓ

૪. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી]

૧૭૭. જ્યારે કોઈ ઉપદેશકે પોતાની પરિક્ષા પાસ કરી હોય, અને પૂર્ણ સભાસદપણામાં દાખલ થયો હોય, તથા ડીકનના હોદ્દા પર ચુંટાયો હોય, પણ બિશપની ગેરહાજરીને લીધે પોતાની દીક્ષા પામવામાં નિષ્ફળ નિવડે ત્યારે જે વખતથી તે ડીકનના હોદ્દા પર નીમાયો હશે તે વખતથી એલ્ડરના હોદ્દા માટેની તેની લાયકાત ગણાશે.

૧૭૮. હિન્દુસ્તાનમાંની વાર્ષિક કૉન્ફરન્સોને પ્રમુખ બિશપની સંમતિથી, બે વરસ સુધી નિયમિત કામ કર્યું હોય એવા સ્થાનિક ઉપદેશકોને ડીકનો અને ચાર વરસ સુધી કામ કર્યું હોય તેઓને એલ્ડરના હોદ્દા પર ચુંટવાની સત્તા છે.

પ્રકરણ ૫. પાળકો.

CHAPTER V. PASTORS (PREACHERS—IN—CHARGE.)

૧. ફરજો.

૧૭૯. મંડળી અથવા સરકટના પાળકની ફરજો નીચે પ્રમાણે છેઃ—

૧. પોતાના સરકટના બીજા ઉપદેશકોપર દેખરેખ રાખવી.

૨. વર્ગના પ્રમુખોની નીમણુક કરવી; અને જ્યારે જરૂરનું લાગે ત્યારે તેમની ફેરબદલી કરવી, તથા પોતાનો વર્ગ ચલાવવાની તેમની પદ્ધતિ વિષે તેમાંના દરેકની ઓછામાં ઓછી ત્રણ મહિનામાં એકવાર બનતી ચોકસાઇથી પરીક્ષા કરવી.

૩. લોકોનો પ્રોફેશનરો તરીકે સ્વીકાર કરવો અને તેમને મંડળીનાં મત, નિયમો તથા કાનુનોનું શિક્ષણ આપવું; જે માણસો માટે લાયક ભલામણ થઇ હોય તેઓનો પૂર્ણ સભાસદપણામાં સ્વીકાર કરવો; પ્રમાણપત્રવડે સભાસદોનો સ્વીકાર કરવો અને તેમને રજા આપવી; તથા પોતાના સરકટમાં ડિસિપ્લિનનો અમલ કરવો.

૪. દરેક મંડળીમાં દર વરસે ઓછામાં ઓછી એકવાર સામાન્ય કાયદા વાંચી સંભળાવે તથા સમજાવે.

૫. પોતાના સરકટમાં જ્યાં વાજબી લાગે ત્યાં પ્રાર્થનાની સભાઓ ઠરાવે.

૬. જ્યાં બની શકે એવું હોય ત્યાં નીમણુકો ગોઠવવી કે જેથી કરીને સ્થાનિક ઉપદેશકોને વિશ્રામવારે નિયમિત તથા પદ્ધતિ પ્રમાણેનું કામ મળે.

૭. ડિસિપ્લિનની ૨૨૦ મી કલમની શરતો પ્રમાણે જે માણસો મંડળીમાં બોધકનું કામ કરવાને માટે લાયક માલમ

પડે તેઓને પરવાનગી આપવી.

૮. વરસના છેલ્લા દિવસની મધરાતની વાર્ષિક સભાઓ તથા દર ત્રણ મહિને પ્રેમ ભોજનની સભાઓ કરવી, પણ પ્રેમ ભોજનની સભા દોઢ કલાક કરતાં વધારે વાર સુધી ચલાવવા દેવી નહિ; ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની તથા તેની બદલીમાં નીમેલા ટ્રાવલીન્ગ એલ્ડરની ગેરહાજરીમાં ત્રિમાસિક સભાઓ કરવી.

૯. દરેક મંડળીને આપણી મંડળીનાં પુસ્તકો પુરાં પાડવામાં આવે છે કે નહિ તે વિષે સંભાળ રાખવી.

૧૦. દેવના વચનના શિક્ષણ માટે મોટાં બાળકો, જુવાનો, તથા પુખ્ત ઉમરના માણસોના વર્ગો પાડવા; અને બાળકોની કેળવણી માટે ઠરાવેલી બધી ફરજો બજાવવી. જુઓ પારાગ્રાફ ૫૧–૫૪.

૧૧. બાળકોને જાહેર રીતે સાબ્બાથ શાળાઓમાં, તથા તે કામ માટે ઠરાવેલી ખાસ સભાઓમાં, તથા ખાનગીમાં પણ સવાલજવાબો શિખવવા; અને આ કામ તેણે કેટલેસુધી કર્યું છે તે વિષે દરેક ત્રિમાસિક કૉન્ફરન્સમાં રિપોર્ટ આપવો.

૧૨. જો બની શકે તો એપ્વર્થ લીગ અને જુનીયર લીગની શાખાઓની યોજના કરવી તથા તેમને ટેકો આપવો.

૧૩. જો બની શકે તો મેથોડિસ્ટ બ્રધર્હુડોની શાખાઓની યોજના કરવી તથા તેમને ટેકો આપવો.

૧૪. જો બની શકે તો સ્ત્રીઓની સહાયકારી મંડળીઓની યોજના કરવી તથા તેમને ટેકો આપવો.

૧૫. જો બની શકે તો સબ્બાથ શાળાઓમાં એક હોમ ડિપાર્ટમેન્ટની યોજના કરવી તથા તેને ટેકો આપવો.

૧૬. કારભારીઓનો હિસાબ તપાસવો.

૧૭. કારભારીઓ પ્રભુ ભોજનના સંસ્કારના ઉપયોગ

માટે જ્યારે જ્યારે બની શકે ત્યારે કેફ વગરનો દ્રાક્ષરસ પુરો પાડે તે જોવું.

૧૮. ખ્રીસ્તી કારભારીપણાની ફરજ વિષે ખાસ સલા-હોને અનુસાર શિખવવું. જુઓ પારાગ્રાફ ૭૦.

૧૯. જ્યાં સુધી નાણા સંબંધી બીજી ગોઠવણ ન થઈ હોય ત્યાં સુધી વર્ગોમાં ત્રિમાસિક ઉઘરાણું લેવાને એક માણસ નીમવો.

૨૦. જરૂર પડે તો જાહેર ઉઘરાણાં દર ત્રણ મહિને કરવામાં આવે તે જોવું.

૨૧. જમાતમાં પરહેજગારીના પક્ષને ઉત્તેજન આપવા માટે સૌથી સારામાં સારા સાધનો કામે લગાડવા વિષે વિચાર ચલાવવા માટે ઓછામાં ઓછી દર ત્રણ મહિનામાં એકવાર કેફ નિષેધક વિષેની કમિટિને બોલાવવી.

૨૨. દરેક જગ્યાએ સભ્યતા તથા ચોકખાઇ રાખવા વિષે ભલામણ કરવી.

૨૩. કૉન્ફરન્સ ક્લેમન્ટો, ફોરીન મિશનો, હોમ મિશનો તથા ચર્ચ એક્ટેન્શન, કેળવણી, સાબ્બાથ શાળાઓ, ફ્રીડ-મેન્સએઇડ, તથા ચોપાનિઆઓ વહેંચવા વિષે, પાળકને માથે નાંખેલી ફરજો બજાવવી; ડિસિપ્લિનના ફરમાવ્યા મુ-જબ આ વિષયોને મદદ કરવાને સમાજો સ્થાપવી અને ઉઘરાણા લેવાં.

૨૪. ઉઘરાણાં લેવા અને તે વિષેની વાર્ષિક કૉન્ફરન્સ બીજો હુકમ ન આપે તો તે ઉઘરાણાની આવક ચોપાનિઆ વહેંચવા માટે પાળકના હાથમાં રહે.

૨૫. બાઇબલ સોસાઇટીને માટે વાર્ષિક ઉઘરાણું લેવું.

૨૬. જનરલ કૉન્ફરન્સ, જ્યુડીશીયલ કૉન્ફરન્સો, ફ્રટર્નલ ડેલીગેટો, અને, છાપખાનાના કામ સિવાય, બીજા જનરલ

કૉન્ફરન્સ કમિશનોના ખરચમાં મદદ કરવા માટે, જનરલ કૉન્ફરન્સની બેઠક પહેલાં ત્રણ વર્ષ સુધી લાગલાગટ દર વર્ષે ઉઘરાણું લેવું.

૨૭. બોર્ડ ઑફ સન્ડે સ્કુલ્સને માટે વાર્ષિક ઉઘરાણું લેવું, તથા દરેક સાબ્બાથ શાળામાં દર વરસે ઉઘરાણું લેવામાં આવે તેની તપાસ રાખવી.

૧૮. લગ્નક્રિયાઓ તથા બાપ્તિસ્માના સંસ્કારો ચોકસાઇથી દફતરમાં નોંધવાં.

૨૯. ત્રણ ત્રણ મહિને પોતાના ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને પોતાના સરકટનો હેવાલ આપવો.

૩૦. દરેક કૉન્ફરન્સ વર્ષની આખરે કસ્બા તથા શહેરના સભાસદોનું ફળીઆ તથા સંખ્યા શહિત મુલાકાતની એક ટીપ બનાવવી, અને તે, પોતાના સરકટની ચોકસ હકિકત તથા વર્તમાનપત્રોનાં ગ્રાહકોની ટીપ સહિત પોતાની પછી આવનાર પાળક માટે મુકી જવું.

૨. હેવાલો.

૧૮૦. નીચે મુજબના હેવાલો બરાબર રીતે તૈયાર કરીને રજુ કરવાની ફરજ પાળકને માથે રહેશે:—

૧. કૉન્ફરન્સે ઠરાવેલો સ્ટટિસ્ટિકલ હેવાલ (મંડળીની સ્થિતિની હકીકત) ચોકસ રીતે ભરીને વાર્ષિક કૉન્ફરન્સને આપવો, અને પરોપકારી કામને માટે ઉઘરાવેલા પૈસા અથવા તેની સંતોષકારક પહોંચો, ઠરાવેલા ફોરમ મુજબ, કૉન્ફરન્સના ખજાનચીને સોંપવી (૮૬, ૨–૩), અને બધાં પરોપકારી કામના દાવા ડિસિપ્લિનના કાનૂનો મુજબ તેણે રજુ કરી છે કે નહિ તે વિષે કૉન્ફરન્સની આગળ હેવાલ આપવો.

૨. દરેક ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે નીચે બતાવેલી રીત પ્રમાણે, સઘળી બાબતોનો સમાવેશ કરીને અનુક્રમ પ્રમાણે

લેખિત હેવાલ આપેઃ

(૧) સાબ્બાથશાળાઓ તથા ધર્મવિષયક કેળવણી.

૧. સાબ્બાથ શાળાઓની સંખ્યા.

૨. નિશાળોની સ્થિતિ.

૩. સરાસરી હાજરી.

૪. હોમ ડિપાર્ટમેન્ટની અંદરની સંખ્યા.

૫. પાળકે બાળકોને આપેલા ઉપદેશની સંખ્યા.

૬. પાળકે બાળકોને જેટલી વખત સવાલ જવાબ શીખવ્યા હોય તેની સંખ્યા.

૭. ધર્મ વિષયક કેળવણી માટે પાડેલા બાળકોના વર્ગની સંખ્યા.

(૨) સભાસદપણામાં ફેરફાર.

[**યાદી**—દરેક સવાલના જવાબમાં તેને લગતા માણસોના તથા જગ્યાઓનાં નામ દાખલ કરવાં.]

૧. મંડળીમાં દાખલ થવા ચહાતાં માણસો.

૨. ઉમેદવારોમાંથી સભાસદપણામાં સ્વીકારેલાં માણસો.

૩. બીજી સરકટથી પ્રમાણપત્રથી સભાસદપણામાં સ્વીકારેલાં માણસો.

૪. બીજી પ્રોટેસ્ટેન્ટ પંથોમાંથી સ્વીકારેલાં માણસો.

૫. પ્રમાણપત્રથી બરખાસ્ત કરેલાં માણસો તથા કઇ સરકટમાં.

૬. પ્રમાણપત્રો મોકલનાર સરકટોને તેના જવાબ આપ્યા.

૭. બીજી સરકટો માટે મોકલેલા પ્રમાણપત્રોના જવાબ.

૮. મરણ પામેલા.

૯. પત્ર વગર કાઢી નાંખેલા.

૧૦. શું કોઈ નવા સરનામાની ખબર પડયા બાદ ત્યાંના પાળકને તે વિષેઃખબર આપી છે?

૧૧. રાજીનામું આપીને ગએલા.
૧૨. મંડળી બહાર કરાયલા.

(૩) પાળક તરીકેનું કામ.

૧. જેટલો વખત લોકોની મુલાકાત લેવા ગયા હોય તેની સંખ્યા.
૨. બીજી બાબતો.

(૪) આ ત્રિમાસિકમાં પરોપકારી ઉઘરાણું.

૧. બોર્ડ ઑફ ફૉરીન મિશન્સ માટે.
૨. બોર્ડ ઑફ હોમ મિશન્સ તથા ચર્ચ એક્ષ્ટેન્શન માટે.
૩. ફ્રીડમેન્સ એઇડ સોસાઇટી માટે.
૪. કેળવણી માટે:
૫. બોર્ડ ઑફ સન્ડે સ્કુલ્સ માટે.
૬. બોર્ડ ઑફ કૉન્ફરન્સ કલેમન્ટો માટે.
૭. મંડળીની પરહેજગાર મંડળ માટે,
૮. બાઇબલ સોસાઇટી માટે.
૯. બીજાં કામો માટે.

૧૮૧. કોઈ પણ પાળક પહેલાં પોતાના ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની લેખિત સંમતિ મેળવ્યા વગર પોતાની કૉન્ફરન્સમાં જે સુવાર્તિકો બિશપે નીમ્યા હોય તેઓ શિવાય બીજાને કામે રાખે નહિ.

૧૮૨. કોઇપણ ઉપદેશ કરવાની જગ્યા ત્રિમાસિક કૉન્ફરન્સ તથા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની સંમતિ તથા સલાહ વગર વાર્ષિક કૉન્ફરન્સની બેઠકના વચલા ભાગની વચ્ચે પડતી મુકી શકાય નહિ; અને જ્યારે એ પ્રમાણે પડતી મુકવામાં આવે ત્યારે સભાસદો પસંદ કરે તેવા નજદીકના ચાલુ વર્ગમાં તેઓના નામ દાખલ કરવામાં આવશે.

પ્રકરણ ૬. સુપર્ન્યુમરેરી પાદરીઓ.

CHAPTER VI. SUPERNUMERARY MINISTERS.

૧૯૩. સુપર્ન્યુમરેરી પાદરી એટલે જે બગડી ગયેલી તબિયતને લીધે અથવા તેવા બીજા સરખા પૂરતા કારણને લીધે થોડા વખત સુધી પૂરેપૂરું કામ કરવાને અશક્ત હોય તે. આવો સંબંધ અનુક્રમે પાંચ કરતાં વધારે વરસ સુધી આપવામાં આવશે નહિ. જે વાર્ષિક કૉન્ફરન્સનો તે સભાસદ હોય તેના ઠરાવ પ્રમાણે તેની નિમણુંક થાય અથવા તો ન પણ થાય; અને તેજ સરકટમાં ફરીથી નિમણુંક થવી અને તેમાં જારી રહેવાં વિષેના ડિસિપ્લિનના સઘળા બંધનોને કે જે એફેક્ટીવ* પાદરીઓને લાગુ પડે છે, તેને પણ લાગુ પડશે. જો તેને કોઈ સરકટ નહિ હશે તો જે જગ્યાએ તે રહેતો હશે તે જગ્યામાં સભાસદપણાના બધા હકો તેને મળશે તથા તેને ત્રિમાસિક કૉન્ફરન્સમાં બેસવા દેવામાં આવશે. જે સઘળાં લગ્ન તથા બાપ્તિસ્મા તેણે કર્યાં છે તેનો તે ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સને તથા પાળકને હેવાલ આપે. જો તે પોતાની વાર્ષિક કૉન્ફરન્સની હદની બહાર રહેતો હોય તો જેવું રીટાયર્ડ થયેલા પાદરી પાસેથી પ્રમાણપત્ર માગવામાં આવે છે તેવું પ્રમાણપત્ર તે દર વરસે મોકલે, અને એ પ્રમાણે કરવામાં જો તે ચુકે તો કૉન્ફરન્સ તેની સંમતિ વગર સ્થાનયોજના કરે. કૉન્ફરન્સના મત શિવાય તેનો કૉન્ફરન્સના ફંડોપર કંઈ હક રહે નહિ; આવો દાવો નિસેસિટસ ફંડમાં ચૂકવવામાં આવે. ૩૩૩, ૩૩૩.

---

* એફેક્ટીવ પાદરીઓ, એટલે વાર્ષિક કૉન્ફરન્સના સભાસદો જેઓ કૉન્ફરન્સનો અભ્યાસક્રમ પૂરો કર્યો હોય તથા કામ કરી શકે, તેઓ.

પ્રકરણ ૭. રીટાયર્ડ પાદરીઓ.

CHAPTER VII. RETIRED MINISTERS.

૧૮૪. દરેક રીટાયર્ડ પાદરી* કે જે કોઈ સરકટના પાળક તરીકે નીમવામાં આવ્યો ન હોય તેને જ્યાં તે રેહનો હશે ત્યાંની ત્રિમાસીક કૉન્ફરન્સમાં બેઠક આપવામાં આવશે; અને ત્યાંની મંડળીના સભાસદપણાના બધા હકો આપવામાં આવશે. જે સઘળા લગ્ન તથા બાપ્તિસ્મા તેણે કર્યા છે તેનો તે ચોથી ત્રિમાસીક કૉન્ફરન્સને તથા પાળકને હેવાલ આપે. જે કૉન્ફરન્સનો તે સભાસદ હોય તેની હદની બહાર જો તે રહે તો દર વરસે પોતાની કૉન્ફરન્સપર પોતાની ખ્રીસ્તી તથા ઉપદેશકના કામ સંબંધીની ચાલચલણનું પ્રમાણપત્ર તથા પોતાના કુટુમ્બની સંખ્યા તથા સ્થિતિનો હેવાલ જે ડિસ્ટ્રિકટમાં તે રહેતો હોય ત્યાંના ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટની અથવા જે સરકટમાં તે રહેતો હોય ત્યાંના પાળકની સહી કરાવીને મોકલે તે શિવાય કૉન્ફરન્સને તેનો હક રહેવા દેવાને ફરમાવવામાં આવશે નહિ, અને વાજબી ખબર, તપાસ ચલાવવાની વાજબી રીત તથા નોંધ પછી તેની સંમતિ વગર કૉન્ફરન્સ તેની સ્થાન યોજના કરે.

પ્રકરણ ૮. ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટો.

CHAPTER VIII. DISTRICT SUPERINTENDENTS.

૧૮૫. ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટો બિશપોથી પસંદ કરાઈ નીમાવામાં આવે છે. ૨૦૨, ૨૦૩.

---

* રીટાયર્ડ પાદરી, એટલે જે ઘડપણથી અશક્ત થએલા હોય તે.

૧૮૬. ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની ફરજો નીચે પ્રમાણે છેઃ

૧. પોતાની આખી ડિસ્ટ્રિક્ટમાં મુસાફરી કરવી.

૨. બિશપની ગેરહાજરીમાં, ડિસિપ્લિનના બતાવ્યા પ્રમાણે પોતાની ડિસ્ટ્રિક્ટના સઘળા ટ્રાવલીન્ગ પાદરીઓ, સ્થાનિક ઉપદેશકો તથા બોધકોને પોતાના હવાલામાં લેવા.

૩. જો બિશપ વાર્ષિક કૉન્ફરન્સની સીમમાં હાજર ન હોય તો કૉન્ફરન્સની બેઠકના વચલા ભાગની દરમિયાનમાં જો જરૂર પડે તો પોતાની ડિસ્ટ્રિક્ટમાંના ઉપદેશકોની નિમણુકોમાં ફેરફાર કરવો.

૪. બિશપની ગેરહાજરીમાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સમાં પ્રમુખપણાનું કામ કરવું. ૯૭.

૫. જ્યાં સુધી બની શકે ત્યાં સુધી સઘળી ત્રિમાસિક સભાઓમાં હાજર થવું, અને તે દરેક સભા વખતે ત્રિમાસિક કૉન્ફરન્સ ભરીને ડિસિપ્લિને ઠરાવેલું બધું કામ કરાવવું; તોપણ એ શરતે કે જો યોગ્ય લાગે તો પાળકની સલાહ લઇને બીજી અને ત્રિજી ત્રિમાસિક કૉન્ફરન્સને ભેગી કરે અથવા નહિ ભરે.

૬. ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સોના કામ મુજબ પરવાનો આપવા તથા તેમને ફરીથી કરી આપવા. ૨૧૪,૧.

૭. પોતાની ડિસ્ટ્રિક્ટની મંડળીનાં આત્મિક તથા દૈહિક કામપર દેખરેખ રાખવી.

૮. પોતાની ડિસ્ટ્રિક્ટમાંની મંડળીની માલમિલ્કતની સઘળી સનદો, દસ્તાવેજો તથા બીજાં વેચાણખતો માલમિલ્કત જે રાજ્ય અથવા દેશમાં આવેલી હોય ત્યાંના કાયદા, પદ્ધતિ તથા શિરસ્તાને ઘણીજ ચોક્કસ રીતે મળતા છે તે જોવું.

૯. મંડળીની બધી માલમિલ્કતનો બરાબર રીતે વીમો

ઉતારાચ્યો છે તે જોવું.

૧૦. સઘળા યોગ્ય સાધનોથી ફૉરીન મિશનોના, હોમ મિશનો અને ચર્ચ એક્સ્ટેન્શના, ફ્રીડમેન્સ એઇડના, કેળવણીના, સાબ્બાથ શાળાઓના, કૉન્ફરન્સ કલેમેન્ટસના, એપ્વર્થ લીગોના જ્યુનીયર એપ્વર્થ લીગની શાખાઓના, મેથોડિસ્ટ બ્રધર્હુડના, પરહેજગારીના, તથા સ્ત્રીઓની સહાયકારી મંડળીઓના હિતને ઉત્તેજન આપવું; આ વિષેના તથા મંડળીના બીજા પરોપકારી કામ સંબંધીના નિયમો બજાવવા, અને પાળકો તેમજ ત્રિમાસિક કૉન્ફરન્સોની સાથે સરખાપણું મેળવવું; તથા પોતાની ડિસ્ટ્રિક્ટમાં મંડળીના જૂદા જૂદા પરોપકારી કામની મદદ માટે ડિસિપ્લીનની શરતો અમલમાં મૂકવામાં આવી છે કે નહિ તેનો કૉન્ફરન્સમાં જાહેર રીતે હેવાલ આપવો.

૧૧. ડિસિપ્લિનની શરત મુજબ ઇપિસ્કોપલ ફંડ માટેનો ભાગે પડતો હિસ્સો આપવામાં આવ્યો છે કે નહિ તે વિષે દરેક સરકટમાં ચોકસાઇથી તપાસ કરવી.

૧૨. જનરલ કૉન્ફરન્સ તથા મંડળીના બીજા સામાન્ય ખરચ માટેના ભાગે પડતા હિસ્સા આપવામાં આવ્યા છે. કે નહિ તે વિષે દરેક સરકટમાં ચોકસાઇથી તપાસ કરવી.

૧૩. આપણી મંડળીની દેખરેખ હેઠળની પોતાની ડિસ્ટ્રિક્ટમાં આવેલી વિદ્યાલયો તથા ઇશ્વરવિદ્યાશાળાઓની સ્થિતિ તથા સ્ટાટિસ્ટિક્સ વિષે વાર્ષિક કૉન્ફરન્સ આગળ હેવાલ આપવો, તથા દરેક સરકટની છેલ્લી ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે ૪૫૫, ૨ જી કલમમાં બતાવેલા સવાલો પૂછવા.

૧૪. છોકરાઓના શિક્ષણ વિષેના નિયમો, પરહેજગારી સંબંધીના શીક્ષણ સહિત, પાળવામાં આવ્યા છે કે નહિ તે વિષે દરેક ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે ચોકસાઇથી તપાસ કરવી.

૧૫. પાદરીવર્ગના નિર્વાહના જુદા જુદા હકોને માટે સરખો હિસ્સો પાડવાની યોજનાઓ પાળવામાં આવી છે કે નહિ, તે વિષે દરેક ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે ચોકસાઇથી તપાસ કરવી. ૩૧૩, ૩૧૭, ૩૧૯, ૩૨૦.

૧૬. પોતાની ડિસ્ટ્રિકટમાં આપણી ડિસિપ્લિનના દરેક ભાગનો અમલ કરવામાં આવે છે .તેની સંભાળ લેવી.

૧૭. આવતી વાર્ષિક કૉન્ફરન્સના પ્રમુખ પ્રત્યે અપીલ થઈ શકે એવા ડિસ્ટ્રકટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સમાં ચાલતા કામમાં ગુંચવણમાં પડેલા કાયદાની બધી વાતોનો નિર્ણય કરવો. પણ સઘળી બાબતોમાં કાયદાને ઉપયોગમાં લેવાનું કામ કૉન્ફરન્સના હાથમાં છે. ૨૫૫; ૩૦૪, ૧૩–૧૪.

૧૭. જ્યારે બિશપ ડિસ્ટ્રિકટમાં હાજર હોય ત્યારે તેની સાથે જવું, અથવા તેની ગેરહાજરીમાં કાગળ લખીને પોતાની ડિસ્ટ્રિકટની સ્થિતિ વિષે સઘળી અગત્યની ખબર આપવી.

૧૯. જનરલ કાન્ફરન્સ ડિસ્ટ્રિકટ, જેને પોતાની વાર્ષિક કૉન્ફરન્સ એક ભાગ છે, તેની જનરલ કમિટીના સભાસદો જોગ જનરલ કમિટીની વાર્ષિક સભા પહેલાં પોતાની દેખરેખ હેઠળના મિશનોની સ્થિતિ તથા તેઓની નાણાં સંબંધી જરૂરિયાતો વિષેની લેખિત હેવાલ પૂરો પાડવો.

૨૦. પાદરીવર્ગ માટેના ઉમેદવારોનું મેથોડિસ્ટ ઇપિસ્કોપલ .મંડળીની વિદ્યાલયો તથા ઇશ્વરવિદ્યાશાળાઓમાંની સંપૂર્ણ કેળવણીના ફાયદા તરફ ધ્યાન ખેંચવું, અને તેમજ જેઓને વાર્ષિક કૉન્ફરન્સમાં અજમાએશ પર દાખલ કરવામાં આવ્યા હોય તેઓનું બિશપોએ ઠરાવેલા અભ્યાસક્રમ તરફ ધ્યાન ખેંચવું.

૨૧. જે ઉપદેશકો અજમાએશ પર રહેલા હોય તેઓને તેમજ જેઓના વિષે અજમાએશ માટે ઠરાવ થયો હોય

તેઓને સમજાવવું કે વાર્ષિક કૉન્ફરન્સ તેમને કાંઇપણ વાંધો ઉઠાવ્યા વગર પૂર્ણ સભાસદપણામાં દાખલ કરવાને નામંજુર કરી શકે.

૧૮૭. જો કોઈ પાળક પોતાની સરકટમાંથી ગેરહાજર રહે તો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ જો બની શકે તો તેની જગ્યા બીજા ઉપદેશકથી પુરે અને તે ઉપદેશકને તેના કામ માટે ગેરહાજર રહેલા પાળકના પગારમાંથી તેના પગારના પ્રમાણમાં પૈસા આપવામાં આવશે.

૧૮૮. જે ઉપદેશકને આગલી વાર્ષિક કોન્ફરન્સે નાપસંદ કર્યો હોય તેને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ કૉન્ફરન્સ સત્તા આપે તે સિવાય કામમાં રાખી શકે નહિ.

પ્રકરણ ૯. મિશનરી બિશપો.

CHAPTER IX. MISSIONARY BISHOPS.

---

૧૮૯. મિશનરી બિશપ એ કોઇપણ પરદેશમાંના મિશન ક્ષેત્ર માટે અધ્યક્ષની પૂર્ણ સત્તા સહિત નીમાયલો બિશપ છે: પણ જે પરદેશમાંના મિશનક્ષેત્ર માટે તે નીમાયો હોય તેજ મિશન માટે તેને અધ્યક્ષની સત્તા હોય છે.

૧૯૦. મિશનરી બિશપ જનરલ સુપરિન્ટેન્ડેન્ટની માફક પોતાની ચાલચલણ માટે જનરલ કૉન્ફરન્સ આગળ જવાબદાર છે, અને તેને પોતાનો નિર્વાહ ઇપિસ્કોપલ ફંડમાંથી મળશે.

૧૯૧. મિશનરી બિશપ ડિસિપ્લિનના અર્થ પ્રમાણે જનરલ સુપરિન્ટેન્ડેન્ટ નથી.

૧૯૨. જ્યારે મિશનરી બિશપની પસંદગી કોઈ ખાસ બતાવેલા પરદેશના મિશન ક્ષેત્રમાં થાય ત્યારે એવા બિશ-

પને જનરલ સુપરિન્ટેન્ડેન્ટના હોદ્દા માટે જૂદી ચુંટણી કર્યા વગર જનરલ સુપરિન્ટેન્ડેન્ટ બનાવી શકાય નહિ.

૧૯૩. જ્યારે બે અથવા વધારે મિશનરી બિશપો એકજ પરદેશમાંના મિશનક્ષેત્રમાં નિમણુંક કરવામાં આવે તેઓ એક બીજાને સરખી સત્તા રહેશે.

૧૯૪. મિશનરી બિશપ જનરલ સુપરિન્ટેન્ડેન્ટો કરતાં ઉતરતા દરજ્જાનો નથી, પણ જે ક્ષેત્રમાં તેની નિમણુંક થઈ હોય તે ક્ષેત્રના અધિકારમાં તેમની સાથે તે સમાન સત્તા ધરાવે છે. આ સમાન સત્તા વ્યવહારોપયોગી રીતે લગાડવામાં જ્યારે જનરલ સુપરિન્ટેન્ડેન્ટો કૉન્ફરન્સો પ્રત્યે પોતાનો ઠરાવ કરે ત્યારે યુનાઇટેડ સ્ટેટસમાં ગમે તે મિશનરી બિ-શપ હોય તે, જ્યારે તેના ક્ષેત્ર વિષે વિચાર કરવાનો હોય ત્યારે તેઓની સાથે બેસે; અને એવી ગોઠવણ કરવામાં આવશે કે જેથી કરી દરેક મિશન કે જેના પર મિશનરી બિશપનો અધિકાર હોય, તેનો કારભાર જો કોઇ ગંભીર અકસ્માત બનાવ નહિ બને, તો દર ચાર વરસમાં એકજ વખત જનરલ સુપરિન્ટેન્ડેન્ટોમાંનો એક તથા મિશનરી બિ-શપ જોડે ચલાવશે. જો તેઓના ઠરાવની અંદર વાંધો મા-લમ પડે તો તેવી બાબતમાં જનરલ સુપરિન્ટેન્ડેન્ટો કે જેઓને છેવટનો નિર્ણય કરવાની સત્તા છે તેઓ રદ નહિ કરે તો ચાલુ હાલત જારી રહેશે.

૧૯૫. મિશનરી બિશપોનાં નામ "મિશનરી બિશપો" એવા ઇલકાબમાં બીજા બિશપોનાં નામની નીચે ડિસિપ્લિ-નમાં તથા ગીત સંગ્રહમાં છાપવામાં આવશે.

૧૯૬. મિશનરી બિશપ; પોતાના અધિકારની રૂએ, બોર્ડ ઑફ ફોરેન મિશન્સની જનરલ કમિટીનો સભાસદ થાય, અને જેવી રીતે જનરલ સુપરિન્ટેન્ડેન્ટ પરદેશના મિશનક્ષેત્રમાં કે

જેના પર તેના અધ્યક્ષની સત્તા છે, આ બોર્ડની સાથે મળીને કામ ચલાવે છે, તેવીજ રીતે તે પોતાના ક્ષેત્રમાં બોર્ડની સાથે કામ ચલાવે.

૧૯૭. જ્યારે મિશનરી બિશપ મરણ પામવાથી અથવા બીજા કોઇ કારણસર પરદેશનું ક્ષેત્ર કે જેમાં જનરલ કૉન્ફરન્સે તેને નીમ્યો હોય તેમાં અધ્યક્ષનુ કામ કરતો બંધ પડે તો સદરહુ ક્ષેત્રમાં દેખરેખ રાખવાનું કામ એ કામ જનરલ સુપરિન્ટેન્ડેન્ટો હાથમાં લે.

૧૯૮. મિશનરી બિશપના અધિકાર માંહેના ક્ષેત્રમાંથી કોઇ ઉપદેશકની બદલી જનરલ સુપરિન્ટેન્ડેન્ટની અધ્યક્ષની દેખરેખ હેઠળની એક કૉન્ફરન્સમાં, અથવા જનરલ સુપરિન્ટેન્ડેન્ટની અધ્યક્ષની દેખરેખ હેઠળની એક કૉન્ફરન્સમાંથી મિશનરી બિશપના અધિકાર હેઠળના ક્ષેત્રમાં થાય, તો બન્ને બિશપો વચ્ચે અરસપરસ કબુલાતની જરૂર છે; અને દરખાસ્તમાં મૂકેલી બદલી પરદેશના બે ક્ષેત્રો કે જેના પર મિશનરી બિશપો હોય તેની વચ્ચે હશે તો જે બે બિશપોના હાથમાં કામ હશે તેઓ વચ્ચે એવીજ કબુલાતની જરૂર છે.

પ્રકરણ ૧૦. બિશપો.

CHAPTER X. BISHOPS.

૧. કેવી રીતે નિમવામાં આવે છે.

૧૯૯. બિશપ જનરલ કૉન્ફરન્સની ચુંટણીથી તથા ત્રણ બિશપોના અથવા ઓછામાં ઓછા એક બિશપ અને બે એલ્ડરોના હાથ મુકવાથી નિમવામાં આવે છે.

૨૦૦. જો મરણ પામવાથી અથવા બીજી કોઇ રીતે આપણી મંડળીમાં કોઇ પણ બિશપ બાકી ન રહે તો જનરલ કૉન્ફરન્સ એક બિસપ ચુંટશે અને એલ્ડરો અથવા તેમાંના ગમે તે ત્રણ જણ કે જેઓને જનરલ કોન્ફરન્સ એ કામ માટે નિમે તેઓ આપણી મંડળીની પદ્ધતિ પ્રમાણે તેને અભિષેક કરે.

૨. જવાબદારી.

૨૦૧. બિશપ પોતાની ચાલચલણ માટે જનરલ કૉન્ફરન્સ આગળ જવાબદાર છે અને તેની મુકદમો ચલાવવાની રીત વિષે હુકમ કરવાની જનરલ કૉન્ફરન્સને સત્તા છે.

૩. ફરજો.

૨૦૨. બિશપની ફરજો આ છેઃ—

૧. વાર્ષિક કૉન્ફરન્સોમાં પ્રમુખપદ લેવું.

૨. પોતાના અભિપ્રાય મુજબ ડિસ્ટ્રીકટો બનાવવી.

૩. ૨૦૩ મી કલમમાં બતાવેલી શરતો તથા હદ પ્રમાણે ઉપદેસકોની નિમણુકો કરવી.

૪. ૨૦૩: ૩, ૪ મી કલમો પ્રમાણે નિમાયલા સઘળા ઉપદેશકોનું (જેઓ મંડળીઓના પાળકો હોય તેઓ સિવાય), તેમજ આપણી પાઠશાળાઓમાંની કોઇમાં અભ્યાસ કરવાની નિમણુક વગરના જે ઉપદેશકો રહ્યા હોય, તેઓનું પોતાની કૉન્ફરન્સો મધ્યેની ત્રિમાસિક કોન્ફરન્સનું સભાસદપણું નક્કી કરવું.

૫. વાર્ષિક કૉન્ફરન્સની બેઠકો મળે તેની વચ્ચેના વખતમાં ઉપદેશકોની નિમણુકોમાં જરૂર પ્રમાણે તથા ડિસિપ્લિન ફરમાવે તેવા ફેરફારો કરવા.

૬. મંડળીઓની મુલાકાત લેવી.

૭. મંડળીના આત્મિક તેમજ દૈહિક કામ પર દેખરેખ

રાખવી.

૮. ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સમાં પ્રમુખપદ લેવું.

૯. બિશપોનો અભિષેક કરવો તથા એલ્ડરો અને ડીકનોને દિક્ષા આપવી.

૧૦. વાર્ષિક કૉન્ફરન્સમાં વાંધામાં પડેલા કામોના કાયદાના સઘળા બાબતોનો નીવેડો કરવો, એ શરતે કે જનરલ કૉન્ફરન્સમાં અપીલ થઇ શકે. પણ સઘળી બાબતોમાં કાયદાનો ઉપયોગ કરવાનું કામ કૉન્ફરન્સના હાથમાં રહેશે.

૨૦૩. નિમણુકો નક્કી કરતી વખતે બિશપ નીચે બતાવેલી શરતો તથા હદ ધ્યાનમાં લેશે.

૧. તે દર વરસે સરકટો પર ઉપદેશકો નિમશે.

૨. તે કોઇ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને એકજ ડિસ્ટ્રિક્ટમાં લાગલાગટ છ વરસં કરતાં વધારે વખત સુધી, અથવા લાગલાગાટ બાર વરસની અંદર છ વરસ કરતાં વધારે વખત સુધી પ્રમુખપદ લેવા ન દે. તેમ છતાં જો કોઇ બાબતમાં છ વરસની મુદ્દત વાર્ષિક કૉન્ફરન્સની બેઠકોની વચ્ચેના વખત દરમિયાન પૂરી થાય તો આવતી બેઠક સુધી ચાલુ રાખે, પણ એવી શરતે કે તેની મુદ્દત છ મહિના કરતાં વધારે ન હોય. પણ પરદેશમાંનાં મિશનો અથવા મિશન કૉન્ફરન્સોમાં જે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો હોય તેઓને લાગલાગટ છ વરસ કરતાં વધારે વખત સુધી એકજ ડિસ્ટ્રિક્ટમાં નિમી શકાય.

૩. તે દર વરશે નીચે પ્રમાણે નિમણુકો કરેઃ

(૧) આપણી પરોપકારના કામ મારેની સોસાયટીઓ તથા બોર્ડો સારૂ કૉરેસ્પોન્ડીન્ગ સેક્રેટરીઓ, મદદનીસ કૉરેસ્પોન્ડીન્ગ સેક્રેટરીઓ, તથા દફતરી ચિટણીસો.

(૨) પુસ્તક પ્રગટ કરનાર અધિપતિઓ.

(૩) વર્તમાન પત્રોના અધિપતિઓ તથા મદદનીસ અધિપતિઓ.

(૪) લશ્કર તથા નૌકાખાતા, કેદખાના, ગુન્હેગારોને સુધારવાની શાળા માંદા માણસોને હવા ફેરબદલ કરવાના મુકામો તથા ધર્માદા ખાતા માટે પાદરીઓ.

(૫) ખલાસીઓના ખાસ હિતને માટે ઉપદેશકો.

(૬) કોઇ પણ બાઇબલ સોસાઇટીમાં કામ કરનાર પાદરીઓ, અથવા સાબ્બાથશાળા બોર્ડને માટે પાદરીઓ.

(૭) જે વિદ્યાલયો આપણી દેખરેખ હેઠળ હોય તેઓના પ્રમુખો, શાળાધ્યક્ષો તથા શિક્ષકો.

(૮) શહેરની મિશનોના ચિટણીસો તથા સુપરિન્ટેન્ડેન્ટો.

૪. જો કંઇ વાર્ષિક કૉન્ફરન્સ વિનંતિ કરે તો તે નીચેની નિમણુકો કરે:

(૧) ધર્માચરણપુસ્તકો કૉન્ફરન્સમાં વહેંચવાના કામ માટે એવી મુસાફરી કરવા માટેના મારફતીઓ.

(૨) પરહેરજગારીના પક્ષને ઉત્તેજન આપવા માટેના મારફતીઓ.

(૩) આપણી દેખરેખ હેઠળ ન હોય એવા વિદ્યાલયોના શિક્ષકો.

(૪) આપણાં વિદ્યાલયોના હિત માટેના મારફતીઓ.

(૫) પુસ્તક પ્રગટ કરનાર ફંડ માટેના મારફતીઓ.

(૬) બીજાં પરોપકારી કામ માટેના ખાતાઓના મારફતીઓ.

(૭) મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના લાભ માટેના ખાનગી પત્રો અથવા ચોપાનિયાના અધિપતીઓ, એવી શરતે કે, એવી કોઇ પણ બાબતમાં મંડળી પૈસા બાબતની જોખમદારી માથે ન લે.

(૮) વાર્ષિક કૉન્ફરન્સ માંહેની સરકરોના પાળકો જો આમંત્રણ કરે તો તેમની સાથે સામેલ થઇ તે સરકરોમાં સુવાર્તા પ્રકટ કરવાનું કામ કરવા માટે, અથવા જો કોઇ ડિસ્ટ્રીક્ટનો સુપરિન્ટેન્ડેન્ટ ભલામણ કરે તો તેની સાથે સામેલ થઇ તે ડિસ્ટ્રિક્ટની અંદરના તજી દીધેલા ક્ષેત્રમાં સુવાર્તા પ્રગટ કરવાનું કામ કરવા માટે વાર્ષિક કૉન્ફરન્સના એક અથવા વધારે સભાસદોને નીમે; એવી શરતે કે, કૉન્ફરન્સ મત આપીને નક્કી કરે કે એ પ્રમાણે પોતાના કેટલા સભાસદોને નિમવા, અને વળી સદરહુ વાર્ષિક કૉન્ફરન્સ પોતાના સભાસદો જેઓ હાજર હોય તથા મત આપતા હોય તેઓમાંના બે તૃતિયાંશ ભાગના મતથી એવી નિમણુંકની ભલામણ કરે.

૪. અધિકાર.

૨૦૪. બિશપો અભ્યાસક્રમ નક્કિ કરે એ પરથી જેઓ ઉપદેશ કરવાના પરવાના માટે, સ્થાનિક ઉપદેશકો તરીકેની દીક્ષા માટે, તથા અજમાએશ પર સ્વીકાર પામવા માટે ઉમેદવારોની યથાક્રમ પરિક્ષા લેવામાં આવશે; વળી સ્થાનિક ઉપદેશકો માટે ચાર વરસ સુધીનો અભ્યાસક્રમ, તથા જેઓ વાર્ષિક કૉન્ફરન્સમાં અજમાએશપર સ્વીકાર. પામેલા હોય તેઓ માટે ચાર વરસ સુધીનો કૉન્ફરન્સ અભ્યાસક્રમ.

૨૦૫. જ્યારે કોઇ અજમાએશપરનો ઉપદેશક અથવા વાર્ષિક કૉન્ફરન્સનો સભાસદ આપણી કોઇપણ વિદ્યાલયો અથવા ઇશ્વરવિદ્યાશાળાઓમાંની કોઇમાં જવાની ઇચ્છા કરે, અને જ્યારે એમ કરવા દેવાની વાર્ષિક કૉન્ફરન્સ તરફથી બિશપને ભલામણ કરવામાં આવે અને જો બિશપને યોગ્ય લાગે તો તેને નિમણુંક વગર રહેવા દે, એટલું છતાં; એવી

શરતે કે, ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની નેમણુંક હેઠળ તે પુરાં બે વરસ નિયમિત કામમાં ગાળે અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તથા ત્રિમાસિક કૉન્ફરન્સ તેના કામની લાયકાત વિષે શાક્ષી આપે તે સિવાય આ પ્રમાણે નિશાળમાં ગાળેલો વખત વાર્ષિક કૉન્ફરન્સમાં અજમાએશપર રહેવા માટે જે વખત [જોઇએ તેમાં ગણવામાં ન આવે. આ પ્રમાણે નિમણુંક વગરના કોઇ પણ ઉપદેશકને કોઇપણ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તેની બદલી કર્યા વગર બીજી કૉન્ફરન્સમાં પાળક તરીકે કામે લગાડી શકે.

૨૦૬. આપણી ઇશ્વરવિદ્યાશાળાઓમાં જો ખોટું શિક્ષણ આપવામાં આવે તો તે વિષે તપાસ કરવાની તથા રિપોર્ટ કરવાની ફરજોમાંથી બીશપોને મુક્ત કરવામાં આવે છે; પણ જ્યારે આવા પ્રકારના આરોપ તેમની આગળ લાવવામાં આવે ત્યારે તેનો ચૂકાદો કર્યા વગર તે ગુન્હેગાર જે વાર્ષિક કૉન્ફરન્સનો સભાસદ હોય તેમાં તેને કૉન્ફરન્સને યોગ્ય લાગે તેવા પગલા ભરવા માટે રજુ કરવા આવે. જો ઇશ્વરવિદ્યાશાળાનો શિક્ષક લેમેન હોય તો સદરહુ આરોપો તેના પાળક ઉપર મોકલવામાં આવે અને તેનો મુકદમો ડિસિપ્લિનની ૨૪૭ મી કલમ મુજબ કરવામાં આવશે. પણ જો ફર્યાદો શિક્ષણ આપવાની રીત વિષે અથવા શિક્ષકની પોતાની લાયકાત વિષે હોય અને મતના ખરાપણા વિષે ન હોય તો તેવી બાબતમાં બિશપો યોગ્ય વિચાર કર્યા બાદ તે બાબત વિષેનો પોતાનો ઇન્સાફ તે શાળાના ધરાવનાર કારોબારી મંડળપર મોકલી આપે.

૨૦૭. જ્યારે પોતાને જરૂરનું લાગે ત્યારે બિશપ ત્રિમાસિક કૉન્ફરન્સના કામ માટે બે અથવા વધારે સરકટોને, તેમના પૈસા સંબંધી લાભ અથવા પાળક તરફના

સંબંધપર અસર કર્યા વગર, એક સાથે જોડી દે.

૨૦૮. જો કોઇ બિશપ જનરલ કૉન્ફરન્સની સંમતિ વગર લોકોમાં મુસાફરી કરતો બંધ પડે તો ત્યાર પછી તે આપણી મંડળીમાં અધ્યક્ષનું કામ કોઇ પણ પ્રમાણમાં કરે નહિ.

૨૦૯. મરણ પામવાથી અથવા બીજા કોઇ કારણને લીધે ડિસ્ટ્રીકટોમાં મુસાફરી કરી અધ્યક્ષનું કામ કરવાને કોઇ બિશપ ન રહે તો વાર્ષિક કૉન્ફરન્સો તથા ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટો, દિક્ષા આપવાના કામ સિવાય, ડિસ્ટ્રિકટોનાં બધાં કામોની વ્યવસ્થા આવતી જનરલ કૉન્ફરન્સની બેઠક સુધી કરશે.

પ્રકરણ ૧૧ રીટાયર્ડ બિશપો.*

CHAPTER XI. RETIRED BISHOPS.

---

૧. જનરલ સુપરિન્ટેન્ડેન્ટ.

૨૧૦. ૧. જનરલ સુપરિન્ટેન્ડેન્ટ કે જેની ઉમર ૭૦ વરસની થઇ ગઇ હોય તેને મંડળીમાં મુસાફરી કરવાની તથા સ્થાનિક દેખરેખ રાખવાની ફરજમાંથી બિશપોના મંડળને તે બાબત લેખિત ખબર આપવાથી મુકત કરવામાં આવે; અને જ્યારે કોઈ જનરલ સુપરિન્ટેન્ડેન્ટને ઉપર મૂજબ મુક્ત કરવામાં આવે તો બિશપોના બોર્ડ બુક કમિટીને તથા આવતી જનરલ કૉન્ફરન્સને આ હકિકત વિષે ખબર આપશે.

૨. જનરલ સુપરિન્ટેન્ડેન્ટને તેની ૭૩ મી વરસગાંઠના

---

* રીટાયર્ડ બિશપો, એટલે જે બિશપો, ઘણા વરસોની નોકરી કર્યા બાદ, અથવા બીજા કોઈપણ કારણને લીધે ફારેગ થએલા છે.

નજદીક પ્રસંગે ભરાનાર જનરલ કૉન્ફરન્સ સમાપ્ત થવા બાદ પોતાની મંડળીમાં મુસાફરી કરવાની તથા સ્થાનિક દેખરેખ રાખવાની ફરજમાંથી મુક્ત કરવામાં આવશે.

૩. જનરલ સુપરિન્ટેન્ડેન્ટને કોઇ પણ ઉમરે કોઇ પણ કારણસર જો જનરલ કૉન્ફરન્સને યોગ્ય લાગે તો તે તેને મંડળીમાં મુસાફરી કરવાની તથા સ્થાનિક દેખરેખ રાખવાની ફરજમાંથી મુક્ત કરે.

૨. મિશનરી બિશપ.

૨૧૧. ૧. મિશનરી બિશપની ઉમર જ્યારે ૭૦ વરસની થાય ત્યારે જે પરદેશી મિશન ક્ષેત્ર માટે તેને પસંદ કરવામાં આવ્યો હોય તેમાં મુસાફરી કરવાની ફરજમાંથી બિશપોના મંડળે, બોર્ડ ઑફ ફોરીન મિશન્સ તથા બુક કમિટીને લેખિત ખબર આપ્યા પછી તેને મુક્ત કરવામાં આવે; અને જ્યારે મિશનરી બિશપને આ પ્રમાણે મુક્ત કરવામાં આવે ત્યારે બિશપોના મંડળ તે વિષે આવતી જનરલ કૉન્ફરન્સને રીપોર્ટ કરશે

૨. મિશનરી બિશપને તેની ૭૩ મી વરસગાંઠની નજદીક ભરાનાર જનરલ કૉન્ફરન્સ સમાપ્ત થયા બાદ તેને જે પરદેશી મિશન ક્ષેત્ર માટે પસંદ કરવામાં આવ્યો હોય તેમાં મુસાફરી કરવાની ફરજમાંથી મુક્ત કરવામાં આવે.

૩. મિશનરી બિશપ કોઇ પણ ઉમરે કોઇ પણ કારણસર જો જનરલ કૉન્ફરન્સને યોગ્ય લાગે તો જે પરદેશ મિશન ક્ષેત્ર માટે તેને પસંદ કીધો હોય તેમાં મુસાફરી કરવાની ફરજમાંથી તેને મુક્ત કરવામાં આવે.

૩. સામાન્ય સરતો.

૨૧૨. ૧. જનરલ સુપરિન્ટેન્ડેન્ટ કે જેને ઉપર બતાવેલી કોઇ પણ કાનૂનો મંડળીમાં મુસાફરી કરવાની

ફરજમાં મુક્ત કરવામાં આવ્યો હોય તો ત્યાર પછીથી તે કોઇ પણ વાર્ષિક કૉન્ફરન્સ, મિશન કાન્ફરન્સ અથવા મિસનમાં પ્રમુખપદ લેશે નહિ, નિમણુંકો કરશે નહિ, તથા જનરલ કૉન્ફરન્સમાં પ્રમુખપદ લેશે નહિ, પણ કોઇ કૉન્ફરન્સમાં, જો પ્રમુખ બિશપ તેને વિનંતિ કરે, તો તે કામ ચલાઉ પ્રમુખનું કામ કરે. તે બિસપોની મંડળીનો એક એક સલાહકાર સભાસદ થશે.

૨. જ્યારે ઉપર બતાવેલી કોઇ પણ સરતો મુજબ મિશનરી બિશપને મુક્ત કરવામાં આવ્યો હોય તો ત્યાર પછીથી તે કોઈ પણ કૉન્ફરન્સમાં પ્રમુખ પદ લેશે નહિં તેમજ નિમણુકો કરશે નહિ.

૩. જનરલ સુપરિન્ટેન્ડેન્ટ અથવા મિશનરી બિશપ કે જેણે ઉપર કહેલા કાનૂનો મૂજબ ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યો હોય તો તે આમાં મનાઇ કરવામાં આવેલી સીવાયની પોતાની અધ્યક્ષના કામની સત્તા અને હકો ભોગવવાનું જારી રાખે.

૪. બે જનરલ કૉન્ફરન્સોની વચ્ચેનો વખત જનરલ કૉન્ફરન્સની નિયમિત બેઠકના વરસ પછીના બીજા કલેન્ડર વરસની ૧૫ મી અને ૧૬ મી મેના દીવસો વચ્ચે આવે.

૫. બિશપોને કામમાંથી ફારેગ થવા બાબતના આ કાનૂનો સને ૧૯૧૬ ની જનરલ કૉન્ફરન્સની બેઠકની શરૂઆતથી અમલમાં મૂકવામાં આવશે.

ભાગ ૪ સ્થાનિક ઉપદેશકો, બોધકો તથા ડીકનેસો.

PART IV. LOCAL PREACHERS, EXHORTERS AND DEACONESSES.

——:(०):——

પ્રકરણ ૧. સ્થાનિક ઉપદેશકો.

CHAPTER I. LOCAL PREACHERS.

૨૧૩. જ્યાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ હોય ત્યાં સ્થાનિક ઉપદેશકો તથા બોધકોને લગતી ત્રિમાસિક કૉન્ફરન્સોને નીચે મુજબ આપેલી સત્તાનો અમલ ફક્ત ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સજ કરે; પણ તે કોઇ માણસને, ત્રિમાસિક કૉન્ફરન્સનાં અથવા એવો માણસ અથવા ઉપદેશક જે સરકટમાં હોય તે તે સરકટના વર્ગ પ્રમુખો તથા કારભારીઓની સભાના પ્રથમ ભલામણપત્ર સિવાય, ઉપદેશ કરવાની પરવાનગી આપે નહિ અથવા કોઇની ઉપદેશ કરવાની અથવા બોધ કરવાની પરવાનગી ફરીથી આપે નહિ, અથવા કોઇપણ સ્થાનિક ઉપદેશકને ધર્મગુરૂની દીક્ષા માટે અથવા ધર્મગુરૂની દીક્ષાની ઓળખ માટે, અથવા અજમાએશપર સ્વીકાર માટે વાર્ષિક કૉન્ફરન્સ પ્રત્યે ભલામણ કરે નહિ; અને મંડળીના કોઇપણ સભાસદને પરવાનગી વગર ઉપદેશ કરવાની રજા નથી.

૨૧૪. જ્યાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ ન હોય ત્યાં ત્રિમાસિક કૉન્ફરન્સને નિચે પ્રમાણેની સત્તા છેઃ—

૧. લાયક માણુસોને ઉપદેશ કરવાની પરવાનગી આપવી; એવી શરતે કે જે મંડળીના તેઓ સભાસદો હોય તેઓથી, અથવા વર્ગ પ્રમુખો તથા કારભારીઓની સભાથી તેમના વિષે આગળથી ભલામણ કરવામાં આવી હોય, ઉપદેશ કરવાની પરવાનગી માટે ઉમેદવારો માટે ઠરાવેલા અભ્યાસની પરીક્ષા તેઓએ સંતોષકારક રીતે પસાર કીધી હોય, મંડળીના મત તથા નિયમના વિષય વિષે ત્રિમાસિક કૉન્ફરન્સની રૂબરૂમાં તેઓની પરીક્ષા થઇ હોય, અને "તમાકુનો ઉપયોગ કરવાથી તમે પૂરેપૂરા દૂર રહેશો ?" એ સવાલનો જવાબ પણ તેઓએ સંતોષકારક રીતે આપ્યો હોય.

૨. સ્થાનિક ઉપદેશકોની તેમને માટે ઠરાવેલા અભ્યાસક્રમની પરીક્ષા લેવી; નામવાર દરેકની સ્વભાવિકબુદ્ધિ, શ્રમ, તથા ઉપયોગીપણા વિષે તપાસ કરવી; અને કૉન્ફરન્સની નજરમાં તેઓનાં સ્વભાવિકબુદ્ધિ, લાવણ્યતા, તથા ઉપયોગીપણું, તથા શિખવામા તેમનું વિશ્વાસપણુ તથા શોખ નવી પરવાનગીને પુષ્ટિ આપે તો દર વરસે તેઓને ફરીથી પરવાનગી આપવી. જે સ્થાનિક ઉપદેશકો ટ્રાવર્લીન્ગ પાદરીવર્ગ માટે ઉમેદવારો હોય તેઓની બાબતમાં જ્યાં સુધી તેઓ આપણી ઇશ્વરવિદ્યાશાળાઓ અથવા આપણી યુનીવર્સીટી સેનેટથી મંજુર કરાયલી યુનીવર્સીટીઓ અથવા પાઠશાળાઓમાં નિયમિત અભ્યાસ કરતા હોય ત્યાં સુધી તેઓની પરીક્ષા મુલતવી રાખી શકાય.

૩. સ્થાનિક ઉપદેશકો કે જેઓ ડીકન અથવા એલ્ડરની દીક્ષા માટે (૧૭૩, ૧; ૧૭૬, ૧), ધર્મગુરૂની દીક્ષાની ઓળખ માટે (૧૬૨, ૧, ૨), અથવા અજમાએશ પર સ્વીકાર પામવા માટે (૧૫૪, ૧), યોગ્ય ઉમેદવારો હોય તેઓ માટે વાર્ષિક કૉન્ફરન્સ પ્રત્યે ભલામણ કરવી; એવા ઉમેદવારો મંડળીના મત તથા નિયમ વિષે ત્રિમાસિક કૉન્ફરન્સની રૂબરૂમાં આગળથી પરીક્ષા આપશે.

૪. સરકટ અથવા મંડળીના કોઇ સ્થાનિક ઉપદેશકની વિરૂદ્ધ તહોમતો રજુ કરવામાં આવ્યાં હોય તો તેનો મુકરદમો ચલાવે, તેને સસ્પેન્ડ કરે, તેની પાસેથી ઉપદેશકનો ઓદ્ધો તથા સનંદ લઇ લે, તેને મંડળી બહાર કરે, અથવા તો તેને નિર્દોષ ઠરાવે.

૨૧૫. ૧. દરેક દિક્ષીત અથવા અદિક્ષીત સ્થાનિક ઉપદેશક કે જેના તાબામાં મંડળી અથવા સરકટ ન હોય તો જ્યાં તે રહેતો હોય ત્યાંની ત્રિમાસિક કૉન્ફરન્સનો સભાસદ થશે તથા તેનો જવાબદાર પણ થશે. અને જ્યારે તે પોતાનું રહેઠાણ બદલે ત્યારે જે સરકટમાંથી તે જતો હોય તે સરકટના પાળક પાસેથી અથવા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી પોતાના ઓદ્ધાની મુદત તથા રજાનું પ્રમાણપત્ર લે અને તે જે સરકટમાં રહેવા જતો હોય ત્યાંના પાળક આગળ રજુ કરે. જો આ પ્રમાણે તે ન કરે તો જે સરકટમાં તે ગયો હશે ત્યાં સ્થાનિક ઉપદેશક તરીકે તે ગણાશે નહિ અને પોતાનો હોદ્દો ચલાવશે નહિ; અને જે સરકટમાંથી તે આવ્યો હશે ત્યાંની ત્રિમાસિક કૉન્ફરન્સનો તે જવાબદાર રહેશે, અને જો તે એ પ્રમાણે લાંબા વખત સુધી બેદરકાર રહે તો સદરહુ કૉન્ફરન્સ તેને યોગ્ય ખબર આપ્યા પછી હઠથી મંડળીના કાયદાનો ભંગ કર્યાને લીધે તેના મુકરદમો ચલાવે અને તે વિષેની ખાત્રી થયાપર તેની પાસેથી તેનો ઉપદેશકનો હોદ્દો તથા સનંદ લઈ લે.

૨. જો કોઇ સ્થાનિક ઉપદેશક મંડળી અથવા સરકટમાં નિમણુંક કરવામાં આવે તો જે સરકટમાંથી તેની બદલી થતી હોય તે સરકટના પાળક પાસેથી અથવા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી પોતાના હોદ્દાની મુદત તથા રજાનું પ્રમાણપત્ર લે, અને જે સરકટમાં તેની નિમણુંક થઇ

હોય ત્યાંની ત્રિમાસિક કૉન્ફરન્સ પ્રત્યે તેની બીજી બેઠક વખતે તે રજુ કરે અને તેનું, મંડળીનુ તથા ત્રિમાસિક કૉન્ફરન્સનું સભાસદપણુ તે સરકટમાં ગણાય.

૩. અદિક્ષિત સ્થાનિક ઉપદેશક જો કોઈ સરકટના નિયમિત રીતે નીમાયલા પાળક તરીકે કામ કરતો હશે તો તેને બાપ્તિસ્માનો સંસ્કાર આપવાની અને જો રાજ્યના કાયદાની પરવાનગી હોય તો લગ્ન કરાવવાની સત્તા છે.

૪. જ્યારે વાર્ષિક કૉન્ફરન્સથી કોઈ ઉપદેશકની સ્થાનયોજના કરવામાં આવે અથવા તેને રજા આપવામાં આવે ત્યારે સ્થાનયોજના કરતી વેળાએ અથવા રજા આપતી વેળાએ તે જ્યાં રહેતો હોય ત્યાં પોતાનું ત્રિમાસિક કૉન્ફરન્સનું સભાસદપણુ કાયમ રાખે.

૨૧૬. જ્યાં બની શકે એવું હોય ત્યાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો તથા પાળકોએ એવી નિમણુંકો ગોઠવવાની જરૂર છે કે જેથી કરી સ્થાનિક ઉપદેશકોને વિશ્રામવારે નિયમિત તથા પદ્ધતિવાર કામ મળે.

૨૧૭. દરેક સ્થાનિક ઉપદેશકનુ નામ કોઈ વર્ગમાં નોંધવામાં આવશે, અને તે તેની સાથે મળે. તે ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સ પ્રત્યે પોતાના કામનો હેવાલ નીચે પ્રમાણે આપે: ૧. કેટલી વખત ઉપદેશ કીધો? ૨. કેટલી પ્રાર્થનાની સભાઓમાં હાજર રહ્યા? ૩. વર્ગની કેટલી સભાઓમાં હાજર રહ્યા? ૪. કેટલી સાબ્બાથ શાળામાં હાજર રહ્યા? ૫. કેટલી દફન ક્રિયાઓ કરી. ૬. પરચુરણ બાબતો: વળી તે નીચેની બાબતો વિષે હેવાલ પણ આપે, એ માટે કે તેની યોગ્ય નોંધ પાળક મંડળીના દફતરોમાં કરે—(૧) કેટલાં લગ્ન કરાવ્યાં, જે માણસોના લગ્ન થયાં હોય તેઓનાં

નામો સહિત અને (૨) કેટલાં બાપ્તિસ્માં કીધાં ? જેઓના બાપ્તિસ્માં કીધાં હોય તેઓનાં નામો તથા ઉમર સહિત.

૨૧૮. જ્યારે કોઈ સ્થાનિક ઉપદેશક ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની પસંદગીથી પાળકની જગ્યા પુરે ત્યારે તેને પોતાના વખત માટે પાળકના પગારના પ્રમાણમાં પૈસા આપવામાં આવશે, અને તે પૈસા જે પાળકની જગ્યા પુરવામાં આવી હશે તે જો માંદો હશે અથવા જરૂરને લીધે ગેરહાજર રહ્યો હશે તો સરકટમાંથી બીજી ત્રિમાસિક કૉન્ફરન્સની બેઠક વખતે આપવામાં આવશે; અને આ સિવાય બીજી બાબતોમાં પાળકના પગારમાંથી આપવામાં આવશે.

૨૧૯. જો કોઈ સ્થાનિક ઉપદેશક સરકટમાં કામ કરવાને લીધે પોતાની સંસારી બાબતોમાં દુઃખમાં આવી પડે તો તે ત્રિમાસિક કૉન્ફરન્સ પ્રત્યે અરજી કરે કે જે પાળકવર્ગના નિર્વાહના દાવા ચૂકવ્યા બાદ જેમ તેને યોગ્ય લાગે તેમ તેની મદદ કરે.

———:o:———

પ્રકરણ ૨. બોધકો.

CHAPTER II. EXHORTERS.

———

૨૨૦. બોધક, જે વર્ગનો તે સભાસદ હોય તેની અથવા તે સરકટના વર્ગપ્રમુખો તથા કારભારીઓની સભાની ભલામણથી તથા પાળકથી સહી કીધેલી પરવાનગીથી નિમવામાં આવે છે.

૨૨૧. બોધકની ફરજો એ છે કે જ્યાં પ્રસંગ મળે ત્યાં પાળકના હુકમ મુજબ પ્રાર્થના તથા બોધ માટે સભાઓ કરવી; ડિસ્ટ્રિક્ટ તથા ત્રિમાસિક કૉન્ફરન્સોની બધી બેઠકો

વખતે હાજર રહેવું, તથા તેઓને લેખિત હેવાલ આપવો. દર વરસે ત્રિમાસિક કૉન્ફરન્સમાં તેની ચાલચલણની તપાસ લેવામાં આવશે તથા તેના પ્રમુખની સહી કરેલી તેવી પરવાનગી તેને ફરીથી મળશે.

પ્રકરણ ૩. ડીકનેસો.

CHAPTER III. DEACONESSES.

૨૨૨. જે સ્ત્રી, પવિત્ર આત્માથી તથા દેવની દીર્ઘ દૃષ્ટિથી દોરવાઇ છે એ માટે કે, જીંદગીના બીજાં બધાં ઉદ્યમો તજી દેઇને તે ખ્રીસ્ત સમાન સારાં કામો કરવાની સેવાને તે પોતાનું સંપૂર્ણ અર્પણ કરે; અને આવું ઇશ્વરી તેડું મળ્યા પછી જેને ઓછામાં ઓછા બે વરસ સુધી ઉમેદવાર તરીકે કેળવણી હોય તથા જેની અજમાએશ થઇ હોય અને આ મુજબ તૈયારી કર્યા બાદ જેને મંડળી પસંદ કરે અને મંડળીમાં કામ કરવા સારૂ ગંભીરતાથી જુદી કરવામાં આવે તે ડીકનેસ (સેવકી) કહેવાય.

૨૨૩.—૨૩૧ સુધી. [આ પારાગ્રાફો હિંદુસ્તાનને લાગુ પડતા નથી.]

ભાગ ૫. ઇનસાફ સંબંધી કારભાર.
PART V. JUDICIAL ADMINISTRATION.

(ચાહ્દી.—આ પાંચમાં ભાગમાં "અનીતિ" નો અર્થ "ઈશ્વરી કાયદાનુ ઉલ્લંઘન" જણાવે છે.)

પ્રકરણ ૧. બિશપનો મુકરદમો.
CHAPTER 1. TRIAL OF A BISHOP.

૧. તપાસ.

૨૩૨. જનરલ કૉન્ફરન્સ ભરાય તે વચ્ચેના વખત દરમીયાન જો કોઇ બિશપ ઉપર ઈશ્વરી કાયદાનું ઉલ્લંઘન કર્યાનું તહોમત મુકવામાં આવે તો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ કે જેના તાબાની ડિસ્ટ્રિક્ટમાં આ ગુન્હો બન્યો હોય તે આ કામમાં તપાસ કરવા માટે ચાર ટ્રૅાવલીન્ગ એલ્ડરોને પોતાની મદદમાં બોલાવે અને આ પાંચે પાદરીઓ ભેગા મળીને આ બાબતમાં સંભાળપૂર્વક પુછપરછ કરે અને જો તેઓના અભિપ્રાય મુજબ સદરહુ આરોપને માટે ખાત્રી લાયક કારણ હોય, તો તેઓ એ બાબતમાં બરાબર તહોમતનામું જો તૈયાર કરવામાં નહિ આવ્યુ હોય તો તૈયાર કરી તે ઉપર સહી કરે, તેની એક નકલ તહોમતદાર પર મોકલે, અને બિશપોમાંના એક બિશપ પર એક નકલ મોકલીને તેમને આ બાબતની ખબર આપે.

જે બિશપને ઉપર મુજબની ખબર આપવામાં આવી હોય તે નિચે દર્શાવ્યા મુજબ (જુઓ કલમ ૨૮૭)

નજદીકની ચાર કાન્ફરન્સોમાંના અપીલને ફેંસલો કર-નારાઓની એક તપાસ કમિટી બોલાવે ને તેમાં એક બિ-શપ પ્રમુખસ્થાને બિરાજે. કંઇ પણ કારણ બતાવ્યા વગર કમિટીના ફલાણા માણસોને બાતલ કરો એવી માગણી કરવાનો તહોમતદારને હક છે, આ શરતે કે કમિટીના સભાસદોની સંખ્યા તેર કરતાં ઓછી થાય નહિ. પ્રમુખ બિશપ એક ચિટનીસ નીમે જે ચાલેલા સર્વ કામોની તથા સાહેદીઓની બરાબર નોંધ રાખે. આ મુજબ નીમાએલી કમિટીને સદરહુ તહોમતની તપાસ કરવાને સંપૂર્ણ સત્તા છે, અને જો કમિટીને માલુમ પડે કે તહોમત પાયાદાર છે તો તે તહોમતદારને જનરલ કૉન્ફરન્સ ભરાય ત્યાં સુધી બિશપની સઘળી ફરજોમાંથી તથા મંડળીના સર્વ હક્કોમાંથી સસ્પેન્ડ કરે આ કામની નોંધ બરાબર રીતે પસાર થયા પછી પ્રમુખ તથા ચીટનીસ તેના પર સહી કરે, અને જનરલ કૉન્ફરન્સ, જે તે કામનો છેવટનો ફેં-સલો કરશે, તેના ઉપર પ્રમુખ આ નોંધ, તહોમતનામું, દ-સ્તાવેજો તથા સાક્ષીઓ સહિત મોકલી આપે. આથી કંઇ વધારાનું તહોમતનામુ તથા વિગતવાર લખેલી વિશેષ હકી-કતો જનરલ કૉન્ફરન્સની આગળ રજુ કરી શકાય, પણ એ શરતે કે તહોમતદારને સદરહુ બાબતની વખતસર ખબર આપવામાં આવે.

૨૩૩ મૂર્ખાઇ ભરેલી ચાલચલણની બાબતમાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ કે જેની ડિસ્ટ્રિક્ટમાં કહેલો ગુન્હો બન્યો હોય તેણે પોતાની સાથે બે ટ્રાવલીન્ગ એલ્ડરોને લે, અને જો તેઓના અભિપ્રાય મુજબ આવા આરોપમાં પુરતું કારણ માલુમ પડે તો તેઓ અપરાધ કરનાર બિશપને ઠપકો આપે. જો તે પોતાની મૂર્ખાઇમાં ચાલ્યા કરે તો તે

બાબતની તપાસ ૨૩૨ મી કલમમાં દર્શાવ્યા મુજબ કરવામાં આવશે, અથવા જનરલ કૉન્ફરન્સ સમક્ષ સદરહુ તહોમતદારને મુકરદમા માટે લઈ જવામાં આવે.

૨૩૪. સર્વ ડિસ્ટ્રિક્ટોની હદ બહાર ઈશ્વરી કાયદાનું ઉલ્લંઘન અથવા મૂર્ખાઇ કરવામાં આવ્યાં છે એવું જો કહેવાય તો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ જેના ડિસ્ટ્રિક્ટની હદમાં તે બિશપ રહેતો હોય તે ઉપર લખેલા કાનુનો મુજબ કામ ચલાવશે.

૨૩૫. જો કોઈ બિશપપર આપણા ધર્મના સિદ્ધાંતોની વિરૂદ્ધ અથવા આપણા મતના ચાલુ તથા સ્થાપિત ધોરણોની વિરૂદ્ધ મતો ખાનગી અથવા જાહેર રીતે પ્રસાર કરવાનો આરોપ મેલવામાં આવે તો ૨૩૨ મી કલમમાં દર્શાવ્યા મુજબ કામ ચાલશે. અથવા તો જનરલ કોન્ફરન્સ તેનો મુકરદમો ચલાવશે.

૨૩૬. જો બિશપના કાર્યવહેવાર વિરૂદ્ધની ફરિયાદ હોય તો તે જનરલ કૉન્ફરન્સ ઉપર મોકલી આપવામાં આવે તથા તેમાં દાખલ કરવામાં આવે પણ એ શરતે કે કૉન્ફરન્સના અભિપ્રાય મુજબ તહોમતદારને આવી ફર્યાદની યોગ્ય ખબર આપવામાં આવી હોય.

૨. મુકરદમો.

૨૩૭. જ્યારે તપાસ કરનારી કમિટીથી કોઈ બિશપને સસ્પેન્ડ કર્યો હોય, અથવા કોઇ બિશપ વિરૂદ્ધ આરોપો બારોબાર જનરલ કૉન્ફરન્સ આગળ રજુ કરવામાં આવે, ત્યારે જનરલ કૉન્ફરન્સ પોતાના સભાસદો કે જેઓ પાદરીઓ હોય તેઓમાંથી વધારેમાં વધારે સત્તર તથા ઓછામાં ઓછા અગીઆર સભાસદોની એક ખાસ કમિટી નીમીને ઘટતી રીતે તેનો મુકરદમો ચલાવે; યોગ્ય અ-

રણને લીધે કમિટીમાંના ફલાણા માણસોને બાતલ કરો એવી માગણી કરવાનો તહોમતદારને હક છે. સદરહુ કોર્ટમાં એક બિશપ પ્રમુખસ્થાને બીરાજે, અને જનરલ કૉન્ફરન્સનો એક ચિટનિસ તેમાં ચિટનિસ તરીકે કામ કરે. આ મુજબ બનેલી કોર્ટને તહોમતદાર બિશપના મુકરદમો ચલાવવાને, અને જેમ ગુન્હાના પ્રમાણ તપાસ કરવાથી તેને યોગ્ય લાગે તેમ તેને તેના હોદ્દાના કામ ઉપરથી સસ્પેન્ડ કરવાનો, તેને પાદરીવર્ગમાંથી પદભ્રષ્ટ કરવાનો, અથવાતો મંડળી બહાર કરવાનો, સંપૂર્ણ અધિકાર છે. તેનો ફેંસલો છેવટનો થશે; તોપણ નિચે દર્શાવ્યા મુજબ (જુઓ કલમ ૨૮૨) જનરલ કૉન્ફરન્સ ઉપર અપીલ થઈ શકે; અને જનરલ કૉન્ફરન્સના લેખમાં દાખલ કરવા માટે કૉન્ફરન્સને તે ફેંસલાનો હેવાલ આપવામાં આવશે; તથા મુકરદમાની નોંધ, આ કામને લગતા સધળા દસ્તાવેજો સહિત, જનરલ કૉન્ફરન્સનાં કાગળિયાં ભેગાં સંભાળી રાખવા માટે તથા અપીલનાં ઉપયોગ માટે જનરલ કૉન્ફરન્સના ચિટણીસના સ્વાધિનમાં મૂકવામાં આવે.

પ્રકરણ ૨. મિશનરી બિશપનો મુકરદમો.

CHAPTER II. TRIAL OF A MISSIONARY BISHOP

૧. તપાસ.

૨૩૮ જનરલ કૉન્ફરન્સ ભરાય તે વચ્ચેના વખત દરમીઆન જો કોઈ મિશનરી બિશપ ઉપર ઈશ્વિરી કાયદાનું ઉલ્લંઘન કર્યાનું તહોમત મુકવામાં આવે તો વાર્ષિક કૉન્ફરન્સ જેની હદમાં આ ગુન્હો બન્યો હોય તેના ડિસ્ટ્રિક્ટ

સુપરિન્ટેન્ડેન્ટોએ આ બાબત પુછપરછ કરે. તેઓના અભિ-પ્રાય મુજબ જો તહોમતો પાયાદાર માલુમ પડે તો તેઓએ આ બાબતનું બરાબર તહોમતનામું તૈયાર કરી, તથા તે પર સહી કરીને સૌથી નજદીકના બિશપ અથવા મિશનરી બિશપ ઉપર મોકલી આપે, તથા તેની એક નકલ તહોમ-તદાર પર મોકલી આપે. સદરહુ બિશપ અથવા મિશનરી બિશપે ત્યાર પછી મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના પરદેશી મિશનેરીઓમાંના ઓછામાં ઓછા નવ તથા વધારેમાં વ-ધારે પંદર અફેકટિવ એલ્ડરોની એક તપાસની કમિટી ભરે, જેમાં બિશપ અથવા મિશનરી બિશપ પ્રમુખસ્થાને બી-રાજે. કાંઈ પણ કારણ બતાવ્યા વગર કમિટીના અમુક માણસોને બાતલ કરો એવી માગણી કરવાનો તહોમતદાર ને હક છે, આ શરતે કે કમિટીના સભાસદોની સંખ્યા સાત કરતાં ઓછી થાય નહિ. જો આ કમિટીને આરોપો પાયાદાર માલુમ પડે તો તે આવતી જનરલ કૉન્ફરન્સ ભરાય ત્યાં સુધી આરોપીને સસ્પેન્ડ કરે.

૨૩૯. જો કોઈ મિશનરી બિશપ ઉપર મુર્ખાઇ ભ-રેલી ચાલચલણનું તહોમત મુકવામાં આવે તો ડિસ્ટ્રિકટ સુ-પરિન્ટેન્ડેન્ટ કે જેની ડિસ્ટ્રિકટમાં કહેલો ગુન્હો બન્યો હોય તેણે પોતાની સાથે ત્રણ અફેકટિવ એલ્ડરોને લે, અને જો તેઓના અભિપ્રાય મુજબ આવા આરોપને પુરતુ કારણ માલુમ પડે તો તેઓ અપરાધ કરનાર મિશનરી બિશપને ઠપકો આપે. જો તે પોતાની મુર્ખાઈમાં ચાલ્યા કરે તો તે બાબતની તપાસ ૨૩૮ મી કલમમાં દર્શાવ્યા મુજબ કરવામાં આવશે, અથવા જનરલ કૉન્ફરન્સ સમક્ષ સદરહુ તહોમતદારને મુકરદમો માટે લેવામાં આવે.

૨૪૦. જો કોઈ મિશનરી બિશપ પર આપણા ધર્મના

સિદ્ધાંતોની વિરૂદ્ધ અથવા આપણા મતના ચાલુ તથા સ્થાપિત ધોરણોની વિરૂદ્ધ મતો ખાનગી અથવા જાહેર રીતે પસાર કરવાનો આરોપ મેલવામાં આવે તો ૨૩૮ અથવા ૨૪૧ મી કલમમાં દર્શાવ્યા મુજબ તેનો મુકરદમો થાય.

૨. મુકરદમો.

૨૪૧. જ્યારે તપાસ કરનારી કમિટીથી કોઇ મિશનરી બિશપને સસ્પેન્ડ કર્યો હોય અથવા કોઇ મિશનરી બિશપ વિરૂદ્ધ આરોપો બારોબાર જનરલ કૉન્ફરન્સ આગળ રજુ કરવામાં આવે ત્યારે જનરલ કૉન્ફરન્સ જે રીતે બિશપના મુકરદમો માટે ઠરાવેલી છે તે રીતે તહોમતદારનો મુકરદમો ચલાવશે.

૨૪૨. જો મિશનરી બિશપના કાર્યવ્યવહાર વિરૂદ્ધની ફરિયાદ હોય તે જનરલ કૉન્ફરન્સ પર મોકલી આપવામાં આવે, અને તેમાં દાખલ થાય; પણ એ શરતે કે કૉન્ફરન્સના અભિપ્રાય મુજબ કે એવી ફર્યાદ કરવામાં આવશે એ વિષે તહોમતદારને યોગ્ય ખબર આપવામાં આવી.

પ્રકરણ ૩. વાર્ષિક કૉન્ફરન્સના સભાસદનો મુકરદમો.

CHAPTER III. TRIAL OF A MEMBER OF AN ANNUAL CONFERENCE.

ચાહી.—ઇન્સાફ સંબંધી કારભારની બધી બાબતોમાં મિશન કૉન્ફરન્સોના સભાસદોના હકો, ફરજો અને જવાબદા-

રીઓ. વાર્ષિક કૉન્ફરન્સોના સભાસદોની માફકજ છે અને એજ કાયદાઓ તેને લાગુ પડે છે.

૧. પૂર્વ તપાસ.

૨૪૭. ૧. વાર્ષિક કૉન્ફરન્સ ભરાય તે વચ્ચેના વખત દરમીઆન જો તેના કોઇ સભાસદની ઉપર ઈશ્વરી કાયદાનું કંઈ પણ ઉલંઘન કર્યાનો આરોપ મુકવામાં આવે તો તેનો ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ, અથવા જે ડિસ્ટ્રિકટની હદમાં આ ગુન્હો બન્યો હોય તેનો સુપરિન્ટેન્ડેન્ટ, તે બાબતની તપાસ કરવા માટે ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે નવ, કૉન્ફરન્સના સભાસદો બોલાવે, અને જો બની શકે તો તહોમતદાર અને તહોમત મુકનાર એ બન્નેને મોઢે મોઢ બોલાવે. તે કામમાં પ્રમુખસ્થાને તે બીરાજે, અને કમિટીનો ફેંસલો ખાતરી કરી આપીને તે જાહેર કરે.

૨. જો તહોમતદાર ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ હોય તો તેની ડિસ્ટ્રિકટના ત્રણ સીનીયર અફેકટિવ એલ્ડરો તે આરોપોની પુછપરછ કરે, અને જો તેઓને એમ માલુમ પડે કે તપાસની જરૂર હોય તો તેઓ વાર્ષિક કૉન્ફરન્સની કોઇ પણ ડિસ્ટ્રિકટના સુપરિન્ટેન્ડન્ટને બોલાવે, કે જે સદરહુ બાબતમાં તપાસ કરવા માટે જે વાર્ષિક કૉન્ફરન્સનો સભાસદ તહોમતદાર હોય તેમાંના એલ્ડરોમાંના ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે નવ એલ્ડરોની એક કમિટી નીમે અને તપાસમાં તે પ્રમુખસ્થાને બીરાજે; પણ જો કૉન્ફરન્સમાં માત્ર એકજ ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ હોય, અથવા બીજા ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટો સદરહુ બાબતમાં એવો સંબંધ ધરાવતા હોય કે જેને લીધે તેઓ બધા

તેમાં ભાગ લેવાને અયોગ્ય નીવડે, તો સદરહુ ત્રણ સીનીયર અફેક્ટિવ એલ્ડરો આ બાબતની ખબર પ્રમુખ બિશપને આપે, કે જે આ કામ ચલાવવા માટે એક એલ્ડરને નીમે.

૩. જો આરોપ સાબિત થયો હોય તો કમિટી તહોમતદારને આવતી વાર્ષિક કૉન્ફરન્સ ભરાય ત્યાં સુધી સઘળા પાદરીવર્ગના કામથી તથા મંડળીના હક્કોમાંથી સસ્પેન્ડ કરે.

૪. જો આવી કોઈ તપાસમાં કમિટીને એમ માલુમ પડે કે સાક્ષીથી અનીતિનું તહોમત સાબિત થયું નથી, પણ કે તહોમતદાર મુર્ખાઇ ભરેલી અને પાદરીને ન શોભે એવી ચાલચલણ માટે ગુન્હેગાર છે તો તે તે મુજબ જાહેર કરે અને આવતી વાર્ષિક કૉન્ફરન્સ ભરાય ત્યાં સુધી આરોપીને સઘળા પાદરીવર્ગની ફરજોમાંથી સસ્પેન્ડ કરે, અને સદરહુ કૉન્ફરન્સ પોતાને યોગ્ય લાગે તેવો નિર્ણય કરે.

૨૪૪. જો કોઈ વાર્ષિક કૉન્ફરન્સનો સભાસદ કોઇ પાળકની ઇચ્છા વિરૂદ્ધ તેની સરકટની હદમાં ધાર્મિક સભાઓ કરે, તો તે મુર્ખાઇ ભરેલી ચાલચલણનો ગુન્હેગાર ગણાશે, અને જે ડિસ્ટ્રિકટની હદમાં તે ગુન્હો બન્યો હશે ત્યાંના સુપરિન્ટેન્ડેન્ટે ઠપકો આપ્યા પછી, જો તેવી જ વર્તણુંકમાં ચાલ્યા કરે તો તે આરોપ, અને તપાસ, અથવા મુકરદમાને પાત્ર થશે.

૨૪૫. જો વાર્ષિક કૉન્ફરન્સના કોઈ સભાસદ ઉપર આપણા ધર્મના સિદ્ધાંતોની વિરૂદ્ધ અથવા આપણા મતના ચાલુ અને સ્થાપિત ધોરણોની વિરૂદ્ધ મતો જાહેર અથવા ખાનગી રીતે પ્રસાર કરવાનો આરોપ મેલવામાં

આવ તો ૨૪૩ મી કલમની ૧લી પેટાકલમમાં દર્શાવ્યા મુજબ કામ ચલાવવામાં આવે. પણ જો આરોપ સાબીત થયા પછી ગુન્હેગાર પાદરી એવા ભૂલ ભરેલા મતો જાહેર અથવા ખાનગી રીતે ન ફેલાવવાનું તપાસ કરનારી કમિટીને ગંભીર વચન આપે તો તે કમિટી સસ્પેન્ડ ન કરે, એ માટે કે તે કેસ આવતી વાર્ષિક કૉન્ફરન્સ, કે જે તેનો નિર્ણય કરશે, તેની આગળ રજુ કરવામાં આવે.

૨૪૬. જ્યારે આપણી ઇશ્વરવિદ્યાશાળાના કોઈ પણ શિક્ષક કે જે પાદરી હોય તેની ઉપર મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના સભાસદો અથવા પાદરીઓમાંના પાંચ જવાબદાર માણસો તરફથી ખાસ ફરિયાદ કરવામાં આવે કે તે બિશપો સાથે જે આપણા શિક્ષણ અને બંધારણ સંબંધી વફાદાર રહેવાને પોતે કરેલા કરારનું ઉલ્લંઘન કરે છે, તો સદરહુ ફરિયાદનામું, જે ડિસ્ટ્રિકટમાં તહોમતદાર પોતાનું ત્રિમાસિક કૉન્ફરન્સનું સભાસદપણું હોય ત્યાંના સુપરિન્ટેન્ડેન્ટ પાસે રાખવામાં આવશે, અને તે ઉપર પૂરો વિચાર કર્યા બાદ જો તેના અભિપ્રાય મુજબ સદરહુ ફરિયાદ પુરતુ મહત્વનું છે કે તપાસની જરૂર છે એમ માલુમ પડે તો તે ડિસિપ્લિનમાંની ૨૪૩મી કલમમાં દર્શાવ્યા મુજબ તરતજ કામ ચલાવે.

૨૪૭. જો ૨૪૬મી કલમમાં બતાવેલો શિક્ષક લેમન અથવા સ્થાનિક ઉપદેશક હોય તો જે મંડળીના પાળકના તાબાનો સદરહુ શિક્ષક હશે તેની પાસે ફરિયાદનામું રાખવામાં આવશે કે જે સભાસદો અથવા સ્થાનિક ઉપદેશકની તપાસ અથવા મુકરદમો માટે ડિસિપ્લિનમાં દર્શાવેલી સરતો મુજબ કામ ચલાવશે.

૨૪૮. જો વાર્ષિક કૉન્ફરન્સનો કોઈ સભાસદ પોતાની

કૉન્ફરન્સની બેઠકોના વચલા ભાગની દરમીઆનમાં મંદ-વાડ, ગંભીર અશક્તપણું અથવા બીજાં ન ટાળી શકાય તેવાં કારણો સિવાય જે કામ કરવા માટે તેની યોગ્ય રીતે નિમણુક થઇ હોય તે કરવાને ચુકે તો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટે-ન્ડેન્ટ ૨૪૩મી કલમની ૧ લી પેટાકલમમાં દર્શાવ્યા પ્ર-માણે કામ ચલાવે. જો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ એ પ્રમાણે કરવાને ચૂકે તો તે આવતી વાર્ષિક કૉન્ફરન્સને તે બાબત વિષે જવાબદાર થશે.

૨૪૯. શબ્દો અથવા કર્મોની બાબતોમાં, અપરાધી પાદરીને તેના ઉપરીથી ઠપકો દેવામાં આવે. જો બીજી વ-ખત આજ્ઞાભંગ કરવામાં આવે તો એક, બે અથવા ત્રણ પાદરીઓને શાક્ષીઓ તરીકે લેવામાં આવે. જો તે અપરાધમાં ચાલ્યા કરે તો ૨૪૩ મી કલમની ૧ લી પેટાકલમમાં દર્શાવ્યા મુજબ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ કામ ચલાવે.

૨૫૦. જ્યારે વાર્ષિક કૉન્ફરન્સનો કોઇ સભાસદ વેપાર રોજગાર કરવાને નિષ્ફળ નીવડે અથવા વાળી ન શકાય એટલું દેવું કરે તો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ ધારેલા ગુન્હેગા-રના હીસાબ, કરારનામુ તથા સ્થિતી તપાસવા માટે મંડ-ળીના ત્રણ વિચારવંત સભાસદોને તથા એક પાદરીને નીમે, અને જો તેઓના અભિપ્રાયમાં તેમને એમ માલુમ પડે કે તે અપ્રમાણિકપણે વર્ત્યો છે અથવા પૈસા પાછા આપ-વાની સંભવ્યતા વગર દેવું કર્યું છે તો એ બાબત ૨૪૩મી કલમની ૧ લી પેટાકલમ મુજબ કામ ચલાવવામાં આવે.

૨૫૧. વાર્ષિક કૉન્ફરન્સનો કોઇ સભાસદ પોતાની કૉ-ન્ફરન્સની હદ બહાર રહેતો હોય તો જે ડિસ્ટ્રિક્ટમાં તે રહેતો હશે અથવા જેમાં તે નોકરી કરતો હશે ત્યાંના સુ-પરિન્ટેન્ડેન્ટની સત્તાએ કૉન્ફરન્સના સભાસદોની એક કમિટી

૨૪૩ મી કલમ મુજબ તેની તપાસ કરશે. જો તે કોઇ મિશનની હદમાં રહેતો હશે અથવા નોકરી કરતો હશે તો જે ડિસ્ટ્રિક્ટમાં તેનું ત્રિમાસિક કૉન્ફરન્સનું સભાસદપણું હશે ત્યાંનો સુપરિન્ટેન્ડેન્ટ અથવા સદરહુ મિશનનો સુપરિન્ટેન્ડેન્ટ અને તેના સભાસદોની એક કમિટી તેની તપાસ કરશે. જો ગુન્હેગાર મિશનનો સુપરિન્ટેન્ડેન્ટ હશે તો તે કામ ચલાવવા માટે સત્તાધારી બિશપ અથવા મિશનરી બિશપ એક એલ્ડરને નીમશે.

૨૫૨. ઉપરની સર્વ બાબતોમાં તહોમતદાર જે વાર્ષિક કૉન્ફરન્સનો સભાસદ તે હોય તે કૉન્ફરન્સની આવતી બેઠક ઉપર, તપાસણીની નોંધો, તહોમતો, શાક્ષીઓ તથા ફેંસલો વગેરે સર્વ દસ્તાવેજો મોકલવામાં આવશે, અને દસ્તાવેજો તથા એવા બીજા દાખલ કરી શકાય એવા પુરાવા પરથી અને બીજાં તહોમતો અથવા હકીકતો જે રજુ કરવામાં આવે તે પરથી તે બાબતનો નિર્ણય કરવામાં આવશે, પણ તહોમતદારને સદરહુ બાબતવિષેની યોગ્ય નોટીસ આગળથી આપવામાં આવશે.

૨૫૩. વાર્ષિક કૉન્ફરન્સ, પોતાના સભાસદો વિરૂદ્ધ જો આરોપ મુકવામાં આવે, જો કે તપાસ ચલાવવામાં આવી ન હોય, અથવા તપાસ ચલાવ્યા પછી તે સસ્પેન્ડ કરવામાં આવી ન હોય, તો તે આરોપ ધ્યાનમાં લેઇને મુકદમો ચલાવે, આ સરતે કે તહોમતદારને યોગ્ય નોટીસ આપવામાં આવે.

૨૫૪. જ્યારે વાર્ષિક કૉન્ફરન્સના કોઇ સભાસદ વિષે એમ કહેવામાં આવે કે તે એટલો નાપસંદ તથા નિરૂપયોગી છે કે તેના કામમાં વધારે વાર ટકી શકે તેમ નથી, અથવા પોતાની કે પોતાનાં કુટુંબની તંદુરસ્તીને લીધે તે પાળકના કામ માટે અયોગ્ય થએલો નથી તેમ છતાં સંસારી

કામ કર્યા કરે છે, તો તે બાબત તપાસ માટે તેની કૉન્ફરન્સના પાંચ અથવા વધારે સભાસદોને સોંપવામાં આવે, અને જો સદરહુ કમિટીને તે તહોમત સાબીત થએલું માલુમ પડે અને એવી ભલામણ કરે તો કૉન્ફરન્સ તેને સ્થાન યોજના કરવાનું માગે. જો તે નાકબુલ કરે અને ફરિયાદ કીધેલી સ્થિતિ ચાલુ રાખે તો કૉન્ફરન્સ પોતાની બીજી બેઠકે યથાવિધિ મુકરદમો તથા અપરાધી ઠરાવ્યા પછી તેની સંમતિ વગર તેની સ્થાન યોજના કરે. પણ જ્યુડિશિયલ કૉન્ફરન્સને અપીલ કરવાનો તેને હક છે કે જે તેને કૉન્ફરન્સમાં ફરી રાખે (૨૮૩).

૨. અવ્યવસ્થા.

૨૫૫, ૧. પાદરી પર લાંચીઓ, ગાફેલ અથવા પક્ષધારી કારભાર ચલાવવાનું તહોમત મુકાયાથી તે પોતાની કૉન્ફરન્સ આગળ જવાબદાર થશે, પણ અભિપ્રાયમાંની ભૂલો માટે નહિ.

૨. ઇન્સાફના કામમાંની ભૂલો અથવા ખામીઓ જ્યારે અપીલ કરીને રજુ કરવામાં આવે ત્યારે તે વિષે યોગ્ય વિચાર કરવામાં આવશે. પણ ૨૪૩ મી કલમની અંદરની તપાસ સાથે સંબંધ રાખતા કાયદા અથવા કારભારની ભૂલો કે જે વિષે તપાસ કર્યા બાદ કૉન્ફરન્સના વખતે મુકરદમો ચલાવતો ન હોય, અને અપીલ કરવાની બાબતમાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટથી થએલા કાયદાની ભૂલો વિષે, અપીલ કર્યાથી બીજી વાર્ષિક કૉન્ફરન્સની બેઠકમાં જાહેર રીતે તેના પ્રમુખથી સુધારવામાં આવશે, અને કૉન્ફરન્સ એવી ભૂલોથી થતા નુકશાન માટેના ખરા તથા યોગ્ય ઉપાયો પણ ફરમાવે.

૩. ઇનસાફનાં કામની સાથે સંબંધ નહિ રાખતી કાર-

બારની ભૂલો, તેના ફેંસલા વાસ્તે વાર્ષિક કૉન્ફરન્સ આગળ લખીને રજુ કરવામાં આવે; અને કૉન્ફરન્સ, જ્યારે એવી ભૂલોથી મંડળીના પાદરીઓ અથવા સભાસદોના હકોને નુકશાનકારક રીતે અસર થઇ હોય ત્યારે ખરા તથા યોગ્ય ઉપાયો પણ ફરમાવે.

૩. મુકરદમો.

૨૫૬. વાર્ષિક કૉન્ફરન્સ પોતાના અખત્યારથી નીચલી રીતોમાંની ગમે તે રીતે તહોમતદાર સભાસદનો મુકરદમો ચલાવે:—

૧. સાક્ષીઓની તપાસ સહિત ભર બેઠકમાં કૉન્ફરન્સ મુકરદમો ચલાવે.

૨. બિશપ તે બાબતની પૂરેપૂરી અથવા થોડી સાક્ષી લેવા માટે એક એલ્ડરને કૉમિશનર (મુખત્યાર) તરીકે નીમે, અને સદરહુ કૉમિશનર ચાલેલા કામની તથા સાક્ષીઓથી અનુક્રમે સહી કરેલા પુરાવાની ખરી નોંધ કૉન્ફરન્સ આગળ લે, અને તે પુરાવા તથા એવા બીજા પુરાવા કે જે દાખલ કરવામાં આવે તેપરથી તે બાબતનો નિર્ણય કરવામાં આવશે.

૩. કૉન્ફરન્સ પોતાના સભાસદોમાંથી તહોમતદારનો મુકરદમો ચલાવવા માટે ઓછામાં ઓછા નવ અને વધારેમાં વધારે પંદર એવી ખાસ કમિટી નીમે પણ યોગ્ય કારણને લીધે કમિટીમાંના ફલાણા માણસોને બાતલ કરો એવી માગણી કરવાને તહોમતદારને હક છે; અને તે ખાસ કમિટીને એવા કામોમાં જે કાયદાઓ સત્તા ચલાવે છે તે કાયદાઓ પ્રમાણે બિશપની અથવા કૉન્ફરન્સના પ્રમુખ જેને પ્રમુખ નીમ્યો હોય તેની તથા કૉન્ફરન્સના એક અથવા વધારે ચિટનીસોની રૂબરૂમાં તે બાબત પર

વિચાર કરવાની તથા તેનો નિર્ણય કરવાની પૂર્ણ સત્તા છે; અને તેઓ ખાસ કમિટીના પ્રમુખ તથા ચિટનીસથી યોગ્ય રીતે સહી કરેલા પોતાના સઘળા કામનો ખરો હેવાલ લખીને વાર્ષિક કૉન્ફરન્સની છેલી બેઠકની સમાપ્તિ પહેલા કૅન્ફરન્સના ચિટનીસને આપે, અને તે સાથે મુકરદમામાં આણેલા બધા દસ્તાવેજો સહિત, તહોમતોની લીધેલા પુરાવાની તથા આપેલા ફેસલાની યાદી પણ તેને સ્વાધીન કરે.

૪. પણ જ્યારે સાક્ષીઓની અછતને લીધે બેઠક દરમીઆન મુકરદમો ચલાવી ન શકાય, ત્યારે વાર્ષિક કૉન્ફરન્સ તે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટોમાંના એકને સોંપે કે જે ૨૪૩ મી કલમની ૧ લી પેટાકલમ પ્રમાણે ચલાવે; અને સદરહુ બાબત એવી ગંભીર માલુમ પડે કે જેથી તપાસ થાલ્યા સુધી પાદરીને નિમણુક વગર રાખવાની જરૂર પડે તો તે કૉન્ફરન્સ નક્કી કરે.

૨૫૭. જ્યારે કોઇ પાદરીની અનીતિના તહોમત પર મુકરદમો ચલાવવામાં આવે, અને વાર્ષિક કૉન્ફરન્સ અથવા ખાસ કમિટીને માલુમ પડે કે એ તહોમત પુરાવાથી સાબિત થતું નથી, પણ કે તે પાદરી "ભારે મુર્ખાઇ તથા પાદરીને ન શોભે એવી ચાલચલણ" માટે ગુનેહગાર સાબિત થયો છે તો સદરહુ કમિટી આ વાત જાહેર કરે, અને ગુન્હેગારને ઠપકો દે, સસ્પેન્ડ કરે, અથવા તેની પાસેથી તેનો પાદરીવર્ગનો ઓદ્દો તથા પ્રમાણ પત્રો લઇ લે.

૨૫૮, ૧. વાર્ષિક કૉન્ફરન્સના કોઈ સભાસદને મંડળી માંથી કાંઈ મુક્યા વગર પાદરીવર્ગમાંથી ઉતારી મુકવામાં આવે તો તેવી બાબતમાં તેને ઉતારી મુક્તી વખતે

જે જગ્યાએ તે રહેતો હોય ત્યાંની મંડળીમાં પોતાનું સભાસદપણું રાખવામાં આવે.

૨. વાર્ષિક કૉન્ફરન્સના કોઇ સભાસદને આપણા ધર્મના સિદ્ધાંતોની વિરૂદ્ધ અથવા આપણા મતના ચાલુ અને સ્થાપિત ધોરણોની વિરૂદ્ધ મતો જાહેર અથવા ખાનગી રીતે શિક્ષણ આપવાને લીધે પાદરીવર્ગમાંથી ઉતારી મુકવામાં આવે અથવા તો મંડળીમાંથી કાઢી મુકવામાં આવે તો તેવી બાબતમાં જે કૉન્ફરન્સમાંથી તેને ઉતારી અથવા કાઢી મુકયો હોય, તે કૉન્ફરન્સને પોતે તેવું શિક્ષણ ફેલાવવાથી તદન દૂર રહેશે એવું લેખીત વચન આપી જ્યાં સુધી સંતુષ્ટ ન કરે ત્યાં સુધી તેને ઉપદેશ કરવાનો પરવાનો ફરીથી આપવામાં ન આવે.

૨૫૯. કોઇ પાદરીની નિયમસર મુકરદમો ચલાવ્યા પછી તેને કાઢી મુકવામાં આવે તો ત્યાર પછી જે કૉન્ફરન્સે તેને કાઢી મુકયો હશે તેની આગળ પોતે સંતોષકારક પશ્ચાતાપ, સુધારા તથા કબૂલાત કર્યા વગર તેના આપણી મંડળી સાથેના સંબંધ તથા સંસ્કારોના હકો રહેશે નહિ.

૨૬૦. જ્યારે કોઇ વાર્ષિક કૉન્ફરન્સના સભાસદપર અનીતિનું તહોમત મુકવામાં આવે, અને તે મંડળીમાંથી રાજીનામુ લેવા માગે, તો વાર્ષિક કૉન્ફરન્સ તેને રાજીનામુ આપવાની પરવાનગી આપે; અને તેવી બાબતમાં "ફરિયાદોને લીધે રાજીનામું આપેલું" એવી નોંધ થશે. જો અનીતિનાં યથાવિધિ તહોમતો રજુ કરવામાં આવ્યાં હોય તો પણ તેને રાજીનામું આપવાની પરવાનગી આપવામાં આવે; અને તેવી બાબતમાં "તહોમતોને લીધે રાજીનામું આપેલું" એવી નોંધ થશે. અને જો આ પ્રમાણે "ફરિયાદોને લીધે રાજીનામું આપેલું" અથવા "તહોમતોને

લીધે રાજીનામું આપેલું'' હોય તો તેનો મંડળી સાથેનો સંબંધ જાણે કે તેને કાઢી મુક્યો હોય તેવોજ ગણાશે.

પ્રકરણ ૪. અજમાયેશ પર રહેલા ઉપદેશકનો મુકરદમો.

CHAPTER IV. TRIAL OF A PREACHER ON TRIAL

૨૬૧. વાર્ષિક કૉન્ફરન્સમાં અજમાયશ પર રહેલો ઉપદેશક જવાબદારી તથા અપીલની બાબતમાં સ્થાનિક ઉપદેશક જેવો ગણાય છે; પણ તેની બાબતમાં તહોમત મુકાયલા સ્થાનિક ઉપદેશકની બાબતમાં પાળકને જે ફરજો સોંપવામાં આવી છે તે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ બજાવશે.

——(०)——

પ્રકરણ ૫. સ્થાનિક ઉપદેશકનો મુકરદમો.

CHAPTER V. TRIAL OF A LOCAL PREACHER.

૨૬૨. જ્યારે કોઈ દીક્ષિત અથવા અદીક્ષિત સ્થાનિક ઉપદેશકની ઉપર ઈશ્વરી કાયદાનું ઉલ્લંઘન કર્યાનું તહોમત મુકવામાં આવે તો પાળક ત્રણ અથવા વધારે સ્થાનિક ઉપદેશકોની તપાસ કરનારી એક કમિટી બોલાવે, અને તેની આગળ તહોમતદારને હાજર થવાની ફરજ છે; અને તેનાથી જો તે તહોમત સાબિત કરવામાં આવે તો આવતી ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સ સુધી ઉપદેશકવર્ગના સઘળા કામથી તથા મંડળીના સઘળા હકોથી તેને સસ્પેન્ડ કરવામાં આવે; જે કૉન્ફરન્સ આ બાબત વિષે મુકરદમો ચલાવશે, અને જો તહોમતદાર ગુન્હેગાર

માલુમ પડે તો સદરહુ કૉન્ફરન્સ તેને સસ્પેન્ડ કરે, અને તેની પાસેથી તેનો ઉપદેશકવર્ગનો ઓદ્ધો તથા પ્રમાણપત્રો લઈ લે, અથવા કાઢી મુકે (જુઓ ૨૧૪, ૪). પણ ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સ સ્થાનિક ઉપદેશકની પૂર્વની તપાસ કર્યા વગર તેનો મુકરદમો ચલાવે, એવી શરતે કે તેને યોગ્ય નોટીસ આપવામાં આવી હોય.

૨૬૩. તહોમત મુકાયલા સ્થાનિક ઉપદેશકની બાબતમાં જે ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સને અધિકાર હોય તે જો તેનો મુકરદમો ખાસ કમિટીથી ચલાવવાનું વાજબી ધારે તો તે સદરહુ કામ માટે પોતાના સભાસદોના ઓછામાં ઓછા નવ અને વધારેમાં વધારે પંદર નીમે; પણ યોગ્ય કારણને લીધે કમિટીમાંના ફલાણા માણસોને બાતલ કરો એવી માગણી કરવાને તહોમતદારને હક છે, અને તે ખાસ કમિટીને ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સના પ્રમુખની અથવા જે એલ્ડરને તે નીમે તેની તેમજ સદરહુ કૉન્ફરન્સથી એક નીમાયલા ચિટનીસની રૂબરૂમાં આવી બાબતોમાં જે કાયદાઓ લાગુ પડે છે તે પ્રમાણે તે બાબતપર વિચાર કરવાની તથા તેનો નિર્ણય કરવાની પુર્ણ સત્તા છે; અને તે ચિટનીસ ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સના ચિટનીસને સઘળા કામ તથા પુરાવાનો ખરો હેવાલ લખીને આપે, અને તે બાબતના સઘળા દસ્તાવેજો પણ તેને સ્વાધીન કરે.

૨૬૪. ૧. નલાયક મિજાજ, શબ્દો અથવા કર્મોની બાબતમાં અપરાધી સ્થાનિક ઉપદેશકને પાળકથી ઠપકો દેવામાં આવે. જો બીજી વખત આજ્ઞાલોપ કરવામાં આવે તો મંડળીના એક, બે અથવા ત્રણ સભાસદોને સાક્ષી તરીકે લેવામાં આવે. જો તે અપરાધમાં ચાલ્યા કરે તો ૨૬૨ મી કલમ મુજબ તે બાબતની તપાસ કરવામાં આવશે,

અથવા આવતી ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સમાં તેનો મુકરદમો ચલાવવામાં આવશે, અને જો ગુન્હેગાર તથા અપશ્ચાતાપી માલુમ પડે તો તેને મંડળીમાંથી કાઢી મુકવામાં આવે.

૨. ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સથી નીયમસર મુકરદમો ચલાવ્યા પછી જો કોઈ સ્થાનિક ઉપદેશક પોતાના સ્થાનિક ઉપદેશક તરીકેની ફરજો બજાવવામાં બેપરવા માલુમ પડે અથવા પોતાના ઉપદેશકવર્ગના કામમાં નાપસંદ માલુમ પડે તો તેનો ઉપદેશકવર્ગનો ઓદ્દો લઈ લેવામાં આવે; અને તેની બાબતમાં જો તે દીક્ષિત હોય તો તે પોતાના પ્રમાણપત્ર આપે એમ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ માગશે એ માટે કે તે વાર્ષિક કૉન્ફરન્સ ઉપર પાછાં મોકલવામાં આવે.

૩. કોઇ સ્થાનિક ઉપદેશક પાળકની ઇચ્છા વિરૂદ્ધ તેની સરકટની હદમાં ધાર્મિક સભાઓ કરે તો તે મૂર્ખાઇ ભરેલી ચાલચલણનો ગુન્હેગાર ગણાશે, અને જે ડિસ્ટ્રિક્ટમાં તે ગુન્હો બન્યો હશે ત્યાંના સુપરિન્ટેન્ડેન્ટ તરફથી તેને ઠપકો મળ્યા બાદ જો તે તેવી વર્ત્તણુંકમાં ચાલ્યા કરે તો જે જગ્યામાં મના કરેલી સભા કરવામાં આવી હશે તે સરકટમાં તથા તે મંડળીના યોગ્ય અમલદારોથી તેની તપાસ અથવા મુકરદમો અથવા તો બન્ને કરવામાં આવે.

૨૬૫. જો કોઇ સ્થાનિક ઉપદેશક આપણા ધર્મના સિદ્ધાંતોની વિરૂદ્ધ અથવા આપણા મતના ચાલુ તથા સ્થાપિત ધોરણોની વિરૂદ્ધ મતો જાહેર અથવા ખાનગી રીતે પ્રસાર કરે તો ૨૬૨ અને ૨૬૩ મી કલમોમાં દર્શાવ્યા પ્રમાણે કામ ચલાવવામાં આવે.

ચઢી.—ઇશ્વરવિદ્યાશાળામાં ભૂલ ભરેલું શિક્ષણ આપવા માટે સ્થાનિક ઉપદેશક વિરૂદ્ધ ફરિયાદો સંબંધી જુઓ ૨૪૧, ૨૪૭.

૨૬૬. જો કોઈ સ્થાનિક ઉપદેશક વેપાર રોજગાર કરવાને નિષ્ફળ નીવડે અથવા વાળી ન શકાય એવું દેવું. કરે તો પાળક ધારેલા ગુન્હેગારના હિસાબ, કરારનામું તથા સ્થિતિ તપાસવા માટે ત્રણ વિચારવંત સભાદો નીમે; અને જો તેઓના અભિપ્રાયમાં એમ માલુમ પડે કે તે અપ્રમાણિક-પણે વર્ત્યો છે અથવા પૈસા પાછા આપવાની સંભવ્યતા વગર દેવું કર્યું છે તો એ બાબત વિષે ૨૬૨ અને ૨૬૩ ની કલમો પ્રમાણે કામ ચલાવવામાં આવે.

૨૬૭. તહોમતદાર જે ત્રિમાસિક કૉન્ફરન્સમાં પોતાનું સભાસદપણું હોય જો તેમાં વાજબી અને અપક્ષપાતનો મુકરદમો ચલાવી નહિ શકાય એવું ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને માલુમ પડે તો તે બાબત મુકરદમો ચલાવવા માટે પોતાની ડિસ્ટ્રિક્ટની હદમાની કોઈ બીજી ત્રિમાસિક કૉન્ફ-રન્સને સોંપે.

૨૬૮. જો ત્રિમાસિક કૉન્ફરન્સમાં મુકરદમો ચલાવવામાં આવે તો યોગ્ય કારણને લીધે કૉન્ફરન્સમાંના ફલાણા માણસોને બાતલ કરો એવી માંગણી કરવાનો તહોમતદારને હક છે. જો સદરહુ માગણી અથવા બીજા કારણને લીધે, જે સંખ્યા આવી કોઇ મુકરદમાની બાબતમાં એક કવોરમ માટે હોવી જોઇએ તેના કરતાં ત્રિમાસિક કૉન્ફરન્સના હાજર રહેલા સભાસદોની સંખ્યા સાત કરતાં ઓછી થઈ જાય, તો જો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ માગે તો મુકરદમો ચલાવવાને જે પાછળની તારીખ સુપરિન્ટેન્ડેન્ટ નીમે ત્યાં સુધી ત્રિમાસિક કૉન્ફરન્સ કામ બંધ કરે; અથવા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ પોતાની ડિસ્ટ્રિક્ટની બીજી કોઇ ત્રિમાસિક કૉન્ફરન્સને સદરહુ કેસ સોંપે.

૨૬૯. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી.]

પ્રકરણ ૬. મંડળીના સભાસદોનો મુકરદમો.

CHAPTER VI. TRIAL OF A CHURCH MEMBER.

૧. અનીતિ ચાલચલણ.

૨૭૦, ૧. મંડળીના સભાસદો કે જે પર ઇશ્વરી કાયદાનું ઉલ્લંઘન કર્યાનું તહોમત મુકવામાં આવે તેનો મુકરદમો ચલાવવામાં આવશે.

૨. મંડળીના જે સભાસદને પોતાના પાળક અથવા વર્ગપ્રમુખ તરફથી ખાનગી ઠપકો તથા ચેતવણી મળ્યા બાદ પણ તે નિશાદાર દારૂ વાપરવાનું, વેચાતા લેવાનું અથવા વેચવાનું ચાલુ રાખે, અથવા આવો દારૂ વેચવાને માટે પરવાનગી મેળવવાની અરજીના પક્ષમાં સહી કરે, અથવા આવો દારૂ વેચવાને માટે પરવાનગી મેળવે, અથવા એવા વેપારમાં રોકાયલાં માણસ અથવા માણસોનો જામીન થાય, અથવા નિશાદાર દારૂ બનાવવા માટે અથવા વેચવા માટે પોતાની જગ્યા ભાડે આપે, તો તેનો મુકરદમો ચલાવવામાં આવે; અને જો તે ગુન્હેગાર માલુમ પડે અને ખરી નમ્રતાની કાંઈ પણ નિશાની જોવામાં ન આવે તો તેને મંડળીમાંથી કાઢી મૂકવામાં આવે.

૨. મુર્ખાઈ ભરેલી ચાલચલણ.

૨૭૧. કોઇ પણ જાતની ફરજો બજાવવામાંની બેપરવાઈ; મુર્ખાઇ ભરેલી ચાલચલણ; પાપિષ્ટ મિજાજ અથવા શબ્દો ચાલુ રાખવા; નાચવું; નશીબ અજમાવવાની રમતો રમવી; નાટકશાળાઓમાં, ઘોડાની શરતોમાં, સરકસોમાં, નાચનારી ટોળીઓમાં જવું, નાચવાનું શીખવનારી નિશાળોમાં જવું, અથવા જે રમતો ખુલ્લી રીતે

ભૂલ ખવડાવનારી અથવા નીતિ સંબંધી શક ભરેલા વલણવાળી, અથવા મંડળીની પદ્ધતિ તથા કાયદા આજ્ઞાભંગ થયેલી બાબતમાં પહેલા અપરાધના વખતે પાળક અથવા વર્ગપ્રમુખ ખાનગીમાં ઠપકો આપે, અને જો ગુન્હો કબુલ કરવામાં આવે તથા યોગ્ય દીનતા માલમ પડે તો તે માણસ રાખવામાં આવે. બીજો ગુન્હો કરે તે વખતે પાળક અથવા વર્ગપ્રમુખ પોતા સાથે મંડળીના એક અથવા બે વિચારવંત સભાસદોને લે, જ્યારે ત્રીજો ગુન્હો કરે ત્યારે તેનો મુકરદમો ચલાવવામાં આવે, અને જો ગુન્હેગાર માલુમ પડે અને ખરી દીનતાની કંઇ પણ નિશાની જોવામાં ન આવે તો તેને કાઢી મુકવામાં આવે.

૩. કૃપાનાં સાધનોની બેપરવાઈ.

૨૭૨. જો મંડળીનો કોઈ સભાસદ કૃપાનાં સાધનોનો, જેમકે પરમેશ્વરની જાહેર ભક્તિ, પ્રભુ ભોજન, કુટુંબી તથા ખાનગી પ્રાર્થના, શાસ્ત્ર શોધ, વર્ગોની સભાઓ, તથા પ્રાર્થનાની સભાઓનો હમેશાં અનાદર કરે, તો પાળક તેની મુલાકાત લે, અને જો તે બેદરકારી કરવાનું ચાલુ રાખે તો તેનું પરિણામ કેવું આવશે તે વિષે તેને સમજણ આપે. જો તે સુધરે નહિ તો તેનો મુકરદમો ચલાવવામાં આવે; અને જો તે જાણી જોઇને બેપરવાઈ કરવાનો ગુન્હેગાર થએલો માલુમ પડે તો તેને કાઢી મૂકવામાં આવે.

૪. ઝઘડો ઉભો કરવો.

૨૭૩. જો મંડળીના કોઇ સભાસદ ઉપર આપણા મત અથવા નિયમ વિરૂદ્ધ, પાદરીઓ વિરૂદ્ધ, અથવા કોઈ પણ બીજી રીતે નિંદા કરી મંડળીમાં ઝઘડાનું બી વાવવાનું તહોમત મૂકવામાં આવે તો એવા ગુન્હા કરનાર માણસને

પાળક પહેલાં ઠપકો આપે; અને જો તે આવી કુટેવ ચાલુજ રાખે તો તેનો મુકરદમો ચલાવવામાં આવે; અને જો તે ગુન્હેગાર માલુમ પડે તો તેને કાઢી મૂકવામાં આવે.

ચાડી.—ઇશ્વરવિદ્યા શાળામાં ભુલ ભરેલું શિક્ષણ આપવા માટે કોઇ લેમેન વિરૂદ્ધ ફરિયાદો સંબંધી જુઓ ૨૪૭.

૫. વેપાર રોજગારમાં વિરોધ—લવાદી.

૨૭૪. જો મંડળીના બે અથવા વધારે સભાસદો વચ્ચે વેપાર રોજગારને લગતી કઇ વિરૂદ્ધતા હોય કે જેની સમાધાની બે પક્ષોથી થઈ શકતી ન હોય, તો પાળક તે બાબત વિષે તપાસ કરે, અને તે બાબતનો નિવેડો કરવા માટે લવાદી પર મુકવાને ભલામણ કરે. જો એવો નિર્ણય કરવામાં આવે, તો બે લવાદો એક પક્ષથી અને બે બીજા પક્ષથી પસંદ કરવામાં આવશે; અને આ નીમાયલા ચાર લવાદો એક પાંચમો નીમે. સદરહુ લવાદો આપણી મંડળીના સભાસદો હોવા જોઇએ કે જેઓને તે બાબતના પરિણામમાં પોતાનો લાભ અથવા પૈસા સંબંધીનો લાભ નથી. પાળક પ્રમુખપણાનુ કામ કરે, અને મુકરદમો ચલાવવા માટેના ડિસિપ્લિનના કાયદા સંબંધીની રીતો પાળવામાં આવશે. જો બેમાંનો ગમે તે પક્ષ લવાદોના ફેંસલાપર રહેવાનું ના પાડે તો તેના પર મુકરદમો ચલાવવામાં આવે; અને એમ ના પાડવાનું પુરતું કારણ બતાવવાને જો તે નિષ્ફળ નિવડે તો તેને કાઢી મૂકવામાં આવે.

૨૭૫. જો મંડળીના કોઈ સભાસદને દેવા અથવા બીજી તકરારની બાબતમાં પાળકથી તે બાબત લવાદી પર સોંપવાની ભલામણ કરવામાં આવે તોપણ તેમ કરવાની તે ના પાડે, અથવા આ પગલાં લેવા પહેલાં બીજા સભાસદ પર સરકારી કોરટમાં ફરીયાદ માંડે તો તેના પર

મુકરદમો ચલાવવામાં આવે; અને તે બાબત એવા પ્રકારની છે કે તેને માટે ફરિયાદી માંડવાની જરૂર છે એવું બતાવવાને જો તે નિષ્ફળ નિવડે, તો તેને કાઢી મૂકવામાં આવે.

૨૭૬. જો દેવા અથવા તકરારની બાબતમાં બે પક્ષમાંનો એક પાદરી હોય તો આગલી કલમમાં પાળક પર મૂકેલી ફરજો સદરહુ પાદરીનો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ બજાવે. જો બને પાદરીઓ હોય તો એમાંના ગમે તેનો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તે બાબતમાં કામ ચલાવે.

६. દેવાળા વિષે.

૨૭૭, ૧. પાળકોને સઘળી દગલબાજી સામે, અને વિશેષે કરીને અપ્રમાણિક દેવાળા સામે, આપણા સઘળા નિયમો આગ્રહથી બજાવવા, અને કે જેઓ દગલબાજીના ગુન્હેગાર થયેલા માલુમ પડે તેઓને મંડળીમાં રહેવા દેવા નહિ.

૨. બદનામી અટકાવવા માટે જ્યારે મંડળીનો કોઇ સભાસદ વેપારરોજગારમાં નિષ્ફળ નીવડે, અથવા પોતાથી વાળી ન શકાય એટલું દેવું કરે તો પાળકથી નિમાએલા મંડળીના બે અથવા ત્રણ વિચારવંત સભાસદો ધારેલા ગુન્હેગારના હિસાબ, કરારનામા અને સ્થિતિ વિષે તપાસ કરશે, અને જો તેઓને એમ માલુમ પડે કે તે અપ્રમાણિકપણે વર્ત્યો છે, અથવા પૈસા પાછા આપવાની સંભવ્યતા વગર દેવું કર્યું છે, તો તેના પર મુકરદમો ચલાવવામાં આવે, અને જો ગુન્હેગાર માલુમ પડે તો તેને કાઢી મૂકવામાં આવે.

મુકરદમાનું પંચ.

૨૭૮. આ પ્રકરણમાં ગણી કાઢેલો મુકરદમો ચલાવવાની બધી બાબતોમાં તહોમત મૂકાએલા સભાસદને

મુકરદમા માટે ઓછામાં ઓછા મંડળીના પાંચ સભાસદોની કમિટી આગળ આણવો. તેઓ પાળકથી પસંદ કરવામાં આવે; અને જો તેને જરૂરનું માલુમ પડે તો ડિસ્ટ્રિકટના કોઈ પણ ભાગમાંથી તેમને પસંદ કરે. યોગ્ય કારણને લીધે કમિટીમાંના ફલાણા માણસોને બાતલ કરો એવી માગણી કરવાનો તહોમતદારને હક છે. મુકરદમો ચાલતી વખતે પાળક પ્રમુખપણાનું કામ કરે.

૭. શિક્ષા કરવા વિષે

૨૭૯. જો તહોમત મુકાએલો માણસ કમિટીના મોટા ભાગથી ગુન્હેગાર ઠરેલો માલુમ પડે તો પાળક ત્યાં અને તેજ વખતે તેને મંડળીમાંથી કાઢી મુકવાની શિક્ષા ફરમાવે.

૨૮૦. પણ જો શાંત પડેલી બિના અથવા નમ્ર અને પશ્ચતાપી કબુલાત તરફ જોતાં કમિટીને એવું માલુમ પડે કે એથી ઓછી શિક્ષા ઘટે છે, તો પોતાના અખત્યારથી તે તહોમતદારને ઠપકો આપે, અથવા અમુક વખત સુધી તેને મંડળીના સઘળા હકોથી સસ્પેન્ડ કરે.

૨૮૧. કબુલાત, પશ્ચાતાપ તથા સંતોષકારક સુધારા કર્યા વગર કાઢી મુકેલા માણસને મંડળી સાથે સંબંધ તથા સંસ્કારોના હકો રહેશે નહિ.

—:(૦):—

પ્રકરણ. ૭. બિશપની અપીલ.

CHAPTER VII. APPEAL OF A BISHOP.

૨૮૨, ૧. જો અગાઉ કહેલા મુકરદમો ચલાવનારી કોર્ટ (૨૩૭) વિરૂદ્ધ ઠરાવ આપે, તો એવી બાબતમાં જનરલ કૉન્ફરન્સ ઉપર અપીલ કરવાનો બિશપ અથવા મિશનરી બિશપને હક છે; એવી શરતે કે તેને શિક્ષાપાત્ર ઠરાવ્યા

પછી ત્રીસ દિવસની અંદર અપીલ કરવાનો ઇરાદો તે જનરલ કૉન્ફરન્સના ચિટનીસને જણાવે. એવી બધી અપીલો જનરલ કૉન્ફરન્સના ન્યાયખાતાની કમિટી સાંભળશે અને નિર્ણય કરશે.

૨. જો જનરલ કૉન્ફરન્સની બેઠક દરમિઆન કોઇ બિશપ અથવા મિશનરી બિશપને અપરાધી ઠરાવવામાં આવ્યા હશે, તો જનરલ કૉન્ફરન્સથી તે કામમાં થનારી સંભવિત અપીલનો ચૂકાદો થતાં સુધી ન્યાયખાતાંની કમિટીના કામની મુદત લંબાવાશે.

૩. આવી અપીલની નોટીસ મળ્યા પછી જનરલ કૉન્ફરન્સના ચિટનીસની ફરજ એવી છે કે તેણે સીનીયર ઇફેકટિવ બિશપને ખબર આપવી, કે જેનું કામ એ છે કે હિતવાળા પક્ષકારોની સાથે વાતચિત કરીને અપીલ સાંભળવાને વાસ્તે વખત અને જગ્યા મુકરર કરે અને જનરલ કૉન્ફરન્સના ચિટનીસને તેમાં હિતવાળા પક્ષકારોને નોટીસ પહોંચાડવાને હુકમ આપે.

—:—+—:—

પ્રકરણ ૮. વાર્ષિક કૉન્ફરન્સના સભાસદની અપીલ—જ્યુડિશિયલ કૉન્ફરન્સ.

CHAPTER VIII. APPEAL OF A MEMBER OF AN ANNUAL CONFERENCE—JUDICIAL CONFERENCE.

૨૮૩. જૂદી જૂદી વાર્ષિક કૉન્ફરન્સો દરેક બેઠક વખતે મંડળીના કારભારમાં અનુભવી તથા પાકી બુદ્ધિના એવા પાંચ એલ્ડરો નીમે, કે જેઓ અપીલોનો ચુકાદો કરનારા ["ટ્રાયર્સ ઑફ અપીલ્સ"] તરીકે ઓળખાશે; તેમજ બે હાલતું અપીલોનો ચુકાદો કરનારા પણ નીમે. આ

ફ્રાલતું, ઉપરના મુખ્ય અપીલને ચુકાદો કરનારાની ગેરહાજરી અથવા અયોગ્યતામાં કામ કરશે.

૨૮૪. જ્યારે વાર્ષિક કૉન્ફરન્સના પ્રમુખને અપીલ માટે ખબર આપવામાં આવે ત્યારે તે, અપીલ કરનારની ઇચ્છા તથા હક તરફ યોગ્ય કાળજી રાખી, જે કૉન્ફરન્સના ફૈંસલાથી અપીલ લેવામાં આવી હોય તે કૉન્ફરન્સની નજદીક સગવડ પડેલી ત્રણ કૉન્ફરન્સો નીમે, કે જે કૉન્ફરન્સોના અપીલને ચુકાદો કરનારા એક જ્યુડિશિયલ કૉન્ફરન્સ* થાય. તેની બેઠકને વખત તથા જગ્યા તે નક્કી કરશે. તેમજ તે વિષેની ખબર સદરહુ અપીલને ચુકાદો કરનારા તથા બધા પક્ષકારોને તે આપે. સદરહુ જ્યુડિશિયલ કૉન્ફરન્સ, સગવડ પડેલી નજદીકની કોઇ પણ કૉન્ફરન્સોથી, જે અપીલો તેની આગળ રજુ કરવામાં આવે, તે સાંભળવાને લાયક થશે, પણ એ શરતે કે બધા પક્ષકારોને યોગ્ય ખબર આપવામાં આવી હોય.

૨૮૫. કંઇ પણ કારણ બતાવ્યા વગર કૉન્ફરન્સના ફલાણા માણસોને બાતલ કરો એવી માગણી કરવાનો અપીલ કરનારને હક છે; પણ આ શરતે કે હાજર થએલા તથા લાયકીવાળા અપીલને ચુકાદો કરનારાની સંખ્યા નવ કરતાં ઓછી ન થાય, કે જે સંખ્યા કવોરમ માટેની જરૂર થશે.

૨૮૬. જ્યુડિશિયલ કૉન્ફરન્સમાં બિશપ પ્રમુખપણાનું કામ કરશે, અને તેનું કામ ચાલતામાં તે કાયદા વિષેના સઘળા સવાલોનો નિર્ણય તે કરશે, તો પણ જનરલ કૉન્ફરન્સ ઉપર અપીલ થઇ શકે. જ્યુડિશિયલ કૉન્ફરન્સ એક

* જ્યુડીશિયલ કૉન્ફરન્સ, એટલે અપીલ સાંભળવાની ખાસ કૉન્ફરન્સ.

ચિટણીસ નીમે, જે ચાલેલા સઘળા કામોની ખરી નોંધ રાખે, અને સુણાવણીની સમાપ્તિ બાદ લીધેલી નોંધ, તથા તે બાબતમાં આપેલા દસ્તાવેજને, અથવા તેની ખાતરીથી જણાવેલી નકલો, અપીલની બાબતમાં જનરલ કૉન્ફરન્સના ઉપયોગ માટે, ફાઇલે રાખવા જનરલ કૉન્ફરન્સના ચિટણીસ પર તે મોકલે. સઘળી બાબતોમાં જ્યુડિશિયલ કૉન્ફરન્સના ચુકાદાનો હેવાલ તેના ચિટણીસથી વાર્ષિક કૉન્ફરન્સના ચિટણીસને આપવામાં આવશે, કે જેના સભાસદપણાપર તેથી અસર થઈ હોય; અને જો કાયદા વિષેના સવાલો સંબંધી કંઇ પણ અપીલ આગળ ન કરવામાં આવે તો તેજ હેવાલ સદરહુ વાર્ષિક કૉન્ફરન્સના લેખમાં છપાવવામાં આવશે.

૨૮૭. જ્યારે વાર્ષિક કૉન્ફરન્સના સભાસદોના મુકરદમો તથા શિક્ષાપાત્ર ઠરે છે, ત્યારે જો ગુન્હેગાર માણસ પોતે શિક્ષાપાત્ર ઠર્યા પછી ત્રીસ દિવસની અંદર અપીલ કરવાનો ઇરાદો વાર્ષિક કૉન્ફરન્સના ચિટનિસને લેખિતવાર જણાવે છે, તો તેને આગળ બતાવ્યા પ્રમાણે નીમાયલી જ્યુડિશિયલ કૉન્ફરન્સ આગળ અપીલ કરવાને છુટ છે.

૨૮૮. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી.]

૨૮૯. જ્યારે કોઈ પાદરીને સસ્પેન્ડ કીધો હોય, અથવા કાઢી મુકયો હોય, અને તેનો કેસ નવેસરથી ચલાવવાને ફરીથી પાછો મોકલવામાં આવે, ત્યારે આવતી બીજી વાર્ષિક કૉન્ફરન્સની બેઠક સુધી તેને પાદરીવર્ગના બધા કામથી સસ્પેન્ડ કરવામાં આવશે.

૨૯૦. જો વાર્ષિક કૉન્ફરન્સના સભાસદને તેની કૉન્ફરન્સની બેઠકોના વખત દરમિયાન તપાસ કરનારી કમિટી તરફથી સસ્પેન્ડ કરવામાં આવે, અને ત્યાર પછી તેની

કૉન્ફરન્સને ગુન્હેગાર માલુમ પડે અને તેને કાઢી મુકે, તો જે વખતથી તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હશે તે વખતથી કૉન્ફરન્સના ફન્ડો ઉપરનો તેનો હક બંધ થશે. જો વાર્ષિક કૉન્ફરન્સના સભાસદને સસ્પેન્ડ કરવામાં આવે અને ત્યાર પછીથી પાછો લેવામાં આવે તો તેવા સસ્પેન્ડ થએલા વખતે સરકટના અથવા કૉન્ફરન્સના ફન્ડો ઉપરનો તેનો કંઇ પણ હક રહેશે નહિ.

૨૯૧. જનરલ કૉન્ફરન્સ, જ્યુડિશિયલ કૉન્ફરન્સોથી પોતાપર મોકલાએલી નોંધો તથા દસ્તાવેજોની અંદરના કાયદા વિષે સવાલો સંબંધી ચુકાદાની કાળજીથી તપાસ કરે; અને જો તેઓમાં ગંભીર ભૂલ હોય, તો જે ન્યાયને લીધે જરૂર હોય એવાં પગલાં ભરે. સ્વાધીન લીધેલા દસ્તાવેજો ન્યાય ખાતાની કમિટીના ચિટણીસથી જે વાર્ષિક કૉન્ફરન્સનો તહોમતદાર સભાસદ હોય તેના પ્રતિનિધિઓના પ્રમુખને પાછા આપવામાં આવશે.

—:(૦):—

પ્રકરણ ૯. પ્રમાણપત્રોની પુનઃસ્થાપણ.

CHAPTER IX. RESTORATION OF CREDENTIALS.

૧. જ્યારે સ્વેચ્છાથી સોંપી દેવામાં આવે ત્યારે.

૨૯૨. જ્યારે સારી સ્થિતિનો કોઇ દીક્ષિત પાદરી કોઇ કારણસર પોતાનાં પ્રમાણપત્રો પાછાં સોંપી દે ત્યારે જે સરકટમાં તે પોતાનું સ્થાનિક ઉપદેશક તરીકેનું સભાસદપણું ધરાવતો હોય તો તે સરકટની ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સની ભલામણથી વાર્ષિક કૉન્ફરન્સ તેને ત્યાર પછીથી કોઇપણ વખતે પાછાં આપે.

૨. જ્યારે અનિચ્છાનુસાર સોંપી દેવામાં આવે ત્યારે.

૨૯૩. જ્યારે વાર્ષિક કૉન્ફરન્સના કોઈ સભાસદ પાસેથી કાઢી મૂકવાને લીધે અથવા બીજા કોઈ કારણસર તેનાં પ્રમાણપત્રો લઇ લેવામાં આવ્યાં હશે, ત્યારે તે તેની કૉન્ફરન્સના દસ્તાવેજો સાથે ફાઇલમાં રાખવામાં આવશે; અને જો સદરહુ સભાસદ બીજા પંથમાંથી આપણામાં આવ્યો હોય કે જેથી આપણી મંડળીનું પ્રમાણપત્ર તથા આપણી મંડળીથી શેરો મારેલાં તેનાં અસલ પ્રમાણપત્રો તેની પાસે હોય તો તેવી બાબતમાં આપણી મંડળીનું પ્રમાણપત્ર તથા આપણી મંડળીથી શેરો મારેલાં પ્રમાણપત્રો તે તેની કૉન્ફરન્સને રજુ કરશે. જો તે ભવિષ્યમાં કોઈ વખતે પોતાના સુધારા વિષે સદરહુ વાર્ષિક કૉન્ફરન્સને સંતોષકારક પુરાવો આપે, તથા જે સરકટમાં તે રહેતો હોય તે સરકટની ત્રિમાસિક કૉન્ફરન્સનું, અથવા જે વાર્ષિક કૉન્ફ-રન્સે તેનો અજમાયશ પર સ્વીકાર કીધો હોય, તેનાથી, જે વાર્ષિક કૉન્ફરન્સનો તે પહેલાં સભાસદ હતો તેની પ્રત્યે ભલામણનું સર્ટિફિકેટ રજુ કરે, તો સદરહુ વાર્ષિક કૉન્ફ-રન્સ તેના પ્રમાણપત્રો તેને પાછાં આપે.

૨૯૪. જ્યારે સ્થાનિક એલ્ડર અથવા ડીકનને કાઢી મૂક્યો હોય, અથવા તેની પાસેથી તેના પાદરીવર્ગનો હોદ્દો લઇ લીધો હોય, ત્યારે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ જે વાર્ષિક કૉન્ફરન્સની હદમાં તેને કાઢી મૂક્યો હોય તે વાર્ષિક કૉન્ફરન્સના દસ્તાવેજો સાથે ફાઇલમાં રાખવા માટે તેની પાસેથી તેની દિક્ષાનાં પ્રમાણપત્રો માગશે. જો તેને ભવિ-ષ્યમાં કોઇ વખતે પોતાની ત્રિમાસિક કૉન્ફરન્સના પ્રમુખ અને ચિટનીસથી સહી કરેલું પોતાના સુધારા બાબતનું

પ્રમાણપત્ર વાર્ષિક કૉન્ફરન્સ આગળ રજુ કરે તો તેનાં પ્રમાણપત્રો તેને પાછાં આપવામાં આવે.

પ્રકરણ ૧૦. સ્થાનિક ઉપદેશકની અપીલ.

CHAPTER X. AFPEAL OF A LCCAL PREACHER.

૨૯૫. શિક્ષાપાત્ર ઠરવાની બાબતમાં સ્થાનિક ઉપદેશકને આવતી વાર્ષિક કૉન્ફરન્સ પ્રત્યે અપીલ કરવા દેવાની છૂટી છે, એવી શરતે કે, તે ગુન્હેગાર ઠર્યા પછી ત્રીસ દિવસની અંદર, જે ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સે તેનો મુકરદમો ચલાવ્યો હોય તેના પ્રમુખને અથવા ચિટનીસને અપીલ કરવાનો પોતાનો ઇરાદો લેખિતવાર જણાવે; અને સદરહુ વાર્ષિક કૉન્ફરન્સ ભર બેઠકમાં અથવા ઓછામાં ઓછા નવ અને વધારેમાં વધારે પંદરની એવી ખાસ કમિટી અપીલ સાંભળશે. જો અપીલ સાંભળનાર ખાસ કમિટી હોય તો કંઇ પણ કારણ બતાવ્યા વગર કમિટીના ફલાણા માણસોને બાતલ કરો એવી માગણી કરવાનો અપીલ કરનારને હક છે. સદરહુ કૉન્ફરન્સનો ફેંસલો તે બાબતમાં છેવટનો થશે, એ શરતે કે માત્ર કાયદા વિષેના સવાલો સંબંધી પક્ષકારોમાંથી ગમે તેને જનરલ કૉન્ફરન્સને જ અપીલ કરવાની છૂટી છે.

૨૯૬. મિશનના તાબાની ત્રિમાસિક કૉન્ફરન્સથી સ્થાનિક ઉપદેશકની અપીલ સદરહુ મિશનની વાર્ષિક સભાને કરે.

પ્રકરણ ૧૧. મંડળીના સભાસદની અપીલ—અપીલ કોર્ટ.

CHAPTER XI. APPEAL OF A CHURCH MEMBER—COURT OF APPEAL.

૨૯૭, ૧. દરેક સરકટ દરેક વર્ષની ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સે મંડળીના સભાસદોમાંથી મંડળીનો કારભાર ચલાવવામાં અનુભવી તથા પાકી બુદ્ધિના એવા એક એક માણસને પસંદ કરે, કે જેઓ સભાસદોની અપીલોનો ચુકાદો કરનાર તરીકે ઓળખાશે.

૨. જ્યારે કોઇ ડિસ્ટ્રિકટના સુપરિન્ટેન્ડેન્ટને અપીલ વિષેની યોગ્ય ખબર આપવામાં આવી હોય ત્યારે તે, અપીલ કરનારની ઈચ્છાઓ તથા હકો પ્રત્યે યોગ્ય કાળજી રાખી અપીલ કોર્ટ બોલાવે, કે જે જેટલાને તે બોલાવશે તેટલા તેની ડિસ્ટ્રિકટની અપીલનો ચુકાદો કરનારાઓની થશે, પણ કે જેની સંખ્યા વધારેમાં વધારે પંદર અને ઓછામાં ઓછી નવ થાય. તો પણ બોલાવેલી સંખ્યામાં તહોમતદાર સભાસદ જે સરકટનો હોય તે સરકટનો અપીલનો ચુકાદો કરનાર થશે નહિ. જે જગ્યાએ અને વખતે અપીલ કોર્ટ ભેગી થશે તે વિષે ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ ઓછામાં ઓછા દશ અને વધારેમાં વધારે ત્રીસ દિવસની નોટીસ દરેક પક્ષકારને આપશે. કંઈ પણ કારણ બતાવ્યા વગર કોર્ટના ફલાણા માણસોને બાતલ કરો એવી માગણી કરવાનો અપીલ કરનારને હક છે; પણ એવી શરતે કે હાજર થએલા અને કામ ચલાવવાને તૈયાર થએલા અપીલોનો ચુકાદો કરનારાની સંખ્યા સાત કરતાં ઓછી ન થાય, કે જે સંખ્યા કવોરમ માટેની જરૂર છે. ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ પ્રમુખપણાનું કામ કરે.

૩. ડિસ્ટ્રિક્ટની કોઈ પણ સરકટમાંથી જે અપીલ કોર્ટને રજુ કરવામાં આવી હોય તે સાંભળવા માટે સદરહુ કોર્ટ લાયક થશે, પણ એ શરતે કે બધા પક્ષકારોને યોગ્ય ખબર આપવામાં આવી હોય.

૪. અપીલ કરનારની ઇચ્છા અને હકો પ્રત્યે યોગ્ય કાળજી રાખતાં જો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને માલુમ પડે કે આવી કોર્ટ ભેગી થવાનું અશક્ય છે અથવા પક્ષકારોને તદ્દન અસુગમ છે, તો તે પોતાની ડિસ્ટ્રિક્ટમાંની કોઈ પણ ત્રિમાસિક કૉન્ફરન્સને અપીલ સાંભળવા માટે નીમે; અને જે બાબતોમાં જે માણસોને કોઇ પણ રીતે મુકરદમા સાથે જોડવામાં આવ્યા હોય તે ત્રિમાસિક કૉન્ફરન્સના સભાસદ તરીકે અપીલ સાંભળવા બેસેજ નહિ.

૨૯૮. મંડળીનો કોઇ પણ સભાસદ કે જેની વિરૂદ્ધમાં મુકરદમા ચલાવનારી કમિટીએ ફેંસલો આપ્યો હોય, અને સદરહુ ફેંસલો આપ્યા પછી, તે ફેંસલા વિષે ત્રીસ દિવસની અંદર સરકટદાર અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને અપીલ કરવાનો પોતાનો ઇરાદો લેખિતવાર જાહેર કરવાથી સભાસદોને માટે હવે પછી બતાવ્યા પ્રમાણે ઠરાવેલી અપીલ કોર્ટને અપીલ કરે.

—::—

પ્રકરણ ૧૨. સામાન્ય નિયમો.

CHAPTER XII. GENERAL DIRECTIONS.

૧. સાક્ષી અને નોટીસ.

૨૯૯, ૧. જો સાક્ષી આપનાર મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીનો સભાસદ ન હોય તો તેને લીધે તેની સાક્ષીને નાકબુલ કરાશે નહિ.

૨ જો સાક્ષી આપનાર ગેરહાજર હોય તો જ્યાં તે રહેતો હોય ત્યાંના પાળકની રૂબરૂમાં તેની સાક્ષી લેવામાં આવે, અથવા જે ડિસ્ટ્રિક્ટમાં આવો સાક્ષી આપનાર રહેતો હોય ત્યાંનો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઠરાવે તે ઉપદેશકની રૂબરૂમાં તેની સાક્ષી લેવામાં આવે; એવી શરતે કે, આવી સાક્ષી લેવાની જગ્યા અને વખત વિષેની પુરતી નોટીસ સામા પક્ષને આપવામાં આવી હોય.

૩. તહોમતદારને સાંભળવા માટે ઠરાવેલા વખત અને જગ્યાની યોગ્ય નોટીસ અપાયા છતાં પણ તે હાજર થવાને નકાર કરે અથવા ચૂકે તો તેવી બાબતમાં તપાસણી અથવા મુકરદમો તેની ગેરહાજરીમાં ચલાવવામાં આવશે.

૨. દફતરો.

૩૦૮, ૧ દરેક તપાસણી અથવા મુકરદમામાંની નોંધો વિગતવાર હકીકતનામું સઘળા દાખલ કરેલા દસ્તાવેજો, આરોપો, હકીકતો અને ફેંસલો સહિત ચોકસ અને સંપૂર્ણ રીતે રાખવી, તથા પ્રમુખ અને ચિટનીસથી મંજુર થાય અને સહી થાય. બધી તપાસણીમાં ચાલેલા કામની નોંધ તથા દસ્તાવેજો રાખવા સારૂ પ્રમુખ એક ચિટનીસ નીમશે, અને જ્યારે બરાબર રીતે સહી કરવામાં આવશે ત્યારે સદરહુ પ્રમુખ નોંધોનો જાળવનાર થશે. અને છેવટના ફેંસલા માટે જે કૉન્ફરન્સ અથવા કમિટી પાસે તે કામ જશે તેના ચિટનીસને જાળવનાર સઘળી નોંધો સોંપી દેશે.

૨. મંડળીના સભાસદના મુકરદમામાં પાળક ચિટનીસ નીમશે, અને જ્યારે બરાબર રીતે સહી કરવામાં આવશે ત્યારે સદરહુ પાળક નોંધોનો જાળવનાર થશે. જો અપીલ કરવામાં ન આવે તો, તે રાખી મુકવા સારૂ દફતરદાર કારભારીને નોંધો આપશે. જો અપીલ કરવામાં આવે તો

યોગ્ય અપીલ કોર્ટના પ્રમુખને તે નોંધો સ્વાધીન કરશે, અને આ કોર્ટમાં કામ કરવામાં આવ્યા બાદ જે સરકટમાંથી તે આવી હશે ત્યાંના દફતરદાર કારભારીને સદરહુ કોર્ટનો ચિટનીસ પાછી મોકલી આપશે.

૩. ત્રિમાસિક, ડિસ્ટ્રિક્ટ, વાર્ષિક અને જનરલ કૉન્ફરન્સોના ચિટનીસો પોતાના મંડળોમાં ચાલેલા બધા મુકરદમાની નોંધોના જાળવનારા થશે કે જે નોંધો, દરેક બાબતમાં તેઓ અથવા તેમના મદદનીસો કરશે, અને અપીલની બાબતમાં તેઓ સદરહુ નોંધો અપીલ કોર્ટના પ્રમુખ અથવા ચિટણીસને સ્વાધીન કરશે. સદરહુ અપીલ સાંભળ્યા બાદ જે કૉન્ફરન્સમાંથી તે આવી હશે ત્યાંના ચિટનીસને તે પાછી મોકલવામાં આવશે.

૩. વકીલો.

૩૦૧, ૧. તપાસણી અને મુકરદમાની સઘળી બાબતોમાં મંડળી અથવા તહોમતદારને માટે જ્યાં કંઈ વકીલો રાખવામાં આવ્યા ન હોય ત્યાં નીચે મુજબ એવા વકીલો નીમવામાં આવશે: બિશપ અથવા મિશનરી બિશપની તપાસણીમાં પ્રમુખ વકીલો નીમશે અને મુકરદમાની બાબતમાં જનરલ કૉન્ફરન્સ નીમશે. આવા વકીલો મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીના સારી સ્થીતિના પાદરીઓ અથવા સભાસદો થશે.

૨. વાર્ષિક કૉન્ફરન્સના સભાસદની તપાસણીમાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ વકીલો નીમશે; અને મુકરદમાની બાબતમાં વાર્ષિક કૉન્ફરન્સ નીમશે. ઉપરની બાબતોમાં સદરહુ વકીલો વાર્ષિક કૉન્ફરન્સના સભાસદો થશે.

૩. બીજી બધી બાબતોમાં પ્રમુખ વકીલો નીમશે, જેઓ મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીનાં સારી સ્થીતિના પાદરીઓ

અથવા સભાસદો થશે.

૪. તહોમતો.

૩૦૨, ૧. કોઈ પણ બાબતમાં તહોમતો અથવા સાક્ષીઓ એમ ન ગણાય કે ખોટા અને દ્વેષી દાવા ચલાવવાના પરિણામથી તહોમત મુકનાર મુક્ત થાય. અને પાદ્રીઓ તથા સભાસદો બન્નેને ઉતાવળથી અગર તો અપૂર્ણ તપાસથી તહોમતો મુકવા વિષે ચેતાવવા.

૨. મુકરદમાનું કામ શરૂ થતાં પહેલાં પ્રમુખની મરજી પ્રમાણે તહોમતનામામાં ફેરફાર કરવામાં આવે, આ શરતે કે તે ફક્ત હકીકતના રૂપને લગતું છે, અને કહેલા અપરાધનું રૂપ બદલે નહિ, અને કે જે વિષે તહોમતદારને યોગ્ય નોટીસ મળી ન હોય એવી નવી વાત મુકવામાં આવે નહિ.

૩. ખાસ કમિટી આગળ મુકરદમા માટે બાબત લેઈ જવામાં આવે તે પહેલાં, વાર્ષિક કૉન્ફરન્સના સભાસદો વિરૂદ્ધનાં તહોમતોમાના ફેરફારો કૉન્ફરન્સમાં રજુ કરવામાં આવશે, અને તે વિષે પ્રમુખ બિશપનો ઠરાવ આપવામાં આવશે.

૪. કંઈ બદનામનો આરોપ, બદનામી કરાયલા માણસની સહી શિવાય, ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૫ મુકરદમો.

૩૦૩, ૧. તપાસણી અથવા મુકરદમાની બધી બાબતોમાં તહોમતદાર અને બન્ને પક્ષના સાક્ષીઓને જરૂરની નોટિસ લખવામાં આવશે; અને મંડળીના નામે કાઢવામાં આવશે, તથા તે ઉપર તે બાબતની તપાસ અથવા મુકરદમો ચલાવનારી ન્યાયસભાના પ્રમુખ અથવા છેલ્લા નીમેલા ચિટનીસ સહી કરશે, સદરહુ નોટીસ, જે માણસને

આપવાની હોય, હાથે અથવા રજીસ્ટર ટપાલે તેના છેલ્લા જાણેલા સરનામાપર મોકલવામાં આવશે.

૨. દરેક બાબતમાં માણસને ઠરાવેલી જગ્યાએ અને વખતે હાજર થવા સારૂ, તથા તહોમતદારને તપાસ અથવા મુકરદમા માટે તૈયારી કરવા સારૂ, પૂરતો વખત આપવામાં આવશે; અને તે પૂરતો વખત કેટલો તે વિષે, કેસની તપાસણી અથવા મુકરદમો ચલાવનારી ન્યાયસભાનો પ્રમુખ નક્કી કરશે.

૩. તપાસણી અથવા મુકરદમાની બધી બાબતોમાં યોગ્ય કારણને લીધે પંચમાંના ફલાણા માણસોને બાતલ કરો એવી માંગણી કરવાને બન્ને પક્ષોને હક છે; અને જો બની શકે તો તપાસણી અથવા મુકરદમો ચલાવવાને જે સંખ્યાની જરૂર છે, તે કરતાં ઓછી ન થાય માટે ફાલતું તરીકે બરાબર લાયકી વાળા માણસોની પૂરતી સંખ્યા હાજર છે, તેનો બંદોબસ્ત કરવાને પ્રમુખની ફરજ છે.

૪. તપાસણી, મુકરદમા અથવા અપીલની બાબતમાં પ્રમુખ, કામનો પુરાવો સમજાવીને અથવા તેનું રૂપ બતાવીને, પંચને તાકીદ આપશે નહિ; પણ જ્યાં સુધી નિર્ણય જાહેર કરવામાં નહિ આવે, ફેંસલો પુરો નહિ થાય, અને નોંધો ઉપર સહી નહિ થાય, ત્યાં સુધી. અને જો બન્ને પક્ષના માણસો અંદર બોલાવવામાં નહિ આવે, તો કાયદા અથવા કેસની વાતો વિષે અભિપ્રાય આપ્યા વગર, તે બેસીને કામ ચલાવશે.

૧. અપીલો.

૩૦૪, ૧. જો કોઇ પણ કેસમાં તહોમતદાર પોતાનો મુકરદમો ચાલતી વખતે પોતે અથવા તો વકીલ મારફતે હાજર ન હોય તો અપીલ લેવામાં આવશે નહિ. પણ

જો અપીલ કોર્ટને એમ જોણુવામાં નહિ આવે કે અપીલ કરનાર ટ્રાયલ કોર્ટના* ફેંસલાને માનવાને ના પાડે છે અથવા મકર્જામાંથી તે નીકળી ગયો છે, એની અયોગ્ય વર્તણુંકથી પોતાનો અપીલ કરવાનો હક ખોયો છે, અથવા અપીલ ચલાવવાને પોતે અથવા તો વકીલ મારફતે હાજર થવાને ચુકયો છે, તો યોગ્ય રીતે કરેલી અપીલો અપીલ કોર્ટથી સાંભળવામાં આવશે.

૨. ગફલતથી અથવા બીજી કોઇ રીતે અપીલ કરવાનો હક જો એક વખત ગુમાવવામાં આવે તો કોઇ પણ પછીની અપીલ કોર્ટથી પુનઃપ્રવૃત્તિ કરી ન શકાય.

૩. જો અપીલ કરનાર મરી જાય તો તેને લીધે તેના અપીલ કરવાના તથા ચલાવવાના હકને કંઇ પણ હરકત થશે નહિ. તેના વારસો અથવા તો તેના કાયદેસર નીમેલા મુખત્યારો જેમ તેની હયાતીમાં તે અપીલ ચલાવવાનો હકદાર હતો તેમ તેઓ ચલાવી શકે.

૪ કોઇ પણ બાબતમાં અપીલને લીધે ઠરાવેલી શિક્ષા મુલતવી રાખવામાં આવશે નહિ. જ્યાં સુધી અપીલ કોર્ટ સુધારે અથવા ફેર બદલ કરે નહિ, ત્યાં સુધી ટ્રાયલ કોર્ટનો ફેસલો કાયમ રહેશે.

૫. કોઇ પણ અપીલ સાંભળવામાં, સાક્ષી તરીકે, માત્ર મુકરદમાની નોંધો અને દસ્તાવેજો વાપરવામાં આવશે.

૬. દરેક બાબતમાં જ્યાં અપીલ કરવામાં આવે, અને અપીલ કોર્ટ તેને દાખલ કરે, તો આરોપો, ફેંસલો, અને પુરાવો વંચાયા બાદ, તથા તે ઉપર સંવાદ કર્યા બાદ, પક્ષકારો વેરાઇ જશે, અને અપીલ કોર્ટ કેસ ઉપર વિચાર કરી તેનો નિર્ણય કરશે. તે ટ્રાયલ કોર્ટના ફેંસલાને તદ્દન

* ટ્રાયલ કોર્ટ, એટલે જે કોર્ટમાં મુકરદમો ચલાવવામાં આવે છે.

અથવા તો થોડો ઘણો ફેરવે, અથવા નવા મુકરદમા માટે કામ પાછું મોકલે. જે શિક્ષા ફરમાવવામાં આવશે તે તે નક્કી કરશે, પણ તે મુકરદમા વખતની ઠરાવેલી શિક્ષા કરતાં વધારે નહિ થશે. જો તે ટ્રાયલ કોર્ટનો ફેંસલો તદન અથવા તો થોડો ઘણો ન ફેરવે, અથવા નવા મુકરદમા માટે કામ પાછું ન મોકલે, અથવા શિક્ષા ઓછી ન કરે, તો તે ફેંસલો કાયમ રહેશે, પણ જો ભૂલો હોય કે જે ચોકસ રીતે પરિણામ ઉપર અસર કરતી ન હોય, તો તેને લીધે અપીલ કોર્ટ ફેંસલાનો ફેરફાર કરશે નહિ, તેમજ નવા મુકરદમા માટે કામ પાછું મોકલશે નહિ.

૭. દરેક બાબતમાં જ્યારે યોગ્ય અપીલ કોર્ટમાં એક વખત કેસ સાંભળવામાં આવ્યો હોય, તો અપીલ કરવાનો હક તદન બંધ થશે; પણ કાયદા વિષેના સવાલો અનુક્રમે જનરલ કૉન્ફરન્સમાં અપીલ લઇ શકાય.

૮. વાર્ષિક કૉન્ફરન્સના સભાસદ, બિશપ, અથવા મિશનરી બિશપની અપીલની કોઇ પણ બાબતમા, જો અપીલ કોર્ટની એવી ખાતરી હોય કે પરિણામ સબંધી નવા ઉપયોગી પુરાવા શોધી કાઢયા છે, તો તે નવા મુકરદમા માટે કામ પાછૂ મોકલે.

૯. જો મંડળીનો કોઇ સભાસદ ગુન્હેગાર ઠર્યા પછી સાઠ દિવસની અંદર નવા શોધી કાઢેલા પુરાવાને આધારે નવો મુકરદમો થાય માટે પાળકને લેખીત અરજી કરે, અને તેની સાથે તેની લખેલી હકીકત રજુ કરે, અને જે વિષે જો પાળકને એમ લાગે કે એવો પુરાવો પરિણામને માટે ઉપયોગી છે, તો તે નવા મુકરદમાની પરવાનગી આપે.

૧૦. જો નવો પુરાવો શોધી કાઢવામાં આવે, કે જે વિષે જો યોગ્ય કાળજી રાખી હોત તો મુકરદમા માટે મેળવી

કાત, નો તેને લીધે નવા મુકરદમાની પરવાનગી આપ-વાના આવશે નહિ.

૧૧. અપીલની બધી બાબતમાં અપીલ કરનાર જે વખતે તે પોતાની અપીલની નોટીસ આપે તેજ વખતે આવી નોટીસ મેળવનાર અમલદારને અને મંડળીના વકીલને પોતાની અપીલનાં કારણોની લખેલી હકિકત રજુ કરશે; અને માત્ર એવી હકીકતમાંના દાખલ કરેલાં કારણો અપીલ કોર્ટ સાંભળશે.

૧૨. જ્યારે કોઇ અપીલ કોર્ટ ટ્રાયલ કોર્ટના ફેંસલાને તદન અથવા થોડો ઘણો ફેરવી નાંખે, અથવા નવા મુકરદમા માટે કામ પાછું મોકલે, અથવા સદરહુ કોર્ટ ફરમાવેલી શિક્ષામા ફેરફાર કરે, તો તે પોતાના કાર્યના કારણોની હકિકત વાર્ષિક કૉન્ફરન્સને, અથવા ટ્રાયલ કોર્ટના ચિટનીસને મોકલી આપશે.

૧૩. કાયદા વિષેના સવાલો સંબંધી અપીલોનો અનુક્રમ નીચે મુજબ થશે: પાળકના ફેંસલા ઉપરથી ત્રિમાસિક અથવા ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સમાંના પ્રમુખ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ પ્રત્યે; ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટના ફેંસલા ઉપરથી વાર્ષિક કૉન્ફરન્સના પ્રમુખ બિશપ પ્રત્યે; અને અપીલની બાબતમાં બિશપના ફેંસલા ઉપરથી જ્યુડિશિયલ કૉન્ફરન્સ પ્રત્યે; નહિતો, જનરલ કૉન્ફરન્સ પ્રત્યે.

૧૪. જ્યારે કાયદા વિષેના સવાલ સંબંધી અપીલ લેવામાં આવે, ત્યારે જે મંડળે ફેંસલો આપ્યો હોય તેના ચિટનીસને તે અપીલની લેખિત નોટીસ આપવામાં આવશે, જેની ફરજ એ છે કે રજુ કરેલા સવાલની ખરી હકિકત અને તે પર પ્રમુખનો ઠરાવ લેખમાં દાખલ થાય, એમ તે જુએ. ત્યાર પછી તે સદરહુ સવાલ અને તેના

ઠરાવની એક સહી કરેલી નકલ કરશે, અને જે મંડળમાં અપીલ જતી હશે તેના ચિટનીસને મોકલશે સદરહુ સહી કરેલી નકલ મેળવનાર ચિટનીસ ખુલી કૉન્ફરન્સના આગળ રજુ કરશે, અને જેમ બની શકે તેમ ઉતાવળે પ્રમુખના ઠરાવ માટે તેની આગળ મુકશે; જે ઠરાવ તે મંડળની છેલ્લી સમાપ્તિ પહેલાં આપવો જોઇએ. એ માટે કે સદરહુ ઠરાવ, અસલ સવાલ અને ઠરાવ સાથે, તે કૉન્ફરન્સના લેખમાં દાખલ થાય. બીજી બધી પક્ષીની અપાલો તે રીતે અનુસરવામાં આવશે.

ભાગ ૬. લૌકિક વહિવટ.

PART VI. TEMPORAL ECONOMY.

—:( ):—

પ્રકરણ ૧. પાદરીવર્ગના નિર્વાહ.

CHAPTER I. MINISTERIAL SUPPORT.

૧. કારભારીઓ.

૩૦૫. દરેક સરકટ અથવા મંડળીમાં ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે એકવીસ કારભારીઓ થશે. દરેક વાર્ષિક ચુંટણી પછી ત્રિમાસિક કૉન્ફરન્સથી કારભારીઓમાંના એકને દફતર કારભારી, અને એકને ડિસ્ટ્રિક્ટ કારભારી, નીમવામાં આવશે. પણ જો બે અથવા વધારે મંડળીઓ જોડી દેવામાં આવે તો જ્યાં સુધી ત્રિમાસિક કૉન્ફરન્સ નવું મંડળ (બોર્ડ) નીમે ત્યાં સુધી તે જુદી જુદી મંડળીઓના કારભારીઓ પોતાના ઓદ્ધાનું કામ કરશે.

૩૦૬. કારભારીઓ પાકી ભક્તિભાવવાળા માણસ હોવા જોઈએ, કે જેઓ સરકટમાંની મંડળીના સભાસદો છે, અને મેથોડિસ્ટ મત અને કાયદાને જાણે અને ચાહે છે, તથા મંડળીનું સંસારીક કામ કરવાને સારી સ્વાભાવિક અને સંપાદન કીધેલી આવડના છે.

૩૦૭. પાળકને કારભારીઓ નીમવાનો હક છે; પણ એવી નીમણુકો ત્રિમાસિક કૉન્ફરન્સ મુકરર અથવા નાકબુલ કરી શકે. ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે નીમાયલા કારભારીઓ આવતી વાર્ષિક કૉન્ફરન્સ બરખાસ્ત થયા પછી પોતાનું કામ માંડે, અને એક વરસ સુધી, અથવા તેમના

વારસના પછી આવનારાઓની નીમણુક થાય ત્યાં સુધી તેઓ પોતાના ઓદ્ધાનું કામ કરે

૩૦૮. કારભારીઓની ફરજો નીચે પ્રમાણે છેઃ મંડળી અથવા સરકટમાંના પાદરીઓના નિર્વાહ માટે મળેલા સઘળા પૈસા તથા બીજી પુંજીનો ચોકસ હિસાબ લેવો, અને તે ડિસિપ્લિનમાં બતાવ્યા પ્રમાણે વાપરવા; દરેક પૈસાનું ખરચખુટણ કે જે પાદરીઓ માટે હોય, અથવા તો મંડળીના ગરીબ સભાસદો માટે હોય, તેનું ચોકસ હકીકતનામુ બનાવવું; કંગાળો તથા દુઃખિતોને શોધવા, એ માટે કે તેમનું દુઃખ નિવારણ થાય અને તેમને દિલાસો આપવામાં આવે; કોઇ સભાસદો માંદા અથવા દુર્ગુણી હોય તેઓ વિષે પાદરીઓને ખબર આપવી; જો તેઓ એમ ધારે કે પાદરીઓમાં કંઇ ખરાબી છે તો તે વિષે તેમને કહેવું, મંડળની ત્રિમાસિક સભાઓમાં, અધિકાર મંડળની સભાઓમાં, તથા વર્ગપ્રમુખો અને કારભારીઓની સભામાં હાજર થવું; સરકટની ગોઠવણ કરવામાં જો સલાહ માગવામાં આવે તો આપવી; મંડળીઓને પૈસા આપવા વિષે નિમાએલી કમિટીઓમાં હાજર થવું-લવાદીની બાબતમાં સલાહ આપવી: પ્રભુભોજનમાંની ચીજો પૂરી પાડવી; જો જરૂર હોય, તો વધારે ઉદારતા માટે બોધ આપીને સરકટમાંના વર્ગોપર પત્ર લખવો, અને ૭મી ખાસ સલ્લાહમાં (૭૦ મા પારાગ્રાફમાં) સુચવ્યા મુજબ નિયમિતપણે આપવા વિષે આગ્રહ કરવો, અને તેમજ, જ્યારે જરૂર પડે ત્યારે, સરકટના સંસારીક બાબતોની સ્થિતિ વિષે તેઓને ખબર આપવી.

૩૦૯. કારભારીઓ સરકટની ત્રિમાસિક કૉન્ફરન્સ પ્રત્યે પોતાની ફરજોની વિશ્વાસુ બજાવણી માટે જવાબદાર છે, કે જે કૉન્ફરન્સ જ્યારે પોતાની મરજીમાં હોય ત્યારે તેમને

કાઢી મુકવાની અથવા ફેરબદલ કરવાની સત્તા છે

૨. કારભારીઓ તથા પાદરીવર્ગનો નિર્વાહ.

૩૧૦. પાદરીઓના નિર્વાહ માટે કીધેલા અડસટાને પહોંચી વળવાની જોઇતી રકમ વધારે સાર્થક રીતે ઉઘરાવવા, કારભારીઓ વરસની શરૂઆતમાં દર મહિને જોઇતા પૈસાનો અડસટો કાઢે. ત્યાર પછી તેઓ મંડળીના દરેક સભાસદ પાસેથી, તથા જેમ બની શકે તેમ સભાઓમાં આવનાર દરેક માણુસ પાસેથી, પોત પોતાના દર મહિનાના ઉઘરાણા તરીકે શું આપશે તે નક્કી કરે.

૩૧૧. આ રકમો દફતરદાર કારભારી એક ચોપડીમાં દાખલ કરે, જે તે કારભારીઓના મંડળના ખજાનચી તરીકે રાખે. જો પૈસાની કુલ રકમ, જેટલી દરમહિને જોઇતી હોય તેટલી જો ન હોય, તો જેઓ તે ખોટ માથે લેવાને ખુશી હોય, તે બધાને કારભારીઓ ભાગે પડતી વહેંચી આપે, અને દરેક એવા માણુસની મંજુરીથી, તે વધારાની રકમ, કે જે વિષે તેઓ ધારે કે તેણે આપવી જોઇએ તે દરેકના નામપર લખે.

૩૧૨. પછી કારભારીઓ એક પૈસા સંબંધીની ગોઠવણ સ્વીકારે અને અમલમાં લે, કે જેથી, જેઓ પોતાના વર્ગપ્રમુખો મારફતે અઠવાડિયે અઠવાડિયે ઉઘરાણું આપવાને ઇચ્છતા હોય તેઓ સિવાય, દરેકને, ખેદથી નહિ ને અગત્યથી નહિ, પોતે આપવા કબુલ કીધેલી રકમ દર મહિને અથવા વધારે વારે, નિયમસર આપવાનો પ્રસંગ મળે. આ ઉઘરાણા દફતરદાર કારભારીને અથવા વર્ગપ્રમુખને નિયમસર આપવામાં આવે; અને જેમ ઠરાવ્યો હોય તેમ તેનાથી વર્ગપ્રમુખો અને કારભારીઓની સભામાં, અધિકાર મંડળ અથવા ત્રિમાસક કૉન્ફરન્સમાં તે રજુ કરવામાં આવે;

અને કારભારીઓ પૈસા સંબંધીની ગોઠવણની વિગતો વિષે દર વરસની પહેલી ત્રિમાસિક કૉન્ફરન્સ આગળ હેવાલ આપે (૧૦૬, ૧૧). તેમજ, આ અધ્યાય માંહેની બીજી આજ્ઞાઓ સહિત, પૈસા સંબંધીની ગોઠવણ અમલમાં લેવામાં આવી છે કે નહી, તે વિષેનો હેવાલ પણ તેઓ દરેક પછીની ત્રિમાસિક કૉન્ફરન્સને આપે દફતરદાર કારભારી આ સઘળી પ્રતિજ્ઞા તથા ઉઘરાણાનો પોતે જાતે હિસાબ રાખે, અને ઉઘરાવેલા પૈસા, કારભારીઓની આજ્ઞા પ્રમાણે, જે પાદરીઓને તે લેવાનો અધિકાર હોય, તેઓને તે આપે.

૩૧૩. દરેક સરકટના કારભારીઓ કૉન્ફરન્સ પેન્શનરો માટે જે હિસ્સો વાર્ષિક કૉન્ફરન્સે તે સરકટને પાડયો હોય તે રકમ ઉઘરાવવાની ગોઠવણ કરે, ગમે તો સભામાંના ઉઘરાણાથી અથવા તેમની નજરમાં ઠીક લાગે તે રીતીથી આ નિમાયલી રકમ, પાળક, ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ અને ઇપિસ્કોપલ ફંડના હકો સાથે પણ પાદરીવર્ગના નિર્વાહનો હક છે; અને પાદરીવર્ગ માટે બધા ઉઘરાવેલા પૈસા, તે, દરેકના નિમાયલા હિસ્સા પ્રમાણે, આ જુદા જુદા પાદરીવર્ગના હકને પ્રમાણમાં વહેંચવામાં આવશે.

૭. પાળકોના નિર્વાહ.

૩૧૪, ૧. વાર્ષિક કૉન્ફરન્સ પહેલાં તરતની બેઠક વખતે દરેક સરકટની ત્રિમાસિક કૉન્ફરન્સની એવી ફરજ છે કે મંડળીના ત્રણ અથવા વધારે સભાસદોની અટકળ કાઢનારી એક કમિટી નીમે, કે જે કમિટીને, તે ત્રિમાસિક કૉન્ફરન્સના મતથી, આવતા કૉન્ફરન્સ વરસમાં પાળકના નિર્વાહ માટે કેટલી રકમ આપવામાં આવે તે નક્કી કરવાની

* પેન્શનરો, અથવા હકદારો, અંગ્રેજી ભાષામાં " કલેમેન્ટો " કહેવાય છે.

સત્તા થશે; અને આવતી વાર્ષિક કૉન્ફરન્સની બેઠક પહેલાં તે વિષે તેઓ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને ખબર આપે; અને આ રકમની સાથે, કૉન્ફરન્સ પેન્શનરોના, બિશપોના, તથા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટના નિર્વાહ માટે ભાગ પાડેલી રકમ ઉમેરવામાં આવશે; અને કારભારીઓ ૩૧૧ અને ૩૧૩ મી કલમો મુજબ આ રકમ ઉઘરાવવા ગોઠવણ કરે. જો ઉપર મુજબ અડસટો કાઢનારી કમિટીને સત્તા મળી ન હોય, અથવા જો તેઓને એમ દિસે કે અડસટો વધારે કરવાની જરૂર છે, તો સદરહુ કમિટી, પાળકની સાથે વાતચિત કર્યા બાદ, તે વરસના નિર્વાહની રકમ જે તેઓ ઠરાવે તે વિષે પહેલી ત્રિમાસિક કૉન્ફરન્સ આગળ તેના ઠરાવ માટે હેવાલ આપે.

૨. પાદરીઓના મુસાફરી તથા બદલીના ખરચો એ અડસટામાં ઉમેરવામાં આવશે નહિ, પણ કારભારીઓથી જુદી રકમ તરીકે આપવામાં આવશે.

૩૧૫. જ્યારે બની શકે ત્યારે, જે સરકટો પાળકોના નિર્વાહ માટે પૂરતો નિર્વાહ આપી શકતા ન હોય, તે અધુરા નિર્વાહમાં ઉમેરો કરવાને કૉન્ફરન્સ ગુજરાન (સસ્ટેન્ટેશન) ફંડ મંડળની યોજના કરવાની, દરેક વાર્ષિક કૉન્ફરન્સની ફરજ છે.

૩૧૬. વાર્ષિક કૉન્ફરન્સનો કોઇ સભાસદ જે લોકો મધ્યે તે કામ કરતો હોય, જો તેઓ તેના નિર્વાહને માટે પૈસા આપવા ચુક્યા હોય, તો તે વિષે તે કૉન્ફરન્સ આગળ દાવો કરે, અને કૉન્ફરન્સના કારભારીઓ પાસે આવી મદદને માટે જે પૈસા હોય તેમાંથી કૉન્ફરન્સ સદરહુ દાવો પુરેપુરો અથવા થોડો ઘણો ચુકવી આપવાની પરવાનગી આપે; અને તે રકમ સાથે સરકટનું નામ તે પોતાના હેવાલમાં દાખલ કરશે.

તોપણ કોઇ પણ બાબતમાં મંડળી અથવા કૉન્ફરન્સ છેવટની ખોટ માટે જવાબદાર નહિ ગણાય.

૪ ડિસ્ટ્રિક્ટ કારભારીઓ તથા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટોનો નિર્વાહ.

૩૧૭. ડિસ્ટ્રિક્ટ કારભારીઓની ફરજ આ છેઃ જ્યારે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટથી કહેવામાં આવે ત્યારે ડિસ્ટ્રિક્ટ કારભારીઓની વાર્ષિક સભામાં હાજર થવું, અને પાદરીવર્ગના નિર્વાહ માટે ડિસિપ્લિનની યોજનાઓ ડિસ્ટ્રિક્ટમાં એક સરખી રીતે ચલાવવામાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની સાથે મળીને કામ કરવું, અને ૩૧૮ મી કલમમાં બતાવ્યા પ્રમાણેની ફરજો બજાવવી.

૩૧૮. દરેક ડિસ્ટ્રિક્ટમાં દર વર્ષે ડિસ્ટ્રિક્ટ કારભારીઓની એક સભા ભરવામાં આવશે (૩૧૦), જેની ફરજ, ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ કે જે એવી સભામાં પ્રમુખપણાનું કામ કરે, તેની સલાહથી ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટનુ સુખકારક નિર્વાહ થાય માટે એટલા પૈસા પૂરા પાડવા માટે જોઇતી રકમનો અડસટો કાઢવાનું; વળી તે નિર્વાહ તેમજ ઘરભાડું તથા મુસાફરી ખરચ, અને બિશપો તથા કૉન્ફરન્સ પેન્શનરોના નિર્વાહ માટે, વાર્ષિક કૉન્ફરંસથી ડિસ્ટ્રિક્ટને ભાગે પડતા અપાયલા હકો સહિત, શકતી મુજબ ડિસ્ટ્રિક્ટમાંની જૂદી જૂદી સરકટોમાં તે ભાગે પડતી વેહેંચી આપવાની છે; અને બધી બાબતોમાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ, પોતાની ડિસ્ટ્રિક્ટમાંના પાળકો સાથે જે તેઓને યથાક્રમ મળ્યું હશે, તેના પ્રમાણમાં ભાગ લેશે. ડિસ્ટ્રિક્ટ કારભારીઓની સભાનો લેખ, એ કામ માટે નીમાયલો ચીટનિસ રાખે, અને તે એક ચોપડીમાં પણ નોંધ લખે, અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તે ચોપડીનો જાળવનાર થશે.

૫. બિશપોનો નિર્વાહ.

૩૧૯, ૧. બુક કમિટીની ફરજ, દરેક ઇફેકટિવ બિશપના કુટુંબમાંની સંખ્યા તથા સ્થિતિ વિષે વિચાર કરી તેનો વાજબી નિર્વાહ પૂરો પાડવા માટે જોઇતી રકમનો અડસટો કાઢવાની છે. (૩૭૨)

રીટાયર્ડ થએલા બિશપોના તથા બિશપોની વિધવાઓના પેન્શન નક્કી કરી આપવામાં, તેઓમાંના દરેકના પૈસા સંબંધી સ્થિતિ વિષે ચોકસાઇથી તપાસ કરવાનું તથા દરેક બાબતમાં તેઓનું સુખકારક નિર્વાહ થાય માટે જેટલા જોઇએ તેટલાજ પૈસા નક્કી કરવાની બુક કમિટીની ફરજ છે. એવી શરતે કે, રીટાયર્ડ થએલા બિશપ માટે આ પ્રમાણે નક્કી કીધેલી રકમ તેને રીટાયર્ડ થયાને આગલે વરસે જે પગાર મળતો હતો તેની અડધી રકમ કરતાં વધારે ન થાય.

૩૨૦. બિશપોને, જનરલ કૉન્ફરન્સના ઠરાવ મુજબ, ઇપિસ્કોપલ ફન્ડના ખજાનચી પાસેથી પોતાનો નિર્વાહ, તેમજ યોગ્ય રીતે તપાસેલા હિસાબ મુજબ મુસાફરી ખર્ચ, આફિસનું ખરચ, તથા ઘરભાડું લેવાનો અધિકાર છે.

૩૨૧. બુક કમિટી, મિશનરી સોસાઇટીથી મળેલા પૈસા સિવાય, પાદરીવર્ગના નિર્વાહ માટે વાર્ષિક કૉન્ફરન્સોમાં ઉઘરાવેલી કુલ રકમ મુજબ, આ બિશપના નિર્વાહ માટે ઉઘરાવવાની કુલ રકમ વાર્ષિક કૉન્ફરન્સોમાં વેહેંચી આપે; અને વાર્ષિક કૉન્ફરન્સો તે રકમ જુદી જુદી ડિસ્ટ્રિકટોને ભાગે પડતી વહેંચી આપે; અને ડિસ્ટ્રિકટ કારભારીઓ ડિસ્ટ્રિકટને વહેંચી આપેલી રકમ જુદી જુદી સરકટોને ભાગે પડતી વહેંચી આપે. બિશપોના નિર્વાહ માટે દરેક સરકટને ભાગે પડતી આપેલી રકમ, પાળકો, કૉન્ફરન્સ પેન્શનરો અને ડિસ્ટ્રિકટ

સુપરિન્ટેન્ડેન્ટોના હકના પ્રમાણમાં, એક સરખી રીતે વહેં-ચવામાં આવશે; અને ૩૧૩, ૩૧૪ અને ૩૧૮ મી કલમો મુજબ, બાળકો, કૉન્ફરન્સ પેન્શનરો અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો, જે પ્રમાણે તેઓની સરકટો અથવા ડિસ્ટ્રિકટો બિશપોના હકો માટે આપે છે, તેજ પ્રમાણે તેમને પણ તેમના નિર્વાહના પ્રમાણમાં મળશે. વાર્ષિક કૉન્ફરન્સોની ફરજ એ છે કે, તેઓ જુએ કે બિશપોના નિર્વાહ માટે જુદી જુદી સરકટોને આપેલા ભાગે પડતા પૈસા, જ્યારે બની શકે, ત્યારે, ત્રણ ત્રણ મહિને ઉઘરાવીને ઇપિસ્કોપલ ફન્ડના ખજાનચી પર મોકલવામાં આવે.

૩૨૨. ખજાનચી, બિશપોને તથા મરણ પામેલા બિશપોની વિધવાઓ તથા બાળકોને આપેલા પૈસા ઇપિસ્કોપલ ફન્ડના નામે લખે; અને બિશપોના નિર્વાહ માટે જુદી જુદી સરકટોમાંથી મળેલા બધા ઉઘરાણાઓના પૈસા સદરહુ ફન્ડમાં જમા લખે. અને ખજાનચી સદરહુ ફન્ડના નામ પર જુદી જુદી વાર્ષિક કૉન્ફરન્સોમાંથી મળેલા પૈસાનો, તેમજ સઘળા ખરચોનો, વાર્ષિક કૉન્ફરન્સોને દર વરસે હેવાલ આપે; તેમજ તે આગલા ચાર વરસની એવી પહોંચો તથા ખરચોની પૂરેપૂરી તથા વિગતવાર હકીકત દરેક જનરલ કૉન્ફરન્સ આગળ રજુ કરે.

૬. કૉન્ફરન્સ પેન્શનરોનો નિર્વાહ.

હક.

૩૨૩, ૧. મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના ઉપદેશકને જ્યારે વાર્ષિક કૉન્ફરન્સના સભાસદપણામાં દાખલ કરવામાં આવે છે, ત્યારે તે સુવાર્તાની સેવામાં લાગુ રહેવાથી પોતાના સુખકારક નિર્વાહનો હકદાર થાય છે. આવો હક તે રીટાયર્ડ (પેન્શન પર) થયાથી રદ કરવામાં આવતો નથી;

અને તેના મરણ પછી પણ તેના આધાર ઉપર રહેલાં તેના કુટુમ્બનાં માણસો તે નિર્વાહના હકદાર થાય છે.

૨. રીટાયર્ડ થએલા પાદરીઓ, અને મરણ પામેલા પાદરીઓની વિધવાઓ (જ્યાં સુધી તેઓ વિધવાઓ રહે તથા મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની સભાસદો રહે ત્યાં સુધી) તથા સોળ વર્ષની અંદરનાં તેઓનાં બાળકો, હવે પછી ઠરાવેલા પૈસાના કૉન્ફરન્સ હકદારો (પેન્શન મળવા માટે) ગણાશે. એકી વખતે એક વર્ષને માટે અને પોતાના હકોની માગણી કર્યા વગર આવા દાવાદારો પોતાની રાજીખુશીથી પોતાનો હક તજી શકે; અથવા કૉન્ફરન્સ કારભારીઓની ભલામણથી વાર્ષિક કૉન્ફરન્સ તેને તે વિષે સાંભળવાનો પ્રસંગ આપીને તેનો હક લઇ શકે.

સ્થાયી ઇન્ડોમેન્ટ.

૩૨૯, ૧. આખી મંડળીના કૉન્ફરન્સ પેન્શનરો માટેની સ્થાયી ઇન્ડોમેન્ટ,× ઇલિનોઇસના શિકાગોમાં રહેતા "બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમેન્ટસ" (પેન્શનરોને મદદ આપવાનું મંડળ) પાસે રહેશે, અને તેનાજ "કૉનેક્ષનલ પર્મનેન્ટ* ફંડ" મારફતે તેનો વહીવટ ચલાવશે (જુઓ ૪૬૯,૨). તેમજ બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમેન્ટસ બધાં દાનો અને વારસોની, કે જેની આવક કૉન્ફરન્સ પેન્શનરો માટે વાપરવાની છે, ને જે સંભાળવા માટે બીજા કોઇને સ્વાધિન ન કર્યા હોય તો, તેનો વહિવટ કરે.

× ઈન્ડોમેન્ટ, એટલે જે પૈસા અથવા મિલ્કત ખાસ કામ માટે આપવામાં આવે છે, અને ફક્ત તેનું વ્યાજ કામ ચલાવવા વાપરવામાં આવે છે.

* કૉનેક્ષનલ, એટલે આખી મંડળીનું. પર્મનેન્ટ, એટલે જથુક.

૨. વાર્ષિક કૉન્ફરન્સને ઠીક લાગે તેવા નામો, બંદોબસ્ત, કાયદા અને કાનુનોથી ઇન્વેસ્ટમેન્ટ* ફંડો, ઉપદેશકોની મદદ માટે મંડળીઓ, તથા તેવાજ પ્રકારનાં ફંડો અને યોજનાઓ, સ્થાપન કરવાનો તથા તેને ચલાવવાનો અધિકાર છે, જેની આવકના પૈસા કૉન્ફરન્સ પેન્શનરોના નિર્વાહ માટે વાપરવામાં આવશે. એવી ભલામણ કરવામાં આવે છે કે, દરેક વાર્ષિક કૉન્ફરન્સ પોતાનાં જાથુક ફંડોનો વહિવટ કરવા સારૂ એક સનંદી મંડળીની યોજના કરે.

વાર્ષિકોત્સવો.

૩૨૫, ૧. કૉન્ફરન્સ વાર્ષિકોત્સવ.—દરેક વાર્ષિક કૉન્ફરન્સ તેની બેઠકમાં, કૉન્ફરન્સ પેન્શનરોના હિતના વધારા માટે એક સભા ભરશે જે કૉન્ફરન્સ પેન્શનરોના વાર્ષિકોત્સવ કહેવાશે.

૨. એકત્ર બેઠક.—વાર્ષિક તથા સે ધલેકટોરલ કૉન્ફરન્સોને ભલામણ કરવામાં આવે કે, કૉન્ફરન્સ પેન્શનરોના હિતના વધારા માટે તેઓ ચાર ચાર વરસે એકત્ર બેઠક ભરે, તથા સાથે મળીને એવી ગોઠવણો ઠરાવે કે જેથી આ કામના આધાર માટે ઉપદેશકો અને લોકોની મદદનો વધારો થાય.

૩. દરેક મંડળી દર વરસે એક રવિવાર, "કૉન્ફરન્સ પેન્શનરોના દિવસ" તરીકે પાળશે. જો તેને બદલે વાર્ષિક કૉન્ફરન્સ બીજો દિવસ નહિ ઠરાવે, તો, એવી રીત મે મહિનાનો બીજો રવિવાર પાળવામાં આવશે. અને "વેટરન્સ ડે" (ઘરડા ઉપદેશકોનો દિવસ) આ નામથી કહેવાશે.

---

* ઈન્વેસ્ટમેન્ટ, એટલે પૈસા જે વ્યાજ ઉપર રાખવામાં આવે છે.

વેહેંચણી.

૩૨૬. માત્ર એકજ વહેંચણી કરવામાં આવશે. વાર્ષિક કૉન્ફરન્સને પોતાની વહેંચણી કરવાને સંપૂર્ણ હક અને ફરજ છે. કૉન્ફરન્સ કારભારીઓ કૉન્ફરન્સમાંની સરકટોને જે કુલ રકમ વેહેંચી આપવામાં આવશે તે નક્કી કરવામાં પહેલાં પોતાના કૉન્ફરન્સ પેન્શનરોના નિર્વાહને માટે જોઈતી કુલ રકમનો અડસટો કાઢશે. આ રકમમાંથી, સરકટો-માંથી વાર્ષિક વહેંચણી માટે મળેલી રકમના સિવાય, "ચાર્ટર્ડ ફંડ," પુસ્તક ખાતું, "કૉનેક્ષનલ રીલીફ," અને તેમજ આ હેતુ માટે બીજી બધી તરફથી આગલે વર્ષે મળેલી રકમ, તેઓ બાદ કરશે; અને બાકી રહેલી રકમમાં પાંચ ટકા "કૉન્ફરન્સ પરસેન્ટેજેઝ"* માટે ઉમેરવામાં આવશે, જે જનરલ કૉન્ફરન્સના ઠરાવ પ્રમાણે નીચે મુજબ વેહેંચવામાં આવશે, એટલેઃ ૪૭૨ મી કલમ મુજબ ત્રણ ટકા "કૉનેકક્ષનલ રીલીફ" [એટલે, આખી મંડળીના વાર્ષિક કૉન્ફરન્સોના રિટાયર્ડ સભાસદોની મદદ] માટે વાર્ષિક કૉન્ફરન્સોમાં વહેંચવાના; અને બે ટકા કૉરેસ્પોન્ડીંગ સેક્રેટરીના પગાર અને ઑફીસ ખર્ચ માટે; પણ એવી શરતે કે, જો આવા બે ટકાની આવકથી વાર્ષિક રકમ ત્રીસ હજાર રૂપિઆ કરતાં વધુ થઇ જાય તો તે વધારો "કૉને-ક્ષનલ રિલીફ" માં આપી દેવામાં આવશે. (જુઓ ૪૭૨). આ છેલ્લી રકમ જ્યારે વાર્ષિક કૉન્ફરન્સથી મંજુર કર-વામાં આવશે ત્યારે સદરહુ કૉન્ફરન્સના ઠરાવ મુજબ તે જૂદી જૂદી સરકટોમાં વ્યાજબી રીતે વેહેંચી આપવામાં આવશે.

૩૨૭. બોર્ડ ઑફ કૉન્ફરન્સ કલેમેન્ટસને આપેલા પૈસા,

---

*પરસેન્ટેજેઝ, એટલે સેંકડે કેટલું તે.

ગમે તો "કૉનેક્ષનલ રીલીફ"ને માટે હોય અથવા તો "કૉનેક્ષનલ પર્માનેન્ટ ફંડ" માટે હોય તો પણ તે બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમેન્ટસના ખજાનચીને (શિકાગો, ઇલિનોઇસ) મોકલવામાં આવશે, જેને માટે તે એક પહોંચ આપશે; અથવા તે પૈસા વાર્ષિક કૉન્ફરન્સના ખજાનચીને મોકલવામાં આવે જેની પહોંચ તે લખી આપશે, અને આ પ્રમાણે મળેલી રકમો તે બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમન્ટસના ખજાનચી ઉપર મોકલશે.

અડસટો કાઢનારી કમિટી.

૩૨૮. સરકટની ત્રિમાસિક કૉન્ફરન્સ કે જેની સાથે કૉન્ફરન્સ પેન્શનરનો સંબંધ હોય, તો તેના પાદરીવર્ગના નિર્વાહનો અડસટો કાઢવાની કમિટી પાસે માગશે કે તે સદરહુ કૉન્ફરન્સ પેન્શનરનું સુખકારક નિર્વાહ માટે જેટલી રકમની જરૂર હોય તેટલી રકમનો અડસટો પણ કાઢે, અને જો ખાસ મદદની જરૂર હોય તો તેની પૂરેપૂરી હકિકત આપો; આ અડસટો ત્રિમાસિક કૉન્ફરન્સથી મંજુર થયા બાદ તેનો પ્રમુખ અને ચિટનીસ તેની ઉપર સહીઓ કરી કૉન્ફરન્સ કારભારીઓના ચિટનીસને તેમની મદદરૂપ ખબર માટે મોકલી આપશે.

કૉન્ફરન્સ કારભારીઓ.

૩૨૯, ૧. દરેક વાર્ષિક કૉન્ફરન્સ કૉન્ફરન્સ કારભારીઓ ચુંટશે, જેઓ ગમે તો ઉપદેશકો અથવા લેમેન થાય, અને જેઓ એવી રીતે વર્ગોમાં રચવામાં આવે કે દરેક વરસે તેઓમાંના એક તૃત્યાંસ ભાગ ચુંટવામાં આવે.

૨. કૉન્ફરન્સ કારભારીઓ તપાસ કરશે કે ક્યા પ્રેન્શનરોને ખાસ ગરજ છે (એટલે કે જેઓની ગરજ એટલી મોટી છે કે વર્ષાસન વહેંચણી ["એન્યુઇટી ડિસ્ટ્રિબ્યુશન"]

થી જે આપવામાં આવી શકાય તે તેને માટે બસ નથી), અને ત્રિમાસિક કૉન્ફરન્સમાંથી મળેલા અડસટા, તથા બીજી જે ખબર મળી શકે તે પાયા તરીકે વાપરીને, તેઓને વાજબી રકમ આપશે જે તે કામ માટે મળેલા પૈસામાંથી એક સરખી રીતે આપવામાં આવશે.

૩. વાર્ષિક કૉન્ફરન્સની ભલામણુ ઉપરથી, કૉન્ફરન્સ કારભારીઓ, કંઈ હક જે ત્રિમાસિક કૉન્ફરન્સ વિસરી ગયો હોય, તે તેપર વિચાર કરે અને કામ કરે.

૪. તેના કૉન્ફરન્સ કારભારીઓ એક પૂર્વાંગ હેવાલ આપે કે નહિ, અને જો આપે એમ હોય તો, તે હેવાલ કૉન્ફરન્સ આગળ વાંચવામાં આવે અથવા કૉન્ફરન્સ કારભારીઓના કાર્ય (વાંચવા વગર) આખરનું થાય કે કેમ, તે વિષે દરેક વાર્ષિક કૉન્ફરન્સ નક્કી કરશે.

૫. જ્યારે કોઇ વાર્ષિક કૉન્ફરન્સનો સભાસદ મરણુ પામે ત્યારે જો તે પહેલાં એક બીજી કૉન્ફરન્સનો સભાસદ હતો, તો તેના મરણુ વખતે જે કૉન્ફરન્સનો સભાસદ તે હતો, તેની સાથે બંદોબસ્ત કર્યાથી, તેની આગળી કૉન્ફરન્સને તેની વિધવા અને છોકરાં પોતાના પેન્શનરો ગણુવાનો અધિકાર થશે.

વહેંચણીની રીતો.

૩૩૦. ૧. કૉન્ફરન્સ પેન્શનરો માટે ઉઘરાવેલા પૈસાની વહેંચણીની ત્રણુ રીતો છે, જેમકેઃ

(૧) વાર્ષિક કાન્ફરન્સોથી કૉન્ફરન્સ પેન્શનરોને વર્ષાસન [એન્યુઇટી] વહેંચણી. ૩૩૧ પ્રમાણે.

(૨) વાર્ષિક કૉન્ફરન્સોથી કૉન્ફરન્સ પેન્શનરોને ગરજવંત [નિસસિટસ] વહેંચણી. ૩૩૩ પ્રમાણે.

(૩) બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમન્ટસે વાર્ષિક કૉન્ફરન્સોને કૅાનેક્શનલ રીલીફ વહેંચણી. ૪૭૨ પ્રમાણે.

૨. ઉપર કહેલી ધારણા માટે પૈસા જાહેર ઉઘરાણા, ખાનગી દાનો, વસીયતો, અને કોઇ બીજી રીતોથી મેળવવામાં આવશે. વળી, મંડળી, કૉન્ફરન્સ પેન્શનરોનો સુખકારક નિર્વાહ આપવાની ફરજ પૂરી રીતે બજાવે, માટે બધા પાળક, ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટો અને બિશપો તેમજ ત્રિમાસિક કૉન્ફરન્સો, ડિસ્ટ્રિકટ કૉન્ફરન્સો અને વાર્ષિક કૉન્ફરન્સો, આ કામ માટે પૈસા મેળવવા અને તેના વહિવટ ચલાવવાના સ્થાપેલા કાયદા તથા નિયમો પાળશે.

વાર્ષિક કૉન્ફરન્સના વર્ષાસનની વહેંચણી.

૩૩૧. કૉન્ફરન્સ પેન્શનરોને વર્ષાસનની વહેંચણી કૉન્ફરન્સના કારભારીઓ નીચેના નિયમો પ્રમાણે કરશે.

૧. રીટાયર્ડ થએલો પાદરી વાર્ષિક કૉન્ફરન્સના સભાસદ તરીકે પૂરાં ૩૫ વરસ સુધી ઇફેકટીવ સંબંધમાં રહ્યો હોય તો તેનો વર્ષાસનનો હક પોતાની વાર્ષિક કૉન્ફરન્સના એફેકટીવ સભાસદોને, ઘરભાડા સિવાય, અપાતી વાર્ષિક પગારની સરાસરીની અડધો અડધ રકમ કરતાં ઓછી નહિ થશે.

૨. આ ઠરાવ પ્રમાણે કોઇ પણ રીટાયર્ડ થએલા પાદરીના વર્ષાસનનો હક તેની કૉન્ફરન્સના ઇફેકટિવ સભાસદોના પગારની સરાસરીના એક સીત્તેરાંશને તેની ઇફેકટીવ નોકરીનાં વર્ષોથી, અજમાયશ પરનાં બે વરસ સુદ્ધાં, ગુણતા જે કંઇ આવે તેના કરતાં ઓછી નહિ થશે.

૩. કોઈ વિધવાના વર્ષાસનનો હક, તેનો ધણી જ્યારે વાર્ષિક કૉન્ફરન્સના સભાસદ તરીકે ઇફેકટીવ સંબંધમાં હતો ત્યારે તેણી જેટલા વરસ સુધી તેની ધણીઆણી હોય તેટલાં વરસની સંખ્યા મૂજબ નક્કી કરવામાં આવશે, અને તેવી મુદ્દત માટે રીટાયર્ડ થએલા પાદરીના વર્ષાસનના હકનો અડધો ભાગ થશે.

૪. બાપની ઇફેકટિવ નોકરીની મુદ્દત પ્રમાણે તેના બાળકનું વર્ષાસન નક્કી કરવામાં આવશે, જે આવી મુદ્દત માટે રીટાયર્ડ થએલા પાદરીના હકનો એક પંચાંશ થશે.

૫. જ્યારે કૉન્ફરન્સ પેન્શનર પુસ્તક ખાતાનો દેવાદાર હશે ત્યારે તેને જે વર્ષાસનનો હક હોય તે પૂરે પૂરો અથવા તો તેમાંનો થોડો ઘણો ભાગ સદરહુ દેવા પેટે આપવા માટે રાખવાનો કૉન્ફરન્સને અધિકાર છે.

૩૩૨. વર્ષાસન વહેંચણી માટે નિમેલા પૈસા નોકરીના પ્રમાણમાં વહેંચવામાં આવશે, જેમાં નીચેની રકમો હશે:

૧. પુસ્તકખાતું અને "ચારટર્ડ ફંડ"ના ફાળા તે.

૨. વર્ષાસન વહેંચણી માટે, વાર્ષિક કૉન્ફરન્સથી ઈન ટ્રસ્ટ રાખેલા* અને વ્યાજ ઉપર મુકેલા પૈસાની આવક તે.

૩. એવાં દાનો તથા વસિયતો જે વર્ષાસનની વહેંચણી માટે હોય તે.

૪. કૉન્ફરન્સ પેન્શનરો માટે સરકટોથી આપેલા વાર્ષિક નિર્વાહનો જે ભાગ વાર્ષિક કૉન્ફરન્સ નક્કી કરે તે.

૨. વાર્ષિક કૉન્ફરન્સની ગરજવંત વહેંચણી.

૩૩૩. ગરજવંત વહેંચણી માટે નીમેલા પૈસા ખાસ જરૂરિઆતના પ્રમાણમાં કૉન્ફરન્સ કારભારીઓ વહેંચશે, જેમાં નીચેની રકમો હશે:

૧. "કાનેકશનલ રીલીફ" માટે બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમેન્ટસે વાર્ષિક કૉન્ફરન્સને આપેલો વાર્ષિક ફાળો.

૨. કૉન્ફરન્સ પેન્શનરો માટે સરકટોથી આપેલા નિર્વાહનો જે ભાગ વાર્ષિક કૉન્ફરન્સ નક્કી કરે તે.

---

*ઈન ટ્રસ્ટ રાખેલા, એટલે બીજાને અર્થે રાખેલા અથવા વિશ્વાસમાં સોંપેલા.

૩. ગરજવંત વહેંચણી માટે આપેલા દાનો અને વસિયતોની આવક તે.

૪. તત્કાળિક વહેંચણી માટે આપેલાં દાનો અને વસિયતો તે.

૫. વાર્ષિક કૉન્ફરન્સની રીલીફ અને એઇડ સોસાયટીઓએ વ્યાજ ઉપર મુકેલા પૈસાની આવક, જો તેઓ એવી રીતે નક્કી કરે તો તે.

૩. કૉનેક્ષનલ રીલીફ વહેંચણી.

૩૩૪. બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમેન્ટસે વાર્ષિક કૉન્ફરન્સોને કૉનેક્ષનલ રીલીફ વહેંચણી માટે જુઓ ૪૭૨.

—:(०):—

પ્રકરણ ૨. મંડળીની મિલ્કત.

CHAPTER. II. CHURCH PROPERTY.

ટ્રસ્ટીઓ—તેઓની નિમણુંક તથા ફરજ.

૩૩૫. આપણી મંડળીની મિલ્કતના દરેક ટ્રસ્ટીઓનું મંડળ* ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે નવ માણસોથી બનશે, જેમાંનો દરેક એકવીસ વરસથી ઓછી ઉમરનો નહીં હશે; તેમજ તેઓમાંના બે તૃતિયાંશ ભાગ મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના સભાસદો હોવા જોઇએ.

૩૩૬. જ્યારે જ્યારે દેશના કાયદાથી, ચુંટણીની રીત, મત આપનાર અને ટ્રસ્ટીઓની લાયકાત, અથવા તેઓની ચુંટણી સંબંધી બીજી કંઇ બાબતો નક્કી કરવામાં આવે, ત્યારે ત્યારે તે કાયદાની જરૂરીઆત ચોકસાઇથી પાળવામાં આવે.

---

* ટ્રસ્ટી, એટલે બીજાએ સોંપવાથી તેની મિલ્કતનો વહિવટ કરનાર; સપુરતદાર.

૩૩૭. બીજી બધી બાબતોમાં, ચોથી ત્રિમાસિક કૉન્ફ્રેન્સ પાસેના એક દિવસે (પણ તે કૉન્ફ્રેન્સ પછી નહિ) ઠરાવેલી સભામાં ઓછામાં ઓછા એકવીસ વરસની ઉમરના મંડળીના સભાસદોથી ચિઠ્ઠીઓ નાંખીને એ ટ્રસ્ટીઓ ચુંટવામાં આવશે. એવી સભા ભરવાને દસ અથવા વધારે જરૂરી ઉમરના સભાસદો લખિત અરજ કરવા એકઠા થઇને, તે પાળકને આપશે, અથવા જો પાળક ન હોય તો ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને આપશે, જે તરતજ ચુંટણીની તારીખ અને જગ્યા નક્કી કરશે, અને તે વિષે ઠરાવેલી તારીખ પહેલાં બે રવિવાર મંડળીની સભામાં જાહેર રીતે ખબર આપવામાં આવશે.

૩૩૮. પણ જે મંડળીઓ ૩૩૭ મી કલમની શરતો હેઠલ આવતી નથી તેઓમાં, તથા જ્યાં સભાસદોથી એવી કંઇ લખિત અરજ આપવામાં આવી ન હોય, ત્યાં ટ્રસ્ટીઓ દર વરસે સરકટની ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સથી ચુંટવામાં આવશે. જો યોગ્ય વખતે ચુંટણી ન થાય તો પાછળની એક ત્રિમાસિક કૉન્ફ્રેન્સ ચુંટે. ટ્રસ્ટીઓ જ્યાં સુધી પોતાના હોદ્દામાં પછી આવનારને ચુંટવામાં આવે ત્યાં સુધી પોતાના હોદ્દાનું કામ કરે.

૩૩૯, ૧. આગલી સઘળી શરતો નવા મંડળો ચુંટાવવાને તથા મંડળમાં ખાલી પડેલી જગ્યાઓ પુરવાને લાગુ પડશે, પછી ભલે તે દેવળો માટે હોય અથવા ઉપદેશકોના ઘરો માટે હોય.

૨. મંડળીની મિલ્કત માટે મળેલી સનંદો, ટ્રસ્ટીઓના મંડળોને ચુંટાવવા તથા પુરાવવાની રીત વિષે, આ પ્રકરણની શરતો સાથે મળતી થશે.

૩૪૦. કોઇપણ સરકટમાંનું ટ્રસ્ટીઓનું ડમળ અથવા મંડળો મંડળીની બધી મિલ્કત પોતાના કબજામાં રાખશે, દેવું વાળવા માટે અથવા સમારકામ કરવા માટે જેટલી જોઇએ તેટલી ઉપજ વાપરશે, અને ત્રિમાસિક કૉન્ફરન્સને જવાબદાર થશે. તેઓ ચોથી ત્રિમાસીક કૉન્ફરન્સને નીચેની બાબતો વિષે વાર્ષિક હેવાલ આપશે: ૧. દેવળો તથા પાળકના ઘરોની સંખ્યા. ૨. તેઓની કિંમત. ૩. જે ઈલાખોથી રાખવામાં આવ્યો હોય તે. ૪. આવક. ૫. ખરચ. ૬. દેવું, અને કેવી રીતે થયું. ૭. વીમો. ૮. ગયા વરસ દરમિયાનમાં દેવળો અથવા પાળકના ઘરો બાંધવા માટે અથવા સુધારવા માટે ઉઘરાવેલી રકમ.

૩૪૧. કોઇ પણ બાબતમાં મંડળી અથવા પાદરીના ઘરના ટ્રસ્ટીઓ, મંડળીના ચાલુ ખરચ માટે, સ્થાવર મિલકતને ઘરેણે મુકશેજ નહિ અથવા ડુબાવી દેશેજ નહિ.

મંડળીની મિલકતનું વેચાણ.

૩૪૨. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી.]

૩૪૩. જે સંસ્થાનોમાં મંડળીની મીલકત ટ્રસ્ટીઓના કબજામાં રાખવાની જરૂર છે, ત્યાં જે ખતોની રાહે, દેવળ અથવા પાળકના ઘરના કામ માટે મંડળી મિલકત મેળવે છે, તે બધા ખતો, ટ્રસ્ટીઓના નામો આપીને "તેઓને તથા તેમના હોદ્દામાં પછી આવનારાને" સોંપવામાં આવે, આ શબ્દો સાથે: "યુનાઇટેડ સ્ટેટસ ઑફ અમેરિકામાંની મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના પાદરીવર્ગ અને સભાસદપણાના ઉપયોગ તથા હિત માટે, અને સદરહુ મંડળીની વખતોવખત સ્થાપિત થતી તથા પ્રગટ થતી ડિસિપ્લિન, રિવાજ, તથા પાદરીઓની નિમણુકોને આધીન

થઈને 'ઇન ટ્રસ્ટ' રાખેલી છે, અને જો વેચવામાં આવે તો તે ઉપજને સદરહુ ડિસિપ્લીનની શરતો પ્રમાણે ગોઠવા તથા ઉપયોગ કરવામાં આવશે."

૩૪૪. એવા ખતોના દરેક બીજા ભાગોમાં, તેમજ સાક્ષી, કબુલાત, રજીસ્ટરમાં નોંધવા વિષે, જે દેશમાં મિલ્કત હોય ત્યાંના કાયદા, રીવાજો, તથા રીતો પ્રમાણે ચોકસાઈથી કરવું જોઈએ.

૩૪૫. હવે પછી, જો સનદ, દાનપત્ર, અથવા વેચાણ ખતમાં શરત કરવામાં નહિ આવે, કે દેવળના ટ્રસ્ટીઓ, આપણી ડીડ ઑફ સેટલમેન્ટ (મિલ્કતની વ્યવસ્થાનું ખત) ના ખરા અર્થ અને મતલબ પ્રમાણે, વખતોવખત આપણી મંડળીની જનરલ કોન્ફરન્સ અથવા વાર્ષિક કૉન્ફરન્સથી વ્યાજબી રીતે અધિકાર મળેલા મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના પાદરીઓને, સદરહુ દેવળમાં દેવની પવિત્ર વાતનો ઉપદેશ કરવાને અને અર્થ સમજાવવાને, મંડળીના ડિસિપ્લિન અમલમાં લાવવાને, તથા સંસ્કારો આપવાને, હમેશાં પરવાનગી આપશે, તો આપણા ઉપયોગ માટેની એકે દેવળની સનંદ, દાનપત્ર, અથવા વેચાણ ખત આપણાથી પસંદ કરવામાં આવશે નહિ

૩૪૬. જ્યાં જ્યાં કામ ચલાવવાની જરૂર હોય, અને મંડળીને સનદી મંડળ કરવું અથવા ટ્રસ્ટીનું મંડળ સ્થાપવું અશક્ય છે, એમ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટને માલુમ પડે, ત્યાં ત્યાં, જો દેશના કાયદા પરવાનગી આપે તો, દેવળ અથવા પાદરીઘરના કામ માટે મેળવેલી મિલકત, જે વાર્ષિક કૉન્ફરન્સની સીમની અંદર સદરહુ મિલ્કત હોય, તે વાર્ષિક કૉન્ફરન્સને, હયાત અથવા સ્થાપવાની મંડળી માટે "ઇન ટ્રસ્ટ," ખતથી આપવામાં આવશે મળતી

બાબતોમાં જ્યાં દેશના કાયદાથી જરૂર પડે કે મંડળીની મિલ્કત ટ્રસ્ટીઓના મંડળથી રાખવામાં આવે ત્યાં, જ્યાં સુધી સ્થાનિક મંડળી ટ્રસ્ટીઓનું મંડળ યોજે અથવા ડિસિપ્લિનના ઠરાવ પ્રમાણે મિલકત માટે બીજો બંદોબસ્ત કરવામાં આવે ત્યાં સુધી, સ્થાનિક મંડળી માટે "ઇન ટ્રસ્ટ" વાર્ષિક કૉન્ફરન્સનું ટ્રસ્ટીઓનું મંડળ મિલ્કત રાખે.

દેવળો બાંધવા વિષે.

૩૪૭. [આ પારાગ્રાફ હિંન્દુસ્તાનને લાગુ પડતો નથી]

૩૪૮. આપણા લોક, પોતે પાછું આપી શકે નહીં તેટલું દેવું કરે તેમાંથી તેમને વધારે અસરથી અટકાવવા માટે, જે સરકટોમા દેવળ અથવા દેવળો બાધવા માટે ઇરાદો રાખતા હોય, તે દરેકની ત્રિમાસિક કૉન્ફરન્સની ફરજ એ છે, કે જે જમીન ઉપર સદરહુ દેવળ અથવા દેવળો બાંધવાના હોય, તે આપણી "ડીડ ઑફ સેટલમેન્ટ" પ્રમાણે તે જમીન મેળવવી, કે જે "ડીડ" કાયદેસર પાકું કરી આપવામાં આવવું જોઇએ. અને સદરહુ ત્રિમાસિક કૉન્ફરન્સ આપણી મંડળીના ઓછામા ઓછા ત્રણ વિવેકી માણસોની એક કમિટી નીમશે, કે જે બાધવા માટે જરૂરી રકમનો અડસટો કાઢશે; અને જ્યાં સુધી સદરહુ કાઢેલા અડસટાની રકમનો ત્રણ ચતુર્થાંશ આપવામાં ન આવે ત્યાં સુધી બાંધવાનું કામ શરૂ કરશે નહિ.

૩૪૯. જ્યાં દેવળો બાંધવા માટે ઉપલી ભલામણથી વિરૂદ્ધ, અથવા તેની ઉપેક્ષા કરીને, દેવું કરવામાં આવ્યું હોય અથવા આવે, તેની સઘળી બાબતોમાં — વાર્ષિક કૉન્ફરન્સથી મંજુર કરવામાં આવે તેવી ખાસ બાબતોમાં આપવા, અથવા તેઓના અધિકારથી નીમાયલા હોય તેવા મારફતીઆને આપવા સિવાય — કોઇ પણ મારફતીઓ કે

જે એવા કરજ વાળવા માટે કરેલા ફંડો ઉઘરાવવા માટે પોતાના સરકટો અથવા ડિસ્ટ્રિકટોની હદની બહાર ફરે તેઓને પૈસા સંબંધી મદદ આપવાની ના પાડીને એવો રસ્તો દાબવાને આપણા સભાસદો તથા મિત્રોને વીનંતી કરવામાં આવે છે.

મંડળીની મિલકતનું વેચાણ.

૩૫૦. જો મંડળીની મિલકતના ટ્રસ્ટીઓએ, અથવા તેઓમાંના કોઈએ, સદરહુ મિલકત માટે પૈસાની કોઈ રકમ અથવા રકમો અગાઉથી આપી હોય, અથવા પૈસાની કોઈ રકમ અથવા રકમો માટે જવાબદાર હોય, અને સદરહુ ટ્રસ્ટીઓને પૈસાની સદરહુ રકમો આપવાની ફરજ પાડવામાં આવે, તો તેઓને અથવા તેઓમાંના મોટા ભાગને, સદરહુ મીલકત ગીરો મુકીને; અથવા સદરહુ દેવળમાં ઈશ્વરભક્તિ કરનારી મંડળીના પાળક અથવા પાદરીને ખબર આપ્યા પછી, જો માગતા પૈસા સદરહુ ટ્રસ્ટીઓને, અથવા તેઓના હોદ્દામાં પછી આવનારા ટ્રસ્ટીઓને એવી ખબર આપ્યા પછી એક વરસની અંદર આપવામાં ન આવે, તો સદરહુ મીલકત વેચીને, પૈસાની સદરહુ રકમ અથવા રકમો એકઠી કરવાનો અધિકાર આપવામાં આવશે. જો એવું વેચાણ થાય, તો સદરહુ ટ્રસ્ટીઓ, અથવા તેઓના હોદ્દામાં પછી આવનારા ટ્રસ્ટિઓ, એવા વેચાણથી ઉપજેલા પૈસામાંથી જે દેવું તથા બીજો ખરચ હોય તે આપી, બાકી રહે તે પૈસા, મંડળીના ઉપયોગ માટેની બીજી મીલકતની ખરીદી અથવા સુધારા માટે જોઈતા ન હોય તથા વાપર્યા ન હોય તો. જે વાર્ષિક કૉન્ફરન્સની હદમાં એવી મિલકત આવેલી હોય તેને આપે; આ પ્રમાણે પૈસા વાર્ષિક કૉન્ફરન્સને આપ્યા પછી પાંચ વરસની અંદર સદરહુ મંડળીની ફરીથી યોજના કરવાની તથા નવું

દેવળનું મકાન બાંધવાની બાબતમાં, સદરહુ વાર્ષિક કૉન્ફ૰રન્સ, જે પૈસા તેને મંડળી અથવા સોસાઈટી તરફથી મળ્યા હતા તે સદરહુ નવા સનંદી મંડળને પાછા આપશે.

૩૫૧. જ્યારે દેવું વાળવા માટે, અથવા ફરીથી પૈસા રોકવા માટે, મંડળીની મિલકત, કે જે ઉપર કહેલા કોઇ પણ કામ માટે મંડળીની સનંદી મંડળના ટ્રસ્ટીઓને ખતથી આપવામાં આવી હોય, તેનું વેચાણ કરવા માટે જરૂર પડે ત્યારે, સદરહુ ટ્રસ્ટીઓ, અથવા તેઓના હોદ્દામાં પછી આવનારા ટ્રસ્ટીઓ, ત્રિમાસિક કૉન્ફરન્સ પર અરજી કરીને સદરહુ ત્રિમાસીક કૉન્ફરન્સના – બધા સભાસદોમાંના મોટા ભાગે એને મળતા આવીને, તથા પાળક તથા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ, સમતિ આપીને – જરૂરના ધારે તેવા બંધન તથા હદ સાથે, વેચાણ માટે હુકમ મેળવે; અને આ પ્રમાણે અધિકાર પામેલા સદરહુ ટ્રસ્ટીઓ એવી મિલકત વેચે, તથા બીજાને હસ્તક કરે:

એવી શરતે કે, જે સંસ્થાનો અથવા દેશોમાંનો સ્થાપિત કાયદો, ઉપલી સાથે મળતી નહિ એવી સ્થાવર મિલકતની બીજાને સોંપણુ કરવા વિષેની, વેચાણખતની તથા અધિકાર વિષેની, કોઇ રીતની શરત બતાવે, એવા સંસ્થાન અથવા દેશના કાયદાની શરતો સાથે એવું વેચાણ બીજાને કીધેલી સોંપણુ, તથા અધિકાર કરવામાં આવે, અને

એવી શરતે કે, દેવું વાળ્યા પછી, વેચાણની ઉપજ જે કંઇ રહી હોય, અને જો તે એજ ઉપયોગ માટે બીજી મિલકતની ખરીદી અથવા સુધારા માટે વાપરવામાં આવી ન હોય, તથા એજ રીતે સનંદી મંડળને ખતથી આપી ન હોય, તો તે એવી મિલકત જે વાર્ષિક કૉન્ફરન્સની હદમાં આવી હશે તેના અથવા કૉન્ફરન્સ ફંડના ટ્રસ્ટી-

ઓના હુકમને આધીન, એવી સનંદી મંડળના કબજામાં રહેશે; અને

એવી શરતે કે આ તથા આગલા છેલ્લા પારાઆફોમાં જે વાત આવે છે તેથી, હયાત મંડળી અથવા મંડળીઓના ઉપયોગ અને હિતને માટે એક ઇન્ડૌમેન્ટ [કાયમ] ફન્ડ સ્થાપવા અને જારી રાખવાનું અટકાવવામાં આવશે નહિ; અને સદરહુ ફન્ડ, ૩પર મી કલમમાં શરત કરેલી મુજબ તે સિવાય, વાર્ષિક કૉન્ફરન્સ અથવા કૉન્ફરન્સ ફન્ડના ટ્રસ્ટીઓના હુકમને આધિન થશે નહિ.

૩૫૨. જ્યાં મંડળીની મિલકત મુકી દેવામાં આવે, અથવા તે આગળ ધારેલાં કામ માટે વાપરવામાં નહિ આવે, તો જો કોઇ ટ્રસ્ટીઓ રહેલા હોય તો તેઓની ફરજ એવી મિલકત વેચવાની તથા તેની ઉપજ જે વાર્ષિક કૉન્ફરન્સની હદમાં તે આવેલી હોય તેને આપવાનું છે; અને જ્યાં એવા કાયદેસર ટ્રસ્ટીઓ રહ્યા ન હોય ત્યાં સદરહુ વાર્ષિક કૉન્ફરન્સની ફરજ સંસ્થાનના કાયદાને પાલવે એવા સાધનોથી એવી સદરહુ મંડળીની મિલકતનો હવાલો મેળવવાની છે, અને તે ૩૫૧ મી કલમમાં જે રીત તથા શકયતા બતાવી છે તેજ રીતે અને તેવાજ શકયતા પર પાછી આપવાને આધીન છે.

૩૫૩. દેવળો તથા પાદરી ઘરો જે શરતો પર વેચી શકાય તેજ શરતો પર તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી પણ શકાય.

પાદરીઘરો બાંધવા તથા ભાડે રાખવા વિષે.

૩૫૪. જનરલ કૉન્ફરન્સથી ભલામણ કરવામાં આવે છે કે આપણા પાદરીઓ આપણા મિત્રોને સુચવવે કે દરેક સરકટમાં જમીનનો એક કિત્તો વેચાતો લેઇને તેપર એક

પાદરીઘર બાંધે, અને ઓછામાં ઓછો તેમા ભારે સામાન પુરો પાડે.

૩૫૫. જો ઉપલી માગણીઓનો સ્વીકાર કરવાને અશક્ય હોય તો તેવી બાબતમાં જનરલ કૉન્ફરન્સ દરેક સરકટને પોતાના પરણેલા પાળક તથા તેના કુટુંબ માટે ઘર ભાડે રાખવાને ભલામણ કરે છે, અને જ્યારે સરકટોથી તે થઇ ન શકે ત્યારે વાર્ષિક કૉન્ફરન્સ, જ્યાં સુધી તેઓથી બની શકે ત્યાં સુધી, એવા ઘરોનું ભાડું આપવાને મદદ કરે.

૩૫૬. જ્યાં જ્યાં એક સરકટમાં બે અથવા વધારે મંડળીઓ હોય ત્યાં ત્યાં સરકટમાંના પાદરીઘરોની મિલકતના જાળવનારા તરીકે, મંડળીઓ જુદું ટ્રસ્ટીઓનું મંડળ ચુંટશે કે જે ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે નવ માણસોથી બનશે. મંડળીની મિલ્કતના ટ્રસ્ટીઓ માટે જે લાયકાતો ડિસિપ્લિનની ૩૩૫ મી કલમથી જરૂર પડે છે તે લાયકાતો સદરહુ ટ્રસ્ટીઓને હોવી જોઇએ અને જ્યાં બની શકે ત્યાં, જે સંસ્થાનોમાં સદરહુ પાદરી ઘરની મિલકત હોય, ત્યાંના કાયદા હેઠળ સદરહુ ટ્રસ્ટીઓ સનંદી મંડળ થઈ જશે.

૩૫૭. જ્યાં એ કામ માટે ટ્રસ્ટીઓ નીમવામાં આવ્યા ન હોય ત્યાં દરેક સરકટના કારભારીઓ, જ્યારે સરકટમાં કામ કરવાને તેઓને નીમવામાં આવે ત્યારે આપણા પરણેલા પાદરીઓના કુટુંબો માટે ઘરો પુરાં પાડવા માટે, અથવા પાદરીઓને પોતા માટે, ઘરો મેળવવામાં મદદ કરવાને માટે, કાયમ કમિટી થશે.

૩૫૮. પાદરીઓ તથા તેમના કુટુંબોની સગવડ માટે ઘરો બાંધવા તથા ભાડે રાખવા વિષેના ઉપલા નિયમો અમલમાં મુકવાને પોતાનું વજન વાપરવાને ડિસ્ટ્રીક્ટ સુપ્રિ-

ન્ટેન્ડન્ટો તથા પાદરીઓની ફરજ છે. આ માટે, બીજા ઉપાયો માન્ય કરવામાં નહિ આવ્યા હોય તો, દરેક ત્રિમાસિક કૉન્ફરન્સ એક કમિટી નીમશે, જે, પાદરીઓ અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટન્ડેન્ટની સલાહ અને મદદ સહિત, એ કામ માટે પૈસા એકઠા કરવા માટે યોગ્ય માલુમ પડે તેવા ઉપાયો યોજશે. અને વાર્ષિક કૉન્ફરન્સોને, પોતાના સભાસદોની તેમની ફરજના આ ભાગને લગતી ખાસ તપાસ કરવાની, ભલામણ કરવામાં આવે છે.

મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના ટ્રસ્ટીઓ.

૩૫૯. સિનસિનાટી શહેરમાં રહેતું મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીનું બોર્ડ ઑફ ટ્રસ્ટીઝ એ સનંદી મંડળ થશે. [આ બોર્ડના સભાસદો જનરલ કૉન્ફરન્સથી નિમવામાં આવે છે.]

૩૬૦. મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીનું બોર્ડ ઑફ ટ્રસ્ટીઝ, ઓહાયઓના સિનસિનાટીમાં રહેતું, જનરલ કૉન્ફરન્સના કાર્ય મુજબ, ઓહાઈઓ. ૧૮૦ના કાયદા પ્રમાણે સનંદી કીધેલું છે. (આ બોર્ડ, ૩૩૫–૩૪૨ મી કલમોમાં દેખાડેલા સ્થાનિક મંડળીઓના ટ્રસ્ટીઓના મંડળોથી તદન જુદું છે. સદરહુ સ્થાનિક મંડળો, જે જુદી જુદી સરકટોમાં મંડળીની મિલ્કત આવે છે, અને જેને તે લાગતું છે, ફક્ત તે મિલ્કતના જાળવનારાં છે; અને તે પોત પોતાની ત્રિમાસિક કૉન્ફરન્સના જવાબદાર છે) આ મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના ટ્રસ્ટીઓ જનરલ કૉન્ફરન્સથી ઠરાવેલા છે અને તે કૉન્ફરન્સને જવાબદાર છે, એ માટે કે, કોર્ટમાંના એકે મુકરદમામાં કાએલ પ્રતિનિધિ થાય; અનેકે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાંની મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીને તાબે બધી મિલ્કત કે જે તેને ખતથી આપવામાં આવે અથવા તેને કબજે ઇન ટ્રસ્ટ આવે, તેની સંભાળ

લેવી અને તેનો કારભાર ચલાવવા એક અધિકાર આપેલું મંડળ થાય.

૩૬૧. મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના હિત માટે, ઇન ટ્રસ્ટ, બધાં નાણુાંના દાનો, વારસા, બક્ષીસો અને ફન્ડો વિગેરે, કે જે પાધરૂ મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીને આપવામાં આવે છે, અથવા સદરહુ મંડળીના હિત માટે, અથવા કૉન્ફરન્સ પેન્શનરોના હિત માટે, અથવા મંડળીને તાબે આવેલી કંઇ પરોપકારી સોસાઇટીઓ અથવા બીજા ઇન્સ્ટીટુશનોના હિત માટે, અથવા બીજા કંઇ પણ પરોપકારી કામ જે સદરહુ બોર્ડ ધારે છે કે જે કામ કરવા માટે સ્થાપવામાં આવ્યું હોય તે કામને મલતું આવે છે તેને માટે આપવામાં આવે છે, આ બોર્ડ હવાલામાં રાખે; અને દાતાઓના હુકમ મુજબ, તથા સદરહુ દાતાઓથી ધારેલી મંડળીના હીત મુજબ, સદરહુ ફન્ડો તથા તેની ઉપજનો વહિવટ ચલાવે; એવી શરતે કે, કંઇ પણ રકમો આ પ્રમાણે આપેલી હોય અથવા વારસામાં આપેલી હોય, પણ કંઇ ખાસ પરોપકારી કામ માટે દેખાડેલી નહિ હોય, તે "પર્મનેન્ટ ફન્ડ"માં ઉમેરવામાં આવશે; અને એવી પણ શરતે કે, તે બોર્ડને કંઇ બક્ષીસ, વારસો અથવા હવાલો જેની સાથે શરતો મુકેલી હોય કે જે તે બોર્ડને ગેરવાજબી અથવા હવાલાની વિરૂદ્ધ, અથવા કારભાર ચલાવવામાં ગુંચવી નાખે, એમ માલુમ પડે, તે સ્વીકારવાને હુકમ ફરમાવવામાં આવશે નહિ; અને કંઇ દાન અથવા વારસો ઇન ટ્રસ્ટમાં સ્વીકારીને બોર્ડ ફક્ત તેને સાવચેતીથી તથા કરકસરથી વહિવટ ચલાવવા માટે જોખમદાર થશે; અને જે પ્રમાણિકપણા તથા ઉદ્યોગથી મેળવવામાં આવે તે શિવાય, મુદ્દલ અથવા તેમાંથી આવતી ચાલુ આવક માટે,

તેનાથી કોઇ લાભ મળનારને હિસાબ આપવા માટે જવા-બદાર થશે નહિ. દરેક હવાલાની સંભાળ અથવા વહિવટ-થી ઉઠતા બધા જોઇતા ખરચો તેનેજ નામે ચઢાવવામાં આવશે.

૩૬૨, ૩૬૩. [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી]

પર્મેનેન્ટ ફન્ડ.

૩૬૪. "પર્મનેન્ટ ફન્ડ" નામે ઓળખાતું એક ફંડ થશે, જે મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના ટ્રસ્ટીઓથી રાખવામાં આવશે, અને જેનું મુદ્દલ હમેશને માટે અનામત રહેશે, અને સદરહુ ટ્રસ્ટીઓથી તે કાયદાપૂર્વક જેટલો ફાયદાકારક દર મેળવી શકાય તેટલા ફાયદાકારક દરે પહેલા વર્ગની જામિનગીરીઓ પર રોકવામાં આવશે.

૩૬૫. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી.]

૩૬૬. સદરહુ ફન્ડમાંથી એકઠું થતું વ્યાજ નીચેના કામો માટે જનરલ કૉન્ફરન્સના હુકમને તાબે રહેશે: ૧. જનરલ કૉન્ફરન્સના ખરચો આપવાને. ૨. જનરલ કૉન્ફરન્સથી બીજા એવાં પંથો પ્રત્યે નીમાયલા પ્રતિનિધિઓના ખરચો આપવાને. ૩. બિશપોના પગારમાં કંઇ ખોટ હોય તે પુરી કરવાને. ૪. રીટાયર્ડ થએલા પાદરીઓની, તથા જેઓ કામમાં રહી મરણ પામ્યા હોય તેઓની વિધવાઓ તથા બાળકોની, જરૂરિયાતો પુરી પાડવાને.

૩૬૭. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી.]

———:o:———

પ્રકરણ ૩. સ્ત્રીઓની સહાયકારી મંડળીઓ.

CHAPTER III. LADIES' AID SOCIETIES.

૩૬૮, ૧. મંડળીઓની સંસર્ગી તથા પૈસા સંબંધી હિતની વૃદ્ધિ માટે સ્ત્રીઓની સહાયકારી મંડળીઓ અથવા એવા નામ અને હેતુવાળી મંડળીઓ સરકટમાં યોજવામાં આવે, જે મંડળીઓ ત્રિમાસિક કૉન્ફરન્સની સત્તા હેઠળ રહેશે.

૨. સ્ત્રીઓની સહાયકારી મંડળીની પ્રમુખ તે સ્ત્રીઓની મંડળીથી ચુંટવામાં આવશે, અને ત્રિમાસિક કૉન્ફરન્સથી મુકરર કરવામાં આવશે. જો મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીની સભાસદ હોય, અને જો ત્રિમાસિક કૉન્ફરન્સ તેમાંના સભાસદપણા માટે મંજુર કરે, તો તે ત્રિમાસિક કૉન્ફરન્સની સભાસદ થશે. ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સ આગળ, જે કૉન્ફરન્સ માગે અને તેણી આપી શકે, બીજી ખબર સહિત, પોતાની મંડળીનો હેવાલ રજુ કરવાની તેણીની ફરજ છે.

૩. જ્યારે ડિસ્ટ્રિકટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સો ભરવામાં આવે ત્યારે, સ્ત્રીઓની સહાયકારી મંડળીઓની સ્થિતિ વિષે તપાસ કરવાની, તથા તે મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીના હેતુ તથા નિયમો સાથે બેસતું આવવા ને સરખાપણે તેઓ પોતાનું કામ ચલાવે છે કે નહિ તે નક્કી કરવાની, ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટની ફરજ છે.

૪. જો બની શકે, તો સ્ત્રીઓની સહાયકારી મંડળીઓની યોજના કરવાની તથા ચલાવવાની પાળકોની ફરજ છે.

ભાગ ૭. ખાતાં, બોર્ડો, તથા સોસાઇટીઓ.
PART VII. INSTITUTIONS, BOARDS AND SOCIETIES.

પ્રકરણ ૧. પુસ્તક ખાતુ.
CHAPTER I. THE BOOK CONCERN.

૩૬૯, ૧. મેથોડિસ્ટ પુસ્તક ખાતુ તે મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીના છાપવાનું તથા પ્રસિદ્ધ કરવાનું કામ કરે છે.

૨. જે હેતુને લીધે મેથોડિસ્ટ પુસ્તક ખાતાની યોજના કરવામાં આવે છે તે નિચે મુજબ છે:—ખ્રીસ્તી કેળવણીની વૃદ્ધિ કરવી; નીતિ સંબંધી અને ધાર્મિક પુસ્તકો પ્રસારવાં; નીતિ સંબંધી અને ધર્મના પુસ્તકો પ્રસિદ્ધ કરવાથી, વેચવાથી અને પ્રસારવાથી ખ્રીસ્તી ધર્મ ફેલાવવો; પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં, બનાવવામાં અને વેચવામાં જે બીજું કામ યોગ્ય રીતે કરવામાં આવે છે તે કરવું: મંડળીના બંધારણ અને ડિસિપ્લિન પ્રમાણે, ટ્રાવલિન્ગ, સુપર્ન્યુમરેરી અને રીટાયર્ડ ઉપદેશકો, તથા તેઓની પત્નીઓ, વિધવાઓ અને છોકરાંઓના હિતને અર્થે આ ખાતાની કમાઈ આપવામાં આવશે.

૩૭૦—૩૭૧. [આ પારાઓ હિન્દુસ્તાનને લાગુ પડતા નથી.]

બિશપો, એજન્ટો તથા અધિપતિઓના પગાર.

૩૭૨. બુક કમિટી દર વરસે બિશપો, પબ્લિશિન્ગ એજન્ટો [પ્રસિદ્ધ કરનારા મારફતિયા], અને બધા અધિપતિઓ જેઓ જનરલ કૉન્ફરન્સ અથવા બુક કમિટીથી ચુંટવામાં

આવે, અને કે જેઓ બીજી રીતે પુરા પાડવામાં ન આવે, તેઓના પગાર નક્કી કરશે.

૩૭૩. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી.]

જનરલ કૉન્ફરન્સના ખરચો.

૩૭૪. જનરલ કૉન્ફરન્સની ચોસાલી શરૂઆતે, બુક કમિટી, આવતી જનરલ કૉન્ફરન્સના, જ્યુડિશિયલ કૉન્ફરન્સના અને જનરલ કૉન્ફરન્સથી નીમેલી ખાસ કમીટીના ખરચો, તથા બુક ફંડમાંથી આપવાના બીજા ખરચો જે જનરલ કૉન્ફરન્સથી ઠરાવેલા હોય, તે રકમોનો અડસટ્ટો કાઢે. ચોસાલીમાંના પહેલાં વરસની પોતપોતાની વાર્ષિક કૉન્ફરન્સોની સમાપ્તિ બાદ સાઠ દિવસની અંદર ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો, જે રકમ ચોસાલી માટે તેઓની ડિસ્ટ્રિક્ટોથી માગેલી હોય, તે ડિસ્ટ્રિક્ટોમાં દરેકને યોગ્ય હિસ્સો કરે, અને તેની એક નકલ ડિસ્ટ્રિક્ટની દરેક સરકટ ઉપર અને એક નકલ જનરલ કૉન્ફરન્સ કૉમિશનના ખજાનચી ઉપર મોકલે. આ વખતની અંદર જો કોઈ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ એવો હિસ્સો બનાવવા ચુકે, તો બુક કમિટીના ઠરાવ પ્રમાણે જનરલ કૉન્ફરન્સ કૉમિશનના ખજાનચીને હિસ્સો બનાવવાની સત્તા છે. જનરલ કૉન્ફરન્સની બેઠક પહેલાં ત્રણ વરસના દરેકમાં આ હિસ્સાની કૂલ રકમનો એકેક તૃતીયાંશ ઉઘરાવવામાં આવશે, અને ઉતાવળથી જનરલ કૉન્ફરન્સ કૉમિશનના ખજાનચી ઉપર મોકલવામાં આવે.

૩૭૫—૩૮૨ સુધી. [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી.]

પાદરીઓના ફાયદા માટે ફંડ.

૩૮૩. કામ ચલાવવા માટે પુરતુ ભંડોળ રાખ્યા પછી,

પુસ્તક ખાતાના જે નફાની બાકી રહે છે તે ટ્રાવલીન્ગ, સુપર્ન્યુમરેરી અને રીટાયર્ડ ઉપદેશકો, તેમની પત્નિઓ, વિધવાઓ અને છોકરાંઓના લાભ માટે નિયમિત રીતે વાપરવામાં આવશે. પુસ્તક ખાતાનો એવો વહેંચવાનો નફો યોગ્ય રીતે, દરેક વાર્ષિક કૉન્ફરન્સને, કૉન્ફરન્સના સભાસદપણા પ્રમાણે, ભાગ પાડવામાં આવશે. વહેંચણી કરીને પબ્લિશિન્ગ એજન્ટો દરેક વાર્ષિક કૉન્ફરન્સ પ્રત્યે તેની એકેકના વર્ણન, કૉન્ફરન્સને આપવાની રકમની હકિકત તથા તે રકમ સાથે એક ચેક પણ મોકલશે.

૩૯૪—૩૯૩ સુધી. [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી]

ધર્મના ચોપાનીયાં (ટ્રાકટો) નો પ્રસાર.

૩૯૪. એમ ભલામણ કરવામાં આવે છે કે દરેક જગ્યાએ, ચોપાનિયાં (ટ્રાકટો) અને ધર્મના પુસ્તકો વહેંચવાની ચોપાનિયાના મંડળો (ટ્રાકટ સોસાઇટીઓ) સ્થાપપવામાં આવે.

૩૯૫. પોતાની ડિસ્ટ્રિકટના દરેક સરકટમાં ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સ આગળ ટ્રાકટોના પ્રસારના વિષય લાવવાની દરેક ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટની ફરજ છે. અને સદરહુ કૉન્ફરન્સ એક કમિટી નીમશે, કે જેનો પ્રમુખ પાળક થશે, અને તે કમિટીનું કામ ટ્રાકટોના સ્થાનિક વહેંચાણ માટે ગોઠવણો યોજવાનું તથા ચલાવવાનું છે.

૩૯૬. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી.]

—:(०):—

પ્રકરણ ૨. બોર્ડ ઓફ ફૉરિન મિશન્સ.

CHAPTER II. BOARD OF FOREIGN MISSIONS.

---

૩૯૭. દેશના કાયદા પ્રમાણે યોગ્ય રીતે સનદી કીધેલી એક બોર્ડ ઓફ ફૉરિન મિશન્સ (પરદેશમાં મિશનરી મંડળ) થશે, જેની ઓફીસ ન્યુયૉર્ક શહેરમાં થશે; અને સદરહુ બોર્ડ જનરલ કૉન્ફરન્સ વખતે જે કાયદાઓ તથા નિયમો ઠરાવે તેને આધીન રહેશે.

૩૯૮. આ સભાજનું નામ મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની બોર્ડ ઓફ ફૉરિન મિશન્સ થશે. તેના હેતુઓ ધાર્મિક અને પરોપકારિક છે; તથા જનરલ કોન્ફરન્સ વખતે વખત જે કાયદાઓ અને નિયમો ઠરાવે તેને હેઠળ, પરદેશોમાં અને ઉત્તર અમેરિકાના ખંડની બહાર તથા તેના આસપાસના ટાપુઓની બહાર જે જગ્યાઓ યુનાઇટેડ સ્ટેસને તાબે છે, કે જે મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની જનરલ કૉન્ફરન્સ સદરહુ બોર્ડને સોંપે, એવી જગ્યાઓમાં ખ્રીસ્તી મિશનનું કામ અને વિદ્યાશાળા ચલાવવાથી ખ્રીસ્તી ધર્મના આશિર્વાદો ફેલાવવાના છે.

૩૯૯—૪૦૯ સુધી. [આ પારાગ્રાફો હિંદુસ્તાનને લાગુ પડતા નથી.]

પરદેશી મિશનોનો કારભાર.

૪૧૦, ૧. જ્યારે કોઈ પરદેશમાં, વાર્ષિક કૉન્ફરન્સોની બહાર કંઈ મિશન સ્થાપવામાં આવે ત્યારે, જે બિશપ તેના પર અધ્યક્ષની દેખરેખ રાખે છે તે મિશનનાં એક સભાસદને સુપરિન્ટેન્ડેન્ટ તરીકે નીમશે, જે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ પણ થાય. બિશપની ગેરહાજરીમાં સુપરિન્ટેન્ડેન્ટનું કામ મિશનની વાર્ષિક સભામાં પ્રમુખપણાનું કામ કરવું અને

કામની ગોઠવણ કરવી, તથા આખા મિશનની દેખરેખ રાખવી. વળી વખતો વખત મિશનની સ્થિતિ અને જરૂરિયાતો વિષે પ્રમુખ બિશપને અને કૉરેસ્પૉન્ડિન્ગ સેક્રેટરીઓને તે જણાવશે.

૨. બિશપ કે જે મિશનના અધ્યક્ષની દેખરેખ રાખે છે, જે વખતે મિશનના સઘળા સભાસદો અને મદદગારો તરીકે મિશનના કામમાં રાખેલા દેશી ઉપદેશકો, વાર્ષિક સભા ભરવાને ભેગા થશે તે વખત વરસે વરસ તે ઠરાવશે; સદરહુ સભાને સઘળી મંડળીની બાબતોમાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સની ફરજો અને સત્તા છે; તથા જે કંઇ બીજું કામ બોર્ડ તેને સોંપે, અથવા જે સ્થાનિક કામમાંથી નીકળી આવે, તે પણ કરે. બિશપ અને સુપરિન્ટેન્ડેન્ટની ગેરહાજરીમાં વાર્ષિક સભા, ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સો માટે ઠરાવેલી રીત પ્રમાણે, પોતાનો પ્રમુખ પસંદ કરશે.

૩. જ્યારે પરદેશમાંનું કોઈ મિશન, મિશન કૉન્ફરન્સ અથવા વાર્ષિક કૉન્ફરન્સ તરીકે યોજાવામાં આવે, ત્યારે બોર્ડ ઑફ ફૉરિન મિશન્સના કારભારને તેથી ખલેલ પહોંચાડવામાં નહિ આવશે, પણ બીજા પરદેશી મિશનોની માફક તે ચાલુ રહેશે.

૪૧૧—૪૧૫ સુધી. [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી.]

પ્રકરણ ૩. વુમન્સ ફૉરિન મિશનરી સોસાઇટી.
CHAPTER III. WOMANS FOREIGN MISSIONARY SOCIETY.

૪૧૬. પરદેશમાં સ્ત્રીઓ મધ્યે મંડળીનું મિશનરી કામ વધારે ફતેહમંદ રીતે ચલાવવા માટે મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની વુમન્સ ફૉરિન મિશનરી સોસાઇટી [સ્ત્રીઓનું પરદેશમાંનું મિશનરી મંડળ] નામે ઓળખાતી એક સ્થાપના થશે, જેના બંધારણ પ્રમાણે ચલાવવામાં આવશે, અને તેની વ્યવસ્થા કરવામાં આવશે; તથા કામની જરૂરિઆતી પ્રમાણે જનરલ કૉન્ફરન્સથી બદલવામાં અથવા સુધારવામાં આવશે.

૪૧૭. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી]

—:(o):—

પ્રકરણ ૪. બોર્ડ ઑફ હોમ મિશન્સ એન્ડ ચર્ચ એક્સ્ટેન્શન.
CHAPTER IV. BOARD OF HOME MISSIONS AND CHURCH EXTENSION.

૪૧૮. યુનાઇટેડ સ્ટેટસ અને તેના ટેરીટોરીઓ તથા જે દ્વિપો તેના તાબે છે તેમાં મિશનરી તથા મંડળીના પ્રસારના કામ ચલાવવા માટે, દેશના કાયદા પ્રમાણે યોગ્ય રીતે સનદી કીધેલું એક બોર્ડ ઑફ હોમ મિશન્સ એન્ડ ચર્ચ એક્સ્ટેન્શન [સ્વદેશમાંની મિશનરી અને મંડળી પ્રસારનું મંડળ] થશે, જેની આફીસ ફીલાદેલ્ફીઆ શહેરમાં થશે. અને સદરહુ બોર્ડ જનરલ કૉન્ફરન્સ વખતોવખત જે કાયદાઓ અને નિયમો ઠરાવે તેને આધીન થશે.

૪૧૯—૪૩૬ સુધી [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી.]

પ્રકરણ ૫. વુમન્સ હોમ મિશનેરી સોસાઇટી.

CHAPTER V. WOMAN'S HOME MISSIONARY SOCIETY.

૪૩૭. મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની વુમન્સ હોમ મિશનરી સોસાઇટી [સ્ત્રીઓની સ્વદેશમાંની મિશનરી મંડળી] એ નામની એક સ્થાપના થશે; જે સોસાઇટીને પૈસા ઉઘરાવવાનો તથા વહેંચવાનો, મિશનરીઓ રાખવાનો, અને જે ડિસિપ્લિનમાંના કાયદાઓ અને નિયમો વુમન્સ ફૉરિન મિશનરી સોસાઇટીને લાગુ પડે છે, તે હેઠળ, સ્વદેશમાંની મુકી દીધેલી વસ્તીમાં કામ કરવાનો અધિકાર છે.

પ્રકરણ ૬. સિટિ સોસાઇટીઓ.

CHAPTER VI. CITY SOCIETIES.

૪૩૮. શહેરોમાં સુવાર્ત્તિક કામ, અને કામ કરવામાં સહાયકારીપણા માટે, એમ ભલામણ કરવામાં આવે છે કે દરેક શહેરમાં તથા બીજી પાસેપાસેની જગ્યાઓમાં, જ્યાં જ્યાં મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની ત્રણ અથવા વધારે મંડળીઓ હોય ત્યાં ત્યાં, સ્થાનિક સિટિ સોસાઇટીઓ [શહેરના મંડળો] સ્થાપવામાં આવે.

આ મંડળનું કામ એ છે: નવી મંડળીઓ તથા સાબ્બાથ શાળાઓ સ્થાપવી, નબળી મંડળીઓને મદદ આપવી, જમીન વેચાતી લઇને દેવળો બાંધવાં, વસ્તીમાંના પરદેશી લોક મધ્યે મિશનનું કામ ચલાવવું, ઇ.

૪૩૯—૪૪૦ સુધી. [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી.]

પ્રકરણ ૭. ફ્રીડમેન્સ એઇડ સોસાઇટી.

CHAPTER VII. FREEDMAN'S AID SOCIETY.

૪૪૨. ફ્રીડમેન્સ એઇડ સોસાઇટી [ગુલામગીરીમાંથી છોડેલા માણસોને મદદ કરનારૂં મંડળ]નું કામ એ છેઃ યુનાઇટેડ સ્ટેટસમાંના દક્ષિણ તરફના સ્ટેટો તથા બીજી જગ્યામાંના નીગ્રો (સીધી) લોકો મધ્યે (જે લોકો પહેલા ગુલામો હતા) ખ્રીસ્તી કેળવણી માટેનાં ખાતાંઓની સ્થાપના કરવી તથા ચલાવવાં.

૪૪૩—૪૪૭ સુધી. [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી.

પ્રકરણ ૮. બોર્ડ ઑફ એજ્યુકેશન (કેળવણી મંડળ)

CHAPTER VIII. BOARD OF EDUCATION.

૪૪૮. મંડળીના કેળવણીના કામની વૃદ્ધિ માટે, ન્યુયોર્ક સ્ટેટના કાયદાઓ પ્રમાણે યોગ્ય રીતે સનદી કીધેલું મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીનું બોર્ડ ઑફ એજ્યુકેશન [કેળવણી મંડળ] એ નામનું એક બોર્ડ થશે.

૪૪૯—૪૫૧ સુધી. [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી.]

વાર્ષિક કૉન્ફરન્સનું કેળવણી મંડળ.

૪૫૨, ૧. વાર્ષિક કૉન્ફરન્સની હદની અંદર એક કૉન્ફરન્સ કેળવણી મંડળ [બોર્ડ ઑફ એજ્યુકેશન] સ્થાપવાની દરેક વાર્ષિક કૉન્ફરન્સની ફરજ છે. આ વાર્ષિક કૉન્ફરન્સનું મંડળ દરેક ડિસ્ટ્રિકટથી, જેમ વાર્ષિક કૉન્ફરન્સ ઠરાવશે તેમ, એક પાદરી અને એક લેમેન, અથવા બે પાદરીઓ અને

એ લેમેનના, થશે, કે જેઓ કૉન્ફરન્સ કેળવણી કમિટીથા નિમ્યા બાદ વાર્ષિક કૉન્ફરન્સથી ચુંટવામાં આવશે, અથવા વાર્ષિક કૉન્ફરન્સ ઠરાવે તેવી બીજી કોઇપણ રીતે.

૨ સદરહુ મંડળ પ્રમુખ તથા ચિટણીસ ચુંટવાથી સ્થાપવામાં આવશે. આ મંડળની ફરજ એ છે, કે દર વરસે વાર્ષિક કૉન્ફરન્સની હદની અંદરની મંજુર કરાએલી વિદ્યાલયની મુલાકાત માટે બંદોબસ્ત કરવો, તથા તે વિદ્યાલય વિષે વાર્ષિક કૉન્ફરન્સને અને બોર્ડ ઓફ એજ્યુકેશનને હેવાલ આપવો. જો વાર્ષિક કૉન્ફરન્સ હુકમ આપે તો સદરહુ મંડળ વાર્ષિક કૉન્ફરન્સની બેઠક વખતે કેળવણી મંડળની વાર્ષિક સભા ચલાવે. વાર્ષિક કૉન્ફરન્સમાંના કેળવણી કામના લાભ વિષે વિચાર કરવા માટે અને ચલાવવા માટે દર વરસે ઓછામાં ઓછા મંડળની એક સભા ભરવામાં આવશે, કે જેમાં જો બની શકે તો બોર્ડ ઓફ એજ્યુકેશનનો એક એલચી હાજર થશે. વાર્ષિક કૉન્ફરન્સના હદની અંદર કેળવણી કામના લાભ માટે જાહેર સભાઓ ભરવાનો બંદોબસ્ત સદરહુ મંડળ કરશે.

કેળવણી માટે શાળાઓ.

૪૫૩, ૧. મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના આશ્રય હેઠળની કેળવણી શાળાઓ નીચે પ્રમાણે ગોઠવવામાં આવશે: ૧. પ્રાથમિક નિશાળો; ૨. હાઇસ્કુલો; ૩. પાઠશાળાઓ; ૪. યુનિવર્સીટીઓ; ૫. ઇશ્વરવિદ્યા શાળાઓ.

૨. મિશન ક્ષેત્રો તથા બીજી જગ્યાઓ, કે જ્યાં પ્રાથમિક કેળવણી માટે જે જોઇએ તે કરતાં ઓછાં સાધનો રાખ્યા હોય તો ત્યાં, પ્રાથમિક નિશાળો સ્થાપવામાં આવે.

૩. જ્યાં સ્થિતિ ફાયદાકારક હોય ત્યાં, દરેક કૉન્ફરન્સ પોતાની દેખરેખ હેઠળ હાઇસ્કુલો તથા પાઠશાળાઓ એવા

નામથી ઓળખાતી એક અથવા વધારે શાળાઓ રાખે.

૪. કૉન્ફરન્સો લોકોની જરૂરીઆતો ઉપરાંત, અથવા તેમને તૈયાર કરવાની તથા ચલાવવાની તેમની શક્તિ ઉપરાંત, પાઠશાળાઓ અથવા વિદ્યાલયોની વૃદ્ધિ મંજુર કરશે નહિ.

૫. ઇશ્વરવિદ્યા શાળાઓ, કે જેના શિક્ષકો (પ્રોફેસરો) બિશપોથી નીમાયલા અથવા મુકરર કરાયલા હોય, તે આખી મંડળીના હિતને માટે છે. આપણા જુવાનોનું આપણા વિદ્યાલયો તરફ, તથા આપણા પાદરીવર્ગ માટેના યોગ્ય લાયકાતવાળા ઉમેદવારોનું આપણી ઇશ્વિરવિદ્યા શાળાઓ તરફ, ધ્યાન ખેંચવું, એ બિશપો, ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટો તથા પાળકોની ફરજ છે.

૪૫૪. [આ પારાગ્રાફ હિંદુસ્તાનને લાગુ પડતો નથી]

ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટોની ફરજ.

૪૫૫. દર વરસે દરેક ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટની ફરજ પોતાના ડિસ્ટ્રિકટમાંના દરેક સરકટની ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સ આગળ કેળવણીનો વિષય લાવવાનો છે; અને સદરહુ કૉન્ફરન્સ ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે સાત માણસોની કેળવણી વિષે એક કમિટી નીમશે, જેનો પ્રમુખ પાળક થશે. આ કમિટી આપણા જુવાનોની વધારે ઉંચી કેળવણીના હિતમાં ઉત્તેજન આપવાના કામમાં તથા આપણી શાળાઓમાં આપણા જુવાનોની હાજરી મેળવવાની કોશિષ કરવામાં પાળકને મદદ આપશે.

૨. ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડેન્ટ દર વરસે દરેક સરકટની ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સમાં નીચે પ્રમાણે પુછશેઃ—

(૧) શું આ વરસમાં કેળવણી વિષેનો ઉપદેશ કરવામાં આવ્યો છે, ક્યારે, અને કોનાથી ?

(૨) શું, કેળવણી માટે (નિશાળોમાં જુવાનોની હાજરી

મેળવવા) તપાસ કરવામાં આવી છે? અને કેળવણી માટે ઉઘરાણું લેવામાં આવ્યુ છે? શું, બાળકોનો દિવસ ("ચિલ્ડ્રન્સ ડે") પાળવામાં આવ્યો છે? અને ડિસિપ્લિન-માં બતાવ્યા પ્રમાણે (૪૫૬,૪૫૭) તેના ઉઘરાણા લેવામાં આવ્યાં છે? અને આ બન્ને કામો માટે કેટલું ઉઘરાવવામાં આવ્યું છે?

(૩) સરકટમાંના ક્યા વિદ્યાર્થીઓ મંડળીની કોઇ હાઇસ્કુલો અથવા ઇશ્વરવિદ્યાશાળાઓમાં જાય છે?

(૪) સરકટમાં કેટલા જુવાનો છે કે જેઓ ટુંક મુદ્દતમાં કૅાન્ફરન્સની કોઇ પણ શાળામાં જવા જોઇએ? શું, તેઓનાં નામો એવી શાળાઓ ઉપર મોકલવામાં આવ્યાં છે?

પાળકોની ફરજ.

૪૫૬. કેળવણીના કામની મદદ માટે દરેક સરકટમાં દરેક વરસે એક જાહેર ઉઘરાણું લેવાની દરેક પાળકની ફરજ છે.

૪૫૭. દરેક પાળકની એવી ફરજ છે કે; પોતાના સરકટમાંની દરેક સાબ્બાથ શાળામાં જુન મહિનાનો બીજો રવિવાર અથવા કોઈ બીજો રવિવાર કે જે વધારે સગવડ ભરેલો થઈ પડે તે "બાળકોનો દિવસ" ("ચિલ્ડ્રન્સ ડે") તરીકે પાળવામાં આવે; અને સદરહુ દિવસે સભાના એક ભાગ તરીકે સાબ્બાથ શાળાના બાળકોના ફંડ માટે તે એક ઉઘરાણું લેશે. પાળક સદરહુ ઉઘરાણું પાધરૂ કેળવણી બોર્ડના ચિટણીસ ઉપર મોકલશે; અને તે વિશે પોતાની વાર્ષિક કૅાન્ફરન્સને હેવાલ આપશે.

૪૫૮. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી]

પ્રકરણ ૯. બોર્ડ ઓફ સન્ડે સ્કુલ્સ.
CHAPTER IX. BOARD OF SUNDAY SCHOOLS.

૪૫૯. આપણા બાળકોની નીતિ તથા ધર્મ સંબંધી કેળવણી માટે, તથા આપણા બધા લોકોમાં શાસ્ત્રના જ્ઞાનના ઉત્તેજન માટે, ઇલિનોઇઝ સ્ટેટના કાયદા પ્રમાણે યોગ્ય રીતે સનદી કીધેલું એક બોર્ડ ઓફ સન્ડે સ્કુલ્સ [સાબ્બાથ શાળાઓનું મંડળ] થશે, જેની ઑફિસ શિકાગો શહેરમાં રહેશે. સદરહુ બોર્ડ મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની બધી સાબ્બાથ શાળાઓની દેખરેખ રાખશે. અને જનરલ કૉન્ફરન્સ જે વખતે વખત ઠરાવે તે કાયદા તથા નિયમોને આધીન રહેશે.

સદરહુ બોર્ડની એવી ફરજ છે કે; જે જગ્યાઓમાં જરૂર હોય ત્યાં સાબ્બાથ શાળાઓ સ્થાપવી, જે સાબ્બાથ શાળાઓને ગરજ હોય તેઓને મદદ આપવી, વારંવાર કલ્પનાઓ અને પદ્ધતિ સુધારવાની કોશિષ કરવી, અને સાબ્બાથ શાળાઓના દરેક કામમાં મંડળીને જણાવવી. શિક્ષકોની કેળવણી માટેના ક્રમો સાથે સાબ્બાથ શાળાઓ માટેનો અનુક્રમ નક્કી કરવો; તથા શાસ્ત્રના અભ્યાસ વિષે મંડળીને ઉત્તેજન આપવું તથા તેમાં સલાહ આપવી.

૪૬૦—૪૬૨ સુધી. [આ પારાગ્રાફો હિન્દુસ્તાનને લાગુ પડતા નથી.]

વાર્ષિક કૉન્ફરન્સનું સાબ્બાથ શાળા મંડળ.

૪૬૩. કૉન્ફરન્સનું સાબ્બાથ શાળા મંડળ સ્થાપવાનું એ દરેક વાર્ષિક કૉન્ફરન્સની ફરજ છે. સદરહુ મંડળ દરેક ડિસ્ટ્રિક્ટના સુપરિન્ટેન્ડેન્ટો (અધિકારની રૂએ), અને દરેક ડિસ્ટ્રિક્ટના સરખી સંખ્યાના પાદરીઓ અને લેમેનોની બનશે. આ કૉન્ફરન્સ મંડળ મેથોડિસ્ટ ઇપિસ્કોપલ ચર્ચના

બોર્ડ ઑફ સન્ડે સ્કુલ્સની શાખા થશે. સદરહુ મંડળ કૉન્ફરન્સમાંની સાબ્બાથ શાળાઓની દેખરેખ રાખશે. સદરહુ મંડળના અધિકારીઓ પ્રમુખ, ઉપપ્રમુખ અને ચિટણીસ થશે. તેની સામાન્ય ફરજ ઉપરાંત ચિટણીસ વાર્ષિક કૉન્ફરન્સની સાબ્બાથ શાળાના સ્ટૅટિસ્ટિક્સ રાખશે.

સદરહુ મંડળોની ફરજોમાંની એક એવી ફરજ છે કે, જ્યારે બની શકે ત્યારે, વાર્ષિક કૉન્ફરન્સની બેઠક વખતે સાબ્બાથ શાળાના કામ સંબંધી શીખવાની એક ખાસ સભા ભરવી.

સદરહુ મંડળની ફરજ એ પણ છેઃ સાબ્બાથ શાળાઓની સ્થાપના તથા શિક્ષણ વિષે ઉત્તેજન આપવું, સાબ્બાથ શાળાઓની વૃદ્ધિમાં મદદ આપવી, અને સાબ્બાથ શાળાઓમાં સુવાર્તિક કામ ચલાવવા માટે સારી કલ્પના ઠરાવવી. સદરહુ મંડળ વાર્ષિક કૉન્ફરન્સની સાબ્બાથ શાળાની કમિટીને બદલે કામ કરશે, અને કૉન્ફરન્સને તથા બોર્ડ ઑફ સન્ડે સ્કુલ્સના કોરેસ્પોન્ડિન્ગ સેક્રેટરીને વાર્ષિક હેવાલ આપશે.

સ્થાનિક સાબ્બાથ શાળાનું મંડળ.

૪૬૪, ૧. મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીની દરેક સાબ્બાથ શાળા સ્થાનિક સાબ્બાથ શાળાના મંડળની દેખરેખ હેઠળ રહેશે, અને મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીના બોર્ડ ઑફ સન્ડે સ્કુલ્સની શાખા થશે.

૨. સ્થાનિક સાબ્બાથ શાળાનું મંડળ નીચેના માણસોથી બનશેઃ પાળક (કે જે અધિકારની રૂએ મંડળનો પ્રમુખ થશે), ત્રિમાસિક કૉન્ફરન્સથી નીમાયલી સાબ્બાથ શાળા કમિટી, શાળાનો પ્રમુખ (કે જે અધિકારની રૂએ ઉપપ્રમુખ થશે), મદદનિશ પ્રમુખો, જુદા જુદા ખાતાના ચલાવનારાઓ, યોગ્ય રીતે નિમાયલા ચિટણીસો,

ખજાનચી, પુસ્તકશાળાના અધિપતિઓ, શાળાના શિક્ષકો. જે રીતે શિક્ષકો નિમવામાં આવે છે તે રીતે નીમાયલા મદદગાર શિક્ષકો, તથા સાબ્બાથ શાળાની મિશનરી અને પરહેજગારી સમાજોના પ્રમુખો. જેવી રીતે શિક્ષકો તેવી રીતે ઘરોની મુલાકાત લેનારાઓને પણ નિમવામાં આવશે, અને તેઓ સ્થાનિક સાબ્બાથ શાળાના મંડળના સભાસદો થશે. જો શાળામાંથી અધિકારીઓ અથવા શિક્ષકો રાજીનામું આપે તો તેઓ મંડળના સભાસદો તરીકે ગણાતા બંધ રહેશે.

૩. જ્યારે બની શકે ત્યારે સ્થાનિક સાબ્બાથ શાળાના મંડળની ફરજ એ છે કે, સ્થાનિક મંડળ ઠરાવે તેવા કાયદા તથા નિયમો પ્રમાણે સાબ્બાથ શાળાઓની પરહેજગાર સમાજોમાં યોજના કરવી. એવી સમાજોની ફરજ એ છે કે સાબ્બાથ શાળાને પરહેજગારી વિષેનું શિક્ષણ આપવામાં આવે છે તે જોવું; તથા જેમ બની શકે તેમ તેના સભાસદો તદ્દન પરહેજગાર રહેશે એવું તેઓનું વચન મેળવવું.

૪. સ્થાનિક મંડળ સાથે શાળાના પ્રમુખની ફરજ એ છે કે, કલમ ૪૬૭, ૬ પ્રમાણે દરેક શાળામાં ખાસ સાબ્બાથ શાળાનો દિવસ પળાવવો, અને બોર્ડ ઑફ સન્ડે સ્કૂલ્સ માટે દર વરસે ઓછામાં ઓછા એકવાર શાળામાં ઉઘરાણું લેવું.

અધિકારીઓ અને શિક્ષકો.

૪૬૫, ૧. શાળાનો પ્રમુખ દર વરસે સ્થાનિક મંડળથી, ચિઠ્ઠીથી નિમવામાં આવશે, અને એવી નિમણૂંક થયા બાદ ત્રિમાસિક કૉન્ફરન્સથી તેની પહેલી બેઠકમાં તે મુકરર કરવામાં આવશે; અને જો જગ્યા ખાલી થાય, તો સાબ્બાથ શાળાના મંડળથી પ્રમુખ નીમાઈ ત્રિમાસિક કૉન્ફરન્સથી મુકરર કરવામાં આવે તે વખત સુધી પાળક શાળાની દેખરેખ રાખે અથવા તેની દેખરેખ માટે કોઈને રાખે.

૨. શાળાના બીજા અધિકારીઓ દર વરસે સ્થાનિક સાબ્બાથ શાળાના મંડળથી ચીઠ્ઠીથી ચુંટવામાં આવશે.

૩. શાળાના શિક્ષકો, પાળકની સંમતિ મેળવ્યા પછી, પ્રમુખ નિમશે, અને દર વરસે તેઓ મંડળથી ચુંટવામાં આવશે.

૪. જો કોઈ અધિકારી અથવા શિક્ષક હમેશાં ગફલતી, નિરૂપયોગી, અથવા અયોગ્ય વર્તણુંકનો ગુન્હેગાર થાય, અથવા આપણી મંડળીના સ્થાપેલા મતોની વિરૂદ્ધ શિક્ષણ આપે છે, તો સ્થાનિક સાબ્બાથ શાળા મંડળની કોઈ નિયમિત અથવા ખાસ સભા વખતે હાજર થએલામાંના બે તૃત્યાંશ ભાગના મતથી, તેની જગ્યા ખાલી પડેલી જાહેર કરવામાં આવશે. જ્યારે કોઈ શિક્ષક શિખવતો બંધ પડે ત્યારે તેને લીધે સ્થાનિક સાબ્બાથ શાળાના મંડળમાંનું તેનું સભાસદપણું અટકાવી દેવામાં આવશે.

૫. શાળાના પ્રમુખની ફરજ દરેક ત્રિમાસિક કૉન્ફરન્સને નીચે પ્રમાણે હેવાલ આપવાની છે:—

૧. સાબ્બાથશાળાનું નામ.

૨. અધિકારીઓ તથા શિક્ષકોની સંખ્યા.

૩. સઘળી પાયરીનાં વિદ્યાર્થીઓની સંખ્યા.

૪. સરાસરી હાજરી.

૫. ઘર ખાતા [હોમ ડિપાર્ટમેન્ટ] ના વિદ્યાર્થીઓની સંખ્યા.

૬. બાળકોના હાજરીપત્રકના સભાસદોની સંખ્યા.

૭. મંડળીના સભાસદો તથા પ્રોબેશનરો હોય એવા અધિકારીઓ તથા શિક્ષકોની સંખ્યા.

૮. મંડળીના સભાસદો અથવા પ્રોબેશનરો હોય (ગમે તો આવનારા હોય અથવા ઘર ખાતાના સભાસદો હોય) એવા વિદ્યાર્થીઓની સંખ્યા.

૯. ગયા ત્રણ મહિનામા પુનર્જન્મ પામેલા અને મંડળી સાથે જોડાએલા સાબ્બાથશાળાના સભાસદોની સંખ્યા.

૧૦. ગયા ત્રણ મહિનાનો ચાલુ ખરચ.

૧૧. ગયા ત્રણ મહિનામાં મિશનો માટે ઉઘરાવેલા પૈસાની રકમ.

૧૨. ગયા ત્રણ મહિનામાં બોર્ડ ઓફ સન્ડે સ્કુલ્સ માટે ઉઘરાવેલા પૈસાની રકમ.

ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટોની ફરજો.

૪૬૬, ૧. ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની ફરજ એ છે કે, બોર્ડ ઓફ સન્ડે સ્કુલ્સ માટે જે કુલ રકમ આપવા વાર્ષિક કૉન્ફરન્સ વચન આપે છે, તેનો જે હિસ્સો તેના ડિસ્ટ્રિક્ટને યોગ્ય રીતે પાડવામાં આવે છે તેજ હિસ્સો પોતાના ડિસ્ટ્રિક્ટના દરેક સરકટને વહેંચી આપવો.

૨. ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની ફરજ એ છે કે, સાબ્બાથ શાળાઓનો વિષય ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સ આગળ લાવવો; અને સદરહુ ત્રિમાસિક કૉન્ફરન્સ સરકટમાંની દરેક સાબ્બાથ શાળા માટે આપણી મંડળીના ઓછામાં ઓછા ત્રણ અને વધારેમાં વધારે નવ સભાસદોની એક કમિટી નીમશે, કે જે સાબ્બાથ શાળાઓની કમિટી કહેવાશે, અને જેનું કામ હવે પછી બતાવવામાં આવશે.

૩. ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની ફરજ એ છે કે, જેમ બની શકે તેમ ચાલતી સાબ્બાથ શાળાઓનો ઉપયોગ વધારવો, અને ખાસ કરીને નવી શાળાઓ સ્થાપવી અને તેને મદદ આપવી.

પાળકોની ફરજો.

૪૬૭, પાળકની ફરજ એ છે કે પ્રમુખ તથા સાબ્બાથ શાળાઓની કમિટીની મદદથી સાબ્બાથ શાળાઓમાં કઇ ચોપડીઓ તથા બીજા ચોપાનિયાનો ઉપયોગ કરવો; તે નક્કી કરવું.

૨. પાળકની ખાસ ફરજ એ છે કે બીજા ઉપદેશકો તથા

સાબ્બાથ શાળાઓની કમિટીની મદદથી આપણી સઘળી સભાઓમાં, જ્યાં આ કામને માટે દશ માણસો ભેગા થઇ શકે, ત્યાં સાબ્બાથ શાળાઓ સ્થાપવી, જે શાળાઓ મેથોડિસ્ટ એપિસ્કોપલ ચર્ચના બોર્ડ ઓફ સન્ડે સ્કુલ્સની શાખાઓ થશે; બની શકે એટલા આપણા સભાસદોની મદદ કામે લગાડવી, જેટલીવાર બની શકે તેટલીવાર શાળાની મુલાકાત લેવી, દર છ મહિનામાં ઓછામાં ઓછા એકવાર દરેક મંડળીમાં સાબ્બાથ શાળાઓ તથા બાળકોની ધર્મ સંબંધી કેળવણીના વિષયપર ઉપદેશ કરવો; જ્યાં તેઓથી બની શકે ત્યાં, મોટા બાળકો, જુવાનો તથા પુખ્ત ઉમરના માણસોના, દેવના શાસ્ત્રના શિક્ષણ માટે વર્ગો કરવા; અને, જ્યાં તેઓ જાતે શાળા ચલાવી ન શકે ત્યાં, તે કામ માટે યોગ્ય શિક્ષકો પુરા પાડવામાં આવ્યા છે તે જોવું.

૩. પાળકની ફરજ એ છે કે, આપણા પવિત્ર ધર્મના મતો તથા ફરજોમાં બાળકોના શિક્ષણની મોટી અગત્યતા વિષે માબાપો તથા સાબ્બાથ શાળાઓના શિક્ષકો પર વિશ્વાસુપણાએ ઠસાવવી; આપણી પ્રશ્નોત્તરાવળીઓ આપણી સાબ્બાથ શાળાઓમાં તથા કુટુંબોમાં જેટલા બની શકે તેટલા બહોળાપણાથી વાપરવામાં આવે તે જોવો; તથા સાબ્બાથ શાળાઓમાં, તેમજ તેજ કામને માટે નીમેલી જાહેર સભાઓમાં, બાળકોને ઉપદેશ આપવો અને જાહેરમાં સવાલ જવાબો પુછવા.

૪. પાળકની ફરજ એ છે કે, પોતાની પાળકપણાની મુલાકાતોમાં બાળકો તરફ ખાસ ધ્યાન આપવું; તેમની આવડત પ્રમાણે અનુભવથી જાણેલી તથા વ્યવહારોપયોગી ગુપ્તભક્તિના વિષયપર તેમની સાથે પોતે જાતે માયાળુપણે બોલવું; તેમને માટે આતુરતાથી પ્રાર્થના કરવી; તથા ખંતથી મચગા માબાપોને પોતાના બાળકોને જેમ બને તેમ

જલદીથી બાપ્તિસ્મામાં પ્રભુને અર્પણ કરવાને શિક્ષણ આપવું અને બોધ આપવો.

૫. દરેક પાળક પોતાના સરકટમાંની સાબ્બાથ શાળાઓની સંખ્યા અને સ્થિતિ, તથા બાળકોને તેણે કેટલીવાર ઉપદેશ આપ્યો તથા તેમને સવાલ જવાબો પુછ્યા છે, તે ખબર ત્રિમાસિક કૉન્ફરન્સ આગળ મુકશે, જે તેના લેખમાં દાખલ કરવામાં આવશે; તથા પોતાની વાર્ષિક કૉન્ફરન્સને સાબ્બાથ શાળાઓ વિષેનો જોઇતો હેવાલ આપશે.

૬. દરેક પાળકની ફરજ એ છે કે, પોતાના સરકટમાંની દરેક મંડળીમાં ઑકટોબર મહિનાનો છેલ્લો રવિવાર, અથવા એવો બીજો રવિવાર કે જે વધારે સગવડ ભરેલો થઇ પડે તે, "સાબ્બાથ શાળાના દિવસ" ("સન્ડે સ્કુલ ડે") તરીકે પળાવવો; અને તે સદરહુ દિવસે, સભાના એક ભાગ તરીકે, આખી મંડળીની અંદરની સાબ્બાથ શાળાનું કામ ચલાવવું અને વૃદ્ધિ કરવા માટે તે એક ઉઘરાણું લેશે. પાળક સદરહુ ઉઘરાણું બારોબાર બોર્ડ આફ સન્ડે સ્કુલ્સના કોરસ્પોન્ડિન્ગ સેક્રેટરી ઉપર મોકલશે.

ત્રિમાસિક કૉન્ફરન્સની સાબ્બાથશાળા કમિટી.

૪૬૮. ત્રિમાસિક કૉન્ફરન્સથી નીમેલી સાબ્બાથ શાળા કમિટીની એવી ફરજ છે કે, સાબ્બાથ શાળાની બેઠકમાં કાયદાસર હાજર થવું, તથા જે માણસો શિક્ષકના કામ માટે લાયક હોય તેઓના નામો પ્રમુખને આપવાથી પાળક અને સ્થાનિક સાબ્બાથ શાળા મંડળને મદદ આપવી; બોર્ડ ઑફ સન્ડે સ્કુલ્સથી નિમાયલી ઉત્તમતાના પ્રમાણ સુધી શાળા પહોંચે અને રાખે તે જોવું; શાળા માટે જે ચીજોની જરૂર હોય તે મેળવવી; તથા જુવાનોની અઠવાડિયામાંની યોગ્ય રમતગમત માટે બંદોબસ્ત કરવામાં મદદ આપવી.

વળી, આ કમિટી સાબ્બાથ શાળાની બેઠક માટે પુરતો વખત આપશે; દર વરસે મંડળીમાં સાબ્બાથ શાળાની એક વાર્ષિક દિવસની સભા માટે ગોઠવણુ કરશે; દરેક વર્ષે ઘેર ઘેરની મુલાકાત કરવાથી સાબ્બાથ શાળાના સભાસદપણાની વૃદ્ધિ, ઘરમાં શાસ્ત્ર શોધ, અને કૌટુંબિક ભક્તિ વધારાય, તથા સાબાથ શાળાના કોઇ પણ ખાતામાં સભાસદ તરીકે મંડળીના દરેક સભાસદ મેળવાય.

પ્રકરણ ૧૦. બોર્ડ ઑફ કૉન્ફરન્સ કલેમન્ટ્સ.

CHAPTER X. BOARD OF CONFERENCE CLAIMANTS.

૪૬૯, ૧. બિશપોથી નિમેલી અને જનરલ કૉન્ફરન્સથી ચુંટેલી બોર્ડ ઑફ કૉન્ફરન્સ કલેમન્ટ્સ [કૉન્ફરન્સ પેન્શનરો માટેનું મંડળ] થશે.

૨. ઇલિનોઇસ સ્ટેટના કાયદા પ્રમાણે, બોર્ડ ઑફ કૉન્ફરન્સ કલેમન્ટ્સ નિયમસર અને કાયદેસર સનદી થયેલું મંડળ થશે, અને બોર્ડના આમાં કહેલા હેતુઓ પુરા પાડવા માટે જે સત્તાઓ તથા ખાસ હકોની જરૂર હોય, તે બોર્ડને મળશે. તેના અભિપ્રાય પ્રમાણે, "કૉનેક્ષનલ પર્મનેન્ટ ફન્ડ," જે સ્થાપેલું છે, તે મેળવવું અને તેનો કારભાર ચલાવવો, અને જે રીતોની જરૂર હોય તે કરવા આ બોર્ડને અધિકાર છે. વળી કૉન્ફરન્સ પેન્શનરોના હિત માટે તેની આવક વધારવી; એવી શરતે કે વાર્ષિક કૉન્ફરન્સોને અથવા સરકટોને કંઈ પણ ભાગ પાડવાનો તેને અધિકાર નથી. બોર્ડની ઑફિસ ઇલિનોઇસનાં શિકાગોમાં થશે.

૩. સરકટોથી આપેલા ઉઘરાણાના બે ટકામાંથી (જુઓ

૩૨૬). અને કંઈ બીજા પૈસા જે બોર્ડના હાથમાં હોય કે જે બીજા કામ માટે નીમેલા ન હોય, તેમાંથી કારભાર ચલાવવાનો ખરચ લેવામાં આવશે.

૪૭૦. જનરલ કૉન્ફરન્સથી ચુંટેલો એક કોરેસ્પોન્ડિન્ગ સેક્રેટરી થશે, જે બોર્ડનો મુખ્ય કારોબારી અમલદાર થશે.

કોનેક્ષનલ રીલીફ

૪૭૧, ૧. કૉન્ફરન્સ પેન્શનરોની કૉનેક્ષનલ રિલીફ એ માટે સ્થાપવામાં આવી છે કે, એક સંયુક્ત વાળી અથવા સાધારણ યોજનામાં અશક્ત કૉન્ફરન્સો, શક્તિવાન વાર્ષિક કૉન્ફરન્સો અને લોકો સાથે જોડવામાં આવે, એ માટે કે, આવી સામીલગીરીથી રીટાયર્ડ થયેલા પાદરીઓ તથા બીજા કૉન્ફરન્સ પેન્શનરો માટે, અને ખાસ કરીને વધારે ગરજવાળી કૉન્ફરન્સોમાં, વધારે વાજબી અને સાધારણ નિર્વાહ મેળવવામાં આવે.

૨. એવી કૉનેક્ષનલ રિલીફ નીચેની રકમોની થશેઃ—

(૧) વાર્ષિક કૉન્ફરન્સો તરફથી મોકલેલા કૉન્ફરન્સ પેન્શનરો માટે વાર્ષિક ઉઘરાણાના ત્રણ ટકા. (જુઓ ૩૨૬.)

(૨) બીજા બધા પૈસાથી મળેલી આવક, જેનો વાપર બીજી કોઇ રીતે નિમેલી ન હોય, અને જે બોર્ડનો કારભાર ચલાવવા માટે જરૂર ન હોય, તે.

૪૭૨, ૧. કૉનેક્ષનલ રિલીફ માટેના પૈસા, તેની વાર્ષિક સભા વખતે બોર્ડ ઓફ કૉન્ફરન્સ ક્લેમન્ટ્સથી વેહ્ંચવામાં આંવશે.

૨. કૉનેક્ષનલ રિલીફની વહેંચણુ પેન્શનરોને નહિ પણ જુદી જુદી કૉન્ફરન્સોને આપવામાં આવશે.

૩. કૉનેક્ષનલ રિલીફનો ફાળો નક્કી કરવામાં, બોર્ડ ઓફ કૉન્ફરન્સ ક્લેમન્ટ્સ જુદી જુદી વાર્ષિક કૉન્ફરન્સના કૉન્ફ-

ન્સ કારભારીઓના અધિકાર પામેલા હેવાલથી જે કૉન્ફરન્સોને કૉનેક્ષનલ રિલીફની જરૂર છે તે તે શોધી કાઢે, અને સદરહુ હેવાલોથી દેખાડેલી ગરજ પ્રમાણે દરેક કૉન્ફરન્સને વહેંચણ કરે.

૪, પૈસાની બાકી જે આપવામાં આવી શકાય તે, જે ખબર તેની પાસે હોય તેથી બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમન્ટસને ડાહ્યો અને વાજબી માલુમ પડે તે પ્રમાણે, બીજી કૉન્ફરન્સોને વહેંચવામાં આવશે.

૫. કોઇ વાર્ષિક કૉન્ફરન્સ, જ્યાં સુધી વાર્ષિક ઉઘરાણાનો તેનો ભાગ બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમન્ટસને આપે નહિ ત્યાં સુધી, તેને કૉનેક્ષનલ રિલીફ મળશે નહિ.

હેવાલો.

૪૭૩, ૧. બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમન્ટસનો ખજાનચી વાર્ષિક કૉન્ફરન્સના ખજાનચી ઉપર કૉનેક્ષનલ રિલીફ માટેનો એક ચેક મોકલશે; તથા બોર્ડનો છેલ્લો વાર્ષિક રીપોર્ટ મોકલશે, જેમાં બોર્ડની પૂંજી, આવકની રકમ અને વહેંચણ, તથા કૉન્ફરન્સ પેન્શનરોના હિત માટે મંડળીના કામ વિષે બોર્ડથી મળેલી બીજી ખબર, બતાવવામાં આવશે.

૨. કૉન્ફરન્સ કારભારીઓ, બોર્ડ ઑફ કૉન્ફરન્સ ક્લેમન્ટસને બોર્ડથી આપેલા ફારમો ઉપર તેના હેવાલની એક સહી કરેલી નકલ બનાવીને મોકલે, જેમાં દરેક કૉન્ફરન્સ પેન્શનરો આપેલા વર્ષાસનો અને મદદો, તેમજ કૉનેક્ષનલ રિલીફ માટેનો ફાળો કાઢવામાં અને વાર્ષિક રીપોર્ટ બતાવવામાં બોર્ડને ઉપયોગી થાય તેની કોઇ બીજી ખબર દેખાડવામાં આવશે.

પ્રકરણ ૧૧. એપ્વર્થ લીગ.

CHAPTER XI. EPWORTH LEAGUE.

---

૪૭૪. આપણી મંડળીઓ તથા સભાઓના જુવાન માણસોમાં બુદ્ધિસંપન્ન તથા આવશ્યક સુભક્તિને ઉત્તેજન આપવા માટે, અને તેઓને દયા તથા મદદના કામમાં કેળવવા માટે, મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની જનરલ કૉન્ફરન્સના અધિકાર હેઠળ એક સંયોજના થશે, અને તે નીચેના બંધારણરૂપ કાયદાથી ચલાવવામાં આવશેઃ

બંધારણ.

નામ.—આ સંયોજનાનું નામ "મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની એપ્વર્થ લીગ" થશે.

હેતુ.—લીગનો હેતુ મંડળીના જુવાન સભાસદો તથા મિત્રોમાં બુદ્ધિસંપન્ન તથા આવશ્યક સુભક્તિને ઉત્તેજન આપવાનો, અંતઃકરણની શુદ્ધતા તથા કૃપામાં ચાલુ વૃદ્ધિની પ્રાપ્તિ કરવામાં તેઓને મદદ કરવાનો, તથા દયા અને મદદના કામમાં તેઓને કેળવવાનો છે.

યોજના.—લીગનો હેતુ પાર પાડવાને, શાખાઓ તથા એવી બીજી જુવાન માણસોની સમાજો કે જેઓ ત્રિમાસિક કૉન્ફરન્સોથી મંજુર કરવામાં આવે. તેઓના ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટોની ડિસ્ટ્રિક્ટ લીગોમાં યોજના કરવામાં આવશે, તેમજ તેમની જનરલ કૉન્ફરન્સની ડિસ્ટ્રિક્ટ લીગો પણ બનાવવામાં આવશે. કામના કાયદા માટે બીજા સમૂહો વાર્ષિક કૉન્ફરન્સ લીગો, પ્રાંતની લીગો, શહેરની લીગો, વિગેરે, તરીકે ગોઠવવામાં આવે. શાખા, ત્રિમાસીક કૉન્ફરન્સ તથા પાળકની સત્તા હેઠળ રહેશે. જુવાન માણસોની કોઇ પણ સમાજ એપ્વર્થ લીગના સંબંધમાં આણેલી શાખા થઈ

શકે, એવી શરતે કે તે લીગના હેતુ સ્વીકારે, તેનો પ્રમુખ તથા અધિકારીઓ તથા તેના કામની ગોઠવણો પાળક તથા અધિકાર મંડળથી અથવા ત્રિમાસિક કૉન્ફરન્સથી મંજુર કરવામાં આવે, અને તે સેન્ટ્રલ આફિસમાં નોંધવામાં આવે.

સેન્ટ્રલ ઑફિસ.—એપ્વર્થ લીગની સેન્ટ્રલ આફિસ શિકાગો શહેરમાં થશે.

સ્થાનિક બંધારણ—સ્થાનિક મંડળીઓની શાખાઓ માટેનું બંધારણ સેન્ટ્રલ બોર્ડ ઑફ કૉન્ટ્રોલ [અધિકાર મંડળ]-થી ઠરાવવામાં આવશે; એવી શરતે કે, એવો કોઇપણ કાયદો કરવામાં આવશે નહિ કે જે કોઇપણ રીતે આ સામાન્ય બંધારણની વિરૂદ્ધ થાય.

પેટા કાયદા.—બોર્ડ ઑફ કૉન્ટ્રોલને પોતાના કારભાર માટે આ બંધારણને વિરૂદ્ધ ન આવે એવા પેટા કાયદા બાંધવાનો અધિકાર છે.

સુધારા.—આ બંધારણ ફક્ત જનરલ કૉન્ફરન્સથી બદલવામાં અથવા સુધારવામાં આવે.

સ્થાનિક શાખાનો પ્રમુખ.

૪૭૫. એપ્વર્થ લીગ શાખાનો પ્રમુખ મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીનો સભાસદ હોવો જોઇએ, અને તે મંડળીની શાખાથી નીમવામાં આવશે અને ત્રિમાસિક કૉન્ફરન્સથી મુકરર કરવામાં આવશે, જે કૉન્ફરન્સનો, જો તેના સભાસદપણા માટે તેનાથી મંજુર કરવામાં આવે તો તે વખતે, તે તેનો સભાસદ થશે. તેની ફરજ પોતાની શાખાનો હેવાલ, તથા જે બીજી ખબર કૉન્ફરન્સ માગે અને જે તે આપી શકે, તે ત્રિમાસિક કૉન્ફરન્સ આગળ રજુ કરવાની છે.

ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો તથા પાળકો.

૪૭૬. ડિસ્ટ્રિક્ટ અથવા ત્રિમાસિક કૉન્ફરન્સો ભરતી

વખતે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની ફરજ એપ્વર્થ લીગની શાખાઓ તથા એવી બીજી જુવાન લોકોના મંડળો કે જેઓ ત્રિમાસિક અથવા ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સોના અધિકાર હેઠળ હોય, તેઓની સ્થિતિ તપાસવાની, તથા મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના હેતુ તથા ડિસિપ્લિન સાથે મળતાપણામાં રહી તેઓ પોતાનું કામ ચલાવે છે કે નહિ તે તપાસ કરવાની છે.

૪૭૭. પાળકોની ફરજ, જો બની શકે તો, એપ્વર્થ લીગની શાખાઓની યોજના કરવાની તથા ચલાવવાની છે.

પ્રકરણ ૧૨. મેથોડિસ્ટ બ્રધરહુડ.

CHAPTER XII, METHODIST BROTHERHOOD.

૪૭૮. નામ.—આ સમાજ મેથોડિસ્ટ બ્રધરહુડ [બંધુતા]-ના નામથી ઓળખાશે.

હેતુ.—આ સમાજનો હેતુ આ છે: ધાર્મિક, સંસર્ગ, વિદ્યા સંબંધી, અને દૈહિક વૃદ્ધિથી તેના સભાસદોનો પરસ્પર સુધારો કરવો; ખ્રીસ્તી બંધુતાનો આત્મા અને કૃતિ વધારવાં; પુરૂષો મધ્યે ભાઇબંધી વધારવી; લોકોની ધાર્મિક, સંસર્ગ, શહેર સંબંધી અને લોકોની સ્થિતિના સુધારાને જે લાગુ છે તે વિષે સભાસદોની ચંચળતા વધારવી અને તેનો ઉપયોગ વધારે થાય તેમ કરવું; મંડળીની સંગત અને સંબંધમાં દોરવાથી મંડળી બાંધવી, અને ઘણું કરીને પ્રભુ ઇસુ ખ્રીસ્તનું રાજ વિસ્તારવું.

સભાસદપણું.—મેથોડિસ્ટ મંડળીઓમાં ત્રિમાસિક કૉન્ફરન્સથી મંજુર કરેલી પુરૂષોની બધી સમાજો, જે સ્થાપેલી હોય અથવા હવે પછી જે સ્થાપવામાં આવે, તે મેથોડિસ્ટ બ્રધરહુડમાંના સભાસદપણાને લીધે પસંદ કરવા લાયક છે;

અને અરજી કરીને સનદ મળવાથી તથા બ્રધરહુડના સામાન્ય બંધારણની વિરૂદ્ધ જે ન હોય તેવું બંધારણ સ્વીકારવાથી, તેઓ બ્રધરહુડની શાખાઓ થઈ શકે.

કૉન્ફરન્સ સંયોજના.—સ્થાનિક શાખાઓના પ્રતિનિધિઓને વાર્ષિક તથા ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ બ્રધરહુડો સ્થાપવાનો અધિકાર છે, કે જે પોતપોતાના અધિકારીઓ ચુંટે. જ્યાં કંઇ કૉન્ફરન્સ સંયોજના ન હોય, ત્યાં વાર્ષિક કૉન્ફરન્સ એક કૉન્ફરન્સ પ્રમુખ અને ચિટણીસ નીમે. જ્યાં ડિસ્ટ્રિક્ટ સંયોજનાઓ ન હોય, ત્યાં ઉપલા કૉન્ફરન્સ અધિકારીઓ ડિસ્ટ્રિક્ટ ઉપપ્રમુખો નીમે. આ અધિકારીઓ, ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો સહિત, એક કારોબારી કમિટી થશે, કે જે શાખાઓ સ્થાપવામાં ઉત્તેજન આપે, અને બ્રધરહુડનું કામ વધારવા પ્રયત્ન કરે.

—:oo:—

પ્રકરણ ૧૩. મંડળીની પરહેજગાર સમાજ.

CHAPTER XIII. CHURCH TEMPERANCE SOCIETY.

૪૭૯. નિશાદાર દારૂના યોજેલા વેપારની વિરૂદ્ધ ફતેહમંદ રીતે જાહેર અભિપ્રાય ઉત્પન્ન કરવું મંડળીની કોશિષને વધારે અસરકારક કરવાને માટે જનરલ કૉન્ફરન્સ નીચેના બંધારણ હેઠળ "મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીની પરહેજગાર સમાજ" ની સંયોજના અધિકારથી સ્થાપે છે.

૧. આ મંડળીનો હેતુ, મંડળી, સાબ્બાથ શાળા, તથા એપ્વર્થ લીગના સભાસદોને સઘળા દારૂ તથા નિદ્રાજનક ઓસડથી પોતાની રાજી ખુશીથી બીલકુલ પરહેજગાર રહેવાને તથા નિશાદાર દારૂના વેપારથી મના કરનારા લખિત

તથા બંધારણરૂપ કાયદાઓને જલદી પસાર કરવાને ઉત્તેજન આપવાનો છે.

૨. આ સમાજનો કારભાર, પંદર માણસથી બનેલા એક કારભાર મંડળને સોંપવામાં આવશે કે જે બિશપો નિમીને જનરલ કૉન્ફરન્સ ચુંટશે.

૩. સમાજની સેન્ટ્રલ ઑફિસ કૅન્સૅસના ટોપીકામાં રહેશે. તેને જે જરૂર લાગે તેવા કાયદા ઠરાવવા અને તેના કામમાં જોઇએ તેટલા મારફતીઆ રાખવાને કારભાર મંડળને અધિકાર છે.

૪. કારભાર મંડળની એવી ફરજ છે કે, લોકોને પોતાની રાજી ખુશીથી પરહેજગાર રહેવા ઉત્તેજન આપવા માટે, તથા દારૂના વેપારની કાયદાપૂર્વક મના મેળવવા માટે દરેક ડહાપણ ભરેલી હિલચાલમાં, અધિકાર રૂએ મંડળીના પ્રતિનિધિ થવું; દારૂના વેપાર, નિદ્રાજનક ઓસડ તથા નિશાદાર અર્કના મોટા ભાગવાળી બનાવેલી બીજી વસ્તુઓના ઉપયોગ વિષે પુસ્તકો, ચોપાનીઆં, વગેરે પ્રગટ કરવાં, મંજુર કરવાં, તથા પ્રસારવાં; લોકોના આ મોટા શત્રુ, એટલે કાયદાથી રજા આપેલા દારૂના વેપારને મંડળીએ સૌથી વધારે ફતેહમંદ રીતે સામે થવું અને તેને નાબુદ કરવા માટે એવી ગોઠવણ યોજવી અને એવી સલાહ આપવી; તેના ખજાનામાં આવેલા પૈસાનો, કામની જરૂર હોય તે પ્રમાણે ઉપયોગ કરવો, તેના કામના વાર્ષિક રીપોર્ટ પ્રસિદ્ધ કરવો તથા જનરલ કૉન્ફરન્સને ચોમાલી હેવાલ આપવો.

૫. દરેક વાર્ષિક કૉન્ફરન્સ પોતાની હદમાં એક કૉન્ફરન્સ પરહેજગાર સમાજ બનાવે, જે પોતાના અધિકારીઓ નિમે, અને બીજી રીતે પણ પોતાના કારભાર ચલાવે. તે

દરેક ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની ડિસ્ટ્રિક્ટમાં ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તથા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટોથી નામ આપેલા તથા કૉન્ફરન્સથી ચુંટાયલા બીજા બે માણસોની બનેલી એક ડિસ્ટ્રિક્ટ પરહેજગાર કમિટી નીમશે. ડિસ્ટ્રિક્ટ કમિટીની ફરજ એ છે કે, બીજી ભરોસાલાયક પરહેજગાર સમાજો સાથે મળી કામ કરવું. વાર્ષિક કૉન્ફરન્સની દરેક બેઠક વખતે પરહેજગારી તથા મનાના હિત માટે કૉન્ફરન્સ વાર્ષિકોત્સવ સભા ભરવામાં આવે.

૬. એમ ભલામણ કરેલી છે કે, પરહેજગાર કમિટીની મદદ સહિત, પાળકો દર વરસે દરેક મંડળી આગળ પરહેજગારીનું કામ લાવે, અને તેને માટે એક જાહેર ઉઘરાણું તથા દાનો માગે, જે ઉઘરાણાં અને દાનો પરહેજગાર સમાજના ખજાનચીને અપાશે; અને જેવી રીતે વાર્ષિક કૉન્ફરન્સને બીજા ઉઘરાણાંનો હેવાલ આપવામાં આવે છે તેવી રીતે આનો હેવાલ અપાશે. પાળકોની એવી ફરજ છે કે, દરેક સાબ્બાથ શાળામાં એક પરહેજગાર સમાજ યોજના કરવામાં આવે, પરહેજગારી સંબંધી શિક્ષણ આપવામાં આવે, તથા જ્યાં સુધી બની શકે ત્યાં સુધી શાળાના સભાસદો તદન પરહેજગાર રહેવાને પ્રતિજ્ઞા આપે. તે તે જુએ. વળી, ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની એવી ફરજ છે કે ચોથી ત્રિમાસિક કૉન્ફરન્સ વખતે તે તપાસ કરે, કે આ કલમની જરૂરીઆત પાળવામાં આવી છે કે નહિ.

—:oo:—

પ્રકરણ ૧૪. ચાર્ટર્ડ ફન્ડ.

CHAPTER XIV. CHARTERED FUND.

૪૮૦, ૧. ગરજવંત ઇફેક્ટીવ પાદરીઓ, ઇફેક્ટીવ પાદરીઓના કુટુંબો, રીટાયર્ડ થયેલા પાદરીઓ, તથા પાદરીઓની વિધવાઓ તથા અનાથ બાળકો માટે વધારે નિર્વાહનો બંદોબસ્ત કરવા માટે એક "ચાર્ટર્ડ ફન્ડ" [ખાસ સનંદી ફન્ડ] થશે, જેને રાજી ખુશીથી આપેલા દાનોથી મદદ કરવામાં આવશે. જેમાંનું મુદ્દલ નીચેની શરતો મુજબ જનરલ કૉન્ફરન્સથી નીમાયલા ટ્રસ્ટીઓના હુકમ પ્રમાણે નિયમિત વ્યાજ મળે તેવા કોઈ ભંડોળમાં ભરવામાં આવશે, અને વ્યાજ જનરલ કૉન્ફરન્સના હુકમ પ્રમાણે નીચેની શરતો મુજબ ખરચવામાં આવશે, એટલે,

૨. ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો અને પાળકો આ ફન્ડ માટે દાનો ઉઘરાવનારા તથા લેનારા થશે.

૩. એ પૈસા પબ્લિશિન્ગ એજન્ટો ઉપર મોકલાવવામાં આવશે, જેઓ તે તે ફન્ડના ટ્રસ્ટીઓને આપશે; નહિ તો તે આવતી વાર્ષિક કૉન્ફરન્સમાં લાવવામાં આવશે.

૪. જેટલી વાર્ષિક કૉન્ફરન્સો હશે તેટલા સરખા ભાગોમાં તે વ્યાજ વહેંચી નાંખવામાં આવશે, અને દરેક વાર્ષિક કૉન્ફરન્સને તે ફન્ડમાંના આ ભાગોમાંથી એક લેવાનો અધિકાર છે; અને જો કોઈ વરસમાં આ ફન્ડમાંથી એક અથવા વધારે કૉન્ફરન્સો આ ભાગોમાંનો એક કરતાં ઓછો લે, ત્યારે આવી બાબત અથવા બાબતોમાં તેજ વરસમાં ભરાએલી બીજી કૉન્ફરન્સોને વ્યાજનો એવો વધારો જે આગલી કૉન્ફરન્સોથી ખરચવામાં આવ્યો ન હોય તે જો

તેમની જરૂરની લાગે તો, તે ફન્ડમાંથી લેવાનો અધિકાર છે. કૉન્ફરન્સે કૉન્ફરન્સે બિશપો પ્રસ્તુત વરસને લગતા ફન્ડના વ્યાજની સ્થિતિની જોઇતી ખબર લાવશે.

૫. વાર્ષિક કૉન્ફરન્સના હુકમથી ચાર્ટર્ડ ફન્ડ પરની સઘળી હુંડીઓ સદરહુ ફન્ડના ખજાનચીના નામ ઉપર કરવામાં આવશે, અને તેઓપર સદરહુ કૉન્ફરન્સના પ્રમુખ સહી કરશે, તથા ચિટણીસની સાક્ષી કરશે.

૪૮૧. [આ પારાગ્રાફ હિન્દુસ્તાનને લાગુ પડતો નથી.]

—:o:—

ભાગ ૮. સીમ.

PART VIII. BOUNDARIES.

કૉન્ફરન્સોની સીમો નક્કી કરવા વીશે.

DETERMINING THE BOUNDARIES OF CONFERENCES.

૪૮૨. જનરલ કૉન્ફરન્સ, સીમની એક કમિટી નીમે, કે જે દરેક વાર્ષિક કૉન્ફરન્સથી, કૉન્ફરન્સોના જુદા જુદા પ્રતિનિધિઓથી નીમાયલા, બબ્બે મેમ્બરો, એક પાદરી અને એક લેમનથી બનશે; આ કમિટીમાં બિશપોમાંનો એક બિરાજશે, અને જનરલ કૉન્ફરન્સના ચિટણીશમાંનો એક ચિટણીશ થશે; અને આ કમિટીનો કવોરમ, પાંત્રીસનો થાય. કૉન્ફરન્સ સીમો વિષેની બધી બાબત, આ કમિટીને સોંપવામાં આવે; અને જ્યારે કામટીએ કૉન્ફરન્સોની બધી સીમો નક્કી કરી હોય ત્યારે તે પોતાનો હેવાલ જનરલ કૉન્ફરન્સને આપશે, કે જે તરતજ આખા હેવાલ ઉપર સુધારા વગર અને વાદાવવાદ વગર કામ કરે અને મત આપે; આ શરતે કે ૯૩,૬મી કલમમાંની શરતો મુજબ કોઇ સેન્ટ્રલ મિશન કૉન્ફરન્સ, તેની હદની અંદરની વાર્ષિક કૉન્ફરન્સોની સીમ નકકી કરે. પણ પહેલાં જનરલ કૉન્ફરન્સની અમુક ક્ષેત્રમાં વાર્ષિક કૉન્ફરન્સોની સંખ્યા કેટલી થાય તે નકકી કરે.

૪૮૩. કોઇપણ બે અથવા વધારે કૉન્ફરન્સો જે પરસ્પર પોતપોતાની સીમો ફરીથી ગોઠવણ કરવામાં પક્ષપાતી હોય

તે કોઇ પણ વખત એક એકત્ર કમિટી નીમે, જે તે પક્ષપાતી કૉન્ફરન્સોમાંના પાંચ પાંચ સભાસદોથી બનશે; અને સદરહુ એકત્ર કમિટીનો ઠરાવ, કે જે ઠરાવવામાં દરેક કૉન્ફરન્સના પાંચ પાંચ સભાસદોનો મોટો ભાગ એક મતના થવાની જરૂર છે, જ્યારે આ કૉન્ફરન્સોની બીજી બેઠકો વખતે બીરાજનાર બિશપ અથવા બિશપો મંજુર કરે, તે આખરનો થાય. પણ જો સદરહુ નિમેલી કમિટી મળતી ન આવે, અથવા જો પ્રમુખ બિશપ મંજુર ન કરે તો, તે બાબત, તેમની હકીકત, કમિટીની નોંધ સહિત, જનરલ કૉન્ફરન્સ પ્રત્યે, તેના આખરના ફેંસલા માટે આવે.

૪૮૪. જ્યાં સુધી, જે વાર્ષિક કૉન્ફરન્સ અથવા કૉન્ફરન્સો, મિશન કૉન્ફરન્સ અથવા મિશનો, જેઓ સીમોનો ફેરફાર ઇચ્છે છે, અથવા તેઓના ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટો અને મિશન સુપરિન્ટેન્ડેન્ટોનો મોટો ભાગ, તેઓ બધા વાર્ષિક કૉન્ફરન્સો અને મિશન કૉન્ફરન્સો જે તેથી અસર કરેલી હોય તેઓને ખબર આપી ન હોય ત્યાં સુધી, વાર્ષિક કૉન્ફરન્સો અથવા મિશન કૉન્ફરન્સોની સીમોમાંનો ફેરફાર, અથવા વહેંચણુ, અથવા જોડાણુ, અથવા જે મુલકમાં હજુ યોજાયલી કૉન્ફરન્સો હોય તેમાં વાર્ષિક કૉન્ફરન્સો અથવા મિશન કૉન્ફરન્સની યોજના, આ બધી વાતો વિષેની અરજ, ઠરાવ, અથવા માગણી સીમોની કમિટીથી સ્વીકારવામાં આવે નહિ; તોપણ આ શરતે કે, જો તેથી અસર કરેલી વાર્ષિક કૉન્ફરન્સ અથવા કૉન્ફરન્સોના પ્રતિનિધિઓનો મોટો ભાગ અરજી કરે તો, સીમોની કમિટી સદરહુ અરજીની બાબતો ગોઠવે, પણ જનરલ કૉન્ફરન્સ પછી બધી અરજીમાં કહેલી વાર્ષિક અથવા મિશન કૉન્ફર-

-સોની પહેલી વાર્ષિક બેઠકો વખતે તેઓની પસંદગીને આ-
ધીન થશે.

૪૮૫—૪૯૭ સુધી. [આ પારાઓ હિન્દુસ્તાનને લાગુ
પડતા નથી.)

ભાગ ૯. ધર્મક્રિયા.

PART IX. RITUAL.

૧. છોકરાંઓને બાપ્તિસ્મા આપવાની ક્રિયા.

ORDER FOR THE ADMINISTRATION OF BAPTISM TO INFANTS.

સ્વચ્છ પાણીથી ભરેલા વાસણ પાસે આવીને પાદરી નિચે પ્રમાણે કહેશે:—

વ્હાલાઓ, કુટુમ્બોની વચમાં છોકરાંઓ પરમેશ્વરની પ્રેમી બક્ષીશ છે, જેથી મનમા શાંતિ તથા આરામ થાય છે. તેમજ કુટુમ્બની ખુશી તથા શોભા પૂરી થતી જાય છે. નાનાં છોકરાં વિષે ઇસુએ કહ્યુ છે કે, પરમેશ્વરનું રાજ્ય એવાંઓનું છે. પ્રભુના રાજ્યના સભાસદોનો એવો હક છે, કે બાળકો ખ્રીસ્તી મંડળીમાં સભાસદો થાય. ત્યારે, મા-બાપ જેના કુટુંબમાં પ્રભુનો ખાસ આશીર્વાદ આવ્યો છે, તેઓ પોતાનાં છોકરાંને બાપ્તિસ્મા પામવાને રજુ કરે છે. એવી રીતે આપણે પ્રભુનો હુકમ પુરો કરીએ છીએ, અને તેના રાજ્યની અમુલ્ય વસ્તુ, જે છોકરાં છે, તે આપીએ છીએ. વિનંતી સાથે આપણે પ્રાર્થના કરીએ કે આ બા-ળક પાણીનું બાપ્તિસ્મા પામીને, પવિત્ર આત્માનું પણ પામે, અને એવી રીતે મંડળીમાં દાખલ થઇને જીંદગીભર તે પરમેશ્વરનું સાચું તથા વિશ્વાસુ બાળક બની જાય.

પછી પાદરી કહેશે:—

આપણે પ્રાર્થના કરીએ.

ઓ સર્વ શક્તિમાન તથા સર્વકાળ સુધી જીવતા પરમે-શ્વર, તેં તારી દયાથી માણસજાતની સાથે નિયમો કર્યા છે, કે જેમાં છોકરાંઓ પણ ભાગીદાર થઇ શકે છે. અમે તારી વિનંતી કરીએ છીએ કે તું તારી અતિ ઘણી પ્રીતિને લીધે આ બાળક ઉપર નજર કર; તેને ધોઇ નાંખ

અને પવિત્ર કર, કે તે તારી કૃપાથી ભરપુર થાય, ને મંડળીમાં દાખલ થતાં ખ્રીસ્તમાં પોતાની જીંદગી ગાળે. તું એવું કર કે, તે વિશ્વાસમાં દૃઢ, ઉમેદમાં આનંદીત, અને પ્રીતિમાં સંપૂર્ણ થાય, ને આ જગતની બધી કુઇચ્છાઓ પર એવી રીતે જય પામે કે આખરે તે જગત પર તથા દૈહીક વિષયના અબળાપણાપર જય પામીને તારી સાથે અનંતકાળ સુધી આકાશમાં રાજ કરે. પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામથી માગીએ છીએ. આમેન.

ઓ પ્રભુ પરમેશ્વર, જે હમેશાં સુધી જીવતો રહે છે, અને બધી વસ્તુઓપર હકુમત કરે છે, આ પાણીને આ ક્રિયાને માટે પવિત્ર કર, ને એવું કર કે, આ બાળક, જે અમારા હોદ્દા તથા સેવાની મારફતે અર્પણ કરવામાં આવે છે, તે તારો ખાસ છોકરો થાય, ને આકાશી શિખામણ પામીને તારી કૃપાથી હમેશ સુધી સ્વર્ગી રાજ્યમાં વૃદ્ધી પામતો જાય. પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામથી માગીએ છીએ. આમેન.

પછી પાદરી માબાપ અથવા વાલીઓને નીચે પ્રમાણે કહેશે —

વ્હાલાઓ, આ બાળકને અહીંઆં લાવવાથી તમે કબુલ કરો છો કે તે પ્રભુનું આપેલું અમુલ્ય દાન છે, જેને તમારા મનની શાંતિ તથા કુટુંબની શોભાને માટે આપવામાં આવ્યું છે. પ્રભુનું જે ઇનામ તેને દોલત જાણો, અને આ પણ જાણો કે આ નવો જીવ તમને સોંપવામાં આવ્યો છે. માટે તમારી ફરજ મોટી છે. જો તમારી ભુલોથી કે ભુંડાઇથી અથવા ખોટા નમુનાથી આ જીવ ભટકી જાય ને પાપમાં પડે, તો તેનો બદલો પરમેશ્વર તમારી પાસેથી લેશે; પરંતુ જો તમે પ્રીતિ તથા સહનશીલતાથી સારી શિખામણો તથા પવિત્ર નમુનો બતાવીને ખરા રસ્તામાં ચલાવશો, તો પરમેશ્વર

તમારા ઉપર રાજી થઇને તમોને મહિમાવંત ઇનામ આપશે, કેમકે પ્રસંગ સારો છે. તે માટે હું તમોને કેટલાએક સવાલો પુછું છું. તેના જવાબ પરમેશ્વરની બિહીક રાખીને સાચાઇથી આપો.

પાદરી—તમારૂં બાળક પવિત્રાઇમાં ઠોકર ન ખાય ને પાપમાં ન ગુંથાય તે માટે શું તમે તેને સમજાવવામાં, બોલવામાં, તથા ચાલચલણમાં પવિત્ર નમુનો બતાવશો ?

જવાબ—હું એવું કરીશ.

પાદરી—ખ્રીસ્તી ધર્મ ખરો સમજે, ને બીજા ધર્મોની વાતો ખોટી સમજે, તે સારૂ શું તમે તેને નાનપણથીજ પવિત્ર શાસ્ત્રની વાતો પ્રમાણે શિખવશો ?

જવાબ—હું એમ કરીશ.

પાદરી—પવિત્ર શાસ્ત્રની વાતોમાં હુશિયાર થાય તે માટે શું તમે તેને બાળપણથીજ દશ હુકમ, પ્રેરિતોનું કાનુન, પ્રભુની પ્રાર્થના, પ્રશ્નોત્તરાવળી તથા તે સિવાય જે જે વાતો તેના આત્માના સુધારાને માટે અગત્યછે, તે શિખવશો ?

જવાબ—હું એવું કરીશ.

પાદરી—મંડળીની ઠરાવેલી સભાઓમાં સભાસદપણા વિષે શીખે, ને જ્યારે પ્રવેશ પામવાને લાયક થાય ત્યારે શું તમે તેને બરાબર પ્રસંગાનુસાર ભકિત સેવામાં લાવશો, એ માટે કે તે પરમેશ્વરની સેવા કરવાને શીખે?

જવાબ—હું એવું કરીશ.

પછી લોકો ઉભા થશે અને પાદરી કહેશેઃ—

સુવાર્ત્તાની વાતો સાંભળો [માર્ક ૧૦: ૧૩—૧૬]:—

અને તેઓ તેની પાસે બાળકો લાવ્યા કે તે તેઓને અડકે; ને શિષ્યોએ તેઓને ધમકાવ્યા. પણ ઇસુ તે જોઇને

નાખુશ થયો, ને તેણે તેઓને કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા; કેમકે દેવનું રાજ્ય એવા-ઓનું છે. હું તમને ખચીત કહું છું કે, જે કોઇ બાળકની માફક દેવનું રાજ્ય સ્વિકારશે નહિ, તે એમાં પ્રવેશ કરશેજ નહિ. અને તેણે તેઓને બાથમાં લીધાં, ને તેઓ પર હાથ મુકીને તેઓને આશીર્વાદ દીધો.

પછી પાદરી બાળકનામાબાપ અથવા વાલીઓને કહેશે:—

આ બાળકનું નામ પાડો.

પછી પાદરી નામ પાડયા પ્રમાણે બાળકનું નામ બોલીને બાળક ઉપર પાણી છાંટશે, અથવા રેડશે, અથવા જો માબાપની ઇચ્છા હશે તો તેને પાણીમાં બોળશે, અને કહેશે.:—

બાપ, તથા દિકરા, તથા પવિત્ર આત્માને નામે, હું તને બાપ્તિસ્મા આપું છું. આમીન.

ત્યારે લોકો ઘુંટણીએ પડે અને પાદરી નીચેની પ્રાર્થના કરશે: —

ઓ અમારા દયાવંત પરમેશ્વર, સર્વ વિશ્વાસ કરના-રાઓના બાપ, એવું કર કે આ બાળકને સારી સમજણ તથા પવિત્ર અંતઃકરણ મળે. તેને જુવાનપણાની ભુલો તથા પ-રિક્ષણોથી બચાવ, એ માટે કે તે ખોટાં કામો તથા કુઇચ્છા-ઓમાં ન પડે. તેનો રખેવાળ તું થા; ને તેને એવી રીતે ચલાવ કે તેને સારી શિખામણ મળે. એવું કર કે, તે પવિત્ર નમુનો બનાવીને, તારી આત્મિક તથા પવિત્ર કરનાર કૃપા પામતાં જાય, ઉમરભર તારી સેવા સાચાઇથી કરે, અને મંડળીની પવિત્ર સેવા પામીને, આખરે તારા અનંત રાજ્યમાં પ્રવેશ પામે. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને લીધે. આમેન.

ઓ પરમેશ્વર, સર્વ શક્તિવાન બાપ, તારી પ્રીતિ, કૃપા

તથા દયા, આ બાળકનાં માબાપ તથા કુટુંબને આપ; તેઓ પર તારા પવિત્ર આત્માને રેડી દે, એ માટે કે તેઓ ઇબ્રાહિમની માફક પોતાના ઘરનાંને એવી શીખામણ આપે કે, તેઓ સત રસ્તામાં ચાલે. બધા સારા કામમા તું તેઓને દોર; તેઓના અંતઃકરણની વાતો તથા ઇરાદાઓને પવિત્ર કર; તેમનું આખું ઘર વિશ્વાસુપણાથી, આજ્ઞાધીનપણાથી, તથા પ્રીતિથી અમારાં પ્રભુ ઇસુમાં સ્થિર રહે, અને તેઓ સર્વ આ જીવનમાં દત્તકપુત્રપણા તથા કૃપાથી તારા છોકરાં થઇને, આકાશમાંના પહેલા જન્મેલાની મંડળીમાં દાખલ થાય. તારા વ્હાલા પુત્ર અમારા તારનારના પુણ્યને લીધે. આમેન.

પછી બધા ઘુંટણીએ પડીને પ્રભુની પ્રાર્થના બોલેઃ—

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા રૂણીઓને માફ કર્યાં છે, તેમ તું અમારાં રૂણો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

૨. પુખ્ત ઉમ્મરનાઓને બાપ્તિસ્મા આપવાની ક્રિયા.

ORDER FOR THE ADMINISTRATION OF BAPTISM TO SUCH AS ARE OF RIPER YEARS.

પાદરી નીચે પ્રમાણે કહેશેઃ—

પાપના કારણથી પરમેશ્વરની આગળ માણસની હાલત બગડેલી તથા વંઠેલી છે. બધાં માણસો ખરે રસ્તેથી ભટકી ગયેલાં છે, અને પોતાના આત્માને બચાવવાને અશક્ત છે. સર્વના અંતઃકરણોમાં કુઇચ્છાઓ ભરેલી છે, અને જીંદગીમાં ભૂંડું ભલાને દબાવી રાખે છે. પાપને લીધે માણસનો આત્મા નાશ પામે છે, કારણકે તે બુદ્ધિથી અથવા ક્રિયાથી કંઇ ઇલાજ કરી શકતો નથી. માણસજાતને બચાવવાને માટે પરમેશ્વર સમર્થ છે. ખ્રીસ્તી ધર્મશાસ્ત્રથી આવી શિખામણ મળે છે કે, જે પરમેશ્વર સર્વ શક્તિમાન છે તેજ સર્વને બચાવવાને માટે પણ તૈયાર છે. અને તેણે પોતાના પ્રેમને લીધે એવી યોજના કરી છે કે, જે કોઇ પોતાના પાપને છોડી દે, ઇસુપર વિશ્વાસ કરે, અને બાપ્તિસ્મા પામે, તેજ જરૂર તારણ પામશે. આ વાત ઉપર વિશ્વાસ કરીને આ માણસો, જેઓ અહીં હાજર છે, તેઓ પવિત્ર બાપ્તિસ્મા પામવા ઇચ્છે છે. હું તમોને ગંભીરતાથી સમજાવું છું કે, પરમેશ્વરની આગળ પ્રાર્થના કરો કે, આ વખતે આ માણસો ઉપર એવો આશીર્વાદ આવે કે તેઓ ખરા અંતઃકરણથી અમારા સવાલોના જવાબ આપે.

પછી પાદરી બાપ્તિસ્મા લેનારાઓને આ પ્રમાણે કહેશે —

તમે ખ્રીસ્તી બાપ્તિસ્મા પામવાને માટે અહીંઆં આવ્યાં છો. પ્રસંગ ગંભીર છે, અને અમે ઇચ્છીએ છીએ કે તમે કેટ-

આ સવાલોના જવાબ આપો. એ જવાબ આપવામાં યાદ રાખો કે, પરમેશ્વર તમારા મનના વિચાર અને અંદરની ઇચ્છાઓ જાણે છે. જો તમે સાચાઇથી જવાબ આપશો તો તે પોતાના વચન પ્રમાણે પાપ માફ કરશે, અને તમોને આશીર્વાદ પણ આપશે; પણ જો કંઇ સંતાડેલી વાતને સાચ સાચાઇથી તમે જવાબ નહિ આપી શકો તો પરમેશ્વર જાણશે અને સજા આપશે. ત્યારે આ સવાલોના જવાબ વિશ્વાસથી આપો કે પરમેશ્વર તમારાથી રાજી થાય

પાદરી—શું, તમે પરમેશ્વર બાપ ઉપર વિશ્વાસ કરો છો કે, તે આત્મા છે. અને તે સિવાય બીજો કોઈ દેવ કે દેવી નથી?

જવાબ—હું આ વાત માનું છું.

પાદરી—શું તમે ઇસુપર વિશ્વાસ રાખો છો, કે પરમેશ્વરે તેને આ દુનિયામાં મોકલ્યો, એ સારૂ કે તે માણસનુ તારણ કરે, કે તેની જીંદગી આપણે માટે નમુનારૂપ થાય, અને તે પોતાના મરણથી આપણા પાપ નિવારણ કરે?

જવાબ—હું આ વાત માનું છું.

પાદરી—શું, તમે પવિત્ર આત્માપર વિશ્વાસ રાખો છો, કે, આપણાં મનો સાફ કરવા સારૂ, આપણી અક્કલમાં અજવાળું આપવા સારૂ, અને આપણી જીંદગીમાં ચેતવણી આપવા સારૂં, તે આવ્યો છે?

જવાબ—હું માનું છું.

પાદરી—શું, તમે સતશાસ્ત્રને કબુલ કરો છો કે, તે આપણી શિખામણને સારૂ પરમેશ્વર પાસેથી આપવામાં આવ્યુ છે, અને શું તમે તેના નિયમો પ્રમાણે ચાલશો?

જવાબ—હું કબુલ કરૂં છું, અને તે પ્રમાણે ચાલીશ.

પાદરી—આ સતશાસ્ત્ર આપણને શિખવે છે કે દરેક

જાતનુ પાપ અભાવ થાય તેથી નાશ કરે એવી ચીજ છે. પણ જરૂર છે કે જેઓ બાપ્તિસ્મા પામવાનાં છે, તેઓ ખુલ્લી રીતે વિશ્વાસથી વચન આપે અને જાણવું જોઇએ કે મુર્તિ પૂજા, દરેક જાતની વ્યર્થ ભક્તિ, જૂઠાઇ, દરેક જાતની દગાબાજી, ચોરી, અપ્રમાણિકપણું, નિમકહરામી, કુઇચ્છા, લાલચ, મતલબીપણું, નિંદા, દરેક જાતનું વૈર, પરમેશ્વરની મરજીને વિરૂદ્ધ છે. શું તમે વચન આપો છો કે પરમેશ્વરની મદદથી આ તમામ બાબતો અને પાપ છોડી દેશો ?

જવાબ—પરમેશ્વરની મદદથી બધાને છોડી દઇશ.

પાદરી—કારણકે પરધર્મી લોકોમાં દરેક જાતની શિખામણો, અને ઘણા જુદા રીવાજો, માનવામાં આવે છે, જેથી કરીને પરમેશ્વરનું અપમાન અને માણુસ જાતને નુકશાન પ્રાપ્ત થાય છે, આ વાત જરૂરની છે કે તમે જાહેર રીતે વચન આપો કે, તમે પોતાના જુના રીવાજો અને શિખામણો, જે પવિત્રશાસ્ત્રની વિરૂદ્ધ હોય છે, તે સર્વ તમે છોડી દેશો, અને આ ખોટી રીતો પોતાની જીંદગી અને કુટુંબોમાંથી દુર કરશો. શું, તમે તેઓને છોડી દેશો, અને તેઓથી દુર રહેશો ?

જવાબ—હું બધાંને તદન છોડી દઇશ, અને ફરી નહિ માનીશ.

પાદરી—ઘણું કરીને, મુડદાલ ખાવું, તથા બારમું, છઠ્ઠી, શ્રાદ્ધના રીવાજ, બાળલગ્ન, અને નાતજાતનો ભેદ, ઘણા નુકશાનનુ કારણુ હોય છે. શું તમે વિશ્વાસથી વચન આપો છો કે તમે તેઓને છોડી દેશો ?

જવાબ—વિશ્વાસથી વચન આપું છું.

પાદરી—શું, તમે ખ્રીસ્તી મંડળીના ગુજરાનને માટે પૈસા આપશો ?

જવાબ—હું એવું કરીશ.

પાદરી—શું, તમે ખ્રીસ્તી ધર્મ ફેલાવવાને માટે અ.ખા મનથી મહેનત કરશો, અને તમારા મિત્રો અને પડોશીઓના બચાવને માટે કોશિષ કરશો ?

જવાબ— હું એવું કરીશ.

પછી પાદરી નિચે પ્રમાણે પ્રાર્થના કરે:—

ઓ પ્રભુ પરમેશ્વર, તું અમારાં અંતઃકરણોના સર્વ વિચાર જાણે છે. આ માણસને તારા આત્માથી ભરપૂર કર કે, તે પોતાનાં સર્વ વચનોને પુરાં કરવાની શકિત પામે, ને તેને જય પામવાની શકિત દે, કે, તે શેતાન, દુનિયાનાં પરિક્ષણો તથા સર્વ ભૂંડા વિચારો ઉપર જય પામે. હે પ્રભુ ઇસુ, તેં અમારાં પાપ માફ કરવાને માટે પોનાનું લોહી વહેવડાવ્યું છે, ને પોતાના શિષ્યોને મોકલ્યા કે સર્વેને તારી તરફ લાવે, તથા બાપ્તિસ્મા આપે. હવે આ માણસ, જે બાપ્તિસ્મા પામવાનો છે, તેને તારા આશીર્વાદથી ભરપૂર કર, એ માટે કે તે પોતાનાં પાપોની માફી પામે, ને તારો દત્તકપુત્ર બની જાય; તેની અક્કલને પ્રકાશિત કર, ને તેના અંતઃકરણને પવિત્ર કર; તેની જીંદગીનો દોરનાર થા, ને તેના આત્માને બચાવ; એ માટે કે આ પૃથ્વીપર તને અનુસરીને ચાલે, અને આખરે તે તારા પવિત્ર રાજ્યમાં પ્રવેશ પામે. આમેન.

પછી પાદરી બાપ્તિસ્મા પામનાર દરેક માણસનુ નામ પૂછે; અને તેના ઉપર પાણી છાટે, અથવા રેડે, અથવા તેની ઇચ્છા હોય તો તેને પાણીમા બોળે અને કહેશે:—

બાપ, તથા દિકરા, તથા પવિત્ર આત્માને નામે હું તમને બાપ્તિસ્મા આપું છું. આમેન.

પછી બધા ઘુંટણીએ પડીને પ્રભુની પ્રાથના કરે:—

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર

તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યાં છે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભૂંડાથી અમારો છુટકો કર; કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

૩. મંડળીમાં પ્રોબેશનરો તરીકે દાખલ કરવાની ક્રિયા.

FORM FOR RECEPTION OF PROBATIONERS.

જેઓ પ્રોબેશનરો તરીકે મંડળીમાં દાખલ થવાના છે તેમના નામ લઇને, આગળ બોલાવીને પાળક સભાને નીચે પ્રમાણે કહેશે:—

વ્હાલા ભાઇઓ, કોઇને પણ ઉતાવળથી મંડળીમાં દાખલ કરવામાં ના આવે, માટે જેઓ વિશ્વાસની કબુલાત કરીને આપણી સાથેની સંગત માગે છે તેઓને તૈયારી કરનાર સભાસદપણામાં તપાસપર આપણે દાખલ કરીએ છીએ, કે તેમાં તેમની ખાત્રીના ખરાપણા તથા નવા જીવનમાં ચાલવાના તેમના ઇરાદાની મજબુતી, એની સાબીતી તેમને પોતાને તથા મંડળીને મળી શકે.

જે માણસો ત્યાં હાજર છે, તેઓ એવી રીતે દાખલ થવા ચાહે છે. તેઓને જે સવાલ પૂછવામાં આવશે તેના જવાબ તમે સાંભળશો; અને જો તમે વાંધો નહિ લો તો તેમને દાખલ કરવામાં આવશે.

તોપણ તમારે માથે જે જવાબદારી છે તે વિષે તમને યાદ દેવડાવવાની જરૂર છે, કેમકે પહેલાં તમે વદ

પવિત્ર સંગતમાં દાખલ થઈને તેઓઆ મંડળી દર્શાવે છે, કે જેમાં તેઓ દાખલ થવા ચાહે છે. તેઓ તો અનુભવ વગરનાં છે, અને ઇસુ ખ્રીસ્તના સારા સીપાઇ થવાને તેમને કેટલું બધું શીખવું જોઇએ, એ તમે યાદ રાખો, કે તેમારામાં તેઓ જીવનનો પવિત્ર નમુનો જુએ અને તેમના તથા આપણા પ્રભુની ખરી સેવા કરવાને ખરી પ્રેમી મદદ તમારાથી મળે, એવું કરો. હું તમારી વીનંતિ કરૂં છું કે, તમે તમારૂં પોતાનું જીવન એવી રીતે સ્થાપિત કરો કે તેઓને તમારાથી કંઇ હાની ના પહોંચે, પણ આ સંગતમાં દોરાયાને લીધે દેવનો આભાર માન્ય કરવાને તેમને હમેશાં કારણ મળે.

પછી જે માણસો પ્રોબેશનરો તરીકે દાખલ થવા ચાહે તેમને પાળક કહેશે:—

વ્હાલાઓ, દેવની દયાથી તમે ખ્રીસ્તનાં પગલાંમ ચાલવા તથા તેની સેવા કરવાને પાકો ઠરાવ કીધો છે. એમ કરવામાં તમારો જે ભરોસો તે તમારામાં કંઇ લાયકી કે યોગ્યતા છે તે પર રાખવાનો છે, એવા વિચારથી નહિ, પણ તે ફકત આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના પૂણ્ય પર તથા તેના મરણ તથા આપણે સારૂ તે મધ્યસ્થી કરે છે તે પર રાખવાનો છે.

મંડળી તમારો ઇરાદો સમજે તેટલા માટે હું હમણા જે સવાલો પુછું તેના જવાબ આપોઃ

તમારાં પાપથી મુક્ત થવાની તમારી આતુર ઇચ્છા છે?

જવાબ—હા, છે.

પાદરી—દેવના આત્માના શિક્ષણ વિરૂદ્ધ જે જે વાતો હોય તેથી તમે સંભાળીને રહેશો, અને દેવની આજ્ઞા પ્રમાણે ચાલીને પવિત્ર જીંદગી ગુજારવાને પ્રયત્ન કરશો?

જવાબ—એ પ્રમાણે ચાલવાને હું પ્રયત્ન કરીશ.

પાદરી—સેવા કરવા માટે કૃપાનાં જે ઠરાવેલાં સાધનો છે તેપર, તથા દેવની ખાનગી તથા જાહેર સેવામાં માન-યુક્ત લક્ષ આપવાનો તમે ઇરાદો કીધેલો છે ?

જવાબ—દેવની મદદ વડે એમ કરવાનો મેં નક્કી ઠરાવ કર્યો છે.

કશો વાંધો નહિ લેવાથી પાદરી પ્રોબેશનરોને દાખલ થએલા જાહેર કરશે અને વર્ગો પ્રમાણે તેમની વહેંચણી કરશે. પછી પાદરી પ્રાર્થના કરે.

૪. મંડળીના પૂર્ણ સભાસદપણામાં દાખલ કરવાની ક્રિયા.

FORM FOR RECEPTION INTO FULL MEMBERSHIP.

ઠરાવેલે દહાડે જેટલા મંડળીમાં દાખલ કરવાના હોય તેમને આગળ બોલાવીને પાળક મંડળીને કહેશેઃ—

વહાલા ભાઇઓ, શાસ્ત્ર આપણને શીખાડે છે કે મંડળી દેવનું ઘરકુટુંબ છે, જેના શરીરનું શિર ખ્રીસ્ત છે; અને જેઓ ખ્રીસ્તમાં છે તે બધાંને એકમાં ભેગાં કરવાં એ સુવાર્તાનો હેતુ છે. જે સમાગમ મંડળીના સભાસદો એક બીજા સાથે ભોગવે છે તે મંડળીની સંગત છે. આ સંગતનો હેતુ આ છે કે, શુદ્ધ મત તથા ખ્રીસ્તી સેવાની વિધિઓ રાખવી; અને ધાર્મિક શીખામણ તથા શિક્ષાનો અધિકાર ખ્રીસ્તે પોતાની મંડળીને પવિત્રાઇની વૃદ્ધિને સારૂ સ્વાધિન કીધા છે તે ચલાવા.

આ સંગતમાં જોડાવાની બધાં માણસોની ફરજ છે, કેમકે જેઓ "પ્રભુના ઘરમાં રોંપાયે" ફક્ત "તેઓ આપણા દેવનાં વાડામાં આબાદી પામશે." વિશેષ ફરજો

તે એ છે કે, એથી શાંતીને ઐક્યતા વધે; એક બીજાના ભારો સહેવામાં આવે; એક બીજાની ઠોકરો અટકાવાય; તેમના પોતામાં મિત્રાઇના મંડળનું નિકટપણું સોધે; વિશ્વાસમાં તથા સુવાર્ત્તાની સેવામાં દૃઢ થવું; અને એક બીજાની સાથે પ્રાર્થના તથા દુઃખ સુખમાં ભાગ લેવો. તેમાં દેવનું વચન સાંભળવાથી તથા તેનાં વિધિઓમાં ભાગ લેવાથી પવિત્રાઇને માટે ખાસ ઉત્તેજન મળે છે; તેમને પાળકોની ચોકસાઇની સંભાળમાં રાખવાથી; તથા જેઓ વિશ્વાસના ઘરકુટુંબના છે ફક્ત તેમનેજ આશીર્વાદના સુખાનુભવનું વચન આપેલું છે તે તેઓ અનુભવે છે.

જે માણસો તમારી આગળ છે, જેઓ બાપ્તિસ્માનો પવિત્ર સંસ્કાર પામ્યા છે, તથા જેઓ લાયક ભલામણ લાવે છે. તેઓ આ પવિત્ર સંગતમાં દાખલ થવાને સારૂ આવે છે. હવે, દેવની બિહિકથી, તેમના વિશ્વાસ તથા ઇરાદા વિષે સવાલ પૂછવાનો અમારો ઇરાદો છે, કે જેથી કરીને તમે જાણો કે તેઓ મંડળીમાં દાખલ કરવાને યોગ્ય માણસો છે.

પછી દાખલ થવા માટે અરજદારોને પુછતાં પાળક કહેશે.—

વ્હાલાઓ, મંડળીમાં સંગત કરવાનો, જે મોટો ખાસ હક આપણા તારનારે પોતાના લોહીથી ખરીધો છે, તે મેળવવાને તમે હ્યાં આવ્યા છો. અમે દેવની કૃપાને લીધે આનંદ કરીએ છીએ, કે તેણે કૃપા કરીને પોતાની પાછળ ચાલવાને તમને તેડયા. ખ્રીસ્તની મંડળીમાં સભાસદપણાના ખાસ હકો કેવા આશીર્વાદીત છે, તથા ફરજો કેવી ગંભીર છે, તે તમે સાંભળ્યું છે; અને તમને એમાં પૂરી રીતે દાખલ કરવામાં આવે તે પહેલાં તમે, હ્યાં હેઠળના જવાબ આપીને, જાહેર રીતે તમારી માનતા ફરીથી કરી જાઓ અને તમારો વિશ્વાસ કબુલ કરો તથા તમારો ઇરાદો પ્રસિદ્ધ કરો એ બાજગી છે:

શું, તમે આં દેવની તથા આ સભાની હાજરીમાં બાપ્તિસ્માના કરારમાં જે ગંભીર વચનનો સમાવેશ થએલો છે તે સ્વીકારતાં તથા તેને પુષ્ટી આપતાં ફરીથી તેની કબુલાત આપો છો, અને તેથી વિશ્વાસુપણે બંધાવાનું તથા તે કરાર પાળવાનું કબુલ કરો છો?

જવાબ—હા, કબુલ કરૂં છું.

પાળક—શું, પ્રભુ ઇસુ ખ્રીસ્તપર તમારો મુક્તિ મળે એવો વિશ્વાસ છે?

જવાબ—હા, છે; એવો મારો ભરોસો છે.

પાળક—મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના મતમાં જે પવિત્ર શાસ્ત્રના સિદ્ધાંતો તે તમે માનો છો?

જવાબ—હા, હું માનું છું.

પાળક—શું, તમે ખુશીથી મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના ધારાઓથી બંધાઇને રહેશો, અને દેવની વિધિઓને પવિત્ર પાળશો, તથા તમારા ભાઇઓની સુખ શાંતિ વધે તથા તમારા તારનારના રાજ્યની વૃદ્ધિ થાય તેને માટે તમારો બનતો પ્રયત્ન કરશો?

જવાબ—હા, હું કરીશ.

પાળક—શું, સુવાર્ત્તા તથા મંડળીનાં જુદા જુદા પરોપકારી ખાતાના નિભાવને અર્થે તેના ઉઘરાણામાં તમારૂં દૈહિક દ્રવ્ય આપશો?

જવાબ—હા, હું આપીશ.

પછી પાળક મંડળીને કહેશે કે:—

ભાઇઓ, આ માણસોએ અમારી તપાસના સવાલના જવાબમાં સંતોષકારક ઉત્તર આપ્યા છે. હવે એ આ મંડળીમાં પૂરા સભાસદપણામાં શા માટે દાખલ ના કરાય, તેનું તમારામાંથી કોઇ કંઇ કારણ બતાવી શકે છે?

કશો વાધો નહિ હોવાથી પાળક ઉમેદવારોને કહેશે કેઃ—

અમે તમને દેવની મંડળીની સંગતમાં વધાવી લઇએ છીએ; અને અમારા આપણા ખ્રીસ્તી પ્રેમની સાક્ષી તરીકે, તથા અમે તમારો જે અંતઃકરણપુર્વક અંગીકાર કરીએ છીએ તેની સાક્ષી માટે, હું તમને મેળાપનો જમણો હાથ આપું છું; અને દેવ એવું કરો કે જયજયકાર મંડળીની સંગતમાં તેડાઓ ત્યાં લગી મંડળીના તમે વિશ્વાસુ તથા ઉપયોગી સભાસદ રહો.

પછી પાળક પ્રાર્થના કરાવે.

૫. પ્રભુ ભોજન આપવાની ક્રિયા.

ORDER FOR THE ADMINISTRATION OF THE LORD'S SUPPER.

[જે કંઇ કૃત્ય કરવાને લીધે આપણે આપણા સભાસદો માંના કોઇને મંડળીમાંથી કાઢી મુકીએ તેવા કૃત્યના કોઇ પણ ગુન્હેગારને આપણા મધ્યે પ્રભુ ભોજન પામવા દેવું નહિ.]

એલ્ડર, નીચે લખેલીની એક અથવા વધારે કલમો વાંચશે; અને વાંચતી વખતે જે માણસો આ કામને માટે ઠરાવેલા હોય, તેઓ ગરીબોને માટે ઉઘરાણું લેશે.

તેમ તમે તમારૂં અજવાળું લોકની આગળ એવું પ્રકાશવા દો એ માટે કે, તેઓ તમારી રૂડી કરણીઓ જુએ, ને આકાશમાંના તમારા બાપનો મહિમા કરે. (માત્થી ૫: ૧૬.)

પૃથ્વીપર પોતાને સારૂ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરે છે. પણ તમે પોતાને સારૂ, આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો

ખાતર પાડીને ચોરતા નથી. (માત્થી ૬:૧૯, ૨૦.)

માટે જે જે તમે ચાહો છો કે બીજાં માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો, કેમકે નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓ [નો સાર] છે. (માત્થી ૭: ૧૨).

જે મને, પ્રભુ, પ્રભુ, કહે છે, તે સર્વ આકાશના રાજ્યમાં પેસશે એવું નહિ, પણ જે મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે કરે છે તે પેસશે. (માત્થી ૭: ૨૧.)

જાખીએ ઉભા રહીને પ્રભુને કહ્યું કે, પ્રભુ, જુઓ, હું મારી સંપતનો અરધો ભાગ દરિદ્રીઓને આપું છું, ને જો મેં કોઇનો અન્યાય કીધો હોય, તો હું ચોગણું પાછું આપું છું (લુક ૧૯: ૮.)

જે કૃપણુતાએ વાવે છે, તે કૃપણુતાએ લણુશે; ને જે ઉદારપણાએ વાવે છે, તે ઉદારપણાએ લણુશે. જેમ પ્રત્યેકે પોતાના હૃદયમાં અગાઉ ઠરાવ્યું, તેમ આપવું; ખેદથી નહિ, ને અગત્યથી નહિ; કેમકે સંતોષથી દેનાર પર દેવ હેત રાખે છે. (૨ કરીંથી. ૯: ૬, ૭.)

એ માટે આપણે જેમ પ્રસંગ મળે તેમ બધાઓનું, પણ વિશેષે કરીને વિશ્વાસના કૂટુંબનાં જે છે, તેઓનું, સારૂં કરિયે. (ગલાતી. ૬: ૧૦.)

પણ સુભક્તિ સંતોષસહિત મોટો લાભ છે; કેમકે આપણે આ જગતમાં કંઇ લાવ્યા નથી ને તેમાંથી કંઇ લઇ જવાતું નથી. (૧ તીમોથી ૬: ૬,૭.)

આ કાળના દ્રવ્યવાનોને હઠેઠથી કહે કે, તેઓ અહંકાર ન કરે, ને દ્રવ્યના અસ્થિરપણા પર નહિ, પણ જે જીવતો દેવ આપણુને સુખાનુભવ સારૂ દ્રવ્યરૂપ સર્વ આપે છે તે પર આશા રાખે; કે તેઓ સારૂં કરે, ઉત્તમ કામો વિષે દ્રવ્યવાન થાય, ઉદાર ને પરોપકારી થાય; આવતા કાળને

સારૂ પોતાને વાસ્તે પુંજીરૂપી સારો પાયો નાખે, એ માટે કે જે ખરેખરૂં જીવન તે તેઓ પામે. (૧ તીમોથી ૬: ૧૭—૧૯.)

દેવ અન્યાયી નથી, કે તે તમારા કામ તથા પ્રીતિને વિસરે; એટલે જે [પ્રીતિ] તેના નામને સારૂ તમે કરી દેખાડી છે તે; કેમકે તમે પવિત્રોની સેવા કીધી છે, ને કરો છો. (હેબ્રી. ૬: ૧૦.)

ઉપકાર કરવાનું તથા દાન વહેંચી આપવાનું તમે ભુલો મા, કેમકે એવા અર્પણથી દેવ બહુ સંતુષ્ટ થાય છે. (હેબ્રી. ૧૩: ૧૬.)

પણ જેની પાસે આ જગતનું દ્રવ્ય હોય, ને પોતાના ભાઇને ગરજ છે એવું જોઇને તે પર પોતાની દયા બંધ કરે, તો તેમાં દેવની પ્રીતિ શી તરેહ રહે છે? (૧ યોહાન ૩: ૧૭.)

ગરીબપર દયા રાખનાર યહોવાહને ઉછીનું આપે છે: ને તે તેને તેના સુકૃત્યનો બદલો આપશે. (દૃષ્ટાંત. ૧૯: ૧૭.)

જે દરિદ્રીની ચિંતા કરે છે તેને ધન્ય છે; ભુંડાઇના દિવસમાં યહોવાહ તેને છોડાવશે. (ગીતશાસ્ત્ર ૪૧: ૧)

તારે તારા દરિદ્રી પ્રત્યે જરૂર હાથ ખુલ્લો રાખવો. (પુનર્નિયમ ૧૫: ૧૧).

લોકો ઉભા થાય પછી એલ્ડર નીચે પ્રમાણે નહોતરૂ આપે:—

જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે, એટલે ઇસુ ખ્રીસ્ત જે ન્યાયી છે તે. અને તે આપણાં પાપ વિષે પ્રાયશ્ચિત છે, ને કેવળ આપણાં વિષે નહિ, પણ આખા જગત વિષે તે પ્રાયશ્ચિત છે.

એજ માટે તમે, જેઓ ખરાપણા તથા આતુરતાથી પો-નાનાં પાપોનો પસ્તાવો કરો છો, અને પોતાના પાડોશીઓની સાથે પ્રેમ:તથા પરોપકાર બુદ્ધિમાં રહો છો અને દેવની આજ્ઞાઓ પાળી હમણાંથી તેના પવિત્ર માર્ગોમાં ચાલીને, નવી જીંદગી ગુજારવાનો મનસુબો કરો છો, તમે વિશ્વાસથી પાસે આવો અને આ પવિત્ર સંસ્કાર પોતાના દિલાસાને માટે લો; અને ભક્તિ-ભાવે ઘુંટણે પડીને સર્વ શક્તિવાન પરમેશ્વરની આગળ પોતપોતાની નમ્ર કબુલાત કરો.

ત્યારે જેઓ પ્રભુ ભોજન લેવા ચાહે તે બધાને નામે પાદરીએ નીચે લખેલી કબુલાત કરવી, તે તથા સર્વ લોકો ભક્તિભાવે ઘુંટણે પડીને કહે કે:—

સર્વ શક્તિવાન દેવ, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તના બાપ, સર્વના ઉત્પન્ન કરનાર, સઘળા માણસોના ન્યાયાધીશ, અમે અમારાં અતિ ઘણાં પાપો તથા દુષ્ટતા જે અમે વખતો-વખત વિચાર, શબ્દ તથા કૃત્યથી તારા ઇશ્વરી મહિમાની વિરૂદ્ધ ત્રાસદાયક રીતે કર્યાં છે, કે જેને લીધે તારો પુરો વાજબી ક્રોધ તથા ધિક્કારયુક્ત કોપ અમારા પર ચઢયા છે, તે બધાં અમે ખેદ સહિત કબૂલ કરીએ છીએ. અમારાં આ દુષ્ટ કૃત્યોને લીધે અમે આતુરતાથી પસ્તાવો તથા અંતઃકરણથી શોક કરીએ છીએ; તેના સ્મરણથી અમને બહુ દુ:ખ લગે છે. અતિ દયાળુ બાપ, અમારા પર દયા કર; અમારા પર દયા કર; તારા દીકરા અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને લીધે અમારા થએલા સઘળા અપરાધો માફ કર; અને એવું બક્ષ કે હમણાંથી સદા સુધી અમે નવા જીવ-નમાં તારી સેવા બજાવીએ ને તને પ્રસન્ન કરીએ, એ માટે કે તારા નામને માન તથા મહિમા થાય, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુની મારફતે. આમેન.

ત્યારે એલ્ડર કહે કેઃ—

સર્વ શક્તિવાન દેવ, અમારા આકાશમાના બાપ, જેણે તારી અપાર કૃપાને લીધે જે કોઇ ખરા અંતઃકરણના પશ્ચાતાપથી તથા સાચા વિશ્વાસથી તારી તરફ ફરે છે તે સઘળાને પાપની માફી આપવાનું વચન આપ્યું છે, તું અમારા પર દયા કર; અમારાં બધાં પાપો માફ કર ને તેઓથી અમારો છુટકો કર; સર્વ સારાપણામાં અમોને દૃઢ તથા બળવંત કર; અને અમોને અનંત જીવનમાં પહોંચાડ, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તની મારફતે. આમેન.

સર્વ માટેની પ્રાર્થનાઃ—

સર્વ શક્તિવાન દેવ, જેની આગળ સઘળાં અંતઃકરણ ઉઘાડાં છે, ને જેને સઘળી ઇચ્છાઓની જાણ છે, અને જેનાથી કંઇ ગુપ્ત વાત છાની રખાતી નથી. તું અમારાં અંતઃકરણના વિચારો પવિત્ર આત્માની પ્રેરણાથી શુદ્ધ કર, એ માટે કે અમે તારાપર સંપૂર્ણ પ્રીતિ રાખીએ અને તારા પવિત્ર નામને લાયક વખાણ દઇએ, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તની મારફતે. આમેન.

ત્યારે એલ્ડર કહે કેઃ—

દયાળુ દેવ, અમે પોતાના ન્યાયીપણાપર ભરોસો રાખીને તારી આ મેજની પાસે આવીએ છીએ એમ તો નહિ, પણ તારી અપાર તથા મોટી દયાપર ભરોસા રાખીને આવીએ છીએ. જે કકડા તારી મેજ પરથી પડે છે તે એકઠા કરી લેવાને માટે પણ અમે યોગ્ય નથી. પણ દેવ જેનો ગુણ સદા દયા કરવાનો છે તે તુંજ છે. માટે કૃપાળુ પ્રભુ, અમોને એવું કર કે, અમે એવી રીતે તારા પ્રિય

પુત્ર ઇસુ ખ્રીસ્તનું શરીર ખાઇએ ને તેનું લોહી પીએ કે તેથી અમે જીવીએ તથા વૃદ્ધિ પામીએ, અને એવું પણ કે, તેના અતિ મૂલ્યવાન લોહીથી શુદ્ધ કરાઇને અમે તેમાં સર્વ કાળ સુધી રહીએ તથા તે અમારામાં રહે. આમેન.

ત્યારે એલ્ડર નીચે પ્રમાણે પવિત્ર કરવાની પ્રાર્થના કરેઃ—

સર્વ શક્તિમાન દેવ, અમારા સ્વર્ગમાંના બાપ, તેં પોતાની કોમળ દયાથી અમારા તારણને માટે પોતાના એકના એક પુત્ર ઇસુ ખ્રીસ્તને વધસ્તંભપર મરણ ભોગવવા સારૂ આપ્યો; અને તેણે ત્યાં પોતાના એક વેળા કીધેલા અર્પણથી, આખી દુનિયાના પાપોને માટે પુરાં, સંપૂર્ણ તથા જરૂર જેટલાં યજ્ઞ, પ્રાયશ્ચિત તથા બદલો કીધાં; અને તેણે પોતાનાં મૂલ્યવાન મરણની હમેશની યાદગીરી સ્થાપન કરીને પોતાની પવિત્ર સુવાર્ત્તામાં આ આજ્ઞા આપી છે કે, મારા ફરી આવ્યા સુધી તમે તે પાળ્યા કરો. માટે હે દયાળુ બાપ, અમારી દીન વિનંતિ છે કે, તું અમારૂં સાંભળ અને એવું કર કે, અમે તારી સૃજેલી વસ્તુઓમાંના આ રોટલી તથા દ્રાક્ષરસ, તારા પુત્ર અમારા ત્રાતા ઇસુ ખ્રીસ્તની પવિત્ર સ્થાપના પ્રમાણે, તેના મરણ તથા વેદનાની યાદગીરી અર્થે લઇને તેના અતિ આશિર્વાદિત શરીર તથા લોહીનાં ભાગીઆં થઇએ. જે રાતમાં તે પરસ્વાધીન કરાયો તેજ રાત્રે તેણે રોટલી લીધી,* અને સ્તુતિ કરીને ભાંગી, ને પોતાના શિષ્યોને આપતાં કહ્યું કે, લો ખાઓ, એ મારૂં શરીર છે, જે તમારે સારૂં ભંગાએલું છે; મારી યાદગીરીને સારૂ એ કરો. અને એમજ ભોજન કર્યા પછી,

* હા એલ્ડર પોતાના હાથમાં રોટલીની થાળી લે.

તેણે વાટકો પણ લઈને,* અને સ્તુતિ કરીને તેઓને આપતાં કહ્યું કે, તમે સહુ એમાંથી પીઓ, કેમકે એ નવા કરારનું મારૂં લોહી છે, જે પાપોના નિવારણને માટે તમારે તથા ઘણાને સારૂ વહેવડાવાય છે; તમે જેટલી વાર એ પીઓ છો તેટલી વાર મારી યાદગીરીને અર્થે એ કરો. આમેન

* હાં એલ્ડર પોતાના હાથમાં વાટકો લે.

ત્યાર પછી પ્રભુ ભોજનની બન્ને પ્રકારની વસ્તુઓને લે અને ત્યારે જે બીજા કોઇ પાદરીઓ હાજર હોય તો તેઓને પણ તે એ આપે અને ત્યાર પછી તે કહે કે --

હે પ્રભુ, પવિત્ર બાપ, સર્વ શક્તિવાન, સનાતન દેવ, અમે સર્વ વખતે તથા સર્વ જગ્યાએ તારી ઉપકાર સ્તુતિ કરીએ, એ લાયક, ઘટીત તથા અમારી આવસ્યક ફરજ છે. તે માટે દૂતો ને પ્રમુખ્ય દૂતોની સાથે, તથા આખી આકાશમાંની મંડળીની સાથે અમે સર્વકાળ સુધી તારી સ્તુતિ કરતાં, અને પવિત્ર, પવિત્ર, પવિત્ર, સૈન્યોના પ્રભુ, આકાશ તથા પૃથ્વી તારા મહિમાથી ભરેલી છે, એમ કહેતાં તારૂં મહિમાવંત નામ સ્તવીએ તથા મોટું મા ીએ. હે પરમ પરાત્પર પ્રભુ, તને મહિમા થાઓ. આમેન.

ત્યાર પછી લોક ઘુંટણે પડે અને પાદરી તેઓના ઉઘાડા હાથમાં અનુક્રમે પ્રભુ ભોજનની વસ્તુઓ આપે, અને રોટલી આપતાં તે કહે કે —

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનું શરીર, જે તારે સ રૂ અપાએલું હતું, તે તારા આત્મા તથા શરીરને અનન્ત જીવન સુધી સાચવી રાખે. ખ્રીસ્ત તારે વાસ્તે મુઓ, તેની યાદગીરીમાં આ લે અને ખા; અને વિશ્વાસથી તારા અંતઃકરણમાં ઉપકારસ્તુતિ સાથે તેને ખાઇને જીવ.

અને જે પાદરી વાટકો આપે તે કહે કે:—

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનું લોહી, જે તારે સારૂ વહેવડાએલું હતું, તે તારા આત્મા તથા શરીરને અનન્ત જીવન સુધી સાચવી રાખે. ખ્રીસ્તનું લોહી તારે સારૂ વહેવડાવાએલું હતું. તેની યાદગીરીમાં આ પી અને આભારી થા.

[જો બધાને આપ્યા પહેલાં પવિત્ર કરેલી રોટલી અથવા દ્રાક્ષરસ ખલાસ થાય તો એલ્ડર પવિત્ર કરવાની પ્રાર્થના બોલીને બીજા વધારે પવિત્ર કરે.]

[બધાને આપી રહ્યા બાદપાદરી બાકી રહેલી રોટલી અને દ્રાક્ષરસ પ્રભુની મેજ પર રાખીને તે પર સાફ લુગડું રાખે]

ત્યારપછી એલ્ડર પ્રભુની પ્રાર્થનાકરે; અને લોકો ઘુંટણે પડીને તેની પાછળ હરેક વિનંતિ બોલે કેઃ—

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ. તારૂ રાજ્ય આવો. જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પુરી થાઓ દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યાં છે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર કેમકે રાજ્ય, તથાં પરાક્રમ, તથા મહિમા, સર્વકાળ સુધી તારાં છે. આમેન.

ત્યાર પછી નીચે પ્રમાણે કહેવામાં આવે.—

હે પ્રભુ અમારા આકાશમાંના પિતા, અમે તારા દાન સેવકોની વિનંતિ છે, કે તું તારી પિતાતુલ્ય કૃપા વડે, અમારી આ સ્તુતિ અને ઉપકારનું અર્પણ દયા કરીને કબૂલ કર; અમે ઘણીજ નમ્રતા સાથે તારી વિનંતી કરીએ છીએ કે તું એવું બક્ષ કે, તારા પુત્ર ઇસુ ખ્રીસ્તના પુણ્ય તથા મોતને લીધે અને તેના રક્તપરના વિશ્વાસને લીધે, અમે તથા તારી

આખી મંડળી અમારાં પાપોની માફી, અને તેની વેદનાના બીજાં બધા લાભો મેળવી લઇએ. અને હે પ્રભુ, અમે અહિં પોતપોતાને, અમારા આત્મા તથા શરીરોને, તને અર્પણ કરીને આપીએ છીએ કે બુદ્ધિસંપન્ન, જીવતું તથા પવિત્ર અર્પણ અમે થઈ જઇએ. અને અમે નમ્રતા પૂર્વક વિનંતિ કરીએ છીએ કે, અમે, જેઓ આ પવિત્ર સંગતના ભાગીદાર છીએ, અમે બધાં તારી કૃપા અને આકાશી આશીર્વાદથી ભરપૂર થઈ જઇએ. અને અગર જો અમે, પોતાનાં અતિ ઘણાં પાપોને લીધે, તને કોઇ પણ અર્પણ કરવાને લાયક ન હોઇએ તો પણ અમે તારી વિનંતિ કરીએ છીએ, કે અમારા પુણ્યને નહિ તોળીને, પણ અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને લીધે અમારા અપરાધોને માફ કરીને, તું આ અમારી આવશ્યક ફરજ તથા સેવાનો સ્વીકાર કર; જે ખ્રીસ્તથી, અને જેની સાથે, પવિત્રાત્માની ઐક્યતામાં, સઘળા માન અને મહિમા, હે સર્વ શક્તિમાન તથા સનાતન પિતા, અનંતકાળ સુધી તને હોજો. આમેન.

પછી નીચે પ્રમાણે કહેવા કે ગાવામાં આવે:—

પરમ ઉંચામાં દેવને મહિમા, તથા પૃથ્વીમાં જે માણસો વિષે તે પ્રસન્ન છે તેઓ મધ્યે શાંતિ. હે પ્રભુ પરમેશ્વર, સ્વર્ગના રાજા, સર્વ શક્તિમાન દેવ પિતા, અમે તને વખાણીએ છીએ, અમે તારૂં સ્તવન કરીએ છીએ, અમે તારૂ ભજન કરીએ છીએ, અમે તારો મહિમા માનીએ છીએ. તારા મહાન મહિમાને માટે અમે તારો ઉપકાર માનીએ છીએ.

હે પ્રભુ, એકાકીજનિત દીકરો ઇસુ ખ્રીસ્ત, ઓ પ્રભુ દેવ, દેવના હલવાન, પિતાના દીકરા, જે જગતનું પાપ હરણ કરનાર છે, તું અમપર દયા કર. જગતનું પાપ જે હરણ કર-

નાથ, તું અમારી પ્રાર્થનાનો સ્વીકાર કર. દેવ પિતાને જમણે હાથે જે બેઠેલો, તું અમ પર દયા કર. કારણ કે તુંજ એકલો પવિત્ર છે; તુંજ એકલો પ્રભુ છે; તુંજ એકલો, હે ખ્રીસ્ત, પવિત્રાત્માની સાથે, દેવ બાપના મહિમામાં પરમ ઉંચામાં છે. આમેન.

> ત્યાર પછી જો અનુકૂળ પડે તો એલ્ડર પોતાની મરજી પ્રમાણેની પ્રાર્થના કરે; અને પછી નીચેનો આશીર્વાદ માગી તે લોકોને વિદાય કરે.

દેવની શાંતિ, જે સર્વ સમજણ કરતાં અધિક છે, તે તમારાં અંતઃકરણો તથા મનોને દેવ, તથા તેના દિકરા પ્રભુ ઇસુ ખ્રીસ્ત, આપણા પ્રભુનાં જ્ઞાન તથા પ્રીતિમાં રાખો; અને સર્વ શક્તિવાન દેવ, બાપ, દીકરા તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારામાં થાઓ અને તમારી સાથે સદા રહો. આમેન.

[સૂચના—જો વડીલને નિયમસર ભોજન આપવાને વખત ઓછો હોય તો તે નોતરૂં, કબૂલાત, અને પવિત્ર કરવાની પ્રાર્થના સિવાય પદ્ધતિનો કોઈ પણ ભાગ પડતો મુકે; અને માંદાને આપતાં, કબૂલાત, પવિત્ર કરવાની પ્રાર્થના અને રોટલી તથા દ્રાક્ષરસ આપતી વખતે નિયમ પ્રમાણેનાં વાક્યો સિવાય પદ્ધતિનો કોઇ પણ ભાગ પડતો મુકે, અને પ્રભુની પ્રાર્થના, પોતાની મરજી પ્રમાણેની પ્રાર્થના તથા આશીર્વાદથી તે સમાપ્ત કરે]

——:o:——

૬. લગ્ન કરવાની ક્રિયા.

FORM FOR THE SOLEMNIZATION OF MATRIMONY.

લગ્નના ઠરાવેલા દિવસે તથા વખતે માણસોનું લગ્ન થવાનું છે તેઓ કાયદેસર લાયક કર્યા બાદ પુરૂષ જમણે હાથે અને સ્ત્રી ડાબે હાથે ઉભા રહે, ને પાદરી કહેશેઃ—

ઘણાંજ વ્હાલાંઓ, આપણે પરમેશ્વરની સમક્ષ અને આ સાક્ષીઓની હજુરમાં આ પુરૂષ તથા આ સ્ત્રીને પવિત્ર લગ્નમાં જોડવાને આં ભેગાં મળેલાં છીએ. લગ્ન એ માન્યુક્ત સ્થિતિ છે, કે જે મનુષ્યના નિર્દોષપણાના સમયમાં દેવે સ્થાપિત કરી છે; અને ખ્રીસ્ત તથા તેની મંડળીની વચ્ચે જે ગુપ્ત સંબંધ રહેલો છે, તેનું આ ચિન્હ છે. ગાલીલના કાના ગામમાં ખ્રીસ્તે આ પવિત્ર સ્થિતિને પોતાની હાજરીથી તથા પોતાના પહેલવહેલા કરેલા ચમત્કારથી શોભા આપીને પ્રતિષ્ઠિત કરી, અને પ્રેરિત પાઉલ વખાણ કરીને કહે છે કે, લગ્ન કરવું એ સર્વે માણસોને માટે માનયુક્ત છે. માટે કોઈ માણસે અવિચારથી નહિ, પરંતુ આદર સહિત ચોકસાઇથી અને પરમેશ્વરની બિહીક રાખીને લગ્ન કરવું.

આ બે માણસો લગ્નની પવિત્ર સ્થિતિમાં જોડાવાને આવ્યાં છે. એ માટે જો કોઇ અટકાવનું ખરૂં કારણ રજુ કરી શકે કે જેથી તેઓનાં લગ્ન કાયદેસર ન થાય, તો તે હમણા કહે, નહિ તો હવે પછી હમેશાં ચુપ રહે.

ત્યાર પછી પાદરી, જે માણસોનું લગ્ન થવાનું છે, તેઓને કહેશે.—

હું તમને બન્ને આજ્ઞા કરૂં છું, કે તમારૂં લગ્ન કાયદેસર થવામાં કંઇ બાધ હોય, એવું જો તમે જાણતાં હો, તો અત્યારે કબુલ કરો; કારણકે તમારી પૂર્ણ ખાત્રી થતી

જોઇએ કે પરમેશ્વરના શાસ્ત્ર વિરૂદ્ધ જેટલાં જોડાયે છે તેટલાંને પરમેશ્વર જોડતો નથી, તેમજ તેઓનું લગ્ન કાયદેસર નથી.

જો કંઇ બાધ ન હોય તો પાદરી પુરૂષને કહેશે—

અ—, શું તમે આ સ્ત્રીને તમારી પરણેલી પત્નિ તરીકે સ્વીકાર કરો છો, અને લગ્નની પવિત્ર સ્થિતિમાં પરમેશ્વરના નિયમ પ્રમાણે સાથે રહેશો? શું તમે માંદગીમાં અને તંદુરસ્તીમાં તેના ઉપર પ્યાર કરશો, તેને દિલાસો આપશો, માન આપશો તથા તેની સંભાળ લેશો, અને બધાનો ત્યાગ કરી, જ્યાં સુધી તમ બન્ને જીવશો ત્યાં સુધી તેનેજ વળગી રહેશો?

પુરૂષ પ્રત્યુત્તર આપશે—

હા, હું એમજ કરીશ.

પછી પાદરી સ્ત્રીને કહેશે—

બ—, શું તમે આ પુરૂષને તમારા પરણેલા પતિ તરીકે સ્વીકાર કરો છો, અને લગ્નની પવિત્ર સ્થિતિમાં પરમેશ્વરના નિયમ પ્રમાણે સાથે રહેશો? શું, તમે માંદગીમાં અને તંદુરસ્તીમાં તેના ઉપર પ્યાર કરશો, તેને માન આપશો તથા તેની સંભાળ લેશો; અને બધાનો ત્યાગ કરી, જ્યાં સુધી તમે બન્ને જીવશો ત્યાં સુધી તેનેજ વળગી રહેશો?

સ્ત્રી પ્રત્યુત્તર આપશેઃ—

હા, હું એમજ કરીશ.

પછી પાદરી પુરૂષને સ્ત્રીનો જમણો હાથ પોતાના જમણા હાથમાં પકડવાનું કહેશે, અને નીચે મુજબ બોલવાનું ફરમાવશે—

હું **અ**—, તમને **બ**—, મારી ખરી પરણેલી પત્નિ કરી લઉં છું, અને આજથી, મરણ આપણ બન્નેને જુદાં પાડે, ત્યાં સુધી, સારૂં કે નરસુ, સંપત્તિ કે વિપત્તિ, માંદગી કે તન્દુર-

સ્તીમાં, તમારી સાથે મળીને રહીશ, તમારાપર પ્રીતિ કરી તમારી સંભાળ રાખીશ, પરમેશ્વરના પવિત્ર કરાર મુજબ: અને એ કરવાને હું તમને મારું ગંભીર વચન આપું છું.

ત્યાર બાદ, બંન્ને પોતાના હાથ છોડી દઇને સ્ત્રી પોતાના જમણા હાથથી પુરૂષનો જમણો હાથ પકડીને પાદરીની પાછળ આ પ્રમાણે બોલશે:—

હું ચ—, તમને અ—, મારા ખરા પરણેલા પતિ કરી લઉં છું; અને આજથી, મરણ આપણ બંન્નેને જુદાં પાડે, ત્યાં સુધી, સારું કે નરસું, સંપત્તિ કે વિપત્તિ, માંદગી કે તન્દુરસ્તીમાં, તમારી સાથે મળીને રહીશ, તમારાપર પ્રીતિ કરી તમારી સંભાળ રાખીશ, પરમેશ્વરના પવિત્ર નિયમ મુજબ; અને, એ કરવાને હું તમને મારું ગંભીર વચન આપું છું.

પછી પાદરી નીચે પ્રમાણે પ્રાર્થના કરશે:—

ઓ સનાતન દેવ, સર્વ મનુષ્ય જાતના સૃજનાર અને રક્ષણ કરનાર, સર્વ આત્મિક કૃપાદાનોના દેનાર, અનંત જીવનના કર્ત્તા, તું તારા આ સેવકો ઉપર, એટલે આ પુરૂષ તથા આ સ્ત્રી, જેઓને અમે તારા નામથી આશીર્વાદ દઇએ છીએ, તેઓના ઉપર તારો આશીર્વાદ મોકલ; ને એમ કર, કે જેમ ઇસહાક તથા રીબકા પરસ્પર નિષ્કપટપણે સાથે રહ્યાં તેમ આ જોડા વચ્ચે પરસ્પર વચન આપી કરાર કરવામાં આવ્યો છે, તે પ્રમાણે તેઓ વર્ત્તે અને હમેશાં પૂર્ણ પ્રેમ અને શાંતિમાં સાથે રહે, અને તારા નિયમોને અનુસરીને ચાલે, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને લીધે. આમેન.

ત્યાર પછી પાદરી તેઓના જમણા હાથ મેળવીને કહેશે:—

એટલા માટે જેમ અ— અને ચ— એ આ પવિત્ર લગ્નની સ્થિતિમાં પોતાની આસપાસ અનુમતિ આપી છે, અને તે વિષે તેઓએ પરમેશ્વર અને આ મંડળી સમક્ષ સાક્ષી આપી

છે, અને એક બીજાએ હસ્ત મેળાપ કરીને કરાર પાળવાનું વચન આપ્યું છે, માટે હું, બાપ, દિકરા તથા પવિત્રાત્માને નામે, તમને ધણી અને ધણીઆણી કરી કહું છું. જેઓને પરમેશ્વરે જોડયાં છે તેઓને કોઇ માણસ જુદાં પાડે નહિ. આમેન.

પછી પાદરી આ આશીર્વાદ માગશે.—

પરમેશ્વર બાપ, દિકરા, તથા પવિત્રાત્મા તમોને આશીર્વાદ આપે, તમારૂં રક્ષણ કરે, અને તમારી સંભાળ રાખે; પ્રભુ તમારા ઉપર કૃપા કરી રહેમ નજર રાખે, અને તમોને સર્વ આત્મિક આશીર્વાદ તથા અનુગ્રહથી પરિપૂર્ણ કરે, એ માટે કે તમે આ જીંદગીમાં એવી રીતે સાથે રહો કે પરલોકમાં તમને અનંત જીવન પ્રાપ્ત થાય આમેન.

પછી પાદરી નીચે મુજબ પ્રાર્થના કરાવશે.—

હે ઇબ્રાહીમના દેવ, તથા ઇસ્હાકના દેવ, તથા યાકુબના દેવ, આ પુરૂપ તથા આ સ્ત્રીને આશીષ આપ, અને તેઓનાં અંતઃકરણોમાં અનત જીવનનું બી વાવ, એ માટે કે તારા પવિત્ર વચનોમાં, જે જે તેઓ પોતાના લાભને માટે અભ્યાસ કરે, તે પ્રમાણે તેઓ ચાલે. ઓ પ્રભુ, આકાશમાંથી તેઓ ઉપર કૃપા દૃષ્ટિ કરી, તેઓને આશીર્વાદ આપ. જેમ તેં ઇબ્રાહીમ અને સારાહને મોટા દિલાસાનો આશીર્વાદ આપ્યો તેવીજ રીતે આ પુરૂષ અને આ સ્ત્રી ઉપર પણ તારો આશીર્વાદ મોકલવાની કૃપા કર, કે તેઓ તારી આજ્ઞામાં રહીને અને તારા સંરક્ષણ તળે તેઓની જીંદગી પર્યંત તારા પ્રેમમાં ટકી રહે. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને લીધે.

સર્વ સમર્થ પરમેશ્વર, આરંભમાં તેં અમારા આદિ માતપિતા આદમ તથા હવાને ઉત્પન્ન કરીને તેમને પવિત્ર કરીને લગ્નમાં જોડયાં, તેવીજ રીતે તું આ બન્ને ઉપર તારી કૃપા ભરપૂરપણે

જોડીને પવિત્ર કરી આશીષ આપ, એટલા માટે કે તેઓ પોતાની જીંદગીભર પવિત્ર પ્રેમમાં સાથે રહી, શરીર તથા આત્મામાં તને પ્રસન્ન કરે. આમેન.

જો પાદરીની ઇચ્છા હોય તો તે આ પ્રસંગાનુંસાર પોતાની મરજી પ્રમાણે પ્રાર્થના કરે.

પછી પાદરી પ્રભુની પ્રાર્થના બોલશેઃ—

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ. તારૂં રાજ્ય આવો. જેમ આકાશમાં તેમ પૃથ્વીપર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યાં છે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર; અને અમને પરિક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. કેમકે રાજ્ય, તથા પરાક્રમ, તથા મહિમા, સર્વકાળ સુધી તારાં છે. આમેન.

૭. મરણ પામેલાંને દાટવાની ક્રિયા.

FORM FOR THE BURIAL OF THE DEAD.

મુડદાની આગળ ચાલીને પાળક કહેવું:—

પુનરૂત્થાન તથા જીવન હું છું: જે મારાપર વિશ્વાસ કરે છે, તે જો કે મરી જાય તોપણ જીવતો થશે. અને જે કોઇ જીવતાં મારાપર વિશ્વાસ કરે છે, તે કદી નહિજ મરશે. [યોહાન ૧૧: ૨૫, ૨૬.]

પણ હું જાણું છું કે મારો ખંડી લેનાર જીવે છે, ને તે આખરે પૃથ્વીપર ઉભો રહેશે; ને મારી ચામડીનો આવી રીતે નાશ થયા પછી પણ વગર શરીરે હું દેવને જોઇશ; તેને હું

પોતાની મેળે જોઇશ, ને મારી આંખો જોશે, ને બીજાની નહિ. [અયુબ ૧૯: ૨૫–૨૭.]

કેમકે આપણે આ જગતમાં કંઈ લાવ્યા નથી, ને તેમાંથી કંઈ લઈ જવાતું નથી. [૧ તીમોથી ૬: ૭.]

યહોવાહે દીધું, ને યહોવાહે લઇ લીધું છે; યહોવાહના નામને ધન્ય હો. [અયુબ ૧: ૨૧.]

ઘરમાં અથવા સભાસ્થાનમાં નીચે લખેલાં એક અથવા બન્ને ગીતો અથવા પવિત્ર શાસ્ત્રમાંનો કોઈ બીજો યોગ્ય ભાગ વાંચવામાં આવે:–

ગીતશાસ્ત્ર ૩૯.

મેં કહ્યું, હું મારા માર્ગોને સંભાળીશ, કે હું મારી જીભે પાપ ન કરૂં; દુષ્ટો મારી આગળ હોય ત્યારે હું મારૂં મુખ લગામથી કબજે રાખીશ. હું મુંગો થઇને છાનો રહ્યો, સારૂં બોલવાથી પણ હું છાનો રહ્યો; ને મારો શોક વધી ગયો. મારૂં હૃદય મારામાં તપ્ત થયું; હું વિચારમાં હતો ત્યારે આગ ઉઠી ને હું મારી જીભે બોલ્યો, હે યહોવાહ, મારો અંત તથા મારા આયુષ્યનું માપ તે કેટલું છે, એ મને જણાવ; હું કેવો ક્ષણ-ભંગુર છું તે હું જાણું. જો તે મારા દિવસ ચાર આંગળ જેટલા કીધા છે, ને મારૂ આયુષ્ય તારી આગળ શૂન્ય જેવું છે; નિશ્ચે દરેક માણસ પોતાની શ્રેષ્ઠ હાલતમાં છતાં તદન વ્યર્થ-પણું છે. નિશ્ચે પ્રત્યેક માણસ આભાસરૂપે ચાલે છે; નિશ્ચે તેઓ અમથા ગભરાય છે; તે સંગ્રહ કરે છે, અને કોણ ભોગવશે એ તે જાણતો નથી. અને હવે, પ્રભુ, હું શાની વાટ જોઉં? મારી આશા તારાપર છે. મારા સર્વ ઉલ્લંઘનથી મારો છુટકો કર; મૂર્ખોથી મારી મશ્કરી થાય, એવું ન કર. હું મુંગો રહ્યો, મેં મારૂં મુખ ઉઘાડયું નહિ, કેમકે તેં એ કીધું. તારો પીડાપાત મારાથી દુર કર; તારા હાથના ધક્કાથી મારો ક્ષય

થાય છે. તું માણસને તેના અન્યાયને લીધે ઠપકાથી શિક્ષા કરે છે, ત્યારે તું તેની સુંદરતાનો પતંગિયાની પેઠે નાશ કરે છે; નિશ્ચે દરેક માણસ વ્યર્થ છે. હે યહોવાહ, મારી પ્રાર્થના સાંભળ, ને મારી હાંકને કાન ધર; મારાં આંસુ જોઇને તું ચૂપ ન રહે; કેમકે હું તારી સાથે પરોણા તરીકે છું, જેમ મારા સર્વ પિતૃઓ હતા, તેમ હું પણ મુસાફર છું. હું અહીંથી જાઉં ને હતો ન હતો થાઉં ત્યાર પહેલાં મને દરગુજર કર કે હું બળ પામું.

ગીતશાસ્ત્ર ૯૦.

હે પ્રભુ, પેઢી દર પેઢી તું અમારો આશ્રય થયો છે. પર્વતો ઉત્પન્ન થયા હતા, ને તેં પૃથ્વી તથા જગતને રચ્યા હતાં, ત્યાર પહેલાં, એટલે અનાદિકાળથી તે અનંતકાળ સુધી. તું ઇશ્વર છે. તું માણસને ધૂળમાં ફેરવી નાખે છે; ને કહે છે, હે મનુષ્યપુત્રો, પાછા વળો. કેમકે તારી દૃષ્ટિમાં હજાર વર્ષો વિતી ગએલા કાલના દિવસ જેવાં, ને રાતના એક પહોરના જેવાં છે. તું તેઓને પૂરની માફક તાણી જાય છે; તેઓ નિદ્રા જેવાં છે: સવારમાં તેઓ ઉગતા ઘાસના જેવાં છે. સવારમાં તે ખિલે છે તથા વધે છે; સાંજે તે કપાય છે તથા ચિમળાય છે. કેમકે તારા કોપથી અમારો નાશ થાય છે. ને તારા રોષથી અમને ત્રાસ લાગે છે. તેં અમારા અન્યાય તારી સન્મુખ, અમારાં ગુપ્ત પાપો તારા મુખના પ્રકાશમાં, મુકયાં છે. કેમકે અમારા સર્વ દિવસો તારે રોષે વિતી જાય છે; અમે અમારાં વર્ષો નિસાસાની પેઠે પૂરાં કરીએ છીએ. અમારી વયના દિવસ સીતેર વર્ષ છે, અથવા બળના કારણથી તેઓ એંસી વર્ષ હોય, તોપણ તેઓનો સર્વ માત્ર શ્રમ તથા વ્યર્થતા છે; કેમકે તે વહેલી થઈ રહે છે, ને અમે ઉડી જઇએ છીએ. તારા કોપનું બળ, ને તારી

જે બિહીક રાખવી, તે પ્રમાણે તારો રોષ, તે કોણ જાણે છે? તું અમને અમારા દિવસ એવી રીતે ગણવાને શિખવ કે અમને જ્ઞાનવાળું હૃદય પ્રાપ્ત થાય. હે યહોવાહ, પાછો આવ; ક્યાં સુધી? ને તારા સેવકો પર કરૂણા કર. સવારમાં તારી કૃપાથી અમને તૃપ્ત કર, એ માટે કે અમે અમારા સર્વ દિવસ સુધી હર્ષનાદ કાઢીને આનંદ કરીએ. જે દિવસોમાં તેં અમને દુઃખિત કીધા છે, ને જે વર્ષોમાં અમે ભુંડું જોયું છે, તે પ્રમાણે અમને આનંદિત કર. તારા સેવકોને તારાં કૃત્ય, ને તેઓના દિકરાઓપર તારો મહિમા, દેખાય. ને અમારા પર પ્રભુ અમારા દેવની શોભા થાય; ને તું અમારા હાથનાં કામ અમારે સારૂ સ્થાપિત કર; હા, અમારા હાથનાં કામ તું સ્થાપિત કર.

ત્યાર પછી આ લેખ વાંચવામાં આવેઃ—

૧ કરીથી ૧૫ઃ ૪૧—૫૮.

સૂર્યનો મહિમા જૂદો, ને ચંદ્રનો મહિમા જૂદો, ને તારાઓનો મહિમા જૂદો, કેમકે મહિમાએ તારા તારામાં ફેર છે. અને મુએલાંઓનુ પુનરૂત્થાન પણ એવું છે; વિનાશમાં તે વવાય છે, અવિનાશમાં ઉઠડાય છે; અપમાનમાં વવાય છે, મહિમામાં ઉઠડાય છે, અબળપણામાં વવાય છે, પરાક્રમમાં ઉઠડાય છે. પ્રાણી શરીર વવાય છે, આત્મિક શરીર ઉઠડાય છે; જો પ્રાણી શરીર છે, તો આત્મિક શરીર પણ છે. અને એમજ લખ્યું છે કે, પહેલો માણસ આદમ જીવતો પ્રાણી થયો, છેલ્લો આદમ જીવાડનાર આત્મા થયો. પણ આત્મિક પહેલું ન હતું, પણ પ્રાણી; ને પછી આત્મિક. પહેલો માણસ પૃથ્વીથી ધૂળનો છે, બીજો માણસ આકાશથી પ્રભુ છે. જે ધૂળનો તે જેવો છે, તેવા જેઓ ધૂળના તેઓ પણ છે; ને જે આકાશી તે જેવો છે તેવા જેઓ આકાશી તેઓ પણ છે. અને જેમ

આપણે ધૂળનાની પ્રતિમા ધરી છે, તેમ આકાશીની પ્રતિમા પણ ધરીશું. હવે ભાઈઓ, હું એ કહું છું કે, માંસ તથા રક્ત દેવના રાજ્યનાં વારસ થઈ શકતાં નથી; ને વિનાશપણું અવિનાશીપણાનો વારસ થતું નથી. જુઓ, હું તમને મર્મ કહું છું; આપણે સહુ ઉંઘીશું નહિ, પણ એક ક્ષણમાં, એક પલકભરમાં, છેલ્લા રણશિંગડાના વાગતામાં સર્વ બદલાઈ જઈશું; કેમકે રણશિંગડું વાગશે, ને મુએલાં અવિનાશી ઉઠાડશે, ને આપણે બદલાઈશું. કેમકે આ વિનાશીને અવિનાશીપણું પહેરવું તથા આ મરનારને અમરપણું પહેરવુ પડે છે. અને જ્યારે આ વિનાશી અવિનાશીપણું પહેરશે, ને આ મરનાર અમરપણું પહેરશે, ત્યારે આ લખેલી વાત પૂરી થશે કે, મરણ જયમાં ગળાઇ ગયુ છે. અરે મરણ, તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં? મરણનો ડંખ તો પાપ છે; ને પાપનું સામર્થ્ય નિયમ છે; પણ દેવ, જે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે આપણને જય આપે છે, તેની સ્તુતિ થાઓ. એ માટે, મારા પ્રિય ભાઇઓ, તમે સ્થિર તથા દૃઢ થાઓ, તથા પ્રભુના કામમાં સદા વધતા જાઓ, કેમકે તમે જાણો છો કે તમારૂં કામ પ્રભુમાં નિષ્ફળ નથી.

લાસને કબરમા ઉતાર્યા પછી પાળક કહે.—

માણસ જે બાઇડીથી જન્મેલું છે તે થોડા દિવસ સુધી જીવવાનું છે, તથા કષ્ટથી ભરપૂર છે. તે ફુલના જેવું ઉગીને કપાય છે: તે છાયાના જેવું હડી જાય છે, ને કદી એક ઠેકાણે ટકી રહેતું નથી.

આયુષ્ય મધ્યે અમે મરણમાં છીએ: હે પરમેશ્વર, તું જે અમારા અપરાધોને લીધે યોગ્ય રીતે અપ્રસન્ન છે, તારા સિવાય સહાય પામવા સારૂ અમે કોણની પાસે જઇએ?

તો પણ, હે અતિ પવિત્ર પ્રભુ પરમેશ્વર, હે સર્વ

શક્તિમાન દેવ, હે પવિત્ર અને દયાસાગર તારક, અનંત મરણની ભયંકર પીડામાં અમને ન સોંપી દે.

પ્રભુ, તું અમારાં અંતઃકરણના ગુપ્ત વિચારો જાણે છે: હે અતિ પવિત્ર દેવ તારા દયાળુ કાન અમારી પ્રાર્થના પ્રત્યે બંધ ન રાખ, પણ અમારું તારણ કર. રે સર્વ પરાક્રમી દેવ, રે પવિત્ર અને દયાળુ તારક, સૌથી યોગ્ય સનાતન ન્યાયાધીશ તું એવું કર કે, મરણના કંઈ પણ દુઃખને લીધે આ આયુષ્યના અમારા અંતકાળે અમે તને તજીએ નહિ.

પછી કબરની પાસે કોઈ ઉભા રહેલા માણસો લાસ ઉપર માટી નાખે ને તેવામાં પાળક કહેઃ—

કારણ કે, સર્વશક્તિમાન પરમેશ્વર, પોતાના દીર્ઘદર્શી દયાભાવમાં, આ મરણ પામેલા માણસના આત્માને જગતમાંથી લેવાને માટે રાજી થયો છે, એ સારૂ હમણાં અમે છેલ્લા દિવસના પુનરૂત્થાનની તથા આવતી દુનિયાના જીવનની, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તની મારફતે, રાહ જોતાં, આનું શરીર ભૂમિને સોંપીએ છીએ, એટલે માટી માટીને, રાખ રાખને, તથા ધુળ ધુળને; કેમકે જ્યારે ઇસુ ખ્રીસ્ત દુનિયાનો ન્યાય કરવા સારૂ પોતાની મહિમાવાન રાજ્યસ્થિતિમાં ફરી આવશે ત્યારે સમુદ્ર તથા ભૂમિ પોતાનાં મુડદાંઓને પાછાં આપશે; અને જેઓ ઇસુ ખ્રીસ્તમાં હમણાં ઉંઘે છે, તેઓનાં નાશવંત શરીરો, જે મહાન સામર્થ્યથી ઇસુ સઘળાં પોતાને આધીન કરી શકે છે તે પ્રમાણે બદલાશે, ને તેના મહિમાના શરીર સરખાં થશે.

ત્યાર પછી કહેવામાં આવતું—

અને આકાશથી એક વાણી મેં એમ કહેતી સાંભળી કે, તું એમ લખ કે, હમણાંથી જે મરનારાઓ પ્રભુમાં મરણ પામે છે, તેઓને ધન્ય છે: આત્મા કહે છે, હા, એ માટે કે તેઓ પોતાની મહેનતથી વિસામો પામે.

ત્યાર પછી પાળક તથા લોકો વારા ફરતી કહે:—

પ્રભુ, અમારા પર દયા કર.

ખ્રીસ્ત, અમારા પર દયા કર.

પ્રભુ, અમારા પર દયા કર.

ત્યાર પછી પાળક નીચેની પ્રાર્થના કરે:—

સર્વ શક્તિવાન દેવ કે જેની સાથે જેઓ પ્રભુમાં ત્યાંથી વિદાય થાય છે તેઓના આત્માઓ રહે છે, અને જેની સાથે દેહમાંથી છુટકો પામીને વિશ્વાસીઓના આત્માઓ આનંદ અને પરમ સુખમાં છે: તારા બધા સેવકો, જેઓ વિશ્વાસમાં પોતાનાં કામ પુરાં કરીને મ્હેનતથી વિશ્રામ લે છે, તેઓના સારા નમુના માટે અમે અમારા પૂર્ણ હૃદયથી તારો ઉપકાર માનીએ છીએ. અને અમે વિનંતી કરીએ છીએ કે, જેઓ બધા તારા પવિત્ર નામના ખરા વિશ્વાસમાં વિદાયગીરી પામેલા હોય તેઓ સહિત, અમે શરીર અને આત્મામાં તારા સનાતન અને સદાકાળીક મહિમામાં અમારી પૂર્ણ સંપૂર્ણતા તથા પરમસુખ પામીએ. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તની મારફતે. આમેન.

હે દયાળુ પરમેશ્વર, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તના પિતા, જે ઇસુ પુનરૂત્થાન તથા જીવન છે; જે પર જો કોઇ વિશ્વાસ કરે તો તે મુએલો છતાં પણ જીવશે, અને જે કોઇ જીવતો તેના પર વિશ્વાસ રાખે, તે કદી હમેશાંને લીધે મરનાર નથી: અમે, હે બાપ, તારી આગળ નમ્રતાથી વિનંતિ કરીએ છીએ કે, પાપરૂપી મરણમાંથી ન્યાયીપણાના જીવનમાં અમને ઉઠાડજે; કે જ્યારે અમે આ જીવન મુકીએ ત્યારે ઇસુમાં શાંતિ પામીએ; અને સાર્વત્રિક પુનરૂત્થાનના છેલ્લા દિવસે અમે તારી દૃષ્ટિમાં સ્વીકારવા લાયક જણાઇએ, અને જેઓ તારા પર પ્રીતિ તથા તારી બીક રાખ-

નાર છે તેઓને તારા વ્હાલા દિકરા તરફથી જે ખાસ આશીર્વાદ આપવાનો છે, તે પામીને, અમે પોતાને એમ કહેતાં સાંભળીએ કે, મારા બાપના આશીર્વાદિતો તમે આવો, ને જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારૂ તૈયાર કીધેલું છે, તેનો વારસો લો. હે દયાળુ પિતા, અમે તારી વિનંતિ કરીએ છીએ કે તે તું અમને બક્ષ. અમે અમારા મધ્યસ્થ તથા ત્રાતા ઇસુ ખ્રીસ્તને નામે આ માગીએ છીએ. આમેન.

પછી બધાએ મળીને પ્રભુની પ્રાર્થના કહેવી:—

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા છે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા, તથા દેવની પ્રીતિ, તથા પવિત્ર આત્માની સંગત તમ સર્વની સાથે થાઓ. આમેન.

૮. ડીકનોને દીક્ષા આપવાની ક્રિયા.

FORM OF ORDAINING DEACONS.

[જે દિવસ બિશપ ઠરાવે તે દિવસે જેઓને ડીકન તરીકે દાખલ કરવાના હોય તેઓની ફરજ અને આજ્ઞાની બાબત વિષે ભાષણ અથવા બોધ કરવામાં આવશે.]

ત્યાર પછી જેઓને દીક્ષા આપવાની હોય તેઓને એલ્ડરોમાંનો એક જણ બિશપની આગળ હાજર કરે. અને તેઓના નામ જાહેર રીતે વાંચે, બિશપ લોકોને કહે કે:—

ભાઇઓ, હાલ જે માણસોને ડીકનની દીક્ષા આપવાની છે તેમની દીક્ષા ન થાય એવો તેમનો કોઇ ગુન્હો અથવા વાંધો તમારામાંનો કોઇ જાણતો હોય, તો પ્રભુના નામે તે આગળ આવે અને તે ગુન્હો અથવા વાંધો જાહેર કરે.

[જો કોઇ ગુન્હો અથવા વાંધો જાહેર કરવામાં આવે તો જ્યાં સુધી તહોમતદાર દોષ રહિત ન માલુમ પડે ત્યાં સુધી બિશપ તેને દીક્ષા આપવાનું મુલતવી રાખે.]

ત્યાર પછી નીચેની પ્રાર્થના અને પત્ર વાંચવામાં આવશે —

પ્રાર્થના:

સર્વ શક્તિવાન દેવ, તેં તારી પવિત્ર દીર્ઘદૃષ્ટીએ કરીને તારી મંડળીને માટે વિવિધ પ્રકારના અધીકારીઓ નીમ્યા છે, અને તારા પ્રેરિતો તથા તારા પ્રથમ શાહેદ સંત સ્તેફન અને બીજાઓને ડીકનનો હોદ્દો આપવાની પ્રેરણા કરી. હાલ જે માણસોને તેજ હોદ્દો અને સત્તા આપવા બોલાવેલા છે તે તારા સેવકો પર દયાથી જો; તારા સિદ્ધાંતોના

સાચાપણાથી તેમને શૃંગાર, કે વાત અને સારી કરણીઓથી તેઓ આ હોદ્દામાં તારા નામના મહીમાને તથા તારી મંડળીના બંધારણને અર્થે, વિશ્વાસુપણે કામ કરે. આપણા તારનાર ઇસુ ખ્રીસ્ત, જે તારી અને પવિત્ર આત્માની સાથે હમણાં અને સદા સર્વકાળ સુધી છે અને રાજ્ય કરે છે, તેના પૂણ્ય દ્વારે. આમેન.

પત્ર ૧ તિમાથી ૩: ૮–૧૩:

એ પ્રમાણે સેવકો પણ ગંભીર, બેવચની નહિ, ઘણા મદ્યપી નહિ, નીચ લાભ વિષે લોભી નહિ, વિશ્વાસી [ધર્મનો] મર્મ શુદ્ધ અંતઃકરણથી રાખનાર એવા હોવા જોઇએ. તેઓ પહેલાં પરખાએલા થાય; પછી જો નિર્દોષ માલમ પડે તો સેવકનું કામ કરે. એ પ્રમાણે બાયડીઓ ગંભીર, નિંદાખોર નહિ, સાવધાન, સર્વ વાતમાં વિશ્વાસુ એવી હોવી જોઇએ. હરેક સેવક એક સ્ત્રીનો વર, પોતાનાં છોકરાં તથા ઘરનાંને સારી રીતે ચલાવનાર એવો હોવો જોઇએ. કેમકે જેઓએ સેવકનું કામ સારી રીતે કીધું, તેઓ પોતાને સારૂ સારી પદવી તથા ખ્રીસ્ત ઇસુ પરના વિશ્વાસમાં મોટી હિમ્મત મેળવેછે.

ત્યાર પછી બિશપ લોકની હાજરીમાં, જેઓને દીક્ષા આપવાની હોય તેઓ દરેકની પરિક્ષા નીચે પ્રમાણે કરશેઃ—

બિશપ—પરમેશ્વરની સેવા કરીને, તેનો મહિમા વધારવા અને તેના લોકને જ્ઞાન પમાડવા, ખ્રીસ્તની મંડળીમાં આ ઓહ્દો તમે પોતાપર લો એવી પવિત્ર આત્માની પ્રેરણા તમારા અંતઃકરણમાં થએલી છે, એવી ખાત્રી તમને છે?

જવાબ—હા, મને એવી ખાત્રી છે.

બિશપ—જુના તથા નવા કરારનાં બધાં પુસ્તકો શું તમે ઢોંગ વગર માનો છો?

જવાબ—હા, હું માનું છું.

બિશપ—જે લોકોની સેવા બજાવવા સારૂ તમને નિર્માણ કરવામાં આવશે તેઓની આગળ તમે તેને હોંશથી વાંચીને તેનો મર્મ બતાવશો ?

જવાબ—હા, હું તેમ કરીશ.

બિશપ—ડીકનની ફરજ એ છે કે ભક્તિસભા વખતે એલ્ડરની મદદ કરવી, અને ખાસ કરીને જ્યારે તે પ્રભુ ભોજનનો સંસ્કાર પળાવતો હોય ત્યારે તે વહેંચવામાં તેની મદદ કરવી: પવિત્ર શાસ્ત્ર વાંચવું તથા સમજાવવુ; જુવાનીઆઓને શિખાડવુ, તથા બાપ્તિસ્મા કરવું. અને વિશેષે કરીને માંદાં, ગરીબો અને અશક્તોને શોધવાં તથા તેમની મુલાકાત લઈ તેમને મદદ કરવાનુ કામ છે. શું, તમે રાજી ખુશીથી તથા પૂરા મનથી તે કરશો ?

જવાબ—હા, હું પરમેશ્વરની મદદથી તેમ કરીશ.

બિશપ—શું, ખ્રીસ્તના સિદ્ધાંતો પ્રમાણે તમે તમારી તથા તમારા કુટુંબની વર્ણણુંક ચલાવવાને તમારૂ પુરેપૂરૂ લક્ષ આપશો, તથા ખ્રીસ્તના ટોળાને શોભે તેવા સુંદર નમુનારૂપ પોતાને તથા તેમને કરશો ?

જવાબ—હા, હું પ્રભુની મદદથી તેમ કરીશ.

બિશપ—શું, તમે સંપૂર્ણ સન્માનથી તમારા ઉપરી અધીકારીઓનો હુકમ માનશો તથા તેમની વ્યાજબી શિખામણ પુરા મનથી તથા ખુશીથી તાબે થશો ?

જવાબ—હા, હું પ્રભુની મદદથી તેમ કરીશ.

ત્યારે બિશપ તે દરેકના માથાપર હાથ મુકીને કહે કેઃ—

બાપ, દીકરા, તથા પવિત્ર આત્માને નામે, દેવની મંડળીમાં ડીકનના ઓદ્ધાનું કામ કરવાનો અધિકાર તું લે. આમેન.

ત્યારે બિશપ તે દરેકના હાથમાં શાસ્ત્ર આપીને કહે કેઃ—

દેવની મંડળીમાં પવિત્ર શાસ્ત્ર વાંચવાનો તથા તેનો ઉપદેશ કરવાનો અધિકાર તું લે.

પછી બિશપ જેને નિમે તે સુવાર્ત્તા વાંચે—

લુક ૧૨: ૩૫—૩૮:

તમારી કમરો બાંધેલી તથા તમારા દીવા સળગેલા રાખો;અને જે માણસો પોતાનો ધણી લગ્નમાંથી ક્યારે પાછો આવે, તેની વાટ જુએ છે, એ માટે કે તે આવીને ઠોકે કે તત્કાળ તેઓ તેને સારૂ ઉઘાડે, તેઓના જેવા તમે થાઓ. જે દાસોને ધણી આવીને જાગતા જોશે તેઓને ધન્ય છે, હું તમને ખચીત કહું છું કે, તે પોતાની કમ્મર બાંધીને તેઓને જમવા બેસાડશે, ને આવીને તેઓની સેવા કરશે. અને જો તે બીજે પહોરે આવે, કે ત્રીજે પહોરે આવે, ને તેઓને એમ [કરતા] જુએ, તો તે દાસોને ધન્ય છે.

ત્યાર બાદ નિચેની પ્રાર્થનાઓ કરવામાં આવેઃ—

સર્વ શક્તિવાન દેવ, સર્વ સારાં વાનાંના આપનાર, તેં તારા મહાન સારાપણાથી તારી મંડળીમાં આ તારા સેવકોને ડીકનના હોદ્દાપર લેવાને કૃપા કરી છે; ઓ પ્રભુ, અમે તારી વિનંતિ કરીએ છીએ કે તું તેમને નિરાભિમાની, નમ્ર તથા તારી સેવામાં સ્થિર કર અને કે તેઓ સઘળાં આત્મિક શિક્ષણ ઘણી ખુશીથી પાળે; તેઓ વિવેક સુબુદ્ધિ દેખાડીને તારા દિકરા પ્રભુ ઇસુ ખ્રીસ્તમાં હમેશાં સ્થિર અને દઢતાથી ચાલીને આ નિચા હોદ્દામાં એવી રીતે વર્તે કે તેઓ તારી મંડળીમાં ઉંચા હોદ્દા પામવાને લાયક થાય. તારા દિકરા અમારા તારનાર ઇસુ ખ્રીસ્ત જેને માન તથા મહીમા સદા અને સર્વકાળ સુધી થાઓ, તેની મારફતે. આમેન.

ઓ પ્રભુ, અમારી સર્વ કરણીઓમાં તારી ઘણીજ મોટી

મહેરબાનીથી અમને દોર, અને તારી જારી મદદથી અમને આગળ વધાર, કે અમારાં સર્વ શરૂ, ચાલતાં કે પુરાં થએલાં કામોમાં અમે તારા પવિત્ર નામનો મહીમા કરીએ, અને છેવટે તારી દયાથી સર્વકાળનું જીવન પામીએ, ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુની મારફતે. આમેન.

દેવની શાંતિ, જે સર્વ સમજણ કરતાં અધિક છે, તે તમારાં અંતઃકરણો તથા મનોને દેવ, તથા તેના દિકરા પ્રભુ ઇસુ ખ્રીસ્ત, આપણા પ્રભુનાં જ્ઞાન તથા પ્રીતિમાં રાખો; અને સર્વ શક્તિવાન દેવ, બાપ, દિકરા તથા પવિત્ર આત્માનો આશિર્વાદ તમારામાં થાઓ અને તમારી સાથે સદા રહો. આમેન.

૯. એલ્ડરોને દિક્ષા આપવાની ક્રિયા.

FORM OF ORDAINING ELDERS.

[જે દિવસ બિશપ ઠરાવે તે દિવસ આવે ત્યારે જેઓને એલ્ડર તરીકે દાખલ કરવાના હોય તેઓની ફરજ અને ઓદ્ધાની બાબત વિષે, તેમજ ખ્રીસ્તની મંડળીમાં આ ઓદ્ધાની કેટલી બધી અગત્યતા છે. અને લોકોએ એલ્ડરોને તેમના આ ઓદ્ધામાં કેવી ચાહના કરી તે વિષે ભાષણ અથવા બોધ કરવામાં આવશે.]

ત્યાર પછી જેઓને દિક્ષા આપવાની હોય તેઓને એલ્ડરોમાંનો એક જણ બિશપની આગળ હાજર કરીને કહે કેઃ—

હું આ માણસોને તમારી આગળ એલ્ડરની દિક્ષા માટે હાજર કરૂં છું.

પછી તેમનાં નામ જાહેર રીતે વાંચવામાં આવે,ને બિશપ લોકોને કહે કેઃ—

ભાઇઓ, આ માણસોને અમે આજે, જો ઇશ્વરેચ્છા હોય તો, એલ્ડર પદવીને માટે દિક્ષા આપવાનો ઇરાદો રાખીએ છીએ. કારણ કે તેમની યોગ્ય પરીક્ષા પછી અમને માલુમ પડે છે કે, તેઓ આ ફરજ, ઓદ્ધો અને સેવાને માટે યોગ્ય રીતે તેડવામાં આવ્યા છે, અને તેઓ આ કામને માટે લાયક પણ છે. પણ તેઓમાંના કોઇને આ પવિત્ર સેવામાં દાખલ ન કરાય એવો ગુન્હો અથવા વાંધો છે એવું તમારામાંનો જો કોઇ જાણતો હોય તો તે પ્રભુના નામે આગળ આવીને તે ગુન્હો અથવા વાંધો જાહેર કરે.

[જો કોઇ ગુન્હો અથવા વાંધો જાહેર કરવામાં આવે તો જ્યાં સુધી તહોમતદાર દોષ રહિત ન માલુમ પડે ત્યાં સુધી બિશપ તેને દિક્ષા આપવાનું મુલ્તવી રાખે]

ત્યાર પછી નિચેની પ્રાર્થના, પત્ર અને સુવાર્તામાંથી વાંચવામાં આવશેઃ—

પ્રાર્થનાઃ

સર્વ શક્તિમાન દેવ, તેં તારી પવિત્ર દીર્ઘદૃષ્ટિએ કરીને તારી મંડળીમાં વિવિધ પ્રકારના ઉપદેશકો નીમ્યા છે; હાલ જે તારા સેવકોને એલ્ડરના ઓદ્ધા માટે તેડવામાં આવ્યા છે તેઓ પર દયાથી જો, અને ધર્મના સિદ્ધાંતોના સાચાપણાથી તેમને શૃંગાર અને જીંદગીના નિર્દોષપણાથી તેમને સુશોભિત કર, કે વાત અને સારી કરણીઓથી તેઓ આ સેવામાં તારા નામના મહિમા તથા તારી મંડળીના બંધારણને અર્થે વિશ્વાસુપણે કામ કરે. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્ત, કે જે તારી અને પવિત્ર આત્માની સાથે હમણા અને સદાસર્વકાળ સુધી છે અને રાજ્ય કરે છે, તેના પુણ્ય દ્વારે. આમેન.

પત્રઃ એફેસી ૪: ૭–૧૪:

આપણામાંના હરેકને ખ્રીસ્તના દાનના પરિમાણ પ્રમાણે કૃપા અપાએલી છે. એ માટે તે કહે છે કે ઉંચાણમાં ચઢીને, તે બંદીવાનોને બંધ કરીને લઇ ગયો તથા તેણે માણસોને દાન આપ્યાં. તે ચઢયો, એ શું છે? શું એ નહિ, કે પ્રથમ તે પૃથ્વીના નીચા ભાગોમાં ઉતર્યો? જે ઉતર્યો તે એ છે કે જે સર્વ આકાશો પર ચઢયો, કે તે સર્વને ભરપૂર કરે. અને પવિત્રોની સંપૂર્ણતા કરવાને અર્થે, સેવાના કામને સારૂ ખ્રીસ્તના શરીરનું સંસ્થાપન કરવા સારૂ, તેણે કેટલાએક પ્રેરિતો, કેટલાએક ભવિષ્યવાદીઓ, કેટલાએક સુવાર્તિકો, ને કેટલાએક પાળકો તથા ઉપદેશકો આપ્યા. ત્યાં સુધી કે આપણે સહુ દેવના દીકરા પરના વિશ્વાસ તથા જ્ઞાનની ઐકયતામાં સંપૂર્ણ પુરૂષપણાને, એટલે ખ્રીસ્તની સંપૂર્ણતાના કદના પરિમાણને પહોંચિએ.

સુવાર્તાઃ યોહાન ૧૦. ૧-૧૬.

હું તમને ખચિત ખચિત કહું છું કે, બારણેથી ઘેટાંના વાડામાં જે નથી પેસતો, પણ બીજે કોઈ રસ્તેથી ચઢે છે, તેજ ચોર તથા લુટારો છે. પણ બારણેથી જે પેસે છે, તે ઘેટાંપાળક છે. દરવાન તેને સારૂ ઉઘાડે છે, ને ઘેટાં તેનો સાદ સાંભળે છે; ને તે પોતાનાં ઘેટાંને નામ લઇને બોલાવે છે, ને તેઓને બહાર દોરી જાય છે. જ્યારે તે પોતાનાં સર્વ ઘેટાંને બહાર કાઢે છે, ત્યારે તે તેઓની આગળ ચાલે છે, ને ઘેટાં તેની પાછળ ચાલે છે; કેમકે તેઓ તેનો સાદ ઓળખે છે. પણ તેઓ પારકાંની પાછળ નહિ ચાલશે, પણ તેની પાસેથી નાશી જશે; કેમકે પારકાંઓનો સાદ તેઓ ઓળખતાં નથી. ઇસુએ તેઓને એ દૃષ્ટાંત કહ્યું, પણ જે વાતો તેણે તેઓને કહી તે શી છે તે તેઓ સમજયા નહિ.

ત્યારે ઇસુએ ફરી તેઓને કહ્યું કે, હું તમને ખચિત ખચિત કહું છું કે, ઘેટાંનું બારણું હું છું. જેટલા મારાથી આગળ આવ્યા, તેઓ સઘળા ચોર તથા લૂટારા છે; પણ ઘેટાંએ તેઓનુ સાંભળ્યું નહિ. હું બારણું છું, મારાથી જો કોઇ પેસે, તો તે ઉદ્ધાર પામશે, ને માંહે આવશે ને બહાર જશે, ને ચારો પામશે. ચોરી કરવા તથા મારી નાખવા તથા નાશ કરવા વગર બીજી મતલબથી ચોર આવતો નથી. તેઓને જીવન મળે, ને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છુ. હું ઉત્તમ ઘેટાંપાળક છું; ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારૂ પોતાનો જીવ આપે છે. જે ચાકર છે અને ઘેટાંપાળક નથી, જે પોતે ઘેટાંનો ધણી નથી, તે વરૂને આવતું દેખીને ઘેટાંને મુકીને નાસી જાય છે; પછી વરૂ તેઓને પકડીને તેઓને વિખેરી નાખે છે. [તે નાસી જાય છે], કેમકે તે ચાકર છે, ને ઘેટાંની તેને ચિંતા નથી. હું ઉત્તમ ઘેટાંપાળક છું, ને પોતાનાંને ઓળખું છું, ને મારાં પોતાનાં મને ઓળખે છે. જેમ બાપ મને ઓળખે છે ને હું બાપને ઓળખું છું તેમ [તેઓ મને ઓળખે છે]; ને ઘેટાંને સારૂ હું પોતાનો જીવ આપું છું. અને મારાં બીજાં ઘેટાં છે, તેઓ આ વાડામાંનાં નથી; તેઓને પણ મારે લાવવાની જરૂર છે, ને તેઓ મારો સાદ સાંભળશે; અને તેઓ એક ટોળું, એક ઘેટાંપાળક થશે.

ત્યાર પછી જેઓને એલ્ડરની દીક્ષા આપવાની હોય તેઓને બિશપ કહે કેઃ—

ભાઇઓ, તમારી ખાનગી પરીક્ષામાં, તથા સુવાર્ત્તા અને પ્રેરિતોના પત્રમાંના પવિત્ર પાઠોથી તમે સાંભળ્યું છે કે, જે ઓદ્ધાને માટે તમે તેડવામાં આવ્યા છો તે કેટલો માન ભરેલો તથા અગત્યનો છે. અને અમે ફરી પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામમાં તમને કહીએ છીએ કે, જે ઓદ્ધાને માટે

તમે તેડવામાં આવ્યા છો તે કેટલો બધો વજનદાર તથા માન ભરેલો છે, તે તમે હમેશાં યાદ રાખો; એટલે કે, પ્રભુના સદેશીઆ, રખેવાળ, તથા કારભારીઓ થવા; દેવના કુટુંબને શિખવવા તથા ચેતવણી આપવા, તેમનું પોષણ કરવા, તથા તેમને સંભાળવા; ખોએલાંને શોધવા, અને તજી દીધેલાંને એકઠા કરવા, અને સુવાર્તા જેમાં ઇશ્વર સાથે મેળાપ કરવાની ખુશખબર છે તે સર્વત્ર ફેલાવવાને હમેશાં તત્પર થવા.

માટે તમારા અંતઃકરણમાં હમેશાં યાદ રાખો કે આ કેટલો કિમતી ખજાનો તમને સ્વાધિન કરવામાં આવ્યો છે. કારણ કે તે ખ્રીસ્તના એ ઘેટાં છે જેઓને તેણે પોતાનો પ્રાણ આપીને તથા પોતાનું રક્ત વહેવડાવીને ખરીદયાં છે. આ મંડળી કે જેની સેવા તમે કરશો તે તો દેવની કન્યા તથા તેનું શરીર છે. અને જો એવું બને કે કોઇ રીતે એજ મંડળી અથવા તેનો કોઈ સભાસદ તમારી ગફલતને લીધે ઠોકર ખાય અથવા નુકશાન પામે તો નક્કી જાણો કે, પરિણામે તમારો વાંક મોટો ગણાશે અને તમારી સજા ભયંકર થશે. તેથી તમે બરાબર વિચાર કરીને સમજો કે, આ સેવા તમારે દેવનાં છોકરાં, ખ્રીસ્તની મંડળી અને શરીરને માટે કરવાની છે; અને તેથી જીંદગી પર્યંત મેહનત અને કોશિશ કરો, એ માટે કે, તમારી અગત્યની ફરજ મુજબ જેઓને તમારે સ્વાધિન કરવામાં આવે તેઓને દેવ પરના વિશ્વાસ તથા જ્ઞાનની ઐકયતામાં સંપૂર્ણ માનવપણાને અને ખ્રીસ્તની સંપૂર્ણતાના કદના પરિમાણને પહોંચે, કે જેથી આપણામાં ભુલ ભરેલું શિક્ષણ અથવા નઠારી ચાલચલણને માટે કોઇ પણ જગ્યા બાકી રહે નહિ.

હવે જ્યારે તમારો હોદ્દો આટલો બધો ઉત્તમ અને મુસ્કેલી ભરેલો છે ત્યારે એ દેખીતું છે કે, તમારે પૂર્ણ

સંભાળ અને મહેનતથી આ કામમાં વળગી રહેવું જોઇએ, કે જેથી કરીને જે પ્રભુએ તમને આટલા બધા ઉંચા દરજ્જે ચઢાવ્યા છે તેના પ્રત્યે તમે પોતાનું આજ્ઞાંકિતપણું અને ઉપકારિકપણું દેખાડી શકો; અને કે તમે પોતે ઠોકર ન ખાઓ, અને તમે પોતે બીજાઓને ઠોકરરૂપ ન થાઓ, માટે સાવધાન રહો. તોપણ આ કામ તમે પોતાની શક્તિ અને હોંશિઆરીથી કરી શકશો નહિ- કારણકે, તે ઇચ્છા અને લાયકાત તે તો માત્ર દેવનુંજ દાન છે; માટે આ અગત્યનું છે કે તમે તેના પવિત્ર આત્માને સારૂ આતુરતાથી પ્રાર્થના કરો. અને હવે આ મહાન સેવા જે તમારે લોકોના તારણને અર્થે બજાવવાની છે તે જ્યારે માત્ર પવિત્ર શાસ્ત્રના સિદ્ધાંતો પ્રમાણે ચાલવાથી તથા તે- માંની શિખામણો અને ચેતવણીઓ આપવાથીજ બજાવી શકાય છે, ત્યારે વિચાર કરો કે, પવિત્ર શાસ્ત્ર વાંચવાની તથા તેનો અભ્યાસ કરવાની, તથા તેમાંના નિયમો પ્રમાણે તમારે તથા જેઓ તમારા તાબામાં હોય તેઓને ચાલ- વાની કેટલી બધી અગત્યતા છે, અને એજ કારણને લીધે તમારે બનતાં સુધી દુનીયાની બધી ફીકર અને અભ્યાસથી અળગા રહેવાની તથા તેમને સમુળગાં તજી દેવાની કેટલી બધી જરૂર છે.

અમે આશા રાખીએ છીએ કે આ વખત અગાઉથી તમોએ આ બધી વાતોનું બરાબર મનન કર્યું છે, અને તે- મજ એવો ખાસ ઇરાદો કર્યો છે કે, ઇશ્વર કૃપાથી, જે સે- વાને માટે દેવે તમને તેડ્યા છે તેને અર્થે પોતાને સંપૂર્ણ રીતે અર્પણ કરશો કે, જેથી કરીને આ એકજ કામમાં તમે તદ્દન વળગી રહો અને તમારી બધી ફીકર અને બધો અભ્યાસ આનેજ માટે ઉપયોગમાં લો; અને તમે હમેશાં

દેવ બાપની પાસે આપણા તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્તની મારફતે, પવિત્ર આત્માની દિવ્ય મદદ સારૂ પ્રાર્થના કર્યા કરો, અને દિન પ્રતિદિન શાસ્ત્ર વાંચવાથી તથા તેનું મનન કરવાથી, તમે પોતાની સેવા માટે વિશેષ બળવાન અને પાકા થતા જાઓ; અને ખ્રીસ્તના નિયમ અને શિક્ષણ પ્રમાણે તમે પોતાની તથા પોતાના કુંટુંબની જીંદગી પવિત્ર કરવા માટે એવી મહેનત કરશો કે તમે બીજા લોકોને માટે એક યોગ્ય નમુનો થાઓ.

હવે હું પરમેશ્વર અને તેની મંડળીના નામમાં તે બાબતો વિષે જે સવાલો પૂછું તેના જવાબ તમે એવી સ્પષ્ટ રીતે આપો કે જેથી આ અહીં ભેગી થએલી ખ્રીસ્તી ટોળી તમારા મનને અને ઇરાદાને સારી પેઠે સમજે, અને તમારી આ કબૂલાતોને લીધે તમે પોતે પણ તમારી ફરજો બજાવવાને માટે વિશેષ જાગૃત થાઓ.

શું તમે ખરેખર આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની મરજી મુજબ એલ્ડરના હોદ્દા માટે બોલાવવામાં આવ્યા છો, એવી ખાત્રી તમારા અંતરમાં થએલી છે?

જવાબ—હા, મને એવી ખાત્રી થઇ છે.

બિશપ—શું ઇસુ ખ્રીસ્તની મારફતે અનંત તારણને માટે પવિત્ર શાસ્ત્રમાં પૂરેપૂરૂં શિક્ષણ છે, એવી ખાત્રી તમને થએલી છે? અને શું જે લોકો તમારે હસ્તક કરવામાં આવશે તેઓને અનંત તારણને માટે સદરહુ શાસ્ત્રથી જે જાહેર અને સાબીત થએલું શિક્ષણ છે તેના સિવાય બીજું કોઇ પણ શિક્ષણ ન આપતાં માત્ર તેજ આપવાનો નિશ્ચય કર્યો છે?

જવાબ—હા, દેવની કૃપાથી મને એવી ખાત્રી છે, તથા એવો નિશ્ચય કર્યો છે.

બિશપ—શું તમે દેવના હુકમ પ્રમાણે આ શિક્ષણ આપવામાં, સંસ્કારો પાળવામાં, અને ખ્રીસ્તનાસિદ્ધાંતો મુજબ કરવામાં હમેશાં વફાદારીથી તત્પર રહેશો ?

જવાબ—હા, હું દેવની મદદથી તેમજ કરીશ.

બિશપ—શું તમે પરમેશ્વરના શાસ્ત્રની વિરૂદ્ધનું બધું ભૂલ ભરેલું અને અયોગ્ય શિક્ષણ કાઢી નાખવા સઘળા વિશ્વાસથી હમેશાં તૈયાર અને તત્પર રહેશો, અને જરૂરીયાત પ્રમાણે પ્રસંગ મળે તમારા તાબા નાબધા સારા તેમજ નઠારા લોકોને ખાનગી અને જાહેર રીતે ચેતવણી તથા બોધ આપશો ?

જવાબ—હા, હું દેવની મદદથી તેમ કરીશ.

બિશપ—શું તમે જગત અને દેહની બાબતો મૂકી દઈને પ્રાર્થના કરવામાં, પવિત્ર શાસ્ત્ર વાંચવામાં, અને ઇશ્વરી જ્ઞાનનો અભ્યાસ કરવામાં તત્પર રહેશો ?

જવાબ—હા, હું દેવની મદદથી તેમ કરવાને પ્રયત્ન કરીશ.

બિશપ—શું ખ્રીસ્તના સિદ્ધાંતો પ્રમાણે તમે તમારી તથા તમારા કુટુંબની વર્તણુંક ચલાવવાને તમારૂં પૂરેપૂરૂં લક્ષ આપશો, તથા ખ્રીસ્તના ટોળાને શોભે તેવા સુંદર નમુનારૂપ પોતાને તથા તેમને કરશો ?

જવાબ—હા, હું દેવની મદદથી તેમ કરીશ.

બિશપ—શું તમે તમારી બનતી મહેનતથી સઘળા ખ્રીસ્તી લોકોમાં અને ખાસ કરીને જેઓ તમારા તાબામાં હોય અથવા તમને સોંપવામાં આવે, તે લોકોમાં સલાહ, શાંતિ, અને પ્રેમ કરાવશો ?

જવાબ—હા, હું દેવની મદદથી તેમ કરીશ.

બિશપ—શું તમે સંપૂર્ણ સન્માનથી તમારા ઉપરી

અધિકારીઓનો હુકમ માનશો તથા તેમની વાજબી શિખામણને પુરા મનથી તથા ખુશીથી તાબે થશો ?

જવાબ—હા, હું પ્રભુની મદદથી તેમ કરીશ.

ત્યાર પછી બિશપ ઉભા થઇને કહેશે કેઃ—

સર્વ શક્તિમાન દેવ, જેણે આ બધાં કામો કરવા સારૂ તમારામાં જે ઇચ્છા ઉત્પન્ન કરી છે તે કામો કરવા માટે તમને બળ અને શક્તિ પણ આપે, કે જેથી કરીને જે ઉત્તમ કામ દેવે તમારામાં શરૂ કર્યું છે તે પૂરૂં થાય ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુની મારફતે. આમેન.

[ત્યાર પછી કહેવામાં આવે કે તે બધી વાતોને માટે દરેક જણ પોતપોતાના મનમા થોડી વાર સુધી નમ્રતાથી પ્રાર્થના કરે.]

ત્યારે બિશપ તથા જેઓને એલ્ડરની દિક્ષા આપવાની હોય તેઓ ઘુંટણ ટેકે અને નીચેનું ગીત વારા ફરતી વાંચે.પહેલાં બિશપ શરૂ કરે અને એલ્ડરો તથા બીજા હાજર રહેલા લોકો જવાબની કડીઓ વાંચે —

પવિત્ર આત્મા, અમોને ભર,
દિવ્ય તેજથી પ્રકાશ તું કર;
રે, આત્મા, શ્રેષ્ઠનો સ્થાપનાર,
સાતગણાં દાનોનો આપનાર,
તુંજ અભિષેક ઇશ્વરી જે,
આશિષ, જીવન ને પ્રીતિ છે.

નિરંતર અજવાળું પમાડ,
આત્મિક દૃષ્ટિની ઝાંખ મટાડ;
અમારા ક્લેશમાં આપજે સુખ,
મનોમાં તારી કૃપા મુક;
દૂર રાખ શત્રુ, ને શાંતિ આપઃ
તું દોરનાર થાય તો નથી શાપ.

એક ખરો દેવ તે જાણવા દે,
બાપ, દિકરા, તુંજ સાથ જે છે;
પેઢી દર પેઢી તો સદાય
અમારાથી આ ગીત ગવાય;
તુંજ અનંત પુન્યનો સ્તોત્ર,
બાપ દિકરા, આત્મા પવિત્ર.

તે થઈ રહ્યા બાદ બિશપ કહે કે,
આપણે પ્રાર્થના કરીએઃ—

સર્વ શક્તિમાન દેવ અને આકાશવાસી બાપ, તેં તારા અપાર પ્રેમ અને દયાથી તારો એકાકિજનિત તથા ઘણોજ વહાલો દિકરો અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત તેને અમારો તારનાર તથા અનંત જીવન થવા સારૂ આપ્યો; કે જેણે પોતાના મરણથી અમારો ઉદ્ધાર સંપૂર્ણ કરી, તથા સ્વર્ગમાં ચઢી જઇ, આખી દુનિયામાં પ્રેરિતો, ભવિષ્યવાદીઓ, સુવાર્ત્તિકો, શિક્ષકો અને પાળકો મોકલ્યા, કે જેઓ પોતાની મહેનત અને સેવાથી આ દુનિયાના તમામ ભાગોમાં મોટી ટોળી એકઠી કરી, કે જેથી તારા પવિત્ર નામની સ્તુતિ નિરંતર થાયઃ તું કે જેણે તારી અનંત કૃપાના અપાર મોટા લાભોને લીધે, તેમજ આ તારા સેવકો કે જેઓ અહિં હાજર છે તેઓને એજ ઓદ્ધા અને સેવાને અર્થે તારી મોટી દયાએ મનુષ્યોના તારણને અર્થે તેડયા છે, તેથી અમો અમારા પૂર્ણ હૃદયથી તારો ઉપકાર માનીએ છીએ; અને તારી સ્તુતિ તથા ભજન કરીએ છીએ; એમ તેજ તારા આશીર્વાદિત દિકરાને લીધે તારી દીન વિનંતિ કરતાં માગીએ છીએ કે તું એવું કર કે, જેઓ ત્યાં અથવા બીજી જગ્યાઓમાં તારા નામમાં હાંક મારે છે, તેઓ સધળા તારા આ તથા બીજા ઉપકારોને લીધે તારા નામનો હમેશ ઉપકાર

માનીએ, અને પવિત્ર આત્માની મારફતે તારા તથા તારા દિકરાના જ્ઞાનમાં તથા વિશ્વાસમાં વધતા જઇએ. અને કે જેથી આ તારા સેવકો, તેમજ જેઓની ઉપર તેઓને તારી સેવાને સારૂ ઠરાવવામાં આવે, તેઓથી તારા પવિત્ર નામનો મહિમા સદા ને સર્વકાળ સુધી થાય, ને તારા રાજ્યનો ફેલાવો થાય, એવી વિનંતિ અમો તારા દિકરા અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્ત, કે જે તારી અને પવિત્ર આત્માની સાથે સર્વકાળ સુધી જીવે છે અને રાજ્ય કરે છે, તેની મારફતે કરીએ છીએ. આમેન.

જ્યારે ઉપરની પ્રાર્થના થઇ રહે, ત્યારે જેઓને એલ્ડર ઠરાવવાના હોય તેઓ નમ્રતાએ ઘુંટણ ટેકે, અને બિશપ તથા હાજર રહેલા એલ્ડરો તેમના માથા પર એક ઉપર એક હાથ મૂકે, અને બિશપ કહે કે —

દેવની મંડળીમાં એલ્ડરનો ઓદ્ધો અને કામ, કે જે મંડળીના અધિકારથી અને અમારા હાથ મુકવાથી હમણા સોંપવામાં આવે છે, તે કરવા સારૂ પ્રભુ તારા પર પવિત્ર આત્મા રેડે. અને તું પરમેશ્વરની વાત અને તેના પવિત્ર સંસ્કારોનો વિશ્વાસુપણે વહેંચનાર થા; બાપ, તથા દીકરા, તથા પવિત્ર આત્માને નામે. આમેન.

પછી તેઓ ઘુંટણેજ પડયા રહે અને બિશપ તે દરેકના હાથમાં શાસ્ત્ર આપીને કહે કે —

મંડળીના એલ્ડર તરીકે મંડળીમાં પ્રભુની વાતનો ઉપદેશ કરવાનો તથા પવિત્ર સંસ્કારો પળાવવાનો, અધિકાર તું લે.

ત્યાર પછી બિશપ નીચેની પ્રાર્થના કરાવેઃ—

અપાર દયાળુ બાપ, અમે તારી વિનંતિ કરીએ છીએ કે તું આ તારા સેવકો પર તારા આકાશી આશીર્વાદો

મોકલ. કે તેઓ ન્યાયીપણાના વસ્ત્ર પહેરી લે કે જેથી કરીને તારૂં વચન, જે તેઓના મુખથી સંભળાવવામાં આવે, તે કદી નિષ્ફળ ન થાય. તેમજ અમો માગીએ છીએ કે, તારણના સાધન તરીકે, તેઓ તારી અતિ પવિત્ર વાત અથવા તેને મળતું જે કાંઇ બોલે, તે સાંભળીને ગ્રહણ કરીએ એવી કૃપા તું થવા દે. અને કે દરેક વાતમાં અને કામમાં અમે તારો મહિમા અને તારા રાજ્યનો ફેલાવ શોધીએ, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તની મારફતે. આમેન.

ઓ પ્રભુ, અમારી સર્વ કરણીઓમાં તારી ઘણીજ મોટી મહેરબાનીથી અમને દોર, અને તારી જારી મદદથી અમને આગળ વધાર, કે અમારાં સર્વ શરૂ, ચાલતાં કે પૂરાં થએલાં કામોમાં અમે તારાં પવિત્ર નામનો મહિમા કરીએ; અને છેવટે તારી દયાથી સર્વકાળનું જીવન પામીએ. ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુની મારફતે. આમેન.

દેવની શાંતિ, જે સર્વ સમજણ કરતાં અધિક છે, તે તમારાં અંતઃકરણો તથા મનોને, દેવ તથા તેના દિકરા પ્રભુ ઇસુ ખ્રીસ્ત, આપણા પ્રભુના જ્ઞાન તથા પ્રીતિમાં રાખો; અને સર્વ શક્તિમાન દેવ, બાપ, દિકરા તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારામાં થાઓ અને સદા તમારી સાથે રહો. આમેન.

૧૦. દેવળની પ્રતિષ્ઠા કરવાની ક્રિયા.

FORM FOR DEDICATION OF A CHURCH.

મંડળીના માણસો દેવળમાં એકઠા થયા પછી પાદરી કહેશે:—

પ્રિય વહાલાઓ, શાસ્ત્ર આપણને શિખાડે છે કે, જે કોઇ દેવના નામે દેવળ બાંધે છે તેમનાપર તે પ્રસન્ન હોય છે. પરમેશ્વરે કેવી રીતે સુલેમાનનું મંદિર મહિમાથી ભરપુર કર્યું, ને બીજાં મદિરમાં તેણે કેવી રીતે પોતાનો ગૌરવ દેખાડયો, તે આપણે સાંભળ્યું છે. અને જે સુબેદારે લોકો માટે સભાસ્થાન બાંધ્યું તેને સુવાર્ત્તા માન્ય કરે છે ને વખાણે છે. ધાર્મિક ભક્તિક્રિયાનાં જૂદાં જૂદાં કામો કરવા માટે ગંભીર રીતે આ જગ્યાની પ્રતિષ્ઠા કરવાનો આપણો હેતુ તે કૃપાથી માન્ય કરશે, એ વિષે આપણે સંદેહ નહિ લાવીએ. ઇશ્વરને માટે માથે લીધેલું આ કામ આટલા સુધી પૂરૂં થયું છે, માટે હવે તેના નામની સ્તુતિ કરવામાં, વળી જેઓએ આ કામમાં ભાગ લીધો છે ને જે કોઇ હવે પછી આ જગ્યામાં દેવની ભક્તિ કરશે તેનાપર વિશેષ આશીર્વાદ આવે, એથી પ્રાર્થનામાં પણ આપણે એકઠા મળીએ.

પછી એક **ગીત** ગાવામાં આવશે. પછી બધા લોકો ઘુંટણીએ પડીને એકાદ જણ **પ્રાર્થના** કરે.

પછી પાદરી અથવા જે માણસને તે ઠરાવે તે વાંચશે.—

પહેલો પાઠ: ૨ કાળવૃત્તાંત ૬:૧,૨,૧૮–૨૧. ૪૦–૪૨; ૭.–૧–૪.–

ત્યારે સુલેમાને કહ્યું કે, યહોવાહે કહ્યું છે કે, હું ગાઢ અંધકારમાં રહીશ. પણ મેં તારે સારૂ વસવાનું ઘર તથા તારે તેમાં સર્વકાળ રહેવાનું ઠામ બાંધ્યું છે.

પણ શું દેવ ખરેખર માણસની સાથે પૃથ્વી ઉપર વસશે? જો, આકાશ તથા આકાશોના આકાશમાં તું સમાઇ શકતો નથી, ત્યારે આ જે ઘર મેં બાંધ્યું છે તેમાં [સમાવેશ થવો] કેટલો વિશેષ અશકય છે! તોપણ, હે યહોવાહ મારા દેવ, તારા સેવકની પ્રાર્થના તથા તેની યાચના પર નજર રાખીને તારો સેવક તારી આગળ જે પોકાર તથા પ્રાર્થના કરે છે તે તું સાંભળ; કે રાત દિવસ આ ઘર તરફ, એટલે જે ઠેકાણા વિષે તેં કહ્યું છે કે મારૂં નામ હું ત્યાં મુકીશ, તે તરફ તારી આંખ ઉઘાડી રહે, કે તારો સેવક આ જગ્યા તરફ [મુખ કરીને] જે પ્રાર્થના કરે તે તું સાંભળજે. અને તારો સેવક તથા તારા ઇસ્રાએલ લોક આ ઠેકાણા તરફ [ફરીને] પ્રાર્થના કરે ત્યારે તેઓની યાચનાઓ તું સાંભળજે; હા, તારા રહેઠાણમાંથી, એટલે આકાશમાંથી, તું સાંભળજે; ને સાંભળીને ક્ષમા કરજે.

હવે, હે મારા દેવ, હું તારી આજીજી કરૂં છું કે, આ ઠેકાણામાં કરેલી પ્રાર્થના પર તારી આંખો ખુલ્લી રહે તથા તારા કાનો તત્પર રહે. તો હવે, હે દેવ યહોવાહ, તારા વિશ્રામસ્થાનમાં ઉઠી આવ, તું તથા તારા સામર્થ્યનો કોષ, હે યહોવાહ દેવ, તારા યાજકો ત્રાણથી વેષ્ટિત થાય, ને તારા ભક્તો ભલાઇમાં આનંદ માને. હે યહોવાહ દેવ, તારા અભિષિક્તનું મુખ પાછું ન ફેરવ; તારા સેવક દાઉદ પરની કૃપાનું સ્મરણ કર.

હવે સુલેમાન પ્રાર્થના કરી રહ્યો ત્યારે આકાશથી અગ્નિએ ઉતરીને દહનીયાર્પણ તથા યજ્ઞો ભસ્મ કીધાં; ને યહોવાહના ગૌરવથી ઘર ભરાઇ ગયું. અને યાજકો યહોવાહના ઘરમાં પ્રવેશ કરી ન શક્યા, કેમકે યહોવાહના ગૌરવથી યહોવાહનું ઘર ભરાઇ ગએલું હતું. અને અગ્નિ ઉતર્યો ને ઘર ઉપર યહો-

વાહનું ગૌરવ આવ્યું તે વખતે સર્વ ઇસ્રાએલ પુત્રો જોઇ રહ્યા હતા; ને તેઓએ ફરસબંદીપર પોતાનાં મુખ ભૂમિ સુધી નમાવીને ભજન કીધું, ને યહોવાહની ઉપકાર સ્તુતિ કીધી [એમ કહેતાં] કે, તે મહેરબાન છે; કેમકે તેની કૃપા અનંતકાળ છે. પછી રાજા તથા સર્વ લોકે યહોવાહની આગળ યજ્ઞો ચઢાવ્યા.

બીજો પાઠ—હેબ્રીઓને પત્ર ૧૦: ૧૯—૨૬—

હવે, ઓ ભાઇઓ, પરમ પવિત્રસ્થાનમાં ઇસુના લોહીથી પેસવાની આપણને નિર્ભયતા છે, એટલે એક નવા તથા જીવતા માર્ગથી, કે જે તેણે આપણ સારૂ પડદામાં થઇને એટલે પોતાના શરીરમાં થઇને ઉઘાડયો છે, ને વળી દેવના ઘર પર મોટો યાજક છે. માટે દુષ્ટ અંતઃકરણથી છુટવા સારૂ હૃદયોપર છંટકાવ પામીને તથા નિર્મળ પાણીથી શરીર ધોઇને, આપણે ખરા હૃદયથી ને વિશ્વાસના પૂરા નિશ્ચેપણામાં સન્નિધ જઇએ. આપણે આશાની કબુલાત દૃઢ પકડી રાખિયે. કેમકે જેણે વચન આપ્યું તે વિશ્વાસુ છે. અને પ્રીતિ તથા સારાં કામ કરવા સારૂ ઉત્તેજન આપવાને આપણે એક બીજા વિષે વિચાર કરવો. એકઠા મળવાનું કેટલાએક મૂકી દે છે તેઓની રીત પ્રમાણે આપણે ન કરીયે, પણ સુબોધ કરીયે. ને જેમ જેમ તમે તે દહાડો પાસે આવતો દેખો તેમ તેમ વધતું કરો કેમકે આપણે સત્યની ઓળખ પામ્યા પછી, જો જાણી જોઇને પાપ કરીયે, તો ત્યાર પછી પાપોને સારૂ બીજો યજ્ઞ રહેતો નથી.

પછી એક **ગીત** ગાવામા આવશે. ત્યાર પછી પાદરી આ પ્રસંગને લાયક **ઉપદેશ** કરે. ત્યાર બાદ લોકો પાસેથી **ઉઘરાણું** લેવામાં આવશે.

પછી પાદરી **ગીત શાસ્ત્રના** પુસ્તકમાંનું નીચેનું ગીત વાચશે. અથવા પાદરી ને લોકો વારા ફરતી વાંચે:—

ગીત ૧૨૨.

જ્યારે તેઓએ મને કહ્યું કે, આપણે યહોવાહને ઘેર જઇએ, ત્યારે હું આનંદ પામ્યો

હે યરૂશાલેમ, તારી ભાગળોમાં અમારા પગ સ્થિર છે.

હારબંધ ઇમારતોવાળા નગરના જેવું યરૂશાલેમ તો બાંધેલું છે.

ત્યાં કુળો ચઢે છે, યહોવાહનાં કુળો,

ઇસ્રાએલને સાક્ષીરૂપ થવાને અર્થે, યહોવાહના નામનો આભાર માનવા સારૂ [ચઢે છે].

કેમકે ત્યાં ઇન્સાફનાં રાજ્યાસનો, દાઉદના કુટુંબનાં રાજ્યાસનો. સ્થપાએલાં છે.

યરૂશાલેમની શાંતિ માગો.

તારાપર પ્રીતિ રાખનારા ક્ષેમ કુશળ થાઓ.

તારા કોટની અંદર શાંતિ,

ને તારા મહેલોની અંદર કુશળતા થાઓ.

મારા ભાઇઓ તથા મિત્રોને લીધે હવે હું બોલીશ કે, તારામાં શાંતિ થાઓ.

અમારા દેવ યહોવાહના ઘરને અર્થે હું તારૂં કલ્યાણ માગીશ.

ટ્રસ્ટી આગળ આવીને ઉભા રહે, ને તેમાંનો એક અથવા તેમની વતી કોઈપણ ઉપદેશકને કહેશે. —

અમે આ ઇમારત સર્વ શક્તિવાન દેવની સેવા તથા ભક્તિ કરવા માટે તેની દેવળ તરીકે પ્રતિષ્ઠા કરવા તમોને સોંપીએ છીએ.

પછી પાદરી લોકોને ઉભા થવાને કહેશે ને તેઓ બોલશેઃ—

પ્રતિજ્ઞા.

ઓ વ્હાલાઓ, આપણે પવિત્ર શાસ્ત્રથી શિખીએ છીએ કે, દેવની જાહેર ભક્તિને માટે બાંધેલાં ઘરો ખાસ કરીને

જુદાં રાખવાં ને ધર્મનાં કામને માટે પ્રતિષ્ઠા કરવી તે ઉચિત ને યથાયોગ્ય છે. હવે આપણે એવી એક પ્રતિષ્ઠા માટે એકત્ર થયા છીએ. માટે જે સર્વ શક્તિવાન દેવે પોતાના સેવકોને તેમના પવિત્ર સાહસ કામમાં આ દેવળ બાંધવા માટે ખાસ આશીર્વાદ આપ્યો તેનો આભાર માનીને, આપણે મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની ડિસિપ્લિન તથા ધારાઓ પ્રમાણે, પવિત્ર શાસ્ત્ર વાંચવું, દેવના વચનનો ઉપદેશ કરવો, પવિત્ર સંસ્કારો પાળવા માટે તેની સેવાને અર્થે પ્રતિષ્ઠા કરાએ છીએ. અને વળી જેમક ભજનારાંઓનાં ગંભીર પૂર્ણાર્પણ વગર દેવળની પ્રતિષ્ઠા નકામી છે, તે કારણ માટે હું હવે તમ બધાંની વિનંતિ કરૂં છું કે, દેવની સેવાને અર્થે તમે ફરીથી પોતપોતાનું અર્પણ કરો. તેને આપણા આત્મા અર્પણ થાય, કે ખ્રીસ્તની પ્રતિમા પ્રમાણે તેઓ નવા થાય. તેને આપણા શરીરો અર્પણ થાય, કે પવિત્ર આત્માના વાસાને માટે યોગ્ય મંદિરો થાય. તેને આપણી મહેનત તથા કામ અર્પણ થાય, કે તેના ફળનું પરિણામ તેના મોટા નામના મહિમા તથા તેના રાજ્યની વૃદ્ધિને માટે થાય. અને તે કૃપાથી આ ગંભીર કામ માન્ય કરે, માટે આપણે પ્રાર્થના કરીએ.

લોકો ઘુંટણે પડે ને પાદરી નિચેની પ્રાર્થના કરશે ---

ઓ અતિ કૃપાવાન પ્રભુ, અમે કબૂલ કરીએ છીએ કે જે કંઇ અમારૂં છે તે તને અર્પણ કરવા માટે અમે લાયક નથી, તો પણ તારી વિનંતિ કરીએ છીએ કે તારી મોટી ભલાઇને લીધે તારી સેવાને અર્થે આ જગ્યાની પ્રતિષ્ઠા કૃપાથી માન્ય કર, ને અમારૂં આ કામ આબાદ કર; આ ઘરમાં તારા જે સર્વ સેવકો તારી વિનંતી કરશે તેમની પ્રાર્થનાઓ ને મધ્યસ્થીપણાઓ માન્ય કર; અને તેઓના

અંતઃકરણ તૈયાર થવાને પ્રેરણા આપ કે તેઓ તારી સેવા માનથી તથા સુબિહીકથી કરે; તેમને તારા ઇશ્વરી ગૌરવની પ્રૌઢ સમજણની અસર કર. ને તેમની પોતાની અયોગ્યતાની બારે સમજ આપ; એ માટે કે તારા પવિત્ર સ્થાનની આગળ નમ્રતા તથા ઇશ્વરભક્તિ સાથે આવતાં, ને શુદ્ધ વિચાર ને નિર્મળ અંતઃકરણથી તથા નિર્મળ શરીર ને શુદ્ધ મનથી, તારી આગળ આવતાં, તેઓ હમેશાં તારી માન્યકારક સેવા બજાવે, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તની મારફતે માગીએ છીએ. આમેન.

હે પ્રભુ, તારા સેવકાની વિનંતીઓ માન્ય કર, અને જે કોઈ બાપ્તિસ્માએ કરીને આ તારા ઘરમાં અર્પણ કરવામાં આવશે તેઓ તારા વિશ્વાસુ છોકરાંની સંખ્યામાં સદા રહે, એવું તું કર. આમેન.

હે પ્રભુ, જે કોઈ આ જગ્યામાં ખ્રીસ્તના શરીર અને લોહીનો આશીર્વાદિત સંસ્કાર લેશે તેઓ પવિત્ર સંસ્કારમાં વિશ્વાસ, પ્રીતિ અને ખરા પશ્ચાતાપથી આવે, એવું તું કર; અને તારી દયા અને આકાશી આશીર્વાદોથી ભરપૂર થઈને તેમના મહાન અને અનંત દીલાસા સહીત તેઓનાં પાપની માફી અને ખ્રીસ્તના મરણના બીજા બધા લાભો પામે, એવું તું થવા દે. આમેન.

ઓ પ્રભુ, આ જગ્યામાં તારી પવિત્ર વાત જે વાંચવામાં અથવા ઉપદેશ કરવામાં આવે તેથી, અને તે તારા પવિત્ર આત્માથી અંતઃકરણમાં ઠસાવવાથી સાંભળનારાંને માલમ પડે ને તેઓ જાણે કે તેઓએ શું કરવું જોઇએ, ને તે કરવા માટે તેઓને શક્તિ ને બળ મળે, એવું તુ કર. આમેન.

તો હવે, હે દેવ યહોવાહ, ઉઠ, ને તારા વિશ્રામસ્થાનમાં આવ, તું તથા તારા સામર્થ્યનો કોપ. આ ઘર ભણી તારી

આંખો રાત ને દિવસ ખુલ્લી રાખ; ને આ જગ્યામાં તાર
છોકરા પ્રાર્થના કરે ત્યારે તે પર તારા કાનો તત્પર રહે;
જ્યારે જ્યારે તારા સેવકો અહીંઆં તારી વિનંતી કરે
ત્યારે ત્યારે આકાશમાંથી જે તારૂં રહેઠાણ, તારા રાજ્યન
ગૌરવના રાજ્યાસન પરથી તુ સાંભળ; ને જ્યારે તું સાં
ભળીશ ત્યારે ક્ષમા કર. હે પ્રભુ, અમે તારી વિન
કરીએ છીએ કે અહીંઆ ને અન્ય સ્થળે તારા ધર્મોપદેશ
ન્યાયપણાથી વેદિત થાય, ને તારા ભક્તો તારા તારણ
હરખાય. અને અમે, દરેક તારા ઠેકાણામાંના લોકોની સાથે
પ્રભુમાં પવિત્ર મંદિર થઇએ, અને આખરે ઉપર
મહિમાવાન મંદિરમાં પ્રવેશ પામીએ, જે હાથે કીધેલુ નહીં
પણ આકાશમાં સર્વકાળનુ ઘર. સ્તુતિ તથા મહિમા, બાપ
તથા દિકરા તથા પવિત્ર આત્માને સદાસર્વકાળ થાય. આમેન

આ સભા **સ્તોત્ર** ને **આશીર્વાદ**થી સમાપ્ત થશે

અભ્યાસક્રમો.

COURSES OF STUDY.

કૉન્ફરન્સ પરિક્ષા ચલાવવાની રીત.

૫૬૭, ૫૬૮. [આ પારાગ્રાફો હિન્દુસ્થાનને લાગુપડતા નથી.]

૫૬૯. ૧. દરેક વાર્ષિક કૉન્ફરન્સમાં, પ્રમુખ બિશપથી નિમેલી એક બોર્ડ ઑફ્ એક્ઝામિનર્સ (પરીક્ષાનું મંડળ): જે ઓછામાં ઓછા આઠ અને વધારેમાં વધારે વીસ સભાસદોથી થશે, સભાળ લેવી કે કામ માટે ખાસ લાયકાતવાળા માણસ, ઠરાવવામાં આવે.

આ બોર્ડ આગળ બધા ટ્રાવલીંગ અને સ્થાનિક ઉપદેશકો મોકલવામાં આવે કે જેઓ દિક્ષા પામવા અથવા કૉન્ફરન્સ સભાસદપણામાં દાખલ થવા માટેના ધોરણના અભ્યાસ કરે છે. આ બોર્ડ ચાર વરસ સુધી કામ કરશે, અને ફરી નીમવામાં આવી શકાશે. ખાલી જગા હોય તો બીશપ વાર્ષિક કૉન્ફરન્સની દરેક બેઠક વખતે પુરશે.

૨. આ બોર્ડ તેઓમાના એક મેમ્બરને પ્રમુખ તરીકે અને બીજા એકને રજીસ્ટ્રાર તરીકે નિમીને યોજના કરે. રજીસ્ટ્રાર વિદ્યાર્થીઓના દરજ્જાની એક બાથુક નોંધ રાખશે, અને જ્યારે જરૂર હોય ત્યારે તે કૉન્ફરન્સને હેવાલ આપશે. આ નોંધમાં ઇશ્વરવિદ્યાની પાઠશાળાઓ અથવા પાઠશાળાઓમાં વિદ્યાર્થીઓએ જે જે વીષયમાં જે માર્ક મેળવ્યા હોય તે નોંધમાં દાખલ કરવામાં આવે.

૩. પ્રમુખ દરેક પરિક્ષકને જે પુસ્તકો અથવા વિષયોમાં તે, પત્રવ્યવહારમાં અને આખરે પરિક્ષામાં તે આપવાની હોય, સોંપે; અને પરિક્ષક તે પરિક્ષા માટે દરેક વિષયમાં ઓછામાં ઓછા દસ છાપેલા અથવા લખિત સવાલો તૈયાર

કરીને પરિક્ષા વખતે બે અઠવાડિયા પહેલાં પ્રમુખ ઉપર મોકલે. વરસ દરમીઆન બોર્ડ ઑફ એકઝામિનર્સમાં જો ખાલી જગા હોય તો પ્રમુખ વાર્ષિક કૉન્ફરન્સ સુધીને માટે પુરે.

૪. વરસ દરમિઆન, વિદ્યાર્થીઓની સગવડવાળી જગાઓમાં એક અથવા બે પરિક્ષા લેવામાં આવે. આ પરિક્ષાઓ પ્રમુખથી નિમાયલા બોર્ડના કોઇ પણ સભાસદની ખાસ દેખરેખ હેઠળ લેવામાં આવશે.

૫. પરિક્ષાઓ બની શકે ત્યાં સુધી લખીત, અને સાક્ષીઓની હજુરમાં લેવામાં આવશે; અને આ બાબતમાં જે પરિક્ષકે સવાલપત્ર તૈયાર કીધા હોય તેને જવાબોના માર્ક આપવા માટે મોકલવામાં આવે. વળી ખાસ બાબતોમાં પ્રમુખ, પરિક્ષકો સીવાય, બીજા દેખરેખ રાખનારા નિમે, જેની આગળ વિદ્યાર્થીઓ પોતાની પરિક્ષા આપે; અને સદરહુ દેખરેખ રાખનારા કાગળોપર સહી કરીને જુદા જુદા પરિક્ષકો ઉપર મોકલે. પરિક્ષાઓમાં દરેક વિષયનાં ૧૦૦ માર્ક હોવા જોઇએ, અને કોઈ પણ સેંકડે ૭૦થી ઓછા માર્ક પરિક્ષામાં પાસ ગણાશે નહિ. પરિક્ષકો તરતજ રજીસ્ટ્રાર ઉપર દરેક કાગળના માર્કનો હેવાલ મોકલે.

૬. વરસની અધવચમાં પરિક્ષા લેવાની ગોઠવણને લીધે, કોઇ વિદ્યાર્થી વાર્ષિક કૉન્ફરન્સની બેઠક વખતની પરિક્ષા આપવાનો પ્રસંગ ખોશે નહિ.

૭. બોર્ડ ઑફ એકઝામિનર્સ વાર્ષિક કૉન્ફરન્સની બેઠક અને વખતથી એક દિવસ પહેલાં, વરસના કામની તપાસ કરવી, તથા વરસનું કામ પુરૂ કરવું; જે વિદ્યાર્થિઓની પરિક્ષા વરસ દરમિઆન થઇ ન હોય તેઓની પરિક્ષા લેવી; તથા આવતા વરસનાં કામની ગોઠવણ કરવી.

૧. વાર્ષિક કૉન્ફરન્સના ગુજરાતી સભાસદો માટે.

FOR GUJARATI MEMBERS OF ANNUAL CONFERENCE

(૧) પરિક્ષાપર દાખલ થવા.

૧. વ્યવહારિક.—(૧) ગુજરાતી ૬ઠ્ઠા ધોરણ સુધીના સામાન્ય વિષયોનું જ્ઞાન. (૨) હિંદનો ઇતિહાસ. (હંટરકૃત.)

૨. પ્રશ્નોત્તરાવળી, ભાગ ૨ જો, પ્રમાણ સાથે.

૩. સત્યવેદ કેવી રીતે મળ્યો.

૪. શાસ્ત્રનો ઇતિહાસ.

૫. ડિસિપ્લિન, કલમ ૭૨ સુધી.

૬. "ઉપદેશાર્થે તેડું" વિષે લખેલો ઉપદેશ.

વાંચવી—(૧) વાદનિવારણ.

(૨) ધર્મનાં ત્રાજવાં.

(૨) પહેલું વર્ષ.

૧. મુસાનાં પાંચ પુસ્તકો ને યહોશુઆને લગતો પ્રવેશક બોધ.

૨. ડિસિપ્લિનઃ કલમ ૭૩–૨૩૧ સુધી.

૩. ખ્રીસ્તી મંડળીનો ઇતિહાસ (બાર્થકૃત) ખંડ ૧–૩.

૪. ઇશ્વિરવિદ્યાનો સાર (બીનીકૃત) ભાગ. ૧.

૫. સતમત નિરૂપણ.

૬. "અંતઃકરણનું બદલાણ" વિષે લખેલો ઉપદેશ.

વાંચવી—(૧) પાપા મત પ્રકાશ.

(૨) શાસ્ત્રના અભ્યાસીનો સાથી.

(૩) પરમેશ્વરના સાથી કામદારો.

(૩) બીજું વર્ષ.

૧. નવા કરારના હસ્તલેખો તથા ભાષાંતરોને લગતો પ્રવેશક બોધ (ટેલરકૃત).

૨. ડિસિપ્લિનઃ કલમ્ ૨૩૨—૪૯૭.
૩. ખ્રીસ્તી મંડળીનો ઇતિહાસ (આર્થકૃત) ખંડ ૪.
૪. ઇશ્વરવિદ્યાનો સાર (બીનીકૃત) ભાગ ૨.
૫. જોન વેસ્લીનું ચરિત્ર (વુડકૃત).
૬. આર્ય સમાજ દર્પણ.
૭. "પવિત્ર આત્માની સાક્ષી" વિષે લખેલો ઉપદેશ.
વાંચવી—(૧) કૃપા સાગર.
(૨) અગ્નિની જીભ (આર્થરકૃત).

(૪) ત્રીજું વર્ષ.

૧. પ્રભુ ઇસુ ખ્રીસ્તનું ચરિત્ર (બાબા પદમનજી કૃત).
૨. ઇશ્વરવિદ્યાનો સાર (બીનીકૃત) ભાગ ૩—૪.
૩. ખ્રીસ્તી શાસ્ત્ર ઇશ્વરદત્ત છે.
૪. નવા કરારનો પ્રવેશક બોધ (ટેલરકૃત) પૃ૦ ૧—૨૫૧.
૫. હિંદુ ધર્મનું સ્વરૂપ (બાબા પદમનજી કૃત).
૬. ઇસુ તથા મહમદનો મુકાબલો.
૭. "પવિત્રતા" વિષે લખેલો ઉપદેશ.
વાંચવી—(૧) જૈન ધર્મ અને ખ્રીસ્તી ધર્મનો મુકાબલો.
(૨) પ્રેરિત પાઉલનું ચરિત્ર.

(૫) ચોથું વર્ષ.

૧. બોધ ભાષણ નિરૂપણ (ટેલરકૃત)
૨. ઉદ્ધાર માર્ગ વિવેચન.
૩. નવા કરારનો પ્રવેશક બોધ (ટેલરકૃત): પુરો.
૪. મેથોડિસ્ટ મંડળીનો ઇતિહાસ.
૫. ખ્રીસ્તની ખરી મંડળી (વુડકૃતકૃત).
૬. હિંદુ તથા ખ્રીસ્તી ધર્મનો મુકાબલો (પદમનજી કૃત)
૭. "ખ્રીસ્તના રાજ્ય" વિષે લખેલો ઉપદેશ.

વાંચવી:—(૧) કબીર મત દર્શક ગ્રંથ.
(૨) ખ્રીસ્તી સંપૂર્ણતા (વેસ્લી કૃત).

યાદી. વાંચવાની બધી ચોપડીઓનો સારાંશ પરિક્ષકને આપવો.

૨. લોકલ ડીકનો માટે.

FOR LOCAL DEACONS.

સ્થાનિક ઉપદેશકો, જેઓ ડીકનની દીક્ષા પામવાને ઉમેદવારો છે, તેઓએ સ્થાનિક ઉપદેશકના પૂરાં ચારે વર્ષના અભ્યાસ ક્રમમા પાસ થવું જોઇએ.

૩. લોકલ એલ્ડરો માટે.

FOR LOCAL ELDERS.

લોકલ ડીકનો, જેઓ એલ્ડર ની દિક્ષા પામવાને ઉમેદવારો છે, તેઓ વાર્ષિક કૉન્ફરન્સ વખતે નિચેના વિષયોમાં સંતોષકારક રીતે પાસ થવું જોઇએ:—

૧. શાસ્ત્રનો ઇતિહાસ.
૨. ડિસિપ્લિન.
૩. સત્ મતનું નિરૂપણ.

૪. સ્થાનિક ઉપદેશકો માટે.

FOR LOCAL PREACHERS.

ઉપદેશ કરવાની પરવાનગી મેળવનારા ઉમેદવારોએ ગુજરાતી સાધારણ બાબતોમાં, ડિસિપ્લિનમાંની અને પવિત્ર શાસ્ત્રમાંની મુખ્ય વાતો સંબંધી પરીક્ષા આપવી જોઇએ.

પહેલું વર્ષ.

૧. શાસ્ત્રનો ઇતિહાસ. ઉત્પત્તિથી રૂથ સુધી.
૨. ઇશ્વરીવિદ્યાનુસાર (બીની કૃત): આગ ૧લો.

૩. ચાર સુવાર્ત્તા તથા પ્રેરિતોનાં કૃત્યનું પ્રસ્તાવનારૂપી વર્ણન.
૪. ડિસિપ્લિનઃ કલમો ૧–૧૧૦.
૫. જોન વેસ્લીનું ચરિત્ર (વુડ કૃત).
૬. લખેલો ઉપદેશ – વિષયઃ "અંતઃકરણનું બદલાણ."
વાંચવી – (૧) તત્વ તંતુ (ટેલર કૃત).
(૨) મુસાફરની ચાલવાની વાત.

બીજું વર્ષ.

૧. શાસ્ત્રનો ઇતિહાસઃ શમૂએલથી એસ્તર, દાનીએલ તથા ચુનાહ.
૨. ઇશ્વરવિદ્યાનું સાર (બીની કૃત) ભાગ ૨ જો.
૩. ડિસિપ્લિનઃ કલમો ૧૧૧–૨૩૧.
૪. નવા કરારના હસ્ત લેખો તથા ભાષાંતરોને લગતો પ્રવેશક બોધ (ટેલર કૃત).
૫. પાપા મત પ્રકાશ.
૬. લખેલો ઉપદેશ – વિષયઃ "પવિત્રાત્માનું બાપ્તિસ્મા."
વાંચવી – (૧) કૃપાસાગર.
(૨) ખ્રીસ્તી લોકોની ફરજ.
(૩) આર્ય સમાજ દર્પણ.

ત્રીજું વર્ષ.

૧. શાસ્ત્રનો ઇતિહાસઃ ચાર સુવાર્ત્તા તથા પ્રેરિતોનાં કૃત્ય.
૨. ઇશ્વરવિદ્યાનું સાર (બીની કૃત) ભાગ ૩ જો.
૩. ડિસિપ્લિનઃ કલમો ૨૩૨–૪૮૪.
૪. ખ્રીસ્તી શાસ્ત્ર ઇશ્વર દત્ત છે.
૫. ખ્રીસ્તી મંડળીનો ઇતિહાસ (બાર્થ કૃત). ખંડ ૧, ૨.
૬. ઇસુ તથા મહમદનો મુકાબલો.
૭. લખેલો ઉપદેશ – વિષયઃ "પવિત્રતા."

વાંચવી – (૧) આપણાં પ્રભુનાં દ્રષ્ટાંતો.
(૨) જૈન મતની પરીક્ષા.

ચોથું વર્ષ.

૧. ખ્રીસ્તનું ચરિત્ર (બાબા પદ્મનજી કૃત).
૨. ખ્રીસ્તી મંડળીનો ઇતિહાસ. (બાર્થ કૃત). ખંડ ૩ તથા ૪.
૩. સતમતનું નિરૂપણ.
૪. ખ્રીસ્તી ધર્મ વિષયો વિષે બોધ ભાષણ નિરૂપણ.
૫. મેથોડિસ્ટ મંડળીનો ઇતિહાસ.
૬. ખ્રીસ્તની ખરી મંડળી. (વુડ કૃત).
૭. લખેલો ઉપદેશ – વિષય: "માણસોને ખ્રીસ્ત તરફ કઇ રીતે લાવવાં ?"
વાંચવી – (૧) ઉદ્ધાર માર્ગ વિવેચન.
(૨) એપ્વર્થ લીગનો લઘુ ગ્રંથ.
(૩) કબીર તત્વ પ્રકાશ.

---

૫. બોધકો માટે.

FOR EXHORTERS.

પહેલું વર્ષ.

૧. ચાર સુવાર્તા – પવિત્ર લેખની કાલમાન વિદ્યાનો સાર સંગ્રહ, પૃષ્ઠ ૧૬૯–૧૮૬.
૨. મંડળીની પ્રશ્નોત્તરાવળી. અંક ૨જો પ્રમાણ વગર.
૩. ગુજરાતી વાંચન ને લખાણ: સરકારી ચોથી ચોપાડી
૪. લઘુ વ્યાકરણ : દેસાઇ અમીધર રણછોડજી કૃત. ભાગ ૧લો અને ૨જાના ૧૧ પાઠ સુધી.
૫. અંકગણિતનાં મૂળતત્વ; લાલશંકરનું. ૪૫ પૃષ્ઠ સુધી.

૬. હોપ કૃત ભૂગોળ. ભાગ ૧લો.
વાંચની — પાપામત પ્રકાશ.

બીજું વર્ષ.

૧. પ્રેરિતોનાં કૃત્યથી હેબ્રીઓને પત્ર સુધી. પવિત્ર લેખની કાલમાન વિદ્યાનો સારસંગ્રહ. ખંડ ૮ મો. ભાગ ૨ જો.
૨. મંડળીની પ્રશ્નોત્તરાવળી. અંક બીજો. પ્રમાણ સાથે.
૩. ડિસિપ્લિન. કલમો ૧—૩૩.
૪. મહમદી દીનની પારેખ.
૫. લઘુ વ્યાકરણ: દેશાઇ અમીધર રણછોડજી કૃત ૧૨—૪૧ પાઠ સુધી.
૬. અંકગણિતના મૂળતત્વ; લાલશંકરનાં. ૫૦—૯૬ પૃષ્ઠ.
૭, હોપ કૃત ભુગોળ વિદ્યા. ભાગ ૨જો, ૧—૩ પ્રકરણ
વાંચની — જોન વેસ્લીનુ ચરિત્ર. (પુડ કૃત.)

ત્રીજું વર્ષ.

૧. (અ) નવા કરારનાં બાકીનાં પત્રો, અને પ્રકટીકરણ.
(આ) નવા કરારનું પુનરાવર્ત્તન. પવિત્રલેખની કાલમાન વિદ્યાનો સાર સંગ્રહ, પૃષ્ઠ ૧૬૯—૧૮૯.
૨. ડિસિપ્લિન: કલમો ૪૮—૭૦ તથા ૯૫—૧૧૦
૩. હિંદુ ધર્મનો ખુલાસો.
૪. વાદ નિવારણ.
૫. લઘુવ્યાકરણ: દેશાઇ અમીધર રણછોડજી કૃત. ભાગ ૩જો, પુરો.
૬. અંકગણીતના મૂળતત્વ, લાલશંકરનું. ૯૭—૧૩૮.
૭. હોપ કૃત ભૂગોળ વિદ્યા, ભાગ ૨ જો. પ્રકરણ ૪ થું.
વાંચની — મેથોડિસ્ટ મંડળીનો ઇતિહાસ.

ચોથું વર્ષ.

૧. મુસાનાં પાંચ પુસ્તકો—પવિત્ર લેખની કાલમાન વિદ્યા-
નો સાર સંગ્રહ, પૃષ્ઠ ૨૨—૪૮.

૨. ડિસિપ્લિનઃ કલમો ૧૧૬—૧૫૨ તથા ૨૧૭—૨૨૧.

૩. ધર્મનાં ત્રાજવાં.

૪. સત્ય વેદ કેવી રીતે મળ્યો.

૫. ખરા અવતારનો ઇતિહાસ.

૬. અંકગણિતના મૂળતત્વ, લાલશંકરનું. પૂરૂં,

૭. હોપ કૃત ભૂગોળ વિદ્યા. ભાગ ૨ જો, પ્રકરણ ૫—૭.

૮. લઘુ વ્યાકરણ; દેશાઈ અમીધર રણછોડજી કૃત. ભાગ
૧—૩ નુ પુનરાવર્તન,

વાંચવા — ખ્રિસ્તની ખરી મંડળી, (વુડ કૃત.)

સાંધણુ.

સેન્ટ્રલ કૉન્ફરન્સનું બંધારણ.

CENTRAL CONFERENCE CONSTITUTION.

[સેન્ટ્રલ કૉન્ફરન્સ લેખમાંથી]

કલમ ૧. નામ—આ સમાજનું નામ "દક્ષિણ એશીયામાંની મેથોડિસ્ટ એપિસ્કોપલ ચર્ચની સેન્ટ્રલ કૉન્ફરન્સ" એવું પાડવામાં આવશે.

કલમ ૨. હેતુ—આ કૉન્ફરન્સની દેખરેખ કેળવણીના, છપાવી પ્રગટ કરવાના; તથા બીજા એવા સંબંધિક કામો અને દક્ષિણ એશાયામાંની વાર્ષિક અને મિશન કૉન્ફરન્સથી સોંપી શકાય એવાં કામો ઉપર રહેશે.

કલમ ૩. સભાસદપણું—આ કૉન્ફરન્સ, પાદરી વર્ગના તથા લે [સાધારણ] ડેલીગેટો* એ બન્નેની બનશે: (૧) પાદરી વર્ગ પ્રતિનિધિને દરેક દક્ષિણ એશિયામાંની વાર્ષિક અથવા મિશન કૉન્ફરન્સના દરેક આઠ સભાસદે એક ચુંટવામાં આવશે; અને આ પ્રમાણમાં પાંચે એક અથવા વધારાના સભાસદે એક ચુંટવામાં આવશે; અને આવા ડેલીગેટો કોઈ વાર્ષિક કે મિશન કૉન્ફરન્સના બે વરસથી સભાસદ હોવા જોઈશે: તેમ છતાં એવી સરતે કે દરેક કૉન્ફરન્સને પાચ ડેલીગેટો ચુંટવાનો હક હોઇ શકે; અને વધારામાં એવી સરતે કે જો કોઇ પણ કૉન્ફરન્સની અંદર ડિસ્ટ્રિકટની મોટી સંખ્યાને લીધે પાદરીવર્ગના ડેલીગેટો કરતાં લે ડેલીગેટો વધારે હોય તો તે કૉન્ફરન્સના હવાલામાં જે બિશપ હોય તેમને

---

* ડેલીગેટ, એટલે પ્રતિનિધિ.

ચુંટણીને વાસ્તે બે કરતાં વધારે ડિસ્ટ્રિકટને ઐક્ય કરી દેવાનો અધિકાર મળશે. આ પ્રમાણે જોડાએલી ડિસ્ટ્રિકટોને એકજ લે ડેલીગેટનો હક રહેશે; એ માટે કે, કોઇપણ કૉન્ફરન્સમાં લે ડેલીગેટો, સ્ત્રીઓની કૉન્ફરન્સના ડેલીગેટો સહીત, સંખ્યામાં પાદરી વર્ગમાંના ડેલીગેટો કરતાં વધારે ન થાય. (૨) ઉપરનો દાખલો એટલે કે જ્યારે બે અથવા વધારે જોડાએલી ડિસ્ટ્રિકટો એક ડેલીગેટ ચુંટશે તે સિવાય, દરેક વાર્ષિક અથવા મિશન કૉન્ફરન્સને જોડાએલી દરેક ડિસ્ટ્રિકટ સુપરિન્ટેન્ડન્ટની ડિસ્ટ્રિકટ માટે એક, અને દરેક સ્ત્રી કૉન્ફરન્સમા બે, ડેલીગેટ ચુંટવામાં આવશે; પણ સેન્ટ્રલ કૉન્ફરન્સની બેઠક વખતે જે કોઇ મેથોડિસ્ટ એપિસ્કોપલ ચર્ચનો લાગલાગટ ત્રણ વર્ષથી સભાસદ નહિ હોય તેવા માણસને ચુંટણીને સારૂ પસંદ કરવા માટે ના લાયક ગણવામાં આવશે. (૩) દરેક લે ડેલીગેટ માટે એક અથવા વધારે ફાલતુ માણસને પસંદ કરવામાં આવશે; અને કોઇ પણ મુખ્યની ગેરહાજરીની બાબતમાં ડિસ્ટ્રિકટના અથવા તો કૉન્ફરન્સના ફાલતુ માણસને ખાલી પડી રહેલી જગ્યાએ બેસાડવામાં આવશે.

કલમ ૪.—સેન્ટ્રલ કૉન્ફરન્સ ઓછામાં ઓછા ચાર વર્ષે એક વખતે મળશે.

ડેલીગેટોની ચુંટણી.—(૧) પાદરીવર્ગમાંના ડેલીગેટોને, ચિઠ્ઠીઓ નાંખીને સેન્ટ્રલ કૉન્ફરન્સની બેઠક પહેલાં દક્ષિણ એશિયામાંની વાર્ષિક અથવા મિશન કૉન્ફરન્સની બેઠક વખતે ચુંટી લેવામાં આવશે.

(૨) સ્ત્રીઓની સોસાઇટીઓ દર્શાવનાર લે ડેલીગેટોને ચિઠ્ઠીઓ નાંખીને સ્ત્રીઓની કૉન્ફરન્સની બેઠક વખતે કે જે બેઠક ડેલીગેટો પસંદ કરનારી વાર્ષિક કૉન્ફરન્સની

બેઠકના સંબંધમાં ભરાય છે, તે વખતે ચુંટી કાઢવામાં આવશે; પરંતુ, એવી સરત કે, સ્ત્રીઓની કૉન્ફરન્સનો કોઈપણ સભાસદ ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સના ડેલીગેટ માટે મત ન આપે. તથા એઓ કે જેઓ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટની જુદી જુદી ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સથી દર્શાવતી હોય કે જ્યાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ હોય ત્યાં સેન્ટ્રલ કૉન્ફરન્સની બેઠક પહેલાં છેલ્લી બેઠકમાં; અને જ્યાં ડિસ્ટ્રિક્ટ કૉન્ફરન્સ હોતી નથી ત્યાં સુપરિન્ટેન્ડન્ટની દેખરેખ નિચે દરેક ડિસ્ટ્રિક્ટની ત્રિમાસિક કૉન્ફરન્સથી ચુંટવામાં આવશે. તેના માટે ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ મત એકઠા કરશે, અને તે ઉપરથી ચુંટણીનું પરિણામ નક્કી કરશે; એવી સરતે કે વાર્ષિક કૉન્ફરન્સનો કોઈપણ સભાસદ લે ડેલીગેટને ચુંટવા માટે મત આપે નહિ.

કલમ ૫. સભાઓ.—સેન્ટ્રલ કૉન્ફરન્સની દરેક બેઠકે અનુક્રમે આવતી બેઠકનો વખત તથા જગ્યા નક્કી કરાશે. તેમ છતાં પણ તે વખત તથા જગ્યા પ્રમુખ બિશપની સમંતિ સાથે એક્ઝેક્યુટિવ કમિટી બદલી શક છે.

કલમ ૬. એગ્ઝેક્યુટિવ બોર્ડ [કારોબારી મંડળ].—દક્ષિણ એશીયામાંની મેથોડિસ્ટ એપિસ્કોપલ ચર્ચની સેન્ટ્રલ કૉન્ફરન્સને વાસ્તે એક એગ્ઝેક્યુટિવ બોર્ડ [કારોબારી મંડળ] નિમવામાં આવશે; જેની અંદર નિચેના સભાસદોનો સમાવેશ થશે.—

સભાસદપણું.—(અ) દક્ષિણ એશીયામાંના મેથોડિસ્ટ એપિસ્કોપલ ચર્ચના બિશપો હોદ્દાની રૂએ પ્રમુખો થશે.

(બ) દરેક વાર્ષિક અને મિશન કૉન્ફરન્સમાંથી બે સભાસદોને દરેક વર્ષે સદરહુ કૉન્ફરન્સની ફિનેન્સ કમિટી તરફથી ચુંટી કાઢવામાં આવશે.

(क) વાર્ષિક અને મિશન કૉન્ફરન્સની સ્ત્રીઓની કૉન્ફરન્સમાં દરેક વર્ષે એજ મંડળની ફિનેન્સ કમિટીઓ એક સભાસદ પસંદ કરશે.

(ङ) એગ્ઝેક્યુટિવ બોર્ડના ખજાનચી અને ચિટનીસ.

સભાઓ.—ઓછામાં ઓછા વર્ષમાં એક વખત એગ્ઝેક્યુટિવ બોર્ડ કોઇ મધ્યે સ્થળે મળશે; જગ્યા અને વખત બિશપો નક્કી કરશે, તેમ છતાં, એવી સરતે કે બિશપ અથવા તો એગ્ઝેક્યુટિવ બોર્ડ પાચ સભાસદ ખાસ સભાઓ ભરી શકે.

સત્તા.—(अ)એગ્ઝેક્યુટિવ બોર્ડ સ્પેશ્યલ, દુકાળ, વિગેરેને લગતાં ફંડનો અધિકાર પોતાના હાથમાં રાખશે.

(ब) સેન્ટ્રલ કૉન્ફરન્સોની બેઠકો દરમિયાન, જો કોઇ બીજી રીતે બંદોબસ્ત કરવામાં ન આવે તો, એગ્ઝેક્યુટિવ બોર્ડ દક્ષિણ એશિયામાંના આપણા ચર્ચના બધા લાભોનું સત્તારૂપે મુખત્યાર થશે.

(क) બધી સેન્ટ્રલ કૉન્ફરન્સ મંડળમાં તથા કમિટીઓમાં ખાલી જગ્યાઓ ન પૂરે તો એગ્ઝેક્યુટિવ બોર્ડને તે ખાલી જગ્યાઓ પૂરવાનો અધિકાર છે.

(ड) દક્ષિણ એશિયામાની મેથોડિસ્ટ ઇપિસ્કોપલ ચર્ચની મિલ્કત, કે જે મિશનેરી સોસાઇટીને, વુમન્સ ફોરિન મિશનેરી સોસાઇટીને, અથવા બીજી કોઇ નિયમિત રીતે બંધાએલી ટ્રસ્ટીઓના મંડળને ખતથી આપેલી ન હોય, તેવી મિલ્કત ઉપર મુખત્યાર રાખવાને, ટ્રસ્ટીઓના મંડળ તરીકે એગ્ઝેક્યુટિવ બોર્ડ ૧૮૮૨ ના છઠ્ઠા આકટ મુજબ રજીસ્ટર કરવામાં આવશે.

કલમ ૭.—સેન્ટ્રલ કૉન્ફરન્સની દરેક નિયમિત બેઠક વખતે નિચેનાં મંડળો [બોર્ડ] ચુંટી કાઢવામાં આવશે કે જે

દરેક વાર્ષિક અથવા મિશન કૉન્ફરન્સના બબે ડેલીગેટો બનશે, અમે તો તેઓ પાદરીઓ અથવા લેમેનો હોય; અને દક્ષિણ એશિયાના બિશપો હોદ્દાની રૂએ સભાસદો પણ થશેઃ—

(૧) એક પુસ્તક પ્રસારક મંડળ [બોર્ડ ઑફ પબ્લિકેશન], જેના હાથમાં દક્ષિણ એશિયામાંના આપણા છપાવી પ્રસિદ્ધ કરવાના કામ ઉપર દેખરેખ રાખવાની સામાન્ય સત્તા રહેશે.

(૨) એક કેળવણીક મંડળ [બોર્ડ ઑફ એજ્યુકેશન], જેના હાથમાં આપણા કેળવણી ખાતા ઉપર દેખરેખ રાખવાની સત્તા રહેશે.

(૩) એક સાબ્બાથ શાળા યુનિઅનનું વ્યવસ્થિક મંડળ, જે આપણી સાબ્બાથ શાળાના કામમાં સૂચના કરશે.

(૪) એક ડીકનેસોનુ મંડળ [બોર્ડ ઑફ ડીકનેસેસ].

(૫) એક એપ્વર્થ લિગ ઉપર કાબુ રાખનાર મંડળ [બોર્ડ ઑફ કૉન્ટ્રોલ].

(૬) એક ફિનેનશીઅલ બોર્ડ.

ઉપર જણાવેલા મંડળો તેઓને સોંપાએલા કામને લગતી ખબરો એકઠી કરશે, અને સેન્ટ્રલ કૉન્ફરન્સની આગળ તે સંબંધી લેખિત હેવાલ રજુ કરશે. જો બની શકે એમ હશે તો એ મંડળો સેન્ટ્રલ કૉન્ફરન્સની બેઠકને આગલે દિવસે મળશે, એ માટે કે તેઓ પોતાનો હેવાલ સેન્ટ્રલ કૉન્ફરન્સ વાસ્તે તૈયાર કરે; અને પોતપોતાના પ્રમુખ જે વખત નિમિત કરે તે વખતે અથવા તેઓનાં ખાસ બંધારણ જે સરતો કરે તેને અનુસરીને ભેગા મળે.

---

* સ્ટેન્ડીન્ગ કમિટી, એટલે જે કમિટી એક બેઠકથી બીજી બેઠક સુધી કામ કરવા માટે કાયમ રહે છે તે.

કલમ ૮.—કોઇપણ નિયમિત સેન્ટ્રલ કૉન્ફરન્સની બેઠક વખતે જેટલા મત આપનારા સભાસદ હાજર હોય તેના બે તૃત્યાંસ ભાગનો મત લઇને આ બંધારણને ફેરવવામાં આવે; પણ એવી સરતે કે આ બંધારણની કોઇપણ કલમ સેન્ટ્રલ કૉન્ફરન્સ માટે ડિસિપ્લિનના કાયદાની વિરૂદ્ધ ન હોય.

સેન્ટ્રલ કૉન્ફરન્સની સ્થાપના માટે પેટા નિયમો.

(૧). ગત કૉન્ફરન્સનો ચિટનીસ, કૉન્ફરન્સ ભરાતી વખતે, કાયદેસર ચુંટાએલા જે પ્રતિનિધિઓ, જેને વાર્ષિક, ડિસ્ટ્રિક્ટ, અથવા સ્ત્રીઓની કૉન્ફરન્સના પ્રમુખ અથવા ચિટનીસ તરફથી ખાત્રીપત્ર આપવામાં આવ્યાં હોય, તેમનાં નામ બોલશે. આ પ્રમાણે જે સભાસદોનાં નામ બોલવામાં આવે તેઓથી કૉન્ફરન્સ બનશે, જે કૉન્ફરન્સ ત્યાર પછી એક ચિટનીસ અને તેના મદદનીશની ચુંટણી કરીને સ્થાપવામાં આવશે.

(૨). ત્યારબાદ પ્રમાણપત્ર વિષે એક કમિટી નિમવામાં આવશે, જેની આગળ પ્રતિનિધિઓને બેસવાના સંબંધમાં જે સવાલો ઉઠે તે મોકલવામા આવશે. કોઇપણ પ્રતિનિધિ અથવા પ્રતિનિધિ મંડળ જેઓને કૉન્ફરન્સની અંદર બેસવાનો કાયદેસર રીતે હક નથી એવી હરકત લેવામાં આવી હોય તેઓને જ્યાં સુધી પ્રમાણપત્ર વિષે કમિટીને હેવાલ જાહેર કરવામાં આવે, અને કૉન્ફરન્સથી ફેંસલો થાય ત્યાં સુધી મત આપવાનો અધિકાર મળશે નહિ.

(૩). કોઇપણ કૉન્ફરન્સ પ્રતિનિધિ મંડળમાં ખાલી પડેલી જગ્યાઓ ઉપર જે ફાલતુ માણસોને કાયદેસર ચુંટી કાઢ-

વામાં આવ્યા હોય અને સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હોય તેમનાથી પૂરવામાં આવશે.

(૪). કૉન્ફરન્સ, સ્થાપિત કરતી વખતે, સ્ટેન્ડીન્ગ કમિટી-ઓની* અથવા તો વારે વારે જરૂર પડે એવી કમિટીની, નિમણુક કરશે; એવી સરતે કે જો કોઇ વખતે આ કમિટી-ઓમાંની કોઇની પણ જરૂર ન પડે તો કૉન્ફરન્સ તેમને લીસ્ટ છે તેમાંથી બાતલ કરે.

(૫). કમિટીઓનું લીસ્ટ અનુક્રમે ગણવામા આવશે, અને કમિટીઓના સુધારેલા લીસ્ટની અંદર, જે સભાસદો પ્રતિનિધિ મંડળો દર્શાવના હોય તેઓના નામો કૉન્ફરન્સની આગળ જાહેર કરવામાં આવશે.

(૬). કમિટીઓના સભાસદોની નિમણુક જુદા જુદા કૉન્ફરન્સ પ્રતિનિધિ મંડળ તરફથી કરવામાં આવશે અને દરેક કમિટીમાં કયા સભાસદોને નિમવામાં આવશે તે નક્કી કરશે. દરેક કૉન્ફરન્સના પ્રતિનિધિ મંડળને દરેક કમિટીની અંદર પોતાના મેમ્બરો રાખવાના હક આપવામા આવશે. પણ કોઇ પણ પ્રતિનિધિ મંડળથી કોઇપણ કમિટીમાં બે કરતાં વધારે સભાસદોની નિમણુક કરાશે નહિ.

(૭). કૉન્ફરન્સ પ્રતિનિધિ મંડળ તરફથી જે સભાસદોની નિમણુક થઇ હોય તેઓ કમિટીની અંદર કામ કરવાને લાયક થાય તે પહેલાં સેન્ટ્રલ કૉન્ફરન્સની ચુંટણીથી મુકરર કરવા જોઇએ.

(૮). કમિટીઓને કૉન્ફરન્સ જુદે જુદે વખતે મળનારા બે અથવા વધારે વર્ગોમાં વહેંચી નાંખશે; અને જુદા જુદા વર્ગોએ ક્યારે મળવું તે બેઠકની શરૂઆતમાં જાહેર કરશે. બની શકે ત્યાં સુધી તેના તેજ સભાસદોને એક વર્ગની

એક કરતાં વધારે કમિટીઓ ઉપર નહિ નિમવાને માટે કૉન્ફરન્સ પ્રતિનિધિ મંડળ સંભાળ લેગે.

(૯). કમિટીઓ, ઘટતી રીતે સ્થાપિત થયા બાદ, કૉન્ફરન્સથી તેમને સોંપી દેવામાં આવે, તેની બાબતો ઉપર વિચાર કરશે.

(૧૦). જુદા જુદા વિષયો જેના ઉપર કમિટી રિપોર્ટ કરે છે, તે રિપોર્ટની પેટા કલમો ઉપર ધ્યાન ખેંચવામાં આવશે, કે જે ક્રમવાર ગોઠવાશે. આ પેટાકલમો જેવી રજુ કરવામાં આવે કે તરતજ કૉન્ફરન્સ તેની રૂએ અમલ કરશે; અને જ્યારે છેલ્લી પેટાકલમ રજુ કરવામાં આવશે ત્યારે આખા રિપોર્ટની રૂએ કૉન્ફરન્સ અમલ કરશે.

સમાપ્ત.

સુધારો.

પૃષ્ઠ ૨૨૩, છેલ્લીલીટી પર, " ૪૩૯—૪૪૦ " ને બદલે, ૪૩૯–૪૪૧ વાંચો.